ડૉ.બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MASTER IN SOCIAL WORK



## MSW-103

## સામાજિક વિજ્ઞાનોનો પરિચય

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-103
# સામાજિક વિજ્ઞાનોનો પરિચય

વિભાગ

# 1

## સમાજકાર્ય માટે સમાજશાસ્ત્રનો ફાળો


એકમ-1 સમાજશાસ્ત્રનો અર્થ, વ્યાખ્યાઓ, સ્વરૂપ અને મહત્ત્વ

એકમ-2 સમાજશાસ્ત્ર અને અન્ય સમાજવિજ્ઞાન સાથેનો સંબંધ

એકમ-3 સામાજિક સમસ્યાઓ અને સમાજકાર્ય

ISBN : 978-81-937666-2-0


| લેખક | |
|---|---|
| ડૉ. રાજેન્દ્ર જાની | ઇન્ચાર્જ પ્રિન્સિપાલ,<br>ગવર્નમેન્ટ આર્ટ્સ કૉલેજ,<br>વાંકલ, તા. માંગરોળ<br>જિ. સુરત |
| ડૉ. વિપીન મકવાણા | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ<br>અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| ડૉ. સારિકા દવે | એસોસિએટ પ્રોફેસર,<br>સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ,<br>લાલદરવાજા, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાંથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવાં સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# <u>પ્રસ્તાવના</u>

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ-સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થીભોગ્ય બનાવે છે.

આશા છે કે સ્વ-અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## MSW-103 સામાજિક વિજ્ઞાનોનો પરિચય

**વિભાગ-1 : સમાજકાર્ય માટે સમાજશાસ્ત્રનો ફાળો**

1. સમાજશાસ્ત્રનો અર્થ, વ્યાખ્યાઓ, સ્વરૂપ અને મહત્ત્વ
2. સમાજશાસ્ત્ર અને અન્ય સમાજવિજ્ઞાન સાથેનો સંબંધ
3. સામાજિક સમસ્યાઓ અને સમાજકાર્ય

**વિભાગ-2 : સામાજિક વ્યવસ્થા**

1. સામાજિક વ્યવસ્થાનો અર્થ અને લક્ષણો
2. સામાજિક વ્યવસ્થાના વિવિધ ઘટકો
3. ભારતીય સામાજિક વ્યવસ્થાના ભાગરૂપ સામાજિક સંસ્થાઓ – 1
4. ભારતીય સામાજિક વ્યવસ્થાના ભાગરૂપ સામાજિક સંસ્થાઓ – 2

**વિભાગ-3 : આર્થિક પદ્ધતિઓ**

1. આર્થિક પદ્ધતિઓનો અર્થ અને મહત્ત્વ
2. પરંપરાગત આર્થિક પદ્ધતિઓ અને વર્તમાન આર્થિક પદ્ધતિ
3. ભારતમાં વૃદ્ધિ અને વિકાસ માટેનો મૂડીવાદ, સમાજવાદ અને ગાંધીવાદી વિચારનો અભિગમ
4. આર્થિક પદ્ધતિઓ સાથે સંકળાયેલ સમસ્યાઓ

**વિભાગ-4 : ભારતીય રાજકીય પ્રથા**

1. પાયાના અને મહત્ત્વનાં રાજકીય ખ્યાલો
2. લોકશાહીનો ખ્યાલ અને પ્રકારો
3. લોકમત અને અસરકારક લોકમતના ઘડતર માટે જરૂરી બાબતો

## ઘટક પરિચય :

સામાજિક વિજ્ઞાનોના પરિચયના સંદર્ભમાં સમાજશાસ્ત્ર વિષયના વિદ્યાર્થી તરીકે સમાજકાર્યની સમજણ પ્રસ્તુત પુસ્તકમાં મેળવવાની થાય છે. આપણે જયારે સમાજકાર્યની સાથે સમાજશાસ્ત્રની સમજ કેળવવા જતા હોઈએ ત્યારે સર્વપ્રથમ સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય બન્નેની અલગ-અલગ રીતે ઓળખ મેળવવી જરૂરી છે.

**સમાજ કાર્ય :** ભારતમાં સમાજકાર્યની એક વિષય તરીકે પ્રારંભિક અવસ્થાએ શરૂઆત 1936માં થઇ હતી. આ સર દોરાબજી ટાટા(તાતા) સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સ આજે વિશ્વ વિખ્યાત સંસ્થા તરીકે નામના પ્રાપ્ત કરી ચૂકી છે. આજથી લગભગ આઠ દાયકા પહેલાં તાતા સ્કૂલથી ભારતમાં સમાજકાર્યના શિક્ષણના પગરણ મંડાયા એ પછી આજે સમાજકાર્ય વિષય સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ તરીકે સ્વીકૃત બન્યો છે. ગુજરાત સહિત સમગ્ર દેશની વિવિધ યુનિવર્સિટીઓમાં એક ખાસ શાખા તરીકે તેમાં શિક્ષણ આપીને સમાજકાર્યના વ્યવસાયિકો તૈયાર થઇ રહ્યા છે.

**સમાજકાર્ય-વ્યાખ્યાઓ : (Defination of Social Work)**

નેશનલ એસોસિએશન ઑફ સોશિયલ વર્ક (National Association of Social Work) 'સમાજકાર્ય એ વ્યક્તિઓ, જૂથો, સમુદાયની સામાજિક ક્રિયાશીલતા સંબંધી ક્ષમતામાં વૃધ્ધિ તથા સામાજિક પરિસ્થિતિઓને અનુકૂળ બનાવવાના ધ્યેયમાં મદદ કરવાની એક વ્યવસાયિક પ્રક્રિયા છે. સમાજકાર્યનો પ્રયત્ન વસ્તુગત સેવાઓની પ્રાપ્તિ માટે જનસમુદાયને મદદ કરવી, વ્યક્તિઓ, કુટુંબો અને જૂથોને કાઉન્સેલિંગ તથા મનોસારવાર (Psychotherapy) આપવી. સમુદાયો તથા સમૂહોને સામાજિક અને સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ ઉપલબ્ધ કરાવવી. સામાજિક અને સ્વાસ્થ્ય ઉપરાંત, કાયદાકીય પ્રક્રિયાઓમાં વંચિતોને ન્યાય અપાવવા અર્થે પ્રયાસો કરવા. સમાજકાર્યના વ્યવસાયીને સમગ્રતયા માનવવિકાસ, સામાજિક વિકાસ અર્થે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક મૂલ્યોના તાણાવાણા સાથે સર્જાયેલી તેમની વચ્ચેની આંતરક્રિયાનું જ્ઞાન હોવું જરૂરી છે.'(વર્ષ 1973)

ઇન્ટરનેશનલ એસોસિએશન ઑફ સ્કૂલ્સ ઑફ સોશિયલ વર્ક અને ઇન્ટરનેશનલ ફેડરેશન ઑફ સોશિયલ વર્ક દ્વારા સ્વીકૃત વ્યાખ્યા: "સમાજકાર્ય વ્યવસાય સામાજિક પરિવર્તનને, માનવસંબંધોમાં ઉદ્ભવતી સમસ્યાઓના ઉકેલ અને સમાજ સશક્તિકરણ, મુક્તિ અને સુખાકારીને ઉત્તેજન આપે છે. સમાજના સભ્યો તેમના પર્યાવરણ સાથે આંતરક્રિયા કરે છે. ત્યાં સમાજકાર્ય માનવ વર્તણૂક અને સામાજિક તંત્રના સિદ્ધાંતના ઉપયોગ દ્વારા દરમ્યાનગીરી કરે છે. માનવઅધિકાર અને સામાજિક ન્યાયના સિદ્ધાંતો સમાજકાર્ય માટે મૂળભૂત છે."

ફીડલેન્ડર (Friedlander) 1955 : "સમાજકાર્ય એ વૈજ્ઞાનિક જ્ઞાન અને માનવીય સંબંધોની કુશળતા પર આધારિક એક વ્યવસાયિક સેવા છે. તે વ્યક્તિને વ્યક્તિગત કે જૂથગત સામાજિક સંતોષ, પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. સમાજકાર્ય મોટા ભાગે સામાજિક સંસ્થા કે તેને સંબંધિત મંડળ દ્વારા થાય છે."

ઉપરોક્ત વ્યાખ્યાઓના આધારે સમાજકાર્ય સંબંધે આપણે જાણકારી મેળવી. આ માહિતીને આપણે વધુ વિસ્તૃત રીતે સરળ સમજ દ્વારા મેળવીએ.

સમાજકાર્ય એટલે સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકતું એક વિશિષ્ટ વ્યવસાયિક ક્ષેત્ર તરીકે ઓળખાવી શકાય. સમાજશાસ્ત્ર અને માનશશાસ્ત્રના સિદ્ધાંતોને સંમિલિત કરીને સમાજના જે વ્યક્તિથી લઈને સમૂહ/જૂથ કે સમુદાય(સમગ્ર સમાજ)ના વિવિધ સમયે ઉપસી આવતા પ્રશ્નો કે સમસ્યાઓના ઉકેલ અર્થે પ્રયાસો કરીને આ સમસ્યાઓ ઉકેલવામાં સફળતા મેળવીને લોકોની સ્થિતિ સુધારી શકાશે એવો આદર્શ તેમાં જોવા મળે છે. સમાજકાર્યના વ્યવસાય સાથે જોડાયેલા સેવાકર્મીઓ(વ્યવસાયીઓ) કર્મશીલો સમાજની વિવિધ સમસ્યાઓ જેવી કે ગરીબી, બેકારી, ગુનાખોરી, વેશ્યાવૃત્તિ, નશાખોરી, સમાયોજનના પ્રશ્નો, કૌટુંબિક વિઘટન, વિચલિત વર્તન, સ્વાસ્થ્ય સંબંધના વિવિધ પ્રશ્નોના ઉકેલ અર્થે કામ કરે છે.

આ રીતે જોઈએ તો સમાજકાર્યનું મૂળ હાર્દ એકમ કાર્ય(કેસ વર્ક- વ્યક્તિગત કિસ્સામાં વ્યક્તિને મદદ) જૂથ કાર્ય(યુવાનો, ડ્રગ એડિકટસ) તથા સામુદાયિક કાર્ય(ઝૂંપડપટ્ટી) એમ ત્રણ ભાગમાં વહેંચાઇ જાય છે અને આ રીતે ત્રિસ્તરીય કાર્ય સમાજકાર્યમાં હાથ ધરવામાં આવે છે.(પ્રસ્તુત સમજ, પારિભાષિક કોશ સમાજશાસ્ત્ર: સંપાદક ડૉ.વિદ્યુત જોશી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ વર્ષ 1997 આધારે રજૂ કરી છે.)

સામાજિક વિજ્ઞાનના મહત્ત્વના શાસ્ત્ર તરીકે સ્થાન પામેલા સમાજશાસ્ત્રનો એક શાસ્ત્ર તરીકેની મૂળભૂત બાબતો ચકાસવામાં આવે ત્યારે અન્ય સામાજિક વિજ્ઞાનોની સરખામણીએ સમાજશાસ્ત્ર સમાજકાર્ય સાથે વધુ ઘનિષ્ઠતાથી જોડાયેલ છે. આ દૃષ્ટિએ સમાજકાર્યને એક વિષય તરીકે સમજવા માટે સમાજશાસ્ત્રના પાયાના ખ્યાલો એક પદ્ધતિશાસ્ત્ર તરીકેના તેના મૂળભૂત તત્વો સમજવા જરૂરી છે. સમાજના વ્યક્તિથી લઈને સમષ્ટિ(જૂથ, સમુદાય) સુધીના તમામ પાસાંઓને ધ્યાનમાં લેતા સમાજકાર્ય વિષયને સમજવા માટે વ્યક્તિ, જેની સાથે અર્જિત કે અર્પિત દરજ્જા સાથે સંકળાયેલો છે તે તમામ બાબતો જેમકે કુટુંબ, જ્ઞાતિ, જૂથ, સમુદાય વગેરેની સમજણ કેળવવા સાથે સમાજકાર્યના વ્યવસાયને આપણે આગળ સમજીએ. જે માટે સમાજવિજ્ઞાનના મહત્ત્વના વિષય સમાજશાસ્ત્રની સમજ મેળવવી જરૂરી બને છે. કારણ કે વ્યક્તિત્વનો વિકાસ અને સમાજનું કલ્યાણ બન્ને તરફ એક સરખું લક્ષ આપવામાં આવે છે એવા સમાજકાર્ય વિષય અંગે અત્યંત સરળ સમજૂતી મેળવી શકાય.

સામાજિક જીવનની જુદી-જુદી સમસ્યાઓના નિવારણ માટે સમાજની દરેક સામાજિક સમસ્યાઓનું વિગતવાર અધ્યયન જરૂરી છે. સામાન્ય રીતે સમાજની જુદી-જુદી સમસ્યાઓ અંગે સમાજના લોકોના જુદાં-જુદાં દૃષ્ટિકોણ અને ખ્યાલો હોય છે. પરંતુ સમાજશાસ્ત્ર આ બધી જ સમસ્યાઓનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે, તેના કારણો અને પરિણામો શોધવામાં મદદરૂપ બને છે. એક સામાજિક કાર્યકરે સામાજિક જીવનના જુદાં-જુદાં પાસાંઓનો વિસ્તૃત અભ્યાસ કરી સમાજની સમસ્યાઓનું નિરાકરણ કરે તે જરૂરી છે. આની સમજ આપણને આ ઘટકમાં મળશે.

## ઘટકના હેતુઓ :

1. આ ઘટકના અભ્યાસ બાદ આપણે સમાજકાર્ય અને સમાજશાસ્ત્ર વચ્ચેના પાયાગત તફાવતો ઉપરાંત, બંને વચ્ચેના પારસ્પારિક સંબંધો સાથે અભ્યાસ વિષય સંદર્ભે શિક્ષણનું કેવું પોત ઘડાય છે, તેની માહિતી ઉપલબ્ધ થશે.
2. સમાજકાર્યની વિષય સ્પષ્ટતા વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા ગણમાન્ય સમાજવિજ્ઞાનીઓએ આપેલી વ્યાખ્યાઓ પરથી મળશે.
3. સમાજકાર્ય એ મૂળત્વ: સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્રના સંકલિત વિચાર સાથે કેવી રીતે પ્રયોજાય છે, એની વિશદ્ છણાવટ આ ઘટકમાં ઉપલબ્ધ થશે.
4. સમાજકાર્ય કોઈપણ વ્યક્તિ જૂથ કે સમગ્રતયા કેવી રીતે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી કાર્યરત થાય છે, તેનો નિચોડ આ ઘટકમાંથી આપને પ્રાપ્ત થશે.
5. આ ઘટકમાં સમાજકાર્ય-સમાજશાસ્ત્ર વિષયની વિભાવનાઓ સાથે સમાજવિજ્ઞાનના આ બંને શાસ્ત્રો અંગે સુસ્પષ્ટ માર્ગદર્શન મળશે.
6. સામાજિક વિજ્ઞાનના એક અગત્યના અંગ તરીકે સમાજશાસ્ત્ર ઉપરાંત, સમાજકાર્ય તથા અન્ય મહત્ત્વના સામાજિક વિજ્ઞાનો જેવા કે અર્થશાસ્ત્ર, ઇતિહાસ, માનસશાસ્ત્ર, માનવશાસ્ત્ર વગેરેની સમજ સાથે ચર્ચા પણ આ ઘટકમાં સમાવિષ્ટ કરવામાં આવી છે.
7. સામાજિક સમસ્યાઓ એટલે શું ? તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.
8. સામાજિક સમસ્યાના ઉકેલ માટે શું કરી શકાય તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

# એકમ–1 સમાજશાસ્ત્રનો અર્થ, વ્યાખ્યાઓ, સ્વરૂપ અને મહત્ત્વ

: એકમનું માળખું :


**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 વિજ્ઞાન એટલે શું ?**

**1.3 વિજ્ઞાનોનું વર્ગીકરણ**

**1.4 સમાજશાસ્ત્ર: સામાજિક વિજ્ઞાન**

**1.5 સમાજશાસ્ત્રનો અર્થ: સમજૂતી**

**1.6 સમાજશાસ્ત્ર: કેટલીક વ્યાખ્યાઓ**

**1.7 સમાજશાસ્ત્રનું વિષયક્ષેત્ર: અભ્યાસક્ષેત્ર**

**1.8 સમાજશાસ્ત્રનું મહત્ત્વ**

**1.9 ઉપસંહાર**

**1.10 તમારી પ્રગતિ ચકાસો**

**1.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**1.12 ચાવીરૂપ શબ્દો**

**1.13 સ્વાધ્યાય લેખન**

**1.14 વૈયક્તિક અધ્યયન**

**1.15 પ્રવૃત્તિ**

**1.16 સંદર્ભગ્રંથ**


## 1.0 ઉદ્દેશો

પ્રસ્તુત એકમોનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓને વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાનો કઈ રીતે વિજ્ઞાન તરીકેની ઓળખ અને સ્વીકૃતિ પામ્યાં તથા સમાજશાસ્ત્રને સામાજિક વિજ્ઞાન કેમ ગણી શકાય ?એવા પ્રશ્નો અંગે માર્ગદર્શન મળશે. ઉપરાંત, સમાજશાસ્ત્રની વિભાવના સ્પષ્ટ થશે તેના થકી સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે સમાજશાસ્ત્ર કેવી રીતે સમાજને જુએ છે અને સમસ્યા નિર્મૂલન માટે પ્રયાસો કરે છે એ સમજવા મળશે.

## 1.1 પ્રસ્તાવના

સામાજિક વિજ્ઞાનમાં મોખરાનું સ્થાન ધરાવતાં સમાજશાસ્ત્ર વિષયને એક વિજ્ઞાન તરીકે કેમ ગણવામાં આવે છે એ જાણવું જરૂરી છે. 'સમાજને સમજતું શાસ્ત્ર અને સમાજને સમજાવતું શાસ્ત્ર'- તરીકે ઓળખ પામેલા સમાજશાસ્ત્રએ રાજ્યશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર કે અર્થશાસ્ત્રની દૃષ્ટિએ સામાજિક વિજ્ઞાનમાં પ્રમાણમાં મોડી મોડી પોતાની ઓળખ પ્રાપ્ત કરી છે. પ્રારંભિક સમયે તો સમાજશાસ્ત્ર એ

કોઈ યુનિવર્સિટી કે કૉલેજોમાં અન્ય વિષયોની સાથે જ ગૌણ વિષય તરીકે ભણાવવામાં આવતો હતો. આ રીતે, સમાજશાસ્ત્ર એક આગવા વિષય તરીકે યુનિવર્સિટી કે કૉલેજોના વર્ગખંડોમાં મોડો મોડો પ્રવેશ્યો; પરંતુ; એ પછીના ગાળામાં એણે ઝડપભેર વિકાસ સાધ્યો અને એક આગવા વિષય તરીકે સામાજિક વિજ્ઞાનોમાં તેણે આગળનું સ્થાન હાંસલ કર્યું. ભારતમાં 1919માં પેટ્રિક ગિડીસે મુંબઈ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિષય શરૂ કર્યો એના બે વર્ષ પછી લખનૌ યુનિવર્સિટીએ પણ સમાજશાસ્ત્ર વિષય શરૂ કર્યો; પરંતુ આટલી શરૂઆત પછી સમાજશાસ્ત્રના વિષય વિકાસની ગતિ મંદ રહી, છેક આઝાદી સુધી આવી રહી. આઝાદી મળ્યા બાદ સમાજશાસ્ત્રનો વિકાસ સારો એવો રહ્યો છે. સમાજશાસ્ત્ર વિષયને સામાજિક વિજ્ઞાન કેવી રીતે ગણી શકાય? એ અંગે જાણકારી મેળવવા આપણે જોઈએ.

## 1.2 વિજ્ઞાન એટલે શું ?

જાણીતા દાર્શનિક એરીસ્ટૉટલે માનવીની ઓળખ આપતાં કહ્યું છે 'માનવી એક સામાજિક પ્રાણી છે.' માનવી આ રીતે સામાજિક પ્રાણી તો ખરો જ પણ સાથોસાથ તે સ્વભાવે જિજ્ઞાસુ પ્રાણી પણ છે. તે પોતાની આસપાસની પ્રકૃતિ વિશે કુતૂહલ ધરાવે છે. અને પોતાની જીજ્ઞાસા સંતોષવા માનવી તરંગ, તુક્કા, કલ્પના, માન્યતા, નિરીક્ષણ, ચકાસણી વગેરેનો સહારો લે છે. બહુ સ્વાભાવિક છે કે કોઇપણ ઘટના આપણે તપાસ અને તપાસમાં મળેલી માહિતીનું વિશ્લેષણ કરીને તેના મૂળ સુધી પહોંચી શકીએ.

કોઈ ઘટના, પદાર્થ કે પ્રક્રિયાનો અભ્યાસ કરીએ ત્યારે તેના વિવિધ પાસાંઓ જેમ કે વ્યવસ્થિત નિરીક્ષણ, નિરીક્ષણ દ્વારા પ્રાપ્ત માહિતી-વિગતોનું વર્ગીકરણ અને આ વર્ગીકરણ હેઠળ કરેલું નિરીક્ષણ સાથે જે તારણ મળે એ વિજ્ઞાન દ્વારા ચકાસાયેલું એમ કહી શકાય. વિજ્ઞાન અનુમાનના આધારે ન ચાલી શકે. જેમ કે, એક પાત્રમાં પાણી ભરીને સગડી ઉપર મૂકીએ અને સગડીની આગથી પાણી ઉકળે છે. બીજા કોઇપણ તારણ કે ચકાસણી સિવાય એમ ન કહી શકાય કે, 'ગરમીના કારણે પાણી ઉકળે છે.' ચોક્કસાઇપૂર્વકના નિરીક્ષણો પછી જ આપણે કહી શકીએ. કોઈ અનુમાન ઉપર કહી શકાય નહીં એને વિજ્ઞાન કહેવાય.

શાબ્દિક અર્થમાં એમ કહી શકાય 'વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન એટલે વિજ્ઞાન અને જ્ઞાન મેળવવાની પદ્ધતિ છે તેને વૈજ્ઞાનિક પદ્ધતિ તરીકે ઓળખી શકાય. જ્ઞાન મેળવનાર અથવા તો જ્ઞાનને પ્રતિપાદિત કરનારને 'વિજ્ઞાની' તરીકે ઓળખાવી શકાય. આનો અર્થ એમ પણ તારવી શકાય કે વિજ્ઞાનને માત્ર પ્રયોગશાળા સાથે જ સંબંધ નથી. પદ્ધતિ સાથે મેળવાયેલું જ્ઞાન એ વિજ્ઞાન.

## 1.3 વિજ્ઞાનોનું વર્ગીકરણ

### 1.3.1 પ્રાકૃતિક વિજ્ઞાન(Natural or Physical Science)

જેમાં રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્રનો સમાવેશ થાય છે.

### 1.3.2 માનવ વિજ્ઞાન(Humanities)

(1) વ્યક્તિગત માનવ વિજ્ઞાન: જેમાં વ્યક્તિગત મનોવિજ્ઞાન, શરીરશાસ્ત્રનો સમાવેશ થાય છે.

(2) સામાજિક વિજ્ઞાન (Social Sciences): જેમાં સામાન્ય સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન, નીતિશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, ઇતિહાસ વગેરેનો સમાવેશ થાય છે. આ શ્રેણી હેઠળના વિજ્ઞાનોમાનવીના વૈયક્તિક, જૂથ જીવન કે જૂથ જીવનના કોઇપણ એક પાસાંને તપાસે છે.

## 1.4 સમાજશાસ્ત્ર: સામાજિક વિજ્ઞાન

સામાજિક વિજ્ઞાન તરીકે વિજ્ઞાનોની સ્પષ્ટતા ઉપર જોઈ તે મુજબ તપાસીએ તો સમાજશાસ્ત્ર સ્પષ્ટ રીતે સામાજિક વિજ્ઞાન છે; કારણ કે, વ્યક્તિથી લઈને જૂથ જીવનના કોઇપણ પાસાનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કરે છે. સમાજ જીવનની ઉપલબ્ધ સામગ્રી કે જેની ચકાસણી કરવાની હોય તેનો તથ્યાતથ્યના આધારે નિરીક્ષક વિવેક સાથે ચકાસણી કર્યા બાદ તારણ પર સમાજશાસ્ત્ર આવે છે જે દર્શાવે છે કે સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન છે. ભારતમાં સામાજિક અભ્યાસની શરૂઆત લગભગ ચાર હજાર વર્ષ જૂની છે. સમાજશાસ્ત્ર શબ્દો નવો છે; પરંતુ, પાયામાં એ ઘણી પ્રાચીન છે. મનુ, યાજ્ઞવલ્ક્ય, ભૃગુ, ચાણક્યએ સમાજના વિવિધ જૂથ જીવનના માત્ર પાસાઓ પર વાત જ નથી કરી, બલ્કે, પુસ્તકો પણ આપ્યાં છે. મનુ દ્વારા લિખિત મનુસ્મૃતિ અને ચાણક્ય કૃત 'કૌટિલ્ય અર્થશાસ્ત્ર' તેનાં ઉદાહરણ છે. આ ગ્રંથોને આધારે આજે પણ સંયુક્ત પરિવાર, ગ્રામ પંચાયત, જ્ઞાતિ, આશ્રમ વ્યવસ્થા, ધર્મ વગેરે વિશે પ્રાચીન ભારતની પ્રમાણભૂતની માહિતી મળે છે. અલબત્ત, નવા દૃષ્ટિકોણ અનુસાર જયારે, સમાજશાસ્ત્રને એક શાસ્ત્ર તરીકે સ્વીકારવામાં આવ્યો તેને ધ્યાને લઈએ તો નજીકના ભૂતકાળને આધારે એમ કહી શકાય કે; સમાજશાસ્ત્ર અને સામાજિક વિજ્ઞાનો જેવાં કે, અર્થશાસ્ત્ર અને રાજયશાસ્ત્રની તુલનામાં એક નવો વિષય છે. આ વિષય લગભગ દોઢસો વર્ષ જૂનો તો છે; પરંતુ, આ વિષયનો ઝડપી વિકાસ છેલ્લા સાતથી આઠ દાયકામાં વધુ થયો છે. સમાજશાસ્ત્ર વિષયના પરિચયને લગતા આ એકમમાં સમાજશાસ્ત્રના અર્થની સમજ મેળવીને સમાજશાસ્ત્રનો ઉદ્દભવ કયારે, કયાં અને કેવા સંજોગોમાં થયો. અર્થાત સમાજશાસ્ત્રના ઉદ્દભવમાં કયા સંજોગોલ પરિબળોએ ભાગ ભજવ્યો છે તેની સમજૂતી મેળવીશું. ત્યારબાદ એક સામાજિક વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રનું સ્વરૂપ કેવું છે તથા તેનું અભ્યાસક્ષેત્રે કે વિષયવસ્તુ શું છે; એટલે કે સમાજશાસ્ત્ર સમાજ જીવનની કઈ કઈ ઘટનાઓનો અભ્યાસ કરે છે અને તેમાં કઈ બાબતને અભ્યાસના કેન્દ્રબિંદુ તરીકે રાખે છે તેની સમજૂતી મેળવીશું અને ત્યારબાદ સમાજશાસ્ત્રની વિભિન્ન શાખાઓનો પરિચય મેળવીને અન્ય સામાજિક વિજ્ઞાનોથી સમાજશાસ્ત્ર તેના પરિપ્રેક્ષ્યની બાબતમાં કઈ રીતે જુદું પડે છે તેની સમજ મેળવીશું; એટલે, કે સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યની સમજ મેળવીશું. પરંતુ આમાંથી દરેક વિષય અલગ અલગ પાસાંનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રનો સંબંધ સામાન્ય રીતે સામાજિક સંબંધો, સામાજિક સમૂહો અને સંસ્થાઓ સાથે છે.

## 1.5 સમાજશાસ્ત્રનો અર્થ : સમજૂતી

સમાજશાસ્ત્રને સામાજિક જીવન સમૂહોની આંતરક્રિયા અને સામાજિક વર્તણૂકના અભ્યાસ તરીકે વ્યાખ્યાબદ્ધ કરવામાં આવે છે. સમાજશાસ્ત્રી સામાજિક વર્તનના સામાન્ય અભ્યાસમાં રસ ધરાવે છે, કારણ કે સામાજિક વર્તન નાના–મોટા બધા પ્રકારના સમૂહોમાં થતું હોય છે. તે સમકાલીન વિશ્વના સામાજિક જીવનને સમજવા પર વિશેષ ભાર મૂકે છે. અહીં સામાન્ય શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે, કારણ કે અન્ય સામાજિક વિજ્ઞાનો ચોક્કસ ક્ષેત્રો સાથે સંકળાયેલાં છે. ઉદાહરણ તરીકે, એક રાજનીતિશાસ્ત્રી સરકારી કાર્યો અને પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે છે અને એક અર્થશાસ્ત્રી માલનાં ઉત્પાદન અને વિચરણનો અભ્યાસ કરે છે. આમ છતાં, આ બધા વિષયો વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદરેખા દોરવાનું કાર્ય ખૂબ મુશ્કેલ છે. સામાજિક મનોવિજ્ઞાન, સામાજિક, નૃવંશશાસ્ત્ર, રાજનીતિ વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર આ બધાનો સર્વ સામાન્ય વિષય એક રીતે જોતાં 'મનુષ્યનું સામાજિક જીવન છે. જોકે સમાજશાસ્ત્ર એક નવો વિષય છે, તેથી જ કેટલાંક લોકો તેને ભૂલમાં સામાજિક કાર્ય સમજી લે છે છે.

જો કે સમાજશાસ્ત્રનો ઉપયોગ સામાજિક સમસ્યાઓને સમજવા અને તેમના વિશ્લેષણ માટે સામાજિક કાર્યના ક્ષેત્રમાં કરવામાં આવે છે. પરંતુ સમાજશાસ્ત્ર અને સામાજિક કાર્ય વચ્ચે તફાવત છે. સામાજિક કાર્યનો સંબંધ સામાજિક સુવિધાઓથી વંચિત તથા શારીરિક રીતે અપંગ લોકોના વિકાસ સાથે છે. સમાજશાસ્ત્રનો સંબંધ સમાજ સુધારણા લાવવા સાથે નથી તેમ જ સામાજિક આયોજન કે અપેક્ષિત પરિવર્તન સાથે પણ તેનો સીધો કોઈ સંબંધ નથી. વધુ સારા આયોજનમાં સારી પ્રથાઓનો સ્વીકાર કરાવવા માટેના રસ્તા શોધવામાં તથા વિકાસ નીતિઓ અને કાર્યક્રમોને તૈયાર કરવામાં સમાજશાસ્ત્રીય સમજ અને સંશોધન મદદરૂપ થઈ શકે છે. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે સમાજશાસ્ત્રીઓ સામાજિક પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરતા નથી, તેમને સામાજિક મૂલ્યો અંગે તટસ્થ ગણવામાં આવે છે. અર્થાત્ એમના માટે એમ માનવામાં આવે છે કે તેઓ સામાજિક વર્તનમાં વિશ્લેષણમાં કોઈ પૂર્વગ્રહ પક્ષપાત નહીં રાખે. આમ છતાં આજે કેટલાક લોકો આ અંગે શંકા દર્શાવે છે અને આપણે સમાજશાસ્ત્રની વ્યાખ્યા આ રીતે કરી છે. સમાજશાસ્ત્ર સામાજિક જીવન, સમૂહ આંતરક્રિયા અને સામાજિક વર્તનનો અભ્યાસ છે. સામાજિક જીવનને સમજવા માટે સમાજશાસ્ત્ર સમાજ કે સમૂહોના સંગઠન અને તેઓ કોઈ રીતે કાર્ય કરે છે તેનો અભ્યાસ કરે છે.

સમાજશાસ્ત્ર સામાજિક સંબંધોના સમગ્ર સ્વરૂપનો અભ્યાસ કરતો સમન્વયાત્મક અભિગમ છે. સમાજશાસ્ત્રને 'વિજ્ઞાનનું પણ વિજ્ઞાન' તરીકે આથી જ ઓળખવામાં આવે છે.

સમાજશાસ્ત્રી પીટરીમ સોરોકનીના મંતવ્ય પ્રમાણે સમાજશાસ્ત્ર વિવિધ અને વિશિષ્ટ ક્ષેત્રો પૂરતો જ પોતાનો અભ્યાસ સિમિત રાખતા સામાજિક વિજ્ઞાનોને એકબીજાંની નિકટ લાવવાનું કાર્ય કરે છે. આથી, સમાજશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાનની સમન્વયાત્મક શાખા છે, એમ તેઓ દર્શાવે છે.

## 1.6 સમાજશાસ્ત્ર : કેટલીક વ્યાખ્યાઓ

સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા અભ્યાસ કરતા શાસ્ત્રને 'સમાજશાસ્ત્ર' નામ આપનાર સૌ પ્રથમ ઓગસ્ટ કોમ્ટ હતા. તેમણે સમાજશાસ્ત્રને સમાજના બધા ભાગો વચ્ચેના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ કરતા વિજ્ઞાન તરીકે ઓળખાવ્યું છે. જે માનવસમાજનું પણ એક વિજ્ઞાન હોવું જોઈએ, જે માનવસમાજનો અભ્યાસ પ્રાકૃતિક ઘટનાઓના અભ્યાસની માફક કરી શકે. અન્ય સામાજિક વિજ્ઞાનોની તુલનામાં સમાજશાસ્ત્રની એ વિશેષતા છે કે, આ વિજ્ઞાન સામાજિક જીવનનો અભ્યાસ સમગ્રના રૂપમાં કરે છે. અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અથવા મનોવિજ્ઞાનની માફક સમાજના કોઈ પણ એક પાસાં અથવા સંસ્થા પર જ ધ્યાન કેન્દ્રિત કરતું નથી. સમાજશાસ્ત્ર, માનવીય સામાજિક વ્યવહારનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. વ્યક્તિગત અને સામૂહિક આંતરક્રિયાઓની પ્રક્રિયાઓ, સામાજિક સમૂહ કે સંગઠનના સ્વરૂપ, પ્રકારો, પારસ્પરિક સંબંધો તથા વ્યક્તિગત વ્યવહારો પર સામૂહિક વ્યવહારોની અસરોનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રના પ્રારંભે સમાજના અભ્યાસ પર ભાર મૂકાતો હતો; પરંતુ; આધુનિક સમયમાં નવા કલેવર ધારણ કરતાં સમાજશાસ્ત્રએ નાનકડા સમૂહ અથવા સંગઠન કે સામાજિક વ્યવહારના કોઈ એક પાસાથી શરૂ કરીને વિસ્તૃત સામાજિક વ્યવસ્થા પર સમાજશાસ્ત્રીય સંશોધનો પણ હાથ ધર્યા છે.

**સમ્નરના** મતે 'સમાજશાસ્ત્ર સમાજનું વિજ્ઞાન છે'

**ગિડીગ્ઝના મતે** 'સમાજશાસ્ત્ર સામાજિક ઘટનાઓનું વિજ્ઞાન છે'

**દુર્ખિમે** સમાજશાસ્ત્રને 'સામાજિક તથ્યોનો અભ્યાસ કરતા વિજ્ઞાન' તરીકે ઓળખાવ્યું છે.

**મેકસ વેબરે** સમાજશાસ્ત્રને 'સામાજિક ક્રિયાનું વિજ્ઞાન' કહયું છે અને સમાજશાસ્ત્રને 'સામૂહિક

વર્તનોના વિજ્ઞાન' તરીકે વ્યાખ્યાબદ્ધ કર્યું છે.

**યંગ અને મેક** સમાજશાસ્ત્રની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે. : 'સમાજશાસ્ત્ર માનવજીવનના સામાજિક પાસાંનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરે છે. વિભિન્ન જૂથો એકબીજાં સાથે જે સંબંધ ધરાવે છે અને આ જૂથો જે રીતે કાર્ય કરે છે. તેને સામાજિક જીવન કહેવાય.' આમ સામાજિક જીવનનો અભ્યાસ એ જ સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ– અભ્યાસક્ષેત્ર હોવાનું યંગ અને મેકે નોંધ્યું છે.

**મેકાઈવર અને પેજ** સમાજશાસ્ત્રને 'સામાજિક સંબંધોની પ્રસ્થાપિત વ્યવસ્થાનો અભ્યાસ કરતા વિજ્ઞાન' તરીકે ઓળખાવે છે.

**ગિન્સબર્ગના** મતે, સમાજશાસ્ત્ર માનવ આંતરક્રિયાઓ અને આંતદ્વ સંબંધો, તેની પદ્ધિસ્થિતિ અને પદ્ધિણામોનો અભ્યાસ કરે છે.

**જ્હોહન્સન** સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપતાં લખે છે તેમ 'સમાજશાસ્ત્ર સામાજિક જૂથોનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્ર આ જૂથોના આંતરિક સંગઠનનાં સ્વરૂપો, તેને ટકાવી રાખતી તથા તેમાં પરિવર્તન લાવતી પ્રક્રિયાઓનો તેમજ આ જૂથો વચ્ચેના પારસ્પરિક સંબંધોનો અભ્યાસ કરે છે.'

વિભિન્ન સમાજશાસ્ત્રીઓએ સમાજશાસ્ત્રની આપેલ વ્યાખ્યાઓ પરથી તેનો અર્થ સ્પષ્ટ થાય છે તેમજ તેમાં સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રનો નિર્દેશ મળે છે. સમાજશાસ્ત્ર સમાજનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતું શાસ્ત્ર અર્થાત્ વિજ્ઞાન છે. સમાજમાં સામાજિક જીવનના બધાં પાસાંનો સમાવેશ થાય છે. તેમાં સામાજિક જીવનના પ્રાથમિક એકમો, જૂથો અને સંસ્થાઓ તેમજ મૂળભૂત સામાજિક પ્રક્રિયાનો સમાવેશ થાય છે. આમ, સમાજશાસ્ત્ર સામાજિક જીવનના પ્રાથમિક એકમો સંસ્થાઓ અને સામાજિક પ્રક્રિયાઓનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરતું એક સામાજિક વિજ્ઞાન છે.

## 1.7 સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ–અભ્યાસક્ષેત્ર

દરેક વિજ્ઞાનને તેનું ચોકકસ વિષયવસ્તુ હોય છે. 'વિષયવસ્તુ'–એ શબ્દના પર્યાપ્ત તરીકે બીજા ઘણા સમાનાર્થી શબ્દો વપરાય છે. દા.ત. વિષયક્ષેત્ર, વિષયસામગ્રી, અભ્યાસક્ષેત્ર, કાર્યક્ષેત્ર, અભ્યાસવસ્તુ, અભ્યાસ-સામગ્રી વગેરે. આ બધા શબ્દો એક જ અર્થ સૂચવે છે. દરકે વિજ્ઞાન અમુક ચોકકસ ઘટનાઓને તે વિજ્ઞાનનું વિષયવસ્તુ કે અભ્યાસક્ષેત્ર કહેવાય.

અન્ય વિજ્ઞાનોની જેમ સમાજશાસ્ત્રનું પણ પોતાનું આગવું કહી શકાય એવું અભ્યાસક્ષેત્ર છે. સમાજશાસ્ત્ર માનવસમાજને લગતી જે કોઈ ઘટનાઓનો અભ્યાસ કરે છે તે બધી ઘટનાઓનો સમાવેશ સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં થાય છે. સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રની સમજણ સમાજશાસ્ત્રની વ્યાખ્યા કે અર્થ પરથી મળી શકે છે; કારણ કે, દરકે વિજ્ઞાનની વ્યાખ્યા પરથી તેનું અભ્યાસક્ષેત્ર સ્પષ્ટ થાય છે. સમાજશાસ્ત્રનો અર્થ અને વ્યાખ્યા આ એકમના પ્રારંભમાં તપાસી ગયા છીએ. આથી, તેનું પુનરાવર્તન કરવાની જરૂર નથી.

**પ્રા. એલેક ઈન્કલેસ** લખે છે કે, પ્રારંભિક સમાજશાસ્ત્રના પાઠ્યપુસ્તકો, અમેરિકન સમાજશાસ્ત્રીય મંડળના સામાન્ય સભ્યો અને સમાજશાસ્ત્રના શિક્ષણ વ્યવસાયમાં પડેલા આગેવાનો વગેરે બધા જ સમાજશાસ્ત્રના કેટલાક અભ્યાસ મુદ્દાઓ વિશે સર્વ સંમતિ ધરાવે છે. આ સંદર્ભમાં એલેક ઈન્કલેસ સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર વિશે એક સામાન્ય રૂપરેખા રજૂ કરે છે. આ રૂપરેખા અનુસાર સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ અભ્યાસક્ષેત્ર નીચે મુજબ છે.

**(1) સામાજિક જીવનના પ્રાથમિક એકમો :** માનવીના સામાજિક જીવનના પ્રાથમિક એકમો જેવાં

કે, સામાજિક ક્રિયા અને સામાજિક સંબંધો, વ્યકિતમત્તા, સામાજિક જૂથો, ગ્રામ અને શહેર સમુદાયો, સામાજિક મંડળો અને સંગઠનો વગેરેનો સમાજશાસ્ત્ર અભ્યાસક્રમ કરે છે. સમાજશાસ્ત્રના અભ્યાસનું કેન્દ્રવર્તી ક્ષેત્ર 'સામાજિક સંબંધો' છે. આવા સામાજિક સંબંધોના તાણાવાણાની રચનાથી વિભિન્ન જૂથો અને સમગ્ર સમાજનો ઉદ્દભવ થાય છે. સામાજિક સંબંધો કૌટુંબિક સંબંધો વગેરે બધા જ સ્વરૂપના સંબંધો, રાજકીય સંબંધો, ધાર્મિક સંબંધો વિવિધ સ્વરૂપે વિકસે છે. આર્થિક સંબંધો, રાજકીય સંબંધો, ધાર્મિક સંબંધો, કૌટુંબિક સંબંધો વગેરે બધા જ સ્વરૂપના સંબંધો સામાજિક સંબંધો છે. સામાજિક સંબંધની વધુ નાનું એકમ સામાજિક ક્રિયા છે, જેને સામાજિક જીવનના અણુ તરીકે ઓળખાવી શકાય. આવા વિભિન્ન સામાજિક સંબંધો અને તેના પરિણામ ઉદ્દભવતા ઉપર જણાવેલા સમાજના મૂળભૂત એકમો સમાજશાસ્ત્રનું મહત્ત્વનું અભ્યાસક્ષેત્ર છે.

**(2) મૂળભૂત સામાજિક સંસ્થાઓ :** માનવી પોતાના જૂથ જીવન અને સમાજજીવનને વ્યવસ્થિતપણે કાર્યરત રાખવા માટે તેમ જ પોતાની કેટલીક સર્વ સામાન્ય જરૂરિયાતો સંતોષવા માટે વિવિધ સંસ્થાઓ રચે છે. જ્ઞાતિ, કુટુંબ, આર્થિક, રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક વગેરે સંસ્થાઓ માનવ–સમાજનના મૂળભૂત વિભાગો છે. સમાજની વિભિન્ન સંસ્થાઓની સામાન્ય લાક્ષણિકતાઓ કઈ છે ? કઈ બાબતોમાં આ સંસ્થાઓ પરસ્પરથી જુદી પડે છે ? જુદી-જુદી સંસ્થાઓ સમાજવ્યવસ્થામાં કયાં કાર્યો કરે છે ? આ પ્રશ્નોના જવાબ સમાજશાસ્ત્ર પાસેથી મળી શકે. જીવનજીવન નોંધ્યું છે કે, સમાજશાસ્ત્રને સામાજિક સંસ્થાઓનો અભ્યાસ કરતા વિજ્ઞાન તરીકે પરિભાષિત કરી શકાય. તેમનું આ કથન વર્તમાન સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્ર ઉપર પણ યોગ્ય રીતે જ પ્રકાશ પાડે છે.

**(3) મૂળભૂત સામાજિક પ્રક્રિયાઓ :** સામાજિક તફાવતો અને સામાજિક સ્તરરચના, સહકાર, સમાયોજન, સંઘર્ષ(ક્રાંતિ અને યુદ્ધ સહિત), સંચાર સામાજિકરણ, સામાજિક નિયંત્રણ, સામાજિક વિચલન(ગુનો, આત્મહત્યા વગેરે) સામાજિક ઐકય તેમજ સામાજિક પરિવર્તન જેવી મૂળભૂત સામાજિક પ્રક્રિયાઓ પણ સમાજશાસ્ત્રના અભ્યાસક્ષેત્રની મહત્ત્વની સામગ્રી છે. માનવ સમાજમાં સામાજિક વાસ્તવિકતાઓ તરીકે આ બધી પ્રક્રિયાઓ ઉદ્દભવે છે અને સમાજશાસ્ત્ર તેનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે.

આમ, સમાજશાસ્ત્ર સમગ્ર માનવસમાજનું અને વિભિન્ન વિભાગો તથા આ બધા વિભાગો વચ્ચેના પારસ્પરિક સંબંધો અને તે પ્રત્યેક વિભાગના કાર્યો(જેને–રચના–કાર્યના અભ્યાસ તરીકે ઓળખવામાં આવે છે)નું વૈજ્ઞાનિક રીતે પૃથક્કરણ કરે છે. ટૂંકમાં કહીએ તો, સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર અત્યંત વિશાળ અને વ્યાપક છે.

એલેક ઈન્કલેસ નોંધે છે તેમ, સમાજશાસ્ત્ર સમાજના કોઇ એક ભાગનો અભ્યાસ કરતું નથી; પરંતુ, સમગ્ર સમાજનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્ર એવું સામાજિક વિજ્ઞાન છે, જે તેના વિશ્લેષણના એકમ તરીકે સમાજને લક્ષમાં લે છે જેના દ્વારા સમાજ બનેલો છે તેવી સામાજિક સંસ્થાઓ વિભિન્ન સામાજિક વ્યવસ્થાઓમાં એકબીજાં સાથે કઈ રીતે સંકળાયેલી છે, તે શોધી કાઢવાનો હેતુ સમાજશાસ્ત્ર ધરાવે છે. જોકે, જ્ઞાનની કોઈ શાખા તેના અભ્યાસક્ષેત્રનો અભ્યાસ એકસાથે કરી શકે નહીં. આથી શ્રમ વિભાજન અને વિશેષીકરણ તરીકે તેના અભ્યાસક્ષેત્રના વિભિન્ન પાસાના અભ્યાસો કરતી તેની શાખાઓ વિકાસ પામે છે. સમાજશાસ્ત્રમાં પણ તેની વિભિન્ન શાખાઓ વિકાસ પામી છે.

## 1.8 સમાજશાસ્ત્રનું મહત્ત્વ

આધુનિક વિશ્વમાં જટિલ અને સાદા એ બંને પ્રકારના સમાજોમાં સમાજશાસ્ત્રમાં અભ્યાસનું મહત્ત્વ ઉત્તરોત્તર વધી રહયું છે. જેમ જેમ સામાજિક વાતાવરણની જટિલતા વધી છે અને માનવ – સંબંધોને લગતી સમસ્યાઓ ઉકેલવાની જરૂરિયાતો વધતી જાય છે તેમ તેમ તેના વિશે પદ્ધતિસરનું જ્ઞાન આપતા એક વિજ્ઞાન તરીકે સામાજિક – સાંસ્કૃતિક જીવનના વિવિધ ક્ષેત્રે અને શિક્ષણક્ષેત્રે સમાજશાસ્ત્ર વધુને વધુ ઉપયોગી સાધન ગણાવા લાગ્યું છે. આ કારણથી હવે શાળાકક્ષાએ પણ તેના અભ્યાસને મહત્ત્વ અપાયું છે.

કિંગ્સ્લે ડેવીસ નામના લેખકે સામાજિક – સાંસ્કૃતિક જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સમાજશાસ્ત્ર કઈ રીતે મહત્ત્વ ધરાવે છે, એનું વર્ણન કર્યુ છે. તે જ રીતે મેરિલ નામના લેખકે પોતાના ગ્રથમાં શૈક્ષણિક દષ્ટિએ સમાજશાસ્ત્રના અભ્યાસનું ઘણું મહત્ત્વ હોવાનું નોધ્યું છે. આ બંને લેખકોએ કરેલી ચર્ચાના આધારે સમાજશાસ્ત્રનું મહત્ત્વ અહીં નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) સામાજિક નીતિનું ઘડતર કરવામાં ઉપયોગી :** જટિલ સમાજમાં સમાજશાસ્ત્રનું જ્ઞાન અનિવાર્ય આવશ્યકતા બનવા લાગ્યું છે. સમાજે નકકી કરેલાં ધ્યેયો પ્રાપ્ત કરવાના અસરકારક માર્ગો સમાજશાસ્ત્ર પૂરાં પાડે છે. ખાસ કરીને જટિલ સમાજમાં કેવળ રિવાજ અને લોક લાગણીના આધારે સામાજિક નીતિ ઘડી શકાતી નથી. સામાજિક નીતિ ઘડવા માટે અને તેનો સફળ અમલ કરવા માટે સમાજ વિશે વ્યવસ્થિત પ્રકારનું જ્ઞાન મેળવવું જરૂરી બને છે. ડેવીસ કહે છે તેમ, વિસ્તૃત અને વ્યાપક સામાજિક નીતિ ઘડવાના કાર્યમાં સમાજશાસ્ત્રીય જ્ઞાનની જરૂર પડે છે. તેમાં ફકત આર્થિક કે માત્ર રાજકીય જ્ઞાન અપૂરતું નીવડે છે. દા.ત. જન્મદર વધારવા માટેની નીતિ સ્વીકારી હોય તો આ નીતિનો સારી રીતે અમલ કરવા માટે ફકત આર્થિક કે ફકત રાજકીય જ્ઞાન બહુ ઉપયોગી થશે નહીં. આવી નીતિના સફળ અમલ માટે કુટુંબ સંગઠન, વસ્તીના પરિવર્તનો, નમાઝ અંગેના રિવાજો વગેરે બાબતો અંગેનું જ્ઞાન જરૂરી બને છે. આવું જ્ઞાન સમાજશાસ્ત્ર પાસેથી મળી શકે. આમ, સામાજિક નીતિ ઘડવામાં અને તેનો સફળ અમલ કરવામાં સમાજશાસ્ત્ર ઘણું મહત્ત્વ ધરાવે છે.

**(2) વિવિધતામાં એકતા ઊભી કરવામાં ઉપયોગી :** વિશાળ સમાજમાં આપણો સંબંધ આપણી પોતાની સંસ્કૃતિ પૂરતો જ મર્યાદિત બની જાય છે. એટલે કે, આપણા સામાજિક જીવનના અનુભવો આખા સમાજ સુધી વ્યાપેલા હોતાં નથી. સમાજના કોઈ એક ભાગનો જ આપણે અનુભવ કરીએ છીએ. આખા સમાજનો નહીં પરંતુ, રાષ્ટ્રના એક નાગરીક તરીકે આપણે આખા સમાજનો અનુભવ કરીએ તે જરૂરી છે. આપણા સમાજના બીજા લોકો કોણ છે, તેમનું સામાજિક જીવન કેવું છે, તેમના રિવાજો, ધર્મ, ભાષા, સંસ્કૃતિ કેવાં છે તે જાણવું જરૂરી છે. આપણા સમાજના બીજા લોકો કોણ છે, તેમનું સામાજિક જીવન કેવું છે, તેમના રિવાજો, ધર્મ, ભાષા, સંસ્કૃતિ કેવાં છે તે જાણવું જરૂરી છે. આવો પરિચય આપણને વાર્તાઓ, દંતકથાઓ અને સાહિત્યમાંથી મળે છે. પણ તે પૂરો આધારભૂત નથી. સમાજશાસ્ત્ર આખા સમાજનાં સામાજિક લક્ષણોનો આપણને વ્યવસ્થિત, આધારભૂત, અને વૈજ્ઞાનિક પરિચય પૂરો પાડે છે. આપણા સમાજના અન્ય સભ્યો કોણ છે. આ કારણે સામાજિક એકતા વધે છે. આમ, સમાજશાસ્ત્ર પાસેથી મળતું જ્ઞાન વિવિધતામાં એકતા સિદ્ધ કરવામાં ફાળો આપે છે.

(3) **ભાવિકથન કરવામાં ઉપયોગી :** સમાજનાં વિવિધ જૂથો, વ્યકિતનું સામાજિક વર્તન, સંસ્કૃતિ અંગે સમાજશાસ્ત્ર વૈજ્ઞાનિક જ્ઞાન પૂરું પાડે છે. આવું જ્ઞાન સામાજિક ઘટનાઓ વિશે ભાવિ કથનનો કરવામાં ઉપયોગી બને છે. દા.ત. શહેરોમાં શાળાઓના બાંધકામમાં પુષ્કળ નાણાંકીય રોકાણ કરવું પડે છે. પણ આવું રોકાણ જરૂર કરતાં વધી ન જાય અને જરૂર કરતા ઓછું રહી ન જાય એવું આયોજન કરવા માટે ભવિષ્યમાં કેટલાં બાળકો શાળામાં ભણવા આવશે તેનું પ્રમાણ જાણવું જરૂરી બને. આવું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ગ્રામ–શહેર સ્થાળાંતરનું પ્રમાણ, જન્મદર, બાળમરણ વગેરે માહિતી જરૂરી બને. સમાજશાસ્ત્ર આ બધી માહિતી મેળવીને તેના આધારે અમુક શહેરમાં ભવિષ્યમાં કેટલાં બાળકો શાળામાં ભણવા આવશે તે અંગે ભાવિકથન કરી શકે. આમ, સમાજશાસ્ત્રનું જ્ઞાન સમાજમાં બનતી ઘટનાઓ વિશે અમુક પ્રમાણમાં ભાવિકથન કરવામાં ઉપયોગી બને છે. વ્યાપક સામાજિક–સાંસ્કૃતિક સંદર્ભમાં સમાજશાસ્ત્રનું જ્ઞાન ઉપયોગી બને છે તે તો ખરું જ, પરંતુ તે ઉપરાંત, મેરિલ નોંધે છે તેમ, વ્યકિતગત શૈક્ષણિક દૃષ્ટિએ પણ સમાજશાસ્ત્ર ઘણું મહત્ત્વ ધરાવે છે.

(4) **સમાજશાસ્ત્રના શબ્દો, પદ્ધતિઓ અને ખ્યાલોનો પરિચય પૂરો પાડવામાં ઉપયોગી :** મેરિલ કહે છે તેમ, સમાજશાસ્ત્રના શબ્દો, પદ્ધતિઓ અને ખ્યાલોનો વિદ્યાર્થીઓને પરિચય પૂરો પાડવામાં સમાજશાસ્ત્ર દેખીતી રીતે જ મહત્ત્વ ધરાવે છે. સમાજશાસ્ત્રમાં વપરાતા ઘણા શબ્દો જેવા કે, સમાજ, સંસ્કૃતિ, જૂથ, રિવાજ, જાતિ, સંસ્થા વગેરે લોકોના રોજબરોજના વ્યવહારમાં પણ પ્રચલિત છે. અને લોકો જુદાં-જુદાં પ્રસંગ તેનો જુદાં જુદાં અર્થમાં ઉપયોગ કરે છે. આ શબ્દો, ચોકકસ અર્થ ધરાવે છે. સમાજશાસ્ત્રનો અભ્યાસ કરનારા વિધાર્થીઓને આ શબ્દોના ચોકકસ અને વૈજ્ઞાનિક અર્થનો પરિચય મળે છે. આ ઉપરાંત, સમાજશાસ્ત્રના અભ્યાસની ઉચ્ચતર કક્ષાએ પ્રચલિત વ્યવહારમાં ન વપરાતા હોય એવા શબ્દોનો પણ પરિચય મળે છે.

(5) **માહિતી પૂરી પાડવામાં ઉપયોગી :** સમાજશાસ્ત્રનો પ્રારંભિક અભ્યાસક્રમ સરેરાશ વિદ્યાર્થીને ઘણી નવી માહિતી પૂરી પાડે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો, માનવજૂથનું સ્વરૂપ, વ્યકિતનું ઘડતર, માનવવર્તન ઉપર સંસ્કૃતિની અસર, વિભિન્ન જાતિઓ વચ્ચેના તફાવતો, કુટુંબ–ધર્મ–શાળા–રાજય વગેરે સંસ્થાઓના સ્વરૂપો અને કાર્યો વસ્તીની રચના, સામૂહિક વર્તનનું સ્વરૂપ તેમજ સમાજ કેવી રીતે ટકી રહે છે અને કેવી રીતે પરિવર્તન પામે છે, વગેરે સમાજજીવનની અનેકવિધ બાબતો વિશે સમાજશાસ્ત્ર વ્યવસ્થિત માહિતી પૂરી પાડે છે. સમાજમાં વિદ્યાર્થીઓ પોતે જ આવા અનેક પ્રકારના સામાજિક સંબંધોથી બંધાયેલો છે. આથી આવા સંબધો વિશેની જાણકારી વિદ્યાર્થીને માટે રસનો વિષય બની રહે છે. વિદ્યાર્થી જયારે સમાજશાસ્ત્રનો પ્રારંભિક અભ્યાસક્રમ શીખી લે છે ત્યારે તે પોતાના જીવન વિશે, તેમજ બીજા લોકો વિશે વાસ્તવિક હકીકતો જાણી ચૂકયો હોય છે. આથી, તે પરિસ્થિતિ સામે વધુ સારી રીતે અનુકૂલન પણ સાધી શકે છે.

(6) **બૌદ્ધિક વિકાસ સાધવામાં ઉપયોગી :** સમાજશાસ્ત્રનો પ્રારંભિક અભ્યાસક્રમ શીખનાર વિદ્યાર્થી સમાજ અને સંસ્કૃત સાથે પોતાનો શું સંબંધ છે તે બંનેનો પોતાના વ્યકિતત્વના ઘડતરમાં શું ફાળો છે તે સમજી શકે છે. મેરિલ આને સમાજશાસ્ત્રના સાંસ્કૃતિક મહત્ત્વ તરીકે ઓળખાવે છે, જયારે ડેવીસ તેને વ્યકિતના બૌદ્ધિક વિકાસમાં ફાળો આપતા વિજ્ઞાન તરીકે ઓળખાવે છે. માનવી કેટલીક જૈવિક શકિતઓ સાથે લઈને જન્મે છે અને જન્મ પછી તેને મળતા સામાજિક સાંસ્કૃતિક વાતાવરણમાં તેના વ્યકિતત્વ–લક્ષણો ઘડતાં રહે છે. કુટુંબ શાળા, રાજય વગેરે

સંસ્થાઓ સ્થિર રહેતાં નથી પણ સતત બદલાતાં રહે છે. સમાજશાસ્ત્રના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી પોતાના વ્યકિતત્વ સાથે સમાજની ગતિશીલ સંસ્થાઓ કઈ રીતે સંબંધિત છે તેનું જ્ઞાન મેળવીને પોતાનો બૌદ્ધિક વિકાસ સાધે છે. આમ, ડેવીસ કહે છે તેમ, શિક્ષિત માણસ તરીકે લાયકાત મેળવવા માટે સમાજશાસ્ત્રનું જ્ઞાન ઉપયોગી બને છે. આવા જ્ઞાનથી વ્યકિતનું જીવન વધુ સમૃદ્ધ અને વધુ સભર બને છે.

(7) **સહિષ્ણુતાના વિકાસમાં ઉપયોગી :** સમાજશાસ્ત્રનો પ્રારંભિક અભ્યાસક્રમ શીખીને વિદ્યાર્થીઓ પોતાના સમાજ વિશે તેમજ બીજા સમાજો વિશે વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરે છે. આને લીધે વિદ્યાર્થીઓમાં બીજા લોકોના રિવાજો તરફ સહિષ્ણુતા કેળવાય છે. વિદ્યાર્થી એવું શીખે છે કે, જેમ પોતાના સમાજના રિવાજોને પોતે સાચા માને છે. તેમ બીજા સમાજના રિવાજો પણ બીજા લોકો માટે એટલા જ સાચા છે. વર્તમાન વિશ્વમાં જયારે, વિભિન્ન રાષ્ટ્રો વચ્ચેના સંબંધમાં અસહિષ્ણુતાનું વલણ જોવા મળે છે. ત્યારે અન્ય સમાજોની જીવનપદ્ધતિનું યથાર્થ જ્ઞાન પૂરું પાડીને આવી અસહિષ્ણુતા ઘટાડી શકાય તેમ છે. મેરિલ કહે છે તેમ, સમાજશાસ્ત્રનો પ્રારંભિક અભ્યાસક્રમ શીખનારો વિદ્યાર્થી એવું જ્ઞાન પ્રાપ્ત કરે છે કે, જેનાથી તે પોતાના દેશનો અને વિશ્વનો વધુ સારો નાગરિક બને છે.

(8) **લોકશાહી મૂલ્યોની જાળવણીમાં ઉપયોગી :** લોકશાહી સમાજવ્યસ્થાની એક મહત્ત્વની જરૂરિયાત એ છે કે, તેમાં દરેક વ્યકિતની શકિતઓને વિકસવા માટે પૂરતી તક મળવી જોઈએ. દરેક વ્યકિત કોઈ ને કોઈ જ્ઞાતિ, જાતિ, લિંગ, ધર્મ અને વર્ગનું સભ્યપદ ધરાવતી હોય છે; પરંતુ, આવા જન્મગત સભ્યપદનાકારણે વ્યકિતને પોતાની શકિતઓ વિકસાવવાની તક ન મળે તો તે લોકશાહીથી વિરુદ્ધનું લક્ષણ છે. સમાજશાસ્ત્રનો અભ્યાસ કરનારો વિદ્યાર્થી જાણે છે કે કોઈપણ લઘુમતી જૂથમાં જન્મ થયો હોવાને લીધે વ્યકિતની શકિતઓ ઓછી હોતી નથી. યોગ્ય તક મળે તો સરેરાશ માણસ પોતાનો જન્મગત દરજ્જો સુધારવાની ગર્ભિત શકિત ધરાવે છે. સમાજશાસ્ત્ર વિદ્યાર્થીઓને આવા લોકશાહી મૂલ્યોનું શિક્ષણ આપીને સમાજમાં તેવાં મૂલ્યોની જાળવણી કરવામાં મદદરૂપ બને છે.

(9) **માનવતાવાદી મૂલ્યોની જાળવણીમાં ઉપયોગી :** સમાજશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર માનવી અને તેના સામાજિક સંબંધો છે. આમ, સમાજશાસ્ત્ર મુનષ્ય અંગે એક માનવી તરીકે જ્ઞાન અને સમજ પૂરી પાડે છે. બીજી રીતે કહીએ તો, સમાજમાં માનવી વિશેનું વાસ્તવિક જ્ઞાન પૂરું પાડવામાં સમાજશાસ્ત્ર મહત્ત્વનો ફાળો આપે છે.

(10) **સમાજશાસ્ત્રીય કલ્પનાશીલતા વિકસાવવામાં ઉપયોગી :** મિલ્સ જેને 'સમાજશાસ્ત્રીય કલ્પનાશીલતા' તરીકે ઓળખાવે છે. એવા માનસિક વલણના વિકાસમાં પણ સમાજશાસ્ત્રનો અભ્યાસ મહત્ત્વનો છે. વધુ સ્પષ્ટ રીતે કહીએ તો, સમાજશાસ્ત્રના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓનો દષ્ટિકોણ વિશાળ બને છે. વિશ્વને જોવાની તેની દૃષ્ટિ વિસ્તૃત અને વાસ્તવલક્ષી બને છે, વિશ્વમાં વ્યકિતના સ્થાન વિશે તેને સાચો ખ્યાલ મળે છે. જેમની સમાજશાસ્ત્રીય કલ્પનાશીલતા વિકસી હોય છે એવા વિદ્યાર્થીઓ પોતાના સમાજની સંસ્થાઓ અને પોતાના વ્યકિતત્વ વિશે વધુ સારી સમજ ધરાવતા હોય છે. આવા વિદ્યાર્થીઓ વર્તમાન સમાજના પ્રવાહો વિશે વધુ સારી અને ઊંડી સમજ ધરાવતાં હોય છે.

સમકાલીન સમાજમાં જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી જાય છે. આધુનિક યુગ જ્ઞાનયુગ કહેવાય છે. તેમાં સમાજ અંગેના વૈજ્ઞાનિક જ્ઞાનનું મહત્ત્વ વધી રહયું છે. અર્થવ્યવસ્થાનું વૈશ્વિકરણ અને ઉદારીકરણ કારકિર્દી માટેની નવી તકોનું સર્જન કરે છે. તેમાં સમાજશાસ્ત્ર જેવા ઉદાર અને માનવતાલક્ષી સામાજિક વિજ્ઞાનોના અમુક વિશિષ્ટ પ્રકારના શિક્ષણ અને કૌશલ્યોની માંગ વ્યાપક બનતા સમાજશાસ્ત્રનું વિશિષ્ટ જ્ઞાન અને કૌશલ્યો ધરાવતા તજજ્ઞો અને વિદ્યાર્થીઓ માટે કારકિર્દી બનાવવાની તકો પણ વધતી જાય છે.

## 1.9 ઉપસંહાર

આ એકમમાં તમને સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપી સામાજિક સમૂહનો ખ્યાલ પણ અત્રે સમજાવ્યો અને સમાજશાસ્ત્રને લગતાં પાયાનાં ક્ષેત્રો પણ સમજાવ્યાં અને સંસ્કૃતિના ખ્યાલ અંગે માહિતી આપી. તેમાં વિજ્ઞાનનો સમાજશાસ્ત્ર સાથેનો સમગ્રતયા સંબંધ પણ સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

## 1.10 તમારી પ્રગતિ ચકાસો

1. ભારતમાં કયા વર્ષમાં પેટ્રિક ગિડીસે મુંબઈ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિષય શરૂ કર્યો હતો ?

   (A) 1920 (B) 1919

   (C) 1922 (D) 1921

2. શરીરશાસ્ત્રનો કયા વિજ્ઞાનમાં સમાવેશ થાય છે ?

   (A) માનવવિજ્ઞાન (B) રસાયણશાસ્ત્ર

   (C) વનસ્પતિશાસ્ત્ર (D) ભૌતિક શાસ્ત્ર

3. 'સમાજશાસ્ત્ર' આપનાર કયા વિદ્વાન હતા ?

   (A) જ્યોર્જ વિલીયમ (B) દુર્ખિમ

   (C) ઓગસ્ટ કોમ્પ (D) એરિસ્ટોટલ

4. સમાજશાસ્ત્ર સામાજિક ઘટનાઓનું વિજ્ઞાન છે તેમ કયા વિદ્વાને કહ્યું છે ?

   (A) સમ્નર (B) યંગ અને મેક

   (C) મેક્સવેબર (D) ગિડીગ્ઝ

4. વ્યાવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો-પુસ્તકના લેખક કોણ છે ?

   (A) ડૉ. આનંદી પટેલ (B) ડૉ. વિદ્યુત જોષી

   (C) ડૉ. હર્ષિદા દવે (D) પ્રો. જે. કે. દવે

◆ **ટૂંકમાં જવાબ આપો.**

1. ભારતમાં 1919માં કોણે મુંબઈ યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર વિષય શરૂ કર્યો હતો.

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. પ્રાકૃતિક વિજ્ઞાનોમાં કોનો સમાવેશ થાય છે ?

   ..................................................................

...............................................................

...............................................................

3. સામાજિક વિજ્ઞાનોમાં કયા-કયા વિજ્ઞાનનો સમાવેશ થાય છે ?

...............................................................

...............................................................

...............................................................

4. પારિભાષિક કોષ સમાજશાસ્ત્રના સંપાદક કોણ છે ?

...............................................................

...............................................................

...............................................................

5. સમાજશાસ્ત્રને 'સામાજિક ક્રિયાનું વિજ્ઞાન' કયા વિદ્વાને કહ્યું છે ?

...............................................................

...............................................................

...............................................................

6. દુર્ખિમ સમાજશાસ્ત્રને કયા વિજ્ઞાન તરીકે ઓળખાવે છે ?

...............................................................

...............................................................

...............................................................

7. 'માનવી એક સામાજિક પ્રાણી છે' એમ કોણે કહ્યું છે ?

...............................................................

...............................................................

...............................................................

## 1.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (B) 1919
2. (A) માનવવિજ્ઞાન
3. (C) ઓગસ્ટ કોમ્પ
4. (D) ગિડીગ્ઝ
5. (A) ડૉ. આનંદી પટેલ

◆ **ટૂંકમાં જવાબ આપો.**

1. પેટ્રિક ગિડીસે
2. પ્રાકૃતિક વિજ્ઞાનોમાં રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રનો સમાવેશ થાય છે.
3. સામાજિક વિજ્ઞાનોમાં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન, નીતિશાસ્ત્ર વગેરેનો સમાવેશ થાય છે.
4. ડૉ. વિદ્યુતભાઈ જોષી
5. મેક્સવેબરે

6. સામાજિક તથ્યોનાં અભ્યાસ કરતા વિજ્ઞાન તરીકે

7. જાણીતા દાર્શનિક એરિસ્ટોટલે

## 1.12 ચાવીરૂપ શબ્દો

**વર્ગીકરણ** : સામાજિક માહિતીને વિભિન્ન કક્ષાઓ અને સમૂહોમાં વહેંચવાની પદ્ધતિ

**સંસ્કૃતિ** : તેમાં લોકોના સમૂહના રીતિરિવાજો આચારો અને માન્યતાઓને આવરી લે છે.

## 1.13 સ્વાધ્યાય લેખન

**1. ભારતમાં સમાજકાર્યની શરૂઆત કઈ સંસ્થામાં ક્યાં વર્ષમાં શરૂ થઈ ?**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**2. સમાજકાર્યની વ્યાખ્યા આપો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**3. સમાજકાર્ય કેવી રીતે કાર્ય કરે છે- સમાજશાસ્ત્રના સંદર્ભે આ વાક્ય સમજાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

4. વિજ્ઞાનોના પ્રકાર દર્શાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

5. ભારતમાં સમાજશાસ્ત્રની શરૂઆત ક્યારથી અને કઈ યુનિવર્સિટીમાં કોના દ્વારા થઈ ?

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

6. સમાજશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાન છે-સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

## 1.14 વૈયક્તિક અધ્યયન (Case Study)

(1) લોકોની સમસ્યા જાણી તેને દૂર કરવી તે સાચું સમાજકાર્ય છે.

ચંદાપુર નામનું એક અંતરિયાળ ગામ. તાલુકા મથકથી દૂરનું ગામ હોવાના કારણે ગામમાં પાકાં રસ્તા પણ ન હતા. ગામમાં શિક્ષણનું પ્રમાણ ઓછું. મુખ્ય વ્યવસાય ખેતી અને પુરક વ્યવસાય તરીકે પશુપાલનનો વ્યવસાય કરવામાં આવે. પાણીની અછત અને તંગીના કારણે એકમાત્ર ચોમાસાની સીઝનમાં વરસાદી ખેતી થાય. આ સિવાય બાકીની બે સીઝનમાં ખેતી ન થઈ શકે. ગામની આજુબાજી પણ આવાજ પ્રકારની સ્થિતિ એટલે આજુબાજુના ગામોમાં પણ જરૂરિયાતમંદ લોકોને રોજગારી ન મળી શકે. માટે લોકોને વર્ષ દરમ્યાન બે ટંકનો રોટલો રળવો પણ મુશ્કેલ બને.

ગામની આવી વિકટ પરિસ્થિતિમાં એક સામાજિક કાર્યકર ગામમાં આવે છે. લોકોની રહેણીકરણી અને જીવનશૈલી અંગે તેઓ ગ્રામજનો સાથે સંવાદ કરે છે. ગામનાં આગેવાનોએ સંસ્થાને આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિનાં સંદર્ભમાં મદદ માટે અપીલ કરે છે. સંસ્થાને લોકોની રજૂઆત યોગ્ય લાગે છે સંસ્થા દ્વારાં ધીરે-ધીરે ગામમાં સંસ્થાકીય કામગીરીની શરૂઆત કરવામાં આવે છે. જેમાં સૌ પ્રથમ ગામની મહિલાઓ સાથે વાત કરતાં મહત્ત્વની એ બાબત સંસ્થાને જાણવા મળી કે ગામમાં દરેક ઘરમાં લોકો એકાદ બે પશુપાલનનો વ્યવસાય કરી શકતા ન હતા. કેટલાક લોકો પશુપાલન કરતા હતા પરંતુ તેઓ ખાનગી વેપારીઓને દૂધ આપતાં હતાં. આ ખાનગી વેપારીઓ પશુપાલકોને દૂધના પોષણક્ષમ ભાવો આપતા ન હતા. આવી જાણકારીના અંતે સંસ્થાના કાર્યકરે ગામમાં ડેરીની સ્થાપના કરવાનો સુઝાવ આપ્યો. આ સુઝાવ ગ્રામજનોએ સ્વીકારી લીધો પણ આની સામે સંસ્થાએ શરત મૂકી કે આ મંડળી બહેનો દ્વારા સંચાલિત હશે. બહેનોએ આ વાત સાંભળતા જ બધાની વચ્ચે અંદરોઅંદર ગણગણાટ થવા લાગ્યો કે આપણે આ બધું કઈ રીતે કરી શકીએ ? આ સમયે સંસ્થાના કાર્યકરે બહેનોને સાંત્વના આપતા જણાવ્યું કે દરેક મહિલાને પોતાની રસ-રુચિ પ્રમાણે કામની તાલીમ આપીશું. આ ઉપરાંત, બીજી ઘણાં ગામોમાં અમારી સંસ્થા દ્વારા મહિલા સંચાલિત દૂધમંડળીઓની સ્થાપના કરવામાં આવેલ છે. આ મંડળીઓની આપણે સૌ ભેગા મળીને મુલાકાત લઈશું. આ ચર્ચાનાં અંતે બહેનોને પોતાની જાત ઉપર વિશ્વાસ બેસે છે. સમગ્ર ગામમાં આ અંગેની ચર્ચા થાય છે. શરૂઆતમાં 12-15 બહેનોથી મંડળીના કામની શરૂઆત થાય છે. સંગઠિત થઈ કામ કરવા માટે મહિલાઓને સતત પ્રોત્સાહિત કરવામાં આવે છે અને પછી ગામમાં દૂધમંડળીનો મોટાપાયે વિકાસ થાય છે અને પછી દૂધમંડળીની બહેનો ગામમાં બચત મંડળો ઊભા કરી નાનાં-મોટા ધંધા અને સામાજિક પ્રસંગોએ જરૂરિયાત મંદોને લોન આપી મદદરૂપ થાય છે. આજે ચંદાપુર ગામની રોનક કંઈક ઓર છે. આ ગામમાંથી પ્રેરણા લઈ ઘણાં ગામોમાં દૂધ મંડળીઓની સ્થાપના થયેલ છે. ગામની સફળતાની આ વાત સમાજ માટે રાહબર બની શકે તેમ છે.

(2) સંયુક્ત કુટુંબો કેમ તૂટી રહ્યા છે ?

પરિવર્તન એ સમાજનો નિયમ છે. કાર્યક્રમે સમાજમાં કેટલાક પરિવર્તન આવે છે. ગ્રામીણ સમાજ વ્યવસ્થામાં આવેલ કેટલાંક ફેરફારો સમાજ માટે ચિંતા ઉપજાવે તેવા છે.

લીલાપુર નામનું ગામ. નાનું અને ખૂબ રળિયામણું ગામ ગણાતું હતું. ખેતી અને પશુપાલન ઉપર આ

ગામ નિર્ભર હતું લોકો સંયુક્ત કુટુંબમાં વસવાટ કરતા હતા. ગામનું વાતાવરણ ખૂબ સંપીલું અને સહકારભર્યું હતું. પરંતુ ધીરે-ધીરે લોકો સંયુક્ત કુટુંબના સ્થાને વિભક્ત કુટુંબ તરફ વળ્યાં છે. ગ્રામીણ વ્યવસ્થામાં આ પરિવર્તન આવવાના મુખ્ય કારણો છે. સંયુક્ત કુટુંબો આજે કેમ તૂટી રહ્યાં છે ? તેના કારણો તમારી દૃષ્ટિએ શું કારણો હોઈ શકે છે ?

## 1.15 પ્રવૃત્તિ (Activity) કરો

**પ્રવૃત્તિ-1** : તમારા ગામની વિલેજ પ્રોફાઈલ તૈયાર કરો.

(વિલેજ પ્રોફાઈલમાં ગામ પરિચય, વસ્તી, જમીન, જ્ઞાતિ, ભૌતિક સગવડો, રોજગારી, ગ્રામ આગેવાનો, સ્થાનિક સંસ્થાઓ વગેરે બાબતોનો સમાવેશ કરી શકાય.)

**પ્રવૃત્તિ-2** : તમારા ગામની મુખ્ય કઇ-કઇ સમસ્યાઓ છે. આ સમસ્યાઓની ઓળખ કરી તમારી દૃષ્ટિએ સૌથી મહત્ત્વની કોઈપણ બે સમસ્યાઓના નિવારણ માટેનું આયોજન કરો.

## 1.16 સંદર્ભગ્રંથ


1. Mc. Kee. Jamr B, 1981, Sociology : The Study of Society, New yourk, Holt, Rinehart and Wison :
2. Ogburn and Nimkoff, 1972. A Handbook of Sociology. New Delhi : Eurasian Publishing House.
3. <http://www.yourarticlelibrary.com/man/essay-on-man-as-a-social-animal-1623-words/6260/>
4. Registrar, Dr.BabaSaheb Ambedkar Open University, ;DFHGM VeIF;4 ESO-01
5. પ્રો.જે.કે.દવે.અનડા પ્રકાશન, અમદાવાદ સમાજશાસ્ત્ર પરિચય, 2011–12
6. પારિભાષિક કોશ: સમાજશાસ્ત્ર સંપાદક: વિદ્યુત જોષી, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિમાર્ણ બોર્ડ, અમદાવાદ, વર્ષ:1997
7. સમાજશાસ્ત્ર શું છે ? લેખક: ધૈર્યબાળા બહેનપી.વોરા, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, વર્ષ:1978
8. સમાજ ખંડ: 1-2 લેખક: મેકાઈવર અને પેઈજ, અનુવાદ: અક્ષરકુમાર આર. દેસાઈ, ગુજરાત યુનિવર્સિટી, પ્રથમ આવૃત્તિ 1961.
9. વ્યવસાયિક સમાજકાર્ય, લેખક: ગીતા ચાવડા, પ્રકાશક-લોકનિકેતન, રતનપુર તા.પાલનપુર, જિ.બનાસકાંઠા, વર્ષ: 2008
10. વ્યવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો લેખક.ડૉ. આનંદી પટેલ, પ્રકાશક: વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ, વર્ષ: 2009.

| એકમ–2 | સમાજશાસ્ત્ર અને અન્ય સમાજવિજ્ઞાન સાથેનો સંબંધ |
|---|---|

**: એકમનું માળખું :**

**2.0** ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** સમાજશાસ્ત્ર : એક વિજ્ઞાન

**2.3** સમાજશાસ્ત્ર તથા અન્ય સમાજિક વિજ્ઞાન

**2.4** ઉપસંહાર

**2.5** તમારી પ્રગતિ ચકાસો

**2.6** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**2.7** ચાવીરૂપ શબ્દો

**2.8** સ્વાધ્યાય લેખન

**2.9** વૈયક્તિક અધ્યયન

**2.10** પ્રવૃત્તિ

**2.11** સંદર્ભગ્રંથ

## 2.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમે,

- સમાજશાસ્ત્રને એક વિજ્ઞાન તરીકે સમજી શકશો.
- સમાજશાસ્ત્રનો અન્ય સમાજવિજ્ઞાનોની સાથેનો સંબંધ સમજી શકશો.
- સમાજશાસ્ત્રનો અને સમાજકાર્યનો પરસ્પર સંબંધ સમજી શકશો

## 2.1 પ્રસ્તાવના

આગળ દર્શાવ્યું છે તે મુજબ, સમાજશાસ્ત્રનું દષ્ટિબિંદુ વિશાળ છે તેનો સબંધ સામાજિક જીવનનાં તે પાસાંઓ છે જે બધાં સ્વરૂપોમાં જોવા મળે છે. તેની અંદર બધી સામાજિક પરિસ્થિતિઓ સમાઈ જાય છે. મોટા ભાગનાં સંબંધિત સમાજવિજ્ઞાનોમાં વિશેષીકરણની તેમની સીમા મર્યાદિત બને છે; પરંતુ, માનવ વર્તને વિભિન્ન વિષયોમાં વહેંચી શકાતું નથી અને પ્રત્યેકને એક વિશેષ સમાજ વિજ્ઞાનના વિષય સુધી મર્યાદિત રાખી શકાતું નથી. એટલા માટે વિજ્ઞાનો વચ્ચેની સીમાઓનું ઘણીવાર પુનરાવર્તન થાય છે. અલગ અલગ બધા સમાજિક વિજ્ઞાનો ઘણું ખરું પોતાના ક્ષેત્રની બહાર નીકળીને એકબીજાંનાં ક્ષેત્રોની સાથે પોતાનો નાતો જોડે છે (અથવા સંશોધક જોડે છે).

## 2.2 સમાજશાસ્ત્ર : એક વિજ્ઞાન

ઘણીવાર સમાજશાસ્ત્રની વ્યાખ્યા સમાજના વિજ્ઞાનના રૂપમાં આપવામાં આવે છે. એટલે પ્રશ્ન ઊભો થાય છે કે વિજ્ઞાન શું છે ? કેટલાક લોકો વિજ્ઞાનને એક અભિગમ માને છે. જયારે બીજા કેટલાક તેને વિષયસામગ્રી તરીકે જુએ છે. સરળ શબ્દોમાં આપણે કહી શકીએ કે, વૈજ્ઞાનિક અભિગમમાં કોઈ એક

ચોક્કસ ધારણા હોય છે કે, જેમાં ઘટનાઓનો અભ્યાસ કરવામાં આવ્યો હોય છે. તેમાં નિયમિતતા હોય અને તેની તેમાં એક ખાસ ઢબ જોવા મળે છે. વૈજ્ઞાનિક અભિગમમાં ઘટનાઓનાં નિરીક્ષણ અને પરીક્ષણ પર ભાર મૂકવામાં આવે છે. સમાજશાસ્ત્રમાં પણ સામાજિક ઘટનાઓનાં નિરીક્ષણ તથા પરીક્ષણ પર ભાર મૂકવામાં આવે છે. તેમાં પદ્ધતિસર ઘટનાઓનો અભ્યાસ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં નીચે જણાવેલ બાબતો સમાવિષ્ટ થાય છે :

(1) અભ્યાસ માટે પસંદ કરાયેલી સમસ્યાની વ્યાખ્યા આપવી.

(2) પરિભાષિત સમસ્યા અંગે માહિતી એકઠી કરવી.

(3) માહિતીનું પૃથક્કરણ કરવું, જેથી ધારણાઓ રચવામાં સરળતા રહે.

(4) ધારણાને ચકાસવી અને તેના આધારે નવી વિભાવનાઓ અને સિદ્ધાંતો વિકસાવવાં.

સમાજશાસ્ત્ર સામાજિક જીવનના અભ્યાસ માટે પદ્ધતિસરનો અભિગમ ધરાવે છે. આ પદ્ધતિ દ્વારા પ્રાપ્ત માહિતીને આધારે વિશ્વસનીય કરવાનો પ્રયત્ન કરે છે. આ જ્ઞાન દ્વારા સમાજશાસ્ત્રે સંબંધોના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કર્યો છે. જો આપણે સમાજશાસ્ત્ર નો સમાજના અભ્યાસની પદ્ધતિની દષ્ટિએ વિચાર કરીએ તો સમાજશાસ્ત્રને એક વિજ્ઞાન જરૂર કહી શકાય.

## 2.3 સમાજશાસ્ત્ર તથા અન્ય સમાજિક વિજ્ઞાન

એલેક ઈન્કલેસ નોંધે છે કે તેમ સમાજમાં માનવીના અભ્યાસ સાથે સંકળાયેલાં સામાજિક વિજ્ઞાનો વચ્ચેના તફાવતો તેમના પરિપ્રેક્ષ્યોના તફાવતો છે. સમાજશાસ્ત્રનો અન્ય સામાજિક વિજ્ઞાનો વચ્ચેનો ભેદ અમુક અંશે કામચલાઉ અને અચોકકસ છે; કારણ કે જ્ઞાનનો વિકાસ થતો જાય છે અને સંશોધનના પ્રવાહો બદલાતા જાય છે. આથી કેટલાક સામાજિક સંશોધનો અપર્યાપ્ત, અચોકકસ અને અપૂર્ણ બની રહે આવા સંજોગોમાં બદલાતાં સમાજની જરૂરિયાતોના આધારે સામાજિક દષ્ટિકોણથી તેની તપાસ જરૂરી બની રહે છે.

તેઓ કહે છે કે અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર અને ઇતિહાસ જેવા સામાજિક વિજ્ઞાન સમાજશાસ્ત્રથી સ્પષ્ટ રીતે સહેલાઈથી જુદાં પાડી શકાય તેવાં છે. જયારે, મનોવિજ્ઞાન એન માનસશાસ્ત્ર જેવા સામાજિક વિજ્ઞાનો, સમાજશાસ્ત્ર સાથે એટલાં ગાઢ રીતે સંકળાયેલા છે કે તે બંને સામાજિક વિજ્ઞાનોથી સમાજશાસ્ત્રને બહુ સરળતાથી જૂદું પાડી શકાતું નથી. તેઓ નોંધે છે તેમ, સમાજમાં માનવીના અભ્યાસ સાથે સંકળાયેલાં સામાજિક વિજ્ઞાનો વચ્ચેના તફાવતો તેમના પરિપ્રેક્ષ્યોના તફાવતો છે.

એલેક ઈન્કલેસ સામાજિક વિજ્ઞાન વચ્ચેના પરિપ્રેક્ષ્યોનો તફાવત સ્પષ્ટ કરવા માટે વિભિન્ન સામાજિક વિજ્ઞાનોની સમાજશાસ્ત્રના સંદર્ભમાં સમજૂતી આપીને 'સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય'નો ખ્યાલ આપે છે. આથી સમાજશાસ્ત્ર અન્ય સામાજિક વિજ્ઞાનોથી તે કઈ રીતે જૂદું પડે છે તેની સંક્ષિપ્ત સમજ મેળવવી આવશ્યક છે.

### 2.3.1 સામાજિક મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર

ઈન્કલેસ મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર વચ્ચેનો તફાવત દર્શાવતા નોંધે છે કે, મનોવિજ્ઞાન વ્યકિતના વ્યકિતત્વમાં સંગઠિત થયેલ વર્તન તેમજ તેના શારીરિક, માનસિક અને વ્યકિતગત અનુભવોની સંયુકત અસર દ્વારા ઘડાયેલાં વર્તનનો અભ્યાસ કરે છે. જયારે, સમાજશાસ્ત્ર સમાજમાં સંગઠિત થયેલાં વર્તન તથા તેના જૂથ, સંસ્કૃતિ, પરિસ્થિતિ તેમજ તેના સમાજિક સંગઠનમાં સંગઠિત થયેલ વર્તનનો અભ્યાસ કરે છે. બંને સામાજિક વિજ્ઞાનો વચ્ચેનો સંબંધ દર્શાવતાં, **ઈન્કલેસ** નોંધે છે તેમ, સમાજલક્ષી

મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં બંને સામાજિક વિજ્ઞાનો ગાઢ રીતે સંકળાયેલાં છે. સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી જોતાં સમાજલક્ષી મનોવિજ્ઞાન કોઈપણ સામાજિક પ્રક્રિયાને તેના અભ્યાસક્ષેત્રમાં આવરી લે છે. વાસ્તવિક સંશોધન પ્રક્રિયામાં બંનેના પરિપ્રેક્ષ્યો વચ્ચેનો ભેદ રહેતો નથી. માનસશાસ્ત્ર માનસિક પ્રક્રિયાઓનો અભ્યાસ કરે છે. પ્રત્યક્ષ જ્ઞાન પ્રાપ્તિ ઉપરાંત વર્તમાન સમયના આધુનિક માનસશાસ્ત્રઓ સંવેદન, ઊર્મિ, હેતુઓ વગેરેનો પણ અભ્યાસ કરતાં થયાં છે. માનસશાસ્ત્ર શરીરશાસ્ત્ર અને જીવ સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. દશ્ય અને શ્રાવ્ય સંવેદન મનુષ્યની શરીર રચના સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે. તો બીજી તરફ માનવીય સંવેદના, ઊર્જા-લાગણી, હેતુ વગેરે વ્યક્તિના સામાજિક સંબંધો સાથે સંકળાયેલા છે. આ બધાં વ્યક્તિત્વને ઘડનારા પરિબળો છે. માનવશાસ્ત્રમાં વ્યક્તિત્વ એ પાયાનો વિષય છે. માનસશાસ્ત્ર વ્યક્તિત્વ ઘડતરની પ્રક્રિયાઓને માનસિક શક્તિ, મનનું બંધારણ, માનસિકતા અને વ્યક્તિગત અનુભવના સંદર્ભમાં સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. સમાજશાસ્ત્ર આ બાબતોને સામાજિક સંબંધો, સંસ્કૃતિ, સામાજિક સંરચના કે સામાજિકરણના સંદર્ભમાં મૂલવવાનો પ્રયાસ કરે છે.

સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રના સહિયારા સંબંધનું ઉદાહરણરૂપે સમાજલક્ષી મનોવિજ્ઞાનને દર્શાવી શકાય. સમાજલક્ષી મનોવિજ્ઞાન વિશિષ્ટ સામાજિક સંદર્ભમાં મુકાયેલી વ્યક્તિની વર્તણૂક ઉપર સામાજિક સંદર્ભ કેવી અસર પેદા કરે છે તે દર્શાવે છે. ચૂંટણી સમયના જનમત સર્વેક્ષણ, ટોળાનું વર્તન, સામૂહિક ચળવળો, લોક આંદોલનો વગેરે સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન બન્નેના અભ્યાસના સમન્વય સાથેના અને અલગ અલગ રીતના અભ્યાસ વિષયો છે.

આમ, સમાજશાસ્ત્ર સમાજજીવનનાં બધાં પાસાંનો અભ્યાસ કરે છે. જયારે, અન્ય સામાજિક વિજ્ઞાનો સામાન્ય રીતે સમાજજીવનના કોઈને એક પાસાનો અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્ર સમાજના આર્થિક પાસાનો, રાજયશાસ્ત્ર સમાજના રાજકીય પાસાનો, ઇતિહાસ ઐતિહાસિક બનાવોનો, મનોવિજ્ઞાન વ્યકિતના વર્તન અને અનુભવોનો તથા સાંસ્કૃતિક માનવશાસ્ત્ર માનવસંસ્કૃતિનો અભ્યાસ કરે છે. આમ, બધાં સામાજિક વિજ્ઞાનો તેમના વિષયવસ્તુ અને પરિપ્રેક્ષ્યમાં એકબીજાંથી જુદાં પડે છે. બધાં સામાજિક વિજ્ઞાનો તેમના આગવા દૃષ્ટિબિંદુથી તેમના વિષયવસ્તુનો અભ્યાસ કરે છે; પરંતુ, સમાજજીવનનાં વિભિન્ન પાસાં જેવાં કે આર્થિક, રાજકીય, ઐતિહાસિક, વાર્તનિક અને સાંસ્કૃતિક વગેરે પરસ્પર સંકળાયેલાં છે. આથી સામાજિક વિજ્ઞાનોના કેટલાંક અભ્યાસ વસ્તુના અભ્યાસમાં તેમની વચ્ચેનો ભેદ પાડવો મુશ્કેલ બને છે.

### 2.3.2 સમાજશાસ્ત્ર અને રાજયશાસ્ત્ર:

રાજયશાસ્ત્રમાં રાજયશાસ્ત્રીય સિદ્ધાંતો અને રાજયવ્યવસ્થા તથા સરકાર અંગે અભ્યાસ કરવામાં આવે છે. રાજયશાસ્ત્ર શાસક અને શાસિત(પ્રજા) વચ્ચેના સંબંધોની રીતે તપાસે છે. શાસક દ્વારા ચલાવતા સરકારી વહીવટ અને રાજકીય સિદ્ધાંતોનો વિચાર જેમાં મુખ્ય હોય છે. રાજયશાસ્ત્ર માનવીની રાજકીય પ્રવૃત્તિ, રાજકીય સંબંધો અને રાજકીય સંગઠનોનો અભ્યાસ કરે છે; પરંતુ, માનવીના રાજકીય વર્તન અંગે ઓછું ધ્યાન અપાય છે. જયારે, સમાજશાસ્ત્ર રાજયના નાગરિકોના જીવનના(સમાજજીવન) તમામ પાસાંઓનો અભ્યાસ કરે છે. રાજયની તંત્ર વ્યવસ્થાનો પણ તેમાં સમાવેશ થાય છે. જયારે, રાજયશાસ્ત્ર રાજતંત્રની મર્યાદાઓમાં સમાઈ જતી પ્રક્રિયાઓનો જ અભ્યાસ કરે છે. પ્રસિદ્ધ સમાજશાસ્ત્રી રોબર્ટ મર્ટન, મેક્સવેબર વગેરે એ સમાજશાસ્ત્રીય અભિગમના આધારે રાજકીય ઘટનાઓનો અભ્યાસ કર્યો છે. બન્ને શાસ્ત્રો વચ્ચે અભ્યાસના સંદર્ભે પાયાનો ભેદ પણ જોવા મળે છે. જેમ કે રાજયશાસ્ત્ર રાજયની બિનસાંપ્રદાયિક નીતિનો અભ્યાસ હાથ ધરે તો તેમાં રાજકીય નીતિ તથા

વિભિન્ન ધાર્મિક જૂથો અને વ્યક્તિઓના રાજ્યની સાથેના સંબંધોને લક્ષમાં લે છે જ્યારે, સમાજશાસ્ત્ર રાજ્યની બિનસાંપ્રદાયિક નીતિનો વિભિન્ન જૂથો/સંસ્થાઓ પર કેવી અસર પડશે તે બાબતેનો અભ્યાસ પ્રસ્થાપિત સામાજિક ધોરણો અને મૂલ્યોની એક ઢબ તરીકે કરે છે.

આ બંને શાસ્ત્રો વચ્ચે આ રીતનો ભેદ હોવા છતાં સમાજશાસ્ત્રીઓ દ્વારા બન્ને શાસ્ત્રોના શાસ્ત્રીય સિદ્ધાંતોને આધારે અભ્યાસો થયા છે. જેના આધારે રાજકીય બાબતોના અભ્યાસને જોડતી એક નવી શાખા રાજકીય સમાજશાસ્ત્ર(Political Sociologoy) પણ વિકાસ પામી છે.

રાજ્ય, રાજકીય સંસ્થાઓ, સરકાર, જાહેર વહીવટ વગેરે અંગેના રાજ્યશાસ્ત્રના અભ્યાસો સમાજશાસ્ત્રને ઉપયોગી બને છે તો રાજ્ય સરકાર વગેરે અંગેના સમાજશાસ્ત્રીય અભ્યાસો રાજ્યશાસ્ત્રને ઉપયોગી નીવડે છે.

રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના સૈદ્ધાંતિક સમન્વય સાથેના અભ્યાસોના આધારે જાણીતા સમાજશાસ્ત્રી પ્રા.લીપ્સેટ એમ દર્શાવે છે કે, 'રાજ્યશાસ્ત્ર વહીવટી તંત્રનું વિશ્લેષણ કરે છે, વહીવટીતંત્રને કઈ રીતે કાર્યક્ષમ બનાવવું એના અભ્યાસ તરફ વધુ ઝોક ધરાવે છે. જ્યારે, રાજકીય સમાજશાસ્ત્રનો નોકરશાહી (બ્યુરોક્સી) અને નોકરશાહીમાં પ્રવર્તતા પરસ્પર આંતરસંબંધો અંગે વધુ અભ્યાસ કરે છે.

તાજેતરના વર્ષોમાં રાજ્યશાસ્ત્રમાં માનવીની રાજકીય વર્તણૂક ઉપર વધુને વધુ લક્ષ અપાતું જાય છે. ખાસ રીતે ગેબ્રિઅલ, આલપોન્ડ, ડાહલ જેવા રાજ્યશાસ્ત્રીઓના નોંધપાત્ર વૈજ્ઞાનિક અભ્યાસોના કારણે સમાજશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર વચ્ચેના ભેદ બહુ ઝડપથી અદશ્ય થતાં જાય છે. જેના પરિણામે રાજકીય પ્રક્રિયાઓના અભ્યાસનું એક નવું વાર્તનીક વિજ્ઞાન વિકસી રહ્યું છે.

### 2.3.3 સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર :

અર્થશાસ્ત્ર વસ્તુઓ અને શ્રમના ઉત્પાદન અને વિતરણનો અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્ર આ અભ્યાસ માત્ર આર્થિક દષ્ટિબિંદુથી જ કામ કરે છે. આ ઉપરાંત, ઓછામાં ઓછા વળતરે વધુમાં વધુ લાભ લેતા એક 'આર્થિક માનવી (Economic Man)'ની સંકલ્પના અર્થશાસ્ત્રએ સ્વીકારી છે. જ્યારે, સમાજશાસ્ત્ર એ માનવીને સામાજિકપ્રાણી (Social Animal) તરીકે સ્વીકાર્યા છે.

જાણીતા કવિ રમેશ પારેખની સરળ મજાની રચનાથી આર્થિક બાબતો સમાજજીવનમાં કેટલી ઉપયોગી છે, એ સમજાવી શકાય. રમેશ પારેખ લખે છે.

"ડૂંડે ઉગ્યા છે રુડા દાણા
પટલાણી, ચાલોને કરીએ દીકરીઓના આણાં"

અર્થશાસ્ત્ર માલ અને ઉત્પાદન સાથે સંબંધ ધરાવે છે પણ સમાજશાસ્ત્ર આર્થિક બાબતો જે સમાજના તાણાવાણા જેમ વણાયું છે તેનો અભ્યાસ કરે છે.

એન્કલેસના જણાવ્યા અનુસાર અર્થશાસ્ત્ર ઉત્પાદન અને માલ તથા સેવાની વહેંચણીનો અભ્યાસ કરે છે. તે આર્થિક પરિબળો વચ્ચેના આંતર સંબંધો તપાસે છે. એટલે કે અર્થશાસ્ત્ર આર્થિક ક્રિયા અને તેમાંથી ઉદ્દભવતા આર્થિક પ્રશ્નોને કેન્દ્ર સ્થાને રાખે છે.

સમાજશાસ્ત્ર માનવીની બધી સામાજિક ક્રિયાનો અભ્યાસ કરે છે. આર્થિક ક્રિયા પણ સામાજિક ક્રિયા છે. તે સામાજિક ક્રિયા અને તેમાંથી ઉદ્દભવતા સંબંધો, જૂથો, સ્તરરચના, તે સર્વમાં થતાં પરિવર્તનો અને તેમાંથી ઉદ્દભવતી સમસ્યાઓનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્ર આર્થિક ક્રિયાનો અભ્યાસ સમાજના સંદર્ભમાં કરે છે. સમાન અભ્યાસ વિષયોમાં બંને એકબીજાંના પરિપ્રેક્ષ્ય અને દષ્ટિબિંદુની બાબતમાં

જુદાં પડે છે. અર્થશાસ્ત્ર માનવવર્તનને એક જ દષ્ટિબિંદુથી તપાસે છે. પ્રત્યેક માનવી ઓછામાં ઓછા કામ સાથે વધુમાં વધુ વળતર મેળવવા માંગે છે. આ વર્તનને અર્થશાસ્ત્ર આર્થિક વર્તન તરીકે ઓળખાવે છે. પરંતુ વાસ્તવિક દષ્ટિએ જોઈએ તો સમાજજીવનમાં હંમેશા આમ હોતું નથી. વગર વળતરે- મળતરની અપેક્ષા સિવાય લાગણીના સંબંધે પણ માનવી કાર્ય કરતો હોય છે, જે અર્થશાસ્ત્રની વિચારસરણીમાં આવતું જ નથી.

તેમ છતાં, સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિ અને વિચારસરણીમાં ઘણી સમાનતા પણ છે. બંને શાસ્ત્રો અભ્યાસ વિષયની વિગતો સંખ્યાત્મક પદ્ધતિથી ચકાસે છે. તથા બન્ને શાસ્ત્રો સામાજિક સંબંધોનો અભ્યાસ વિવિધ વ્યવસ્થાઓના આધારે થતાં ગૂંફનમાંથી પણ કરે છે. બેકારી, હડતાળ, મજૂરોનો અભ્યાસ, મજૂરસંઘોનો અભ્યાસ વગેરે બન્ને શાસ્ત્રોના સંમિશ્રણ સાથેના અભ્યાસો છે તેમ દર્શાવી શકાય.

### 2.3.4 સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર:

માનવશાસ્ત્ર માનવીનો અભ્યાસ કરે છે. તે માનવીની ઉત્પત્તિ, વિકાસ અને તેના સર્વે સર્જનોનો અભ્યાસ કરે છે. માનવશાસ્ત્ર સંસ્કૃતિને અભ્યાસના મુખ્ય વિષય તરીકે સ્વીકારે છે. જયારે, સમાજશાસ્ત્ર સંસ્કૃતિના એક જ પાયાને સામાજિક સંરચનાને જ અભ્યાસના વિષય તરીકે સ્વીકારે છે.

સમાજશાસ્ત્ર સમાજ કલ્યાણ, સમાજસુધારણા અને સામાજિક પરિવર્તનને ધ્યાને લે છે ત્યારે માનવશાસ્ત્ર આ વિષયોને સ્પર્શતું નથી. પ્રારંભથી જ માનવશાસ્ત્રનું લક્ષ પ્રૌદ્યોગિક સમાજરચના અને સંસ્કૃતિના અભ્યાસ ઉપર વધુ પ્રમાણમાં કેન્દ્રિત હતું જયારે સમાજશાસ્ત્ર મુખ્યત્વે આધુનિક સમાજરચનાનો અભ્યાસ કરે છે.

**એન્કલેસ**ના જણાવે છે કે ઇતિહાસ ભૂતકાલીન બનાવોને કાળક્રમમાં ગોઠવીને અભ્યાસ કરે છે. જયારે સમાજશાસ્ત્ર એક જ સમયે બનતા બનાવો વચ્ચેનો સંબંધ તપાસે છે ઇતિહાસ ભૂતકાલીન બનાવો સાથે સંકળાયેલું છે. ઇતિહાસ મહત્ત્વના બનાવો સાથે સંબંધ ધરાવે છે, જયારે, સમાજશાસ્ત્ર સર્વ સામાજિક બનાવો સાથે સંબંધ ધરાવે છે. સમાજશાસ્ત્ર બનાવો વચ્ચેના આંતરસંબંધો તપાસે છે અને કાર્યકરણ ક્રમ ધરાવે છે. ઇતિહાસ વિભિન્ન વિશિષ્ટ લોકોના ઇતિહાસનું આલેખન કરે છે અને તે વિશિષ્ટિકરણ કરતું સામાજિક વિજ્ઞાન છે. જયારે, સમાજશાસ્ત્ર સામાજિક જીવનના બધાં પાસાંનો અભ્યાસ કરી સામાન્યીકરણ કરતું હોવાથી તે સામાન્યીકરણ કરતું સામાજિક વિજ્ઞાન છે. ઈન્કલેસ નોંધે છે તેમ, ઓછી મહત્ત્વની ઘટનાઓમાં જુદાં-જુદાં સમયની સંસ્થાઓના અભ્યાસ સમાજશાસ્ત્રના રસનું કેન્દ્રીય બિંદુ છે. બન્ને શાસ્ત્રો એકબીજાંથી આમ ભલે અલગ હોય; પરંતુ, એકબીજાંની સાથે સંકલિત પણ છે. બન્નેની અભ્યાસ પદ્ધતિઓ અને સંગ્રહિત વિગતોની વિશ્લેષણ પદ્ધતિ એટલા તો સમાન છે કે ઘણીવાર બન્નેને એકબીજાંથી અલગ તારવવામાં મુશ્કેલ આથી જ ક્રોબર નાળના સમાજવિજ્ઞાની માનવશાસ્ત્ર અને સમાજશાસ્ત્રને 'જોડિયા બહેનો' તરીકે ઓળખાવે છે.

### 2.3.5 સમાજશાસ્ત્ર અને ઇતિહાસ :

ઇતિહાસ ઘટનાઓને કાલાનુક્રમમાં ગોઠવવાનો પ્રયત્ન કરે છે એટલા પૂરતું ઇતિહાસને સમયના સંદર્ભમાં માનવવર્તનનો અભ્યાસ કરતાં શાસ્ત્ર તરીકે ઓળખાવી શકાય. જયારે, સમાજશાસ્ત્ર સમકાલીન ઘટનાઓ વચ્ચેના સંબંધો શોધવાનો પ્રયત્ન કરે છે. જયારે, ઇતિહાસ ભૂતકાલીન ઘટનાઓમાં વધુ રસ ધરાવે છે. સમાજશાસ્ત્ર અદ્યતન ભૂતકાળમાં રસ તો ધરાવે છે; પરંતુ, તેનો વધુ રસનો વિષય કે સમય તત્કાલીન અથવા તો નજીકનો ભૂતકાળ વધુ હોય છે.

અત્યાર સુધીના ઇતિહાસકારોના લખાણો જોઈએ તો તેમાં ઘણાં ભાગે રાજકીય ઉથલપાથલ, રાજાઓ અને તેમણે કરેલાં યુદ્ધોની વાતો વધુ જોવા મળે છે. સમયની સાથે સમાજમાં આવતા પરિવર્તનોની વાત ઝીલવામાં ઇતિહાસે રસ બતાવ્યો નથી.ટૂંકમાં સમાજમાં આવતા પરિવર્તનોની નોંધ ઇતિહાસમાં બહુ ઓછી આવે છે જ્યારે, સમાજશાસ્ત્ર માટે આ પરિવર્તન અને તેના અભ્યાસો જ મહત્ત્વના છે. આ બન્ને શાસ્ત્રોને આપણે વધુ સમજીએ.

**ઈન્કલેસ**ના જણાવે છે કે ઇતિહાસ ભૂતકાલીન બનાવોને કાળક્રમમાં ગોઠવીને અભ્યાસ કરે છે. જ્યારે સમાજશાસ્ત્ર એક જ સમયે બનતા બનાવો વચ્ચેનો સંબંધ તપાસે છે ઇતિહાસ ભૂતકાલીન બનાવો સાથે સંકળાયેલું છે. ઇતિહાસ મહત્ત્વના બનાવો સાથે સંબંધ ધરાવે છે, જ્યારે, સમાજશાસ્ત્ર સર્વ સામાજિક બનાવો સાથે સંબંધ ધરાવે છે. સમાજશાસ્ત્ર બનાવો વચ્ચેના આંતરસંબંધો તપાસે છે અને કાર્યકરણ ક્રમ ધરાવે છે. ઇતિહાસ વિભિન્ન વિશિષ્ટ લોકોના ઇતિહાસનું આલેખન કરે છે અને તે વિશિષ્ટિકરણ કરતું સામાજિક વિજ્ઞાન છે. જ્યારે, સમાજશાસ્ત્ર સામાજિક જીવનના બધાં પાસાંનો અભ્યાસ કરી સામાન્યીકરણ કરતું હોવાથી તે સામાન્યીકરણ કરતું સામાજિક વિજ્ઞાન છે. ઈન્કીલીસ નોંધે છે તેમ, ઓછી મહત્ત્વની ઘટનાઓમાં જુદાં-જુદાં સમયની સંસ્થાઓના અભ્યાસમાં ઇતિહાસે બહુ ઓછો રસ દાખવ્યો છે. જ્યારે, આવી સંસ્થાઓનો અભ્યાસ સમાજશાસ્ત્રના રસનું કેન્દ્રીય બિંદુ છે. આમ, ઇતિહાસ અને સમાજશાસ્ત્ર તેમના વિષયવસ્તુ અને પરિપ્રેક્ષ્યની બાબતમાં એકબીજાંથી જુદાં પડે છે. સમાન અભ્યાસવસ્તુમાં બંનેના પરિપ્રેક્ષ્યો ભિન્ન છે. તેમ છતાં બન્નેમાં સામ્ય પણ છે. ઘણાં ઇતિહાસકારો બર્ક હાર્ટ, ક્રાઉસ્ટન વગેરે સામાજિક સંબંધો, ધોરણોને ધ્યાનમાં લઈને રાજ્ય કે યુદ્ધનો ઉલ્લેખ કર્યા સિવાય પણ સંશોધન અભ્યાસો આપ્યા છે. તો મેક્સવેબર જેવા સમાજશાસ્ત્રીએ ઐતિહાસિક સમસ્યાઓનું સમાજશાસ્ત્રીય પદ્ધતિએ વિશ્લેષણ કર્યું છે. ઇતિહાસ અને સમાજશાસ્ત્રના શાસ્ત્રીય સાંમજસ્યના પરિણામે સમાજશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિઓમાં 'ઐતિહાસીક પદ્ધતિ'ને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે.

### 2.3.6 સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય

સમાજશાસ્ત્ર લેટીન ભાષામાં 'SOCIUS' નો અર્થ COMPANION એટલે કે સાથે જીવનારા અને ગ્રીક ભાષામાં logos એટલે કે શાસ્ત્ર. આમ આ બન્ને શબ્દોના સમન્વય થકી સમાજશાસ્ત્ર શબ્દ અસ્તિત્વમાં આવ્યો છે. જેનો અર્થ માનવ સમાજનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ તેવો થાય છે. તમામ સામાજિક વિજ્ઞાનો માનવ વર્તનનો અભ્યાસ કરે છે; પરંતુ, સમાજશાસ્ત્રનો અભિગમ, વિષયવસ્તુ અને સંદર્ભ એ તમામ અન્ય શાખાઓનુ ભિન્ન છે.

ઈન્ડેક્ષ (1999) સમાજશાસ્ત્રને ત્રણ વિભિન્ન વિષયવસ્તુ છે.

પ્રથમ તો સમાજશાસ્ત્રએ સમાજનો અભ્યાસ છે. જેમાં સમાજનો એક એકમ તરીકે પૃથ્થકરણ થાય છે. અહીં તે આંતરિક વિભિન્નનાઓનો અભ્યાસ કરે છે. તેમજ તે કેવી રીતે આંતરક્રિયા કરે છે અને કેવી રીતે એકબીજાંને પ્રભાવિત કરે છે. તેનો અભ્યાસ કરે છે. વ્યાવસાયિક સમાજકાર્ય અને સમાજશાસ્ત્ર બંનેનો ઉદ્ભવ યુરોપના સમાજમાં 18 મી સદીમાં થયો કે જેને સમાજમાં ધરખમ ફેરફારોના સમયગાળો હતો. તેમણે તેમના કાર્યોને પ્રતિપાદિત કરવા વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કર્યો, સ્વીકૃતી મેળવી અને લોકોનો ટેકો પ્રાપ્ત કર્યો. તે સમયે ખૂબ જ ઉચ્ચ કક્ષાનો જાહેર ચર્ચાઓ ગોઠવાની અને સમસ્યાનું સમાધાન મેળવાતું. દા.ત. સમાજકાર્યમાં અભિગમ અને સેટલમેન્ટ અભિગમોના સમાજકાર્યની દિશાને પ્રભાવિત કરી.

પરંતુ, સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય ઘણી બધી રીતે એકબીજાંથી જુદાં પણ પાડે છે. સમાજશાસ્ત્રમાં સૈદ્ધાંતિક છે અને સિદ્ધાંતોને પ્રતિવાદીની કરવાની બાબતને પ્રાધાન્ય અપાય છે. જયાં સમાજકાર્ય વ્યવહારું છે અને તે સમસ્યાને ઉકેલવાનું કાર્ય કરે છે. તેથી સમાજકાર્ય કર ફકત પુસ્તકાલય અને પુસ્તકો કરતા વધારે સમય ક્ષેત્રમાં લોકો સાથે વિતાવે છે. સમાજશાસ્ત્રના સિદ્ધાંતોએ સમાજની વાસ્તવિકતામાં આધારે બને છે. તેઓ સામાજિક ઘટનાનું વર્ણન કરવા કે સમજાવવા ચોક્કસ કારણ શું દર્શાવે છે. જયારે, સમાજકાર્યની વાત કરી તેનો આ સિદ્ધાંતોઓ વ્યવહારકર્તા વ્યાવસાયિક સામાજિક કાર્યકર માટે ઓછું મહત્ત્વ ધરાવે છે. કારણ કે, તેમને વાસ્તવિક નિરાકરણ પર પહોંચવા માટે આ ઉપરાંત, પણ અન્ય ઘણી બધી અન્ય બાબતોને ધ્યાનમાં રાખવી પડે છે. જયારે, બીજી બાજુ સમાજશાસ્ત્રીઓ સમાજ કાર્યકરને સમસ્યા નિવારણલક્ષી વ્યકિત તરીકે જ જુએ છે. આ ઉપરાંત સમાજકાર્ય અને સમાજશાસ્ત્રમાં મહત્ત્વનો તફાવતએ સમાજશાસ્ત્રને મૂલ્ય રીતની વિદ્યાશાખામાં ગણવામાં આવે છે. હેતુલક્ષીપણુ અને તટસ્થતાને ગુણ ગણવામાં બને છે. જયારે સમાજકાર્યએ મૂલ્યો આધારીત વ્યવસાય છે. જેનો માનવીય સિદ્ધાંતોને આધારે કાર્ય કરે છે. સમાજશાસ્ત્રનો સમાજકાર્ય પર મહત્ત્વનો પ્રભાવ છે. ચાર્લ્સબુથ(Charles Booth)નો ગરીબી પરના કાર્યોએ સમાજને નવો માર્ગ ચીંધ્યો. સામાજિક પૃથક્કરણ વડે સૈદ્ધાંતિક પરિપેક્ષ્ય પ્રાપ્ત થાય છે. જેના આધારે નીતિઓ અને કાર્યો ઘડાય છે. જે સમાજકાર્યકરો (ractitioners) સુનિયોજીત સુચારૂ પૃથ્થકરણ માટે ઉપયોગમાં લે છે. જેથી આપણી સમજમાં કયારે શું કરવું અને શા માટે કરવુ તે અંગેનો વધારો થાય છે. (Dominelli, 1997,S) સમાજકાર્યના નીચે દર્શાવેલાં વિસ્તારોમાં સમાજશાસ્ત્રનું મહત્ત્વનું યોગદાન છે.

(1) સમાજશાસ્ત્રમાં પર્યાવરણતંત્ર સિદ્ધાંતનો ઉપયોગ સામાજિક હસ્તક્ષેપનાં મૉડેલમાં થાય છે, જેનાં સેવાર્થી તંત્રોને પર્યાવરણનાં ભાગ તરીકે ગણના થાય છે તેમજ પર્યાવરણથી પ્રભાવિત થાય છે. (જમેઈન, કેરલઈન રીઈમર 1944, 103)

(2) સમાજશાસ્ત્રના મહત્ત્વના ત્રણ અભિગમો જેવાં કે, માળખાગત કાર્યાત્મકતા વાદીમાં કેસીયન, અને આંતરક્રિયાવાદી એ સમાજકાર્યને પ્રભાવિત કરેલું છે. માર્કસીયન સિદ્ધાંત વડે સમાજકાર્ય કરને સમાજના વિવિધ ભાગોનાં થતાં સુધારોને સમજી શકવામાં મદદરૂપ થાય છે અને તે સમજી શકાય છે. સમાજના વિવિધ ભાગોમાંથી વચ્ચે હીતોનો ટકરાવ રહેલો હોય છે. આ પરિપ્રેક્ષોએ સામાજિક કાર્યકરને પોતાનો વ્યાવસાયિકોના હિતોની સેવા પૂરી પાડે છે. તે વિવેચનાત્મક રીતે સમજવામાં મદદ પૂરી પાડે છે. વધુમાં તેનાથી વ્યાવસાયિક સમાજકાર્યકરોને સામાજીક નિતિઓને પ્રભાવિત કરવા કાયદાઓના વકીલાત કરવા તેમજ કાર્યકરો આયોજન કરવાનુ મૉડેલ પૂરું પાડે છે.

ઈન્ટિગ્રેટીઓનિસ્ટ પેથએ ઉપસંસ્કૃતિ અને વિથલીનની સમજ પૂરી પાડવામાં યોગદાન આપે છે. એમાનાં કેટલીક મુખ્ય સિદ્ધાંત આપનારા અને તેમનાં ખ્યાલોનો સમાજકાર્ય આ ઉપયોગ થતો હોય તેની યાદીમાં સત્તાનો ફોકોલ્ટ ખ્યાલ (foucault concept) માર્કસ, ગોફનો (goff) માનવીનાં સંદર્ભનો ખ્યાલ મહત્ત્વનો છે.(ડોમીનેલી, 1997, 82) (Dominelli, 1997, 82)

(3) સામાજિક ખ્યાલો જેવા કે ભૂમિકા, દરજ્જો, સત્તા, અધિકાર, સામર્થ્ય, અધિકારો, જવાબદારી, જૂથો, સમુદાયો ને શબ્દોનો ઉપયોગ વૈયકિત સેવાકાર્ય, જૂથકાર્ય અને સામુદાયિક સંગઠનમાં થાય છે. જેનાથી સમાજકાર્ય વ્યવહાર સમૃદ્ધ બને છે.

(4) કુટુંબનો અભ્યાસ, કુટુંબોનાં પ્રકારો, કુટુંબના સભ્યોની બદલાતી ભૂમિકાઓ, કુટુંબના અને તેના સભ્યોના કાર્યોમાં આવતા પરિવર્તનો અને તેના પ્રશ્નો અને સમસ્યાં નિવારણનાં રસ્તાઓ અને સાધનો.

(5) વૃદ્ધોની સમસ્યાઓ અને તેનાં નિવારવાના સમાધાનો.

## 2.4 ઉપસંહાર

આ એકમમાં આપણે સમાજશાસ્ત્રને એક વિજ્ઞાન તરીકે સમજયા તેમજ તેનો સમાજવિજ્ઞાનો જેવાં કે મનોવિજ્ઞાન, માનવશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજયશાસ્ત્ર, સમાજકાર્ય વગેરે સાથેના સંબંધો જોયા. સમાજકાર્ય કરવામાં આગળ સમાજશાસ્ત્ર કેવી રીતે ઉપયોગી નીવડશે, તેની પણ ટૂંકમાં સમજ આપી છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

1. માનસશાસ્ત્ર શેનો અભ્યાસ કરે છે ?

   (A) માનસિક પ્રક્રિયાનો (B) વ્યક્તિગત જીવનનો

   (C) સમાજજીવનનો (D) સામૂહિક જીવનનો

2. અર્થશાસ્ત્ર કઈ બાબતોનો અભ્યાસ કરે છે ?

   (A) વસ્તુઓ, શ્રમના ઉત્પાદન અને વિતરણનો

   (B) સામાજિક બાબતોનો

   (C) રાજકીય બાબતો

   (D) માનવના વર્તનનો

3. ઈતિહાસ ભૂતકાલીન બનાવોને કાળક્રમમાં ગોઠવીને અભ્યાસ કરી છે એવું કયા વિદ્વાને કહ્યું છે ?

   (A) ફ્રોઈડ (B) એન્કલેસ

   (C) દુર્ખિમ (D) મેક્સવેબર

4. સમાજશાસ્ત્રમાં પર્યાવરણ તંત્રના સિદ્ધાંતનો ઉપયોગ કયા મૉડેલમાં થાય છે ?

   (A) સામાજિક હસ્તક્ષેપ મૉડેલ (B) સુધારાવાદી મૉડેલ

   (C) વ્યવહારલક્ષી મૉડેલ (D) વ્યક્તિગત વર્તનવાદી મૉડેલ

5. સમાજશાસ્ત્રના મહત્ત્વના કેટલા અભિગમો છે ?

   (A) એક (B) બે

   (C) ત્રણ (D) ચાર

◆ **ટૂંકમાં જવાબ આપો.**

1. રાજ્યશાસ્ત્ર કઈ બાબતો સાથે સંકળાયેલું છે ?

   ..............................................................................

   ..............................................................................

   ..............................................................................

2. માનવશાસ્ત્ર કોનો અભ્યાસ કરે છે ?

.................................................................

.................................................................

.................................................................

3. વ્યાવસાયિક સમાજકાર્ય અને સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ યુરોપમાં કઈ સદીમાં થયો હતો ?

.................................................................

.................................................................

.................................................................

4. ઈન્ટિગ્રેટીઓનિસ્ટપેથ એ શેની સમજ પૂરી પાડવામાં યોગદાન આપે છે ?

.................................................................

.................................................................

.................................................................

5. સમાજશાસ્ત્રની અભ્યાસ પદ્ધતિઓમાં કઈ પદ્ધતિને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે ?

.................................................................

.................................................................

.................................................................

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (A) માનસિક પ્રક્રિયાનો
2. (A) વસ્તુઓ, શ્રમના ઉત્પાદન અને વિતરણનો
3. (B) એન્કલેસ
4. (A) સામાજિક હસ્તક્ષેપ મોડેલ
5. (C) ત્રણ

◆ **સાચાં જવાબો :**

1. રાજ્યશાસ્ત્ર વહીવટી તંત્રનું વિશ્લેષણ કરે છે.
2. માનવીનો અભ્યાસ કરે છે.
3. 18 મી સદીમાં
4. ઉપસંસ્કૃતિ અને વિથલિનની સમજ
5. ધૈર્ય બાળાબહેન પી. વોરા
6. ઐતિહાસિક પદ્ધતિ

## 2.7 ચાવીરૂપ શબ્દો

સમાજકાર્ય : સમાજકાર્ય એક વ્યાવસાયિક સેવા છે. જેમાં જ્ઞાન અને કુશળતાના સમન્વય થકી જરૂરિયાતમંદોને મદદ કરવામાં આવે છે.

## 2.8 સ્વાધ્યાય લેખન

**1. 'સમાજશાસ્ત્ર એક સામાજિક વિજ્ઞાન છે.'**

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

**2. સામાજિક વિજ્ઞાનોના પરિપ્રેક્ષ્યમાં સમાજશાસ્ત્ર કેવી રીતે જુદું પડે છે, તે પ્રો.એલેક ઇન્કલેસના સંદર્ભે સમજાવો.**

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

**3. મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર વચ્ચેનો ભેદ સમજાવો.**

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

4. રાજ્યશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન તરીકે કોઈપણ અભ્યાસમાં કઈ બાબતો પર ભાર મૂકે છે ?

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

5. અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની વચ્ચેનો સંબંધ કોઈ કહેવત કે કવિતાની પંક્તિ દ્વારા સમજાવો.

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

6. અર્થશાસ્ત્ર માનવીને કઈ રીતે જુએ છે? જયારે સમાજશાસ્ત્ર માનવીને કઈ રીતે જુએ છે?

..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................
..........................................................................

7. પ્રો. ક્રોબરના મતે કયા શાસ્ત્રો એકબીજાંના જોડિયા બહેનો છે?

..........................................................................

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**8. ઈતિહાસકારોના લખાણોમાં મહદઅંશે કેવી વાતો જોવા મળે છે?**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**9. સમાજશાસ્ત્રનો ગ્રીક લેટીન ભાષામાં અર્થ સમજાવો.**

.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................
.....................................................................

**10. સમાજકાર્યના કર્મશીલોએ કઈ બાબતોનો ખ્યાલ રાખવો જરૂરી છે?- આપના મૌલિક વિચાર દર્શાવો.**

.....................................................................
.....................................................................

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

## 2.9 વૈયક્તિક અધ્યયન (Case Study)

1. સિવણ પ્રવૃત્તિ દ્વારાં મહિલાઓનું આર્થિક સશક્તિકરણ

લીલાપુર નામનું એક ગામ. ગામની વસ્તી 3500ની છે. મોટાભાગે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સમુદાયોનું વર્ચસ્વ છે. ગામનો મુખ્ય વ્યવસાય કૃષિ છે પરંતુ આ ગામ દરિયા કિનારાથી નજીકનું હોવાના કારણે હવે પાણીના સ્તર ખારાં છે. આ ખારાં પાણીનો ખેતીમાં ઉપયોગ થવાના કારણે ગામની મોટાભાગની જમીનો પણ ક્ષારિય બની ગયેલ છે. ગામથી 35-40 કિલોમીટર બનેલ છે. ત્યાં ગામનાં ભાઈઓ રોજગારી માટે જાય છે પરંતુ ચોમાસા સિવાયની ઋતુમાં મોટાભાગે બહેનોએ ઘરે બેસવું પડે છે માટે આ ગામની કેટલીક બહેનોએ ગામમાં શિક્ષણ અને ગ્રામવિકાસની પ્રવૃત્તિ કરતાં એક કેન્દ્ર પાસે મદદ માંગી. મહિલાઓની આ રજૂઆતના પરિણામે સંસ્થાએ કેટલીક બહેનો સાથે મિટીંગ કરી રોજગારલક્ષી શું પ્રવૃત્તિ થઈ શકે તે અંગે ચર્ચા કરી. કેટલીક બહેનોએ આ સમયે સિવણકામ શીખવાની માંગ કરી હતી. સંસ્થાને આ બહેનોની રજૂઆતને ધ્યાનમાં રાખીને સિવણક્લાસ શીખવાનું નક્કી કરવામાં આવ્યું.

સંસ્થા દ્વારા શરૂઆતમાં પાંચ બહેનો માટે પાંચ સંચાની વ્યવસ્થા કરી પાંચ બહેનોથી સિવણવર્ગની શરૂઆત કરવામાં આવી. ધીરે-ધીરે ગામની અન્ય બહેનોને આ વાતની ખબર પડી અને રીતે બીજા 6 સંચાની વ્યવસ્થા કરી કુલ 11 બહેનોની એક બેચ એમ દિવસની કુલ બે બેચમાં દૈનિક 22 બહેનોને સીવણકામ શીખવવામાં આવતું હતું. કુલ બહેનો પૈકી પાંચ બહેનોનું એક પ્રોડક્શન યુનિટ ચાલુ કરી કપડાં, થેલા વગેરે જેવી જુદી-જુદી વસ્તુઓનું ઉત્પાદન કરી બહેનો દ્વારાં આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ કરી બહેનોએ એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું હતું. આ ઉપરાંત, કેટલીક બહેનોને પોતાના ઘરેલું કામ સાથે વધારાની આવક પ્રાપ્ત કરતી થઈ છે. પ્રોડક્શન યુનિટ સાથે સંકળાયેલ બહેનો વાર્ષિક ત્રણેક લાખનું કામ કરી મહિલાઓ પોતે સ્વમાનભેર જીવન જીવતી થયેલ છે. વધારાની આવક આવતાં બહેનો પોતાના બાળકોના શિક્ષણ અને આહાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરી ઉત્તમ જીવન જીવતી થયેલ છે. આર્થિક સશક્તિકરણ માટે આ પ્રવૃત્તિઓ ઉત્તમ ઉદાહરણ પુરું પાડેલ છે.

2. દીકરીઓનું પ્રમાણ કેમ ઘટી રહ્યું છે ?

પરેશભાઈ ક્ષેત્રકાર્ય માટે પોતાના ગામ હંસાપુરમાં જાય છે. ગામમાં પ્રવેશતાની સાથે જ બસ સ્ટેશન ઉપર કેટલાક યુવાનો મળે છે. યુવાનો સાથે પરેશભાઈ ગામના પ્રશ્નો વિશે ચર્ચા કરી છે. એક યુવાને હસતાં-હસતાં કહ્યું કે પ્રશ્ન અમારો જ છે ? પરેશભાઈએ પૂછ્યું શું પ્રશ્ન છે ? પેલા યુવાને કહ્યું કે લગ્ન થતા નથી. લગ્ન માટે છોકરી મળતી નથી. આ પ્રશ્ન મારો એકલાનો નથી. અમારા ગામના ઘણાં યુવાનો છે જે અત્યારે આ મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે.

તો સવાલ અહીં એ થાય કે પહેલાં છોકરાં અને છોકરીઓનું પ્રમાણ સરખું હતું પણ આજે આપણાં સમાજમાં દીકરીઓનું પ્રમાણ કેમ ઘટી રહ્યું છે ? દિકરીઓનું પ્રમાણ કેમ ઘટી રહ્યું છે ? દીકરીઓનું પ્રમાણ ઘટવાનાં કારણો શોધો.

## 2.10 પ્રવૃત્તિ (Activity) કરો.

**પ્રવૃત્તિ-1** : તમારા કુટુંબના વડીલો સાથે સમાજવ્યવસ્થામાં આવેલ જુદાં-જુદાં પરિવર્તનો અંગેની ચર્ચા કરી નોંધ તૈયાર કરો.

**પ્રવૃત્તિ-2** : કુટુંબમાં બેવડી ભૂમિકા (ઘરકામ સાથે નોકરી કે અન્ય પ્રવૃત્તિ) અદા કરતી મહિલાની મુલાકાત લઈ તેમની કામગીરીના અનુભવોની નોંધ તૈયાર કરો.

## 2.11 સંદર્ભગ્રંથ


1. Mc. Kee. Jamr B, 1981, Sociology : The Study of Society, New yourk, Holt, Rinehart and Wison :
2. Ogburn and Nimkoff, 1972. A Handbook of Sociology. New Delhi : Eurasian Publishing House.
3. <http://www.yourarticlelibrary.com/man/essay-on-man-as-a-social-animal-1623-words/6260/>
4. Registrar,Dr.BabaSaheb Ambedkar Open University, ;DFHGM VeIF;4 ESO-01
5. પ્રો.જે.કે.દવે.અનડા પ્રકાશન, અમદાવાદ સમાજશાસ્ત્ર પરિચય, 2011–12
6. પારિભાષિક કોશ: સમાજશાસ્ત્ર સંપાદક: વિદ્યુત જોષી, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિમાર્ણ બોર્ડ, અમદાવાદ, વર્ષ : 1997
7. સમાજશાસ્ત્ર શું છે? લેખક: ધૈર્યબાળાબહેન પી. વોરા, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, વર્ષ:1978
8. સમાજ ખંડ: 1-2 લેખક: મેકાઈવર અને પેઈજ, અનુવાદ: અક્ષરકુમાર આર. દેસાઈ, ગુજરાત યુનિવર્સિટી, પ્રથમ આવૃત્તિ 1961.
9. વ્યાવસાયિક સમાજકાર્ય, લેખક: ગીતા ચાવડા, પ્રકાશક-લોકનિકેતન, રતનપુર તા.પાલનપુર, જિ.બનાસકાંઠા, વર્ષ: 2008
10. વ્યવસાયિક સમાજકાર્યના આધાર સ્તંભો લેખક.ડૉ. આનંદી પટેલ, પ્રકાશક: વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ, વર્ષ: 2009.

| એકમ–3 | સામાજિક સમસ્યાઓ અને સમાજકાર્ય |
| --- | --- |

# એકમ–3 સામાજિક સમસ્યાઓ અને સમાજકાર્ય

## : એકમનું માળખું :


**3.0 ઉદ્દેશો**

**3.1 પ્રસ્તાવના**

**3.2 સામાજિક સમસ્યા એટલે શું ?**

**3.3 સામાજિક સમસ્યાના લક્ષણો**

**3.4 સામાજિક સમસ્યાઓ વિશેના ભ્રામક ખ્યાલ**

**3.5 સામાજિક સમસ્યા પ્રત્યે લોકોના વલણો**

**3.6 સામાજિક સમસ્યાનાં કારણો**

**3.7 સામાજિક સમસ્યાઓનો પરિચય**

**3.8 સામાજિક સમસ્યાના ઉકેલો**

**3.9 ઉપસંહાર**

**3.10 તમારી પ્રગતિ ચકાસો**

**3.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**3.12 ચાવીરૂપ શબ્દો**

**3.13 સ્વાધ્યાય લેખન**

**3.14 વૈયક્તિક અધ્યયન**

**3.15 પ્રવૃત્તિ**

**3.16 સંદર્ભગ્રંથ**


## 3.0 ઉદ્દેશો

'સામાજિક સમસ્યાઓ અને સમાજકાર્ય' એકમનો સામાજિક કાર્યકરે શા માટે અભ્યાસ કરવો જોઈએ તે અંગેના ઉદ્દેશો નીચે મુજબ છે.

- સામાજિક સમસ્યા એટલે શું ? તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.
- સામાજિક સમસ્યા અંગેની જુદી-જુદી લાક્ષણિકતાઓ અંગેનો પરિચય થશે.
- સામાજિક સમસ્યાઓ વિશે સમાજમાં ઘણી ભ્રામક માન્યાતાઓ છે તેના વિશે જાણકારી મળશે.
- સામાજિક સમસ્યાઓ શા માટે ઉદ્ભવે છે તે પાછળનાં કારણો જાણવા મળશે.
- સમાજમાં જોવા મળતી જુદી-જુદી સમસ્યાઓ વિશેનો પરિચય થશે.
- સામાજિક સમસ્યાના ઉકેલ માટે શું કરી શકાય તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

આમ, સામાજિક કાર્યકર તરીકે આ એકમનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જરૂરી બની રહે છે. આ

એકમમાં સામાજિક સમસ્યા એટલે શું તેના વિશેની પાયાની સમજણથી લઈ તેના ઉકેલ માટે શું કરી શકાય ? તે અંગેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે. સામાજિક જીવનનાં જુદાં-જુદાં પ્રશ્નોના ઉકેલ માટે આ એકમ વિદ્યાર્થી કાર્યકરોને ઘણું ઉપયોગી બની શકે તેમ છે.

## 3.1 પ્રસ્તાવના

માનવસમાજનો ઈતિહાસ વર્ષો જૂનો છે. આદિમાનવ વર્ષો પહેલાં એકદમ પ્રાથમિક કક્ષાનું જીવન જીવતો હતો. પરંતુ ધીમે-ધીમે રખડતું અને ભટકતું જીવન છોડી તેણે સ્થાયી જીવન જીવવાની શરૂઆત કરી હતી. પછી ધીરે તે વિકસતો ગયો. આમ, આદિમાનવથી લઈ આધુનિક માનવ તરફના પ્રયાણ દરમ્યાન તેમણે જુદાં-જુદાં પ્રકારની અનેક સમસ્યાઓનો સામનો કરેલ છે. માનવજીવનના પ્રત્યેક તબક્કે તેમને જુદી-જુદી સમસ્યાઓનો સામનો કરવો પડેલ છે. માણસનું જીવન ક્યારેય સમસ્યામુક્ત જોવા મળેલ નથી. જેમ-જેમ વર્ષો વીતતા ગયા છે તેમ-તેમ સામાજિક સમસ્યાઓનું સ્વરૂપ પણ બદલાતું ગયું છે. જેમ-જેમ સામાજિક સભાનતા કે સામાજિક જાગૃતિનો વિકાસ થવા લાગ્યો છે. તેમ-તેમ નવી-નવી સમસ્યાઓ જોવા મળી છે. ભૌગોલિક અને પર્યાવરણીય પરિવર્તન, શહેરીકરણ, ઔદ્યોગીકરણ, વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં હરણફાળ, નવાં-નવાં વ્યક્તિવાદી મૂલ્યો અને કાયદાઓના વિકાસ જેવાં પરિવર્તનો નિપજાવતાં પરિબળોએ પણ અનેક નવી સામાજિક સમસ્યાઓને જન્મ આપ્યો છે. આવી વિકટ પરિસ્થિતિમાં સામાજિક વ્યવસ્થાની જાળવણી માટે સમસ્યાઓ ઉપર નિયંત્રણ મેળવી તેના નિયંત્રણ માટે વૈજ્ઞાનિક અભ્યાસ જરૂરી બની રહે છે.

સમાજજીવનની જુદી-જુદી સમસ્યાઓના નિવારણ માટે સમાજની દરેક સામાજિક સમસ્યાઓનું વિગતવાર અધ્યયન જરૂરી છે. સામાન્ય રીતે સમાજની જુદી-જુદી સમસ્યાઓ અંગે સમાજના લોકોના જુદાં-જુદાં દૃષ્ટિકોણ, અભિગમ અને ખ્યાલો હોય છે. પરંતુ સમાજશાસ્ત્ર આ બધી જ સમસ્યાઓનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રીઓ આ દરેક સામાજિક સમસ્યાઓનું પૂર્વગ્રહરહિત વિશ્લેષણ કરી તેના કારણો અને પરિણામો શોધવામાં મદદરૂપ બને છે. સમાજશાસ્ત્રમાં સામાજિક સમસ્યાઓને સમાજના પ્રવર્તમાન ધોરણો અને મૂલ્યો સામે પડકારરૂપ પરિસ્થિતિઓ તરીકે ગણવામાં આવે છે. સમાજશાસ્ત્રીએ જુદાં-જુદાં પ્રકારનાં માનવવર્તનો જે રીતે અભ્યાસ કરે છે તેવી જ વૈજ્ઞાનિક દૃષ્ટિથી તેઓ સામાજિક સમસ્યાઓનો પણ અભ્યાસ કરે છે. આ પાછળનો મુખ્ય હેતુ સામાજિક સમસ્યા પાછળનાં કારણોથી સમજ મેળવવી અને સામાજિક વર્તનના અન્ય ક્ષેત્રો સાથે સામાજિક સમસ્યા શું અને કેવો સબંધ ધરાવે છે તેનાં વિશેની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થઈ શકે છે.

સામાજિક કાર્યકરે સમાજજીવનનાં જુદાં-જુદાં પાસાંઓનો વિસ્તૃત અને ગહન અભ્યાસ કરી સમાજની જુદી-જુદી સમસ્યાઓનું નિરાકરણ કરે તે જરૂરી છે. સમાજને સમસ્યામુક્ત કરી તંદુરસ્ત સમાજનાં નિર્માણ માટે કાર્ય કરવું ખૂબ જરૂરી છે. સમાજની જુદી-જુદી સમસ્યાઓના નિવારણ માટે આ એકમ ખૂબ ઉપયોગી બની શકે તેમ છે.

## 3.2 સામાજિક સમસ્યા એટલે શું ?

સામાજિક સમસ્યાઓ એ સમાજનું વિભિન્ન અંગ છે. પ્રાચીન સમયમાં પણ માનવજીવનમાં અનેક સમસ્યાઓ હતી અને આજનો આધુનિક સમયમાં પણ માનવજીવનમાં ઘણી સમસ્યાઓ છે. હા, પહેલાં કરતાં સમસ્યાના સ્વરૂપમાં પરિવર્તન આવ્યું છે. પહેલાના સમયમાં સામાજિક સભાનતાનો વિકાસ ઓછો થયો હતો. ઘણી પરિસ્થિતિઓ લોકોના જીવન માટે હાનિકારક હતી એટલે જનસમુદાય તેને સામાજિક સમસ્યા ગણતા ન હતા. તે સમયે લોકો ઔદ્યોગિકરણ કે યાંત્રિકીકરણથી પ્રભાવિત ન

હતા માટે પ્રમાણમાં પ્રશ્નો ઓછા હતા. પરંતુ આજે માણસ વિકાસ ક્ષેત્રે ખૂબ હરણફાળ ભરી છે. ટેકનોલોજી ક્ષેત્રે માનવજાતે ખૂબ વિકાસ કર્યો છે ત્યારે પ્રાચીન સમયની સમસ્યાઓ અને આધુનિક સમયની સમસ્યાઓમાં ઘણું પરિવર્તન જોવા મળે છે. આ દૃષ્ટિએ સમસ્યા અંગેના ખ્યાલો સમયાંતરે બદલાયા છે ત્યારે સમસ્યા એટલે શું ? તેના વિશેની જાણકારી ખૂબ મહત્ત્વની બની રહે છે.

- સામાજિક સમસ્યાનો સામાન્ય અર્થ સમાજની સમસ્યા અથવા સમાજમાં જોવા મળતી મુશ્કેલીઓ એવો થાય છે.
- કોઈપણ સમાજની સમસ્યાઓના મૂળ તે સમાજના રચનાતંત્ર અને સાંસ્કૃતિક સ્વરૂપ સાથે સંકળાયેલ હોય છે.
- સમાજની અનિચ્છનીય પરિસ્થિતિ તરીકે સામાજિક સમસ્યાની ગણના કરવામાં આવે છે.
- જનતા અને સમાજની ધ્યેયપ્રાપ્તિમાં અવરોધક તથા વિપરીત અસર જન્માવે તેવી પરિસ્થિતિને સમાજ વૈજ્ઞાનિકો 'સામાજિક સમસ્યા' તરીકે ગણતા હોય છે.

**સામાજિક સમસ્યાની જુદી-જુદી વ્યાખ્યાઓ :**

1. અમેરિકાની મિશિગન યુનિવર્સિટીના વિદ્વાનો રિચાર્ડ સી. ફુલર અને રિચાર્ડ માયર્સ 'Some Aspects of a Theory of Social Problems'માં સામાજિક સમસ્યાની વ્યાખ્યા આપતાં તેમણે નોંધ્યું છે કે, "સામાજિક સમસ્યા એટલે વ્યવહારના એવાં પાસાંઓ કે પરિસ્થિતિઓ, જેને સમાજના કે સમૂહના નોંધપાત્ર સંખ્યાના લોકો અનિચ્છનીય ગણતા હોય, સમાજના આ નોંધપાત્ર સંખ્યાના લોકો એવી માન્યતા ધરાવતા હોય છે કે આવી અનિચ્છનીય પરિસ્થિતિને નિવારવા માટે અને સમસ્યા વ્યાપને ઘટાડવા માટે સુધારાવાદી નીતિઓ, કાર્યક્રમો અને સેવાઓની આવશ્યકતા ઊભી થાય છે."
2. પી. બી. હોર્ટન અને જી. આર. લેસ્લી નામના અમેરિકન વિદ્વાને 'The Sociology of Social Problems' માં નોંધ્યું છે કે, ''સામાજિક સમસ્યા એવી પરિસ્થિતિ છે જે લોકોની નોંધપાત્ર સંખ્યાને અનિચ્છનીય રીતે અસર કરે છે અને આવી પરિસ્થિતિ અંગે સામૂહિક પગલાં દ્વારા કંઇક કરી શકાય તેમ છે તેવી માન્યતા લોકો ધરાવતા હોય છે.''
3. ડબલ્યુ વેલેસ વીવરના શબ્દમાં જોઈએ તો, ''દબાણ, તંગદિલી, સંઘર્ષ કે હતાશા સર્જનારી અને કોઈ જરૂરિયાતની પરિપૂર્તિમાં વિશેષ પેદા કરનારી કોઈપણ પરિસ્થિતિ તે સામાજિક સમસ્યા છે. આ સમસ્યાત્મક પરિસ્થિતિ જેને અસર કરતી હોય તે સર્વેને તેના ઉકેલ માટે ફરજ પાડે છે. વાતાવરણમાં સામાજિક પરિવર્તન દ્વારા તેમાં રાહત માટે માંગ ઊભી કરે છે.''
4. રાબ અને સેલ્ઝનિકની દૃષ્ટિએ, ''સામાજિક સમસ્યાઓ મૂળભૂત રીતે લોકો વચ્ચેના માનવીય સબંધોની સમસ્યાઓ છે. જે સમાજને માટે ગંભીર ખતરો ઉત્પન્ન કરે છે. અથવા વ્યક્તિઓની મહત્ત્વકાંક્ષાઓની પ્રાપ્તિના માર્ગમાં વિઘ્નરૂપ બને છે.''
5. નિસ્બેત - સામાજિક સમસ્યાની વ્યાખ્યા આપતાં જણાવે છે કે સામાજિક સમસ્યા વર્તનની એવી રીત છે કે જેને સમાજનાં ઘણાં લોકો સમાજે સ્વીકારેલા એક કે વધુ ધોરણોના ભંગ તરીકે ગણે છે.
6. કેલેરેન્સ માર્શના મત મુજબ, ''સામાજિક સમસ્યા એટલે એવી કોઈપણ સામાજિક પરિસ્થિતિ

કે જે સમાજની અંદરના જ યોગ્ય નિરીક્ષકોની નોંધપાત્ર સંખ્યાનું ધ્યાન ખેંચી તેમનામાં તે માટે કોઈ એક અથવા બીજા સ્વરૂપના સામાજિક અર્થાત્ સામૂહિક પગલાં દ્વારાં ગોઠવણી અથવા ઉપાય કરવાની માંગ કરતી પરિસ્થિતિ હોવાની લાગણી તેમનામાં ઉત્પન્ન કરે છે.''

આમ, જુદાં-જુદાં વિદ્વાનોએ સામાજિક સમસ્યાના ખ્યાલને વ્યાખ્યાબંધ કરવાનો પ્રયાસ કર્યો છે. સામાજિક સમસ્યાના સંદર્ભમાં જુદાં-જુદાં વિદ્વાનોનો મત જુદોં-જુદોં છે. દરેક વિદ્વાનોએ જુદી-જુદી બાબતો ઉપર ભાર મૂકેલ છે. પરંતુ વ્યાખ્યાના અંતે સમસ્યાની મૂળભૂત વિભાવના સ્પષ્ટ થાય છે. ટૂંકમાં સામાજિક સમસ્યા એવી કષ્ટદાયક પરિસ્થિતિ છે જે વ્યક્તિ અને સમાજ બંનેના વિકાસમાં અવરોધક છે પરંતુ અહીં મહત્ત્વની બાબત એ છે કે કોઈપણ સામાજિક દશાને સામાજિક સમસ્યા કહેવડાવવા માટે કોઈ સમુદાય અથવા લોકોમાં જાગૃતિ હોવી જરૂરી છે. સમસ્યા અંગેની મુખ્ય લાક્ષણિકતા નીચે પ્રમાણે છે.

## 3.3 સામાજિક સમસ્યાનાં લક્ષણો

જુદાં-જુદાં સમાજશાસ્ત્રીઓએ સામાજિક સમસ્યાની વ્યાખ્યાઓમાંથી કેટલાંક મુખ્ય લક્ષણોને જુદાં તારવીને તેના દ્વારા સામાજિક સમસ્યાના ખ્યાલને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ વ્યાખ્યાઓ પરથી સામાજિક સમસ્યાઓની નીચે મુજબની લાક્ષણિકતાઓ તારવી શકાય છે.

1. સામાજિક સમસ્યાઓ સમાજમાં ઊભી થયેલ એક પ્રકારની સામાજિક પરિસ્થિતિ છે.
2. સામાજિક સમસ્યાની પરિસ્થિતિ મોટાભાગના લોકોને સારી લાગતી નથી. આ એક અનિચ્છનીય પરિસ્થિતિ છે.
3. સામાજિક સમસ્યાની પરિસ્થિતિને દૂર કરી શકાય તેવી સમાજના લોકોમાં માન્યતા પ્રવર્તે છે.
4. સામાજિક સમસ્યા પરસ્પર સબંધિત છે.
5. સામાજિક સમસ્યાના પરિણામો સામાજિક હોય છે એટલે સમાજની તમામ બાબતો પર તેનો પ્રભાવ પડે છે.
6. સામાજિક સમસ્યા સમાજમાં પ્રવર્તતી એક પ્રકારની આક્ષેપાત્મક સ્થિતિ છે.
7. આ પરિસ્થિતિ કાયમી હોતી નથી.
8. સામાજિક સમસ્યાના કારણે સમાજનાં ધોરણો અને મૂલ્યોનો ભંગ થવાનો ભય ઉભો થાય છે.
9. સામાજિક સમસ્યા વ્યક્તિલક્ષી નહીં, પરંતુ સમાજલક્ષી હોય છે.
10. સામાજિક સમસ્યા એક પ્રકારની સાપેક્ષ પરિસ્થિતિ છે. તેનો અર્થ એ થાય છે કે એક સમાજમાં જે પરિસ્થિતિ સામાજિક સમસ્યા ગણાતી હોય તે પરિસ્થિતિ અન્ય સમાજમાં સામાજિક સમસ્યા ન પણ હોય.

આમ, વિદ્યાર્થી મિત્રો સામાજિક સમસ્યાની ઉપરોક્ત લાક્ષણિકતાઓ પરથી સામાજિક સમસ્યા કોને કહેવાય તે બાબત સ્પષ્ટ થાય છે.

## 3.4 સામાજિક સમસ્યા અંગે ભ્રામક ખ્યાલો

સામાજિક સમસ્યા અંગેનો ખ્યાલ વૈજ્ઞાનિક છે. સમાજ શાસ્ત્રીય દૃષ્ટિએ જોઈએ તો સામાજિક સમસ્યા ''એક એવી પરિસ્થિતિ છે જે લોકોની નોંધપાત્ર સંખ્યાને અસર કરતી હોય, જેમાં મહત્ત્વના સામાજિક

મૂલ્યો કે ધોરણભંગ અથવા અનાદર થાય તો તેમનું અસ્તિત્વ જોખમાવવાનો ગંભીર ભય ઉભો થાય તેમજ જેના લીધે પ્રસ્થાપિત સામાજિક સબંધો તથા સમાજનાં ચલનમાં વિક્ષેપ પડવાનો ભય ઊભો થાય તેને કારણે અથવા અન્ય કારણોસર સબંધિત લોકોને અનિચ્છનીય અણઘટતી અને નુકસાનકારક લાગે તેવી લાગણી અભિવ્યક્ત થાય તેમજ આ પરિસ્થિતિના નિવારણ માટે કંઈક થઈ શકે તેમ છે એવું લાગે અને એથી આગળ વધીને જ્યારે તેના નિવારણ માટે યોગ્ય અને અસરકારક પગલાં ભરવાં જોઈએ એવી લાગણી થોડેઘણે અંશે ફેલાય તેવી સામાજિક પરિસ્થિતિને સામાજિક સમસ્યા કહેવામાં આવે છે.''


ઉપરોક્ત સામાજિક સમસ્યા અંગેની વૈજ્ઞાનિક સમજણ વિરુદ્ધ આજે સમાજમાં સામાજિક સમસ્યાઓ અંગેની ખોટી, અવિશ્વસનીય અને ભ્રામક માન્યતાઓ છે. **હોર્ટન** અને **લેસ્લી**ના મત મુજબ, ''ઘણાં ખરાં લોકો સામાજિક સમસ્યાઓ અંગે અમુક જ્ઞાન ધરાવતા હોય છે. તેમનું આવું જ્ઞાન અવ્યવસ્થિત, પરસ્પર વિરોધી અને સત્યથી વેગળું હોય છે.'' આવી ગેરસમજણો ઘણીવખત સામાજિક સમસ્યાના અભ્યાસમાં અવરોધક બને છે. આવી કેટલીક ભ્રામક ધારણાઓ અંગેની વિગત નીચે મુજબ છે.

1. સામાજિક સમસ્યાઓ કુદરતી અને અનિવાર્ય છે.
2. સામાજિક સમસ્યાઓ વાતો અને ચર્ચાઓમાંથી સર્જાય છે.
3. સામાજિક સમસ્યાઓ ખરાબ લોકો ઉત્પન્ન કરે છે.
4. સામાજિક સમસ્યાનું નિવારણ આપમેળે થાય છે.
5. બધા લોકોને સમસ્યાનો ઉકેલ લાવવો ગમે છે.
6. સામાજિક સમસ્યા પરત્વેની હકીકતોની પ્રાપ્તિથી જ ઉકેલે છે.
7. સામાજિક સમસ્યાઓ અસામાન્ય, અણધારી અને સમજવી મુશ્કેલ હોય છે.
8. સંસ્થાકીય પરિવર્તનો લાગ્યા વગર સામાજિક સમસ્યાઓનું સમાધાન અસંભવ છે.
9. સામાજિક સમસ્યા વિશે લોકોમાં અર્ધસમંતિ પ્રવર્તે છે.

આમ, સામાજિક સમસ્યાઓ વિશે સમાજમાં ઘણી ભ્રામક માન્યતાઓ છે. આ માન્યતાઓના મૂળમાં અજ્ઞાનતા અને રૂઢિચુસ્તતા જવાબદાર છે.

## 3.5 સામાજિક સમસ્યા પ્રત્યે લોકોના વલણો

સામાજિક સમસ્યાઓ અંગે જુદાં-જુદાં લોકોના અલગ-અલગ વલણો જોવા મળે છે. જે અંગેની વિગત નીચે મુજબ છે.



વિસ્તૃત સમજ નીચે પ્રમાણે છે.

1. **ઉદાસીનતાનું વલણ :** ઘણી વખત કૌટુંબિક તણાવ અને નોકરીનું દબાણ વ્યક્તિને વ્યસ્ત રાખે છે. જેને પરિણામે વ્યક્તિ બીજી પ્રવૃત્તિઓમાં રસ દાખવી શકતી નથી. બીજી બાજુ કેટલીક વ્યક્તિઓમાં સ્વાર્થની વૃત્તિ હોય છે. તેઓ ફક્ત વ્યક્તિગત સ્વાર્થ હોય ત્યારે જ સમસ્યાઓમાં રસ દાખવે છે. આમ, મને શું ફાયદો થશે ? અથવા મારે શું ? આ પ્રકારની માનસિકતા સામાજિક સમસ્યાઓ પરત્વે જોવા મળે છે.

2. **ભાગ્યવાદી વલણ :** સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઓછું અને અંધશ્રદ્ધાનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. ભાગ્યમાં કે નસીબ હશે તો મને મળશે. તેવી માનસિકતા સમાજમાં આજે પણ જોવા મળે છે. ગરીબી, બેકારી અને અમુક રોગ અને બીમારીઓ એ પૂર્વજન્મનું પાપ છે. તેવું સમાજમાં આજે પણ માનવામાં આવે છે. માટે આવાં લોકો પોતાના જીવનમાં કોઈ ચમત્કાર સર્જાય તેની રાહ જોઈને એકમાત્ર ભાગ્યના ભરોસે બેસી રહે છે.

3. **સ્થાપિત સ્વાર્થ :** કેટલીક વ્યક્તિઓમાં સ્વાર્થવૃત્તિ જોવા મળે છે. તેઓ જ્યાં સુધી પોતાનો અંગત સ્વાર્થ સિદ્ધ ન થાય ત્યાં સુધી તેઓ સમાજ વિકાસને લગતી કોઈપણ બાબતોમાં રસ દાખવતા નથી. ગરીબી, બેરોજગારી, કુરિવાજો આવી દરેક સમસ્યાઓમાં સ્વાર્થી વૃત્તિ ધરાવતા લોકો તકની રાહ જોઈને બેસી રહે છે. આમ, સ્થાપિત સ્વાર્થ એ સામાજિક વિકાસ માટે મહત્ત્વનું અવરોધક પરિબળ ગણાવી શકાય.

4. **વિશિષ્ટ જ્ઞાનનો અભાવ :** સમસ્યાના સમાધાન માટે વૈજ્ઞાનિક જ્ઞાન એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બાબત છે. કેટલીક વ્યક્તિઓ સમસ્યા પ્રત્યે ચિંતિત હોવા છતાંપણ એમાં રસ દાખવતા નથી. જ્યાં સુધી વ્યક્તિ પોતાની માન્યતાઓ અને મનોવૃત્તિમાં બદલાવ નહીં લાવે ત્યાં સુધી સમાજમાં પરિવર્તન અને બદલાવ શક્ય નથી. પરિવર્તન કરતાં પહેલાં વ્યક્તિને પોતાની દૃષ્ટિ બદલવી જરૂરી છે.

5. **લાગણીશીલતાનું વલણ :** લાગણીશીલતા ખૂબ જ મહત્ત્વપૂર્ણ બાબત છે. લાગણીશીલ વ્યક્તિઓ સમસ્યામાંથી દૂર ભાગવાને બદલે તેઓ સમાજ માટે કંઇક કરી છૂટવાની ભાવના ધરાવે છે. લાગણીશીલ વ્યક્તિઓ જુદાં-જુદાં પ્રકારની આપત્તિઓનો ભોગ બનેલા લોકોને તેમની જરૂરિયાત અનુસાર જુદાં-જુદાં પ્રકારની મદદ કરે છે. આ મદદની ભાવના તે સારી બાબત છે પરંતુ અહીં વ્યાવસાયિક અભિગમ જોવા મળતો નથી.

6. **સમાજ વૈજ્ઞાનિક વલણ :** સામાજિક સમસ્યાઓના નિવારણ માટે સામાજિક કાર્યકરોમાં વૈજ્ઞાનિક વલણ હોવું જરૂરી છે. દુઃખી અને જરૂરિયાતમંદ લોકો પ્રત્યે સહાનુભૂતિ, પ્રેમ અને લાગણી હોવી જરૂરી છે. સમસ્યાગ્રસ્ત વ્યક્તિઓની જરૂરિયાતને ઓળખી તે જરૂરિયાતની પૂર્તિ કઈ રીતે થઈ શકે તે અંગેની સમજણ કાર્યકરમાં હોવી જરૂરી છે. સરકારી યોજનાઓ, બેંકેબલ યોજનાઓ ઉપરાંત, સમાજમાં એવાં કયા સ્થાનિક સંસાધનો છે તે અંગેની સમજણ કાર્યકરમાં હોવી જરૂરી છે. કાર્ય અંગેની વૈજ્ઞાનિક સમજણ વગર વૈજ્ઞાનિક ઢબે કામ થઈ શકે નહિ એટલે સમસ્યા નિવારણની પ્રક્રિયામાં આવી નાની-નાની બાબતો ખૂબ જ ઉપયોગી બની રહે છે. આમ, સમાજવૈજ્ઞાનિક વલણમાં સામાજિક સમસ્યાઓનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ તથા સંશોધન કરવાની બાબતને પ્રાધાન્ય આપે છે.

આમ, ઉપર જણાવેલા વલણો સામાજિક સમસ્યાઓનો ઉકેલ રજૂ કરે છે.

## 3.6 સામાજિક સમસ્યાના કારણો :

કોઈપણ સામાજિક સમસ્યા અનેક કારણોના લીધે ઉત્પન્ન થાય છે. **સેમ્યુઅલ કોએનિંગ** નામના સમાજશાસ્ત્રીના કહેવા પ્રમાણે, ''સામાજિક સમસ્યાઓને જ્યારે તેમના ગૂંફિત સ્વરૂપે સમગ્રતયા વિચારવામાં આવે ત્યારે જ તેમને સમજી શકાય છે અને અસરકારક રીતે કામ પાર પાડી શકાય છે તથા તેના અસરકારક ઉપાયો યોજી શકાય છે.''

મેરિલ સામાજિક સમસ્યાના કારણોમાં મૂલ્યોને કેન્દ્રમાં રાખીને જણાવે છે કે, ''સામાજિક સમસ્યાઓ સામાજિક મૂલ્યોની સીધી અસર રૂપે હોય છે. જો આવા સામાજિક મૂલ્યોનું અસ્તિત્વ ન હોય તો સામાજિક સમસ્યા એટલે શું એ બાબત અજ્ઞાત બની જાય છે. તેઓ સામાજિક સમસ્યામાં સામાજિક સમસ્યાને ચાવીરૂપ તત્વ માને છે.''

પોલ લેન્કીસે સામાજિક સમસ્યાઓનાં કારણો નીચે પ્રમાણે આપ્યા છે.

1. વ્યક્તિગત સમાયોજનમાં નિષ્ફળતા.
2. સામાજિક સંરચનામાં ખામી ઉત્પન્ન થવી.
3. સંસ્થાગત સમાયોજનમાં નિષ્ફળતા
4. સામાજિક નીતિમાં સંસ્થાત્મક વિલંબનાઓ

રાબ અને સેલ્ઝનિકે સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થવાનાં કારણો નીચે પ્રમાણે આપ્યા છે.

1. સંગઠિત સમાજના સભ્યોના સબંધોને વ્યવસ્થિત કરવાની યોગ્યતા સમાપ્ત થવા લાગે અથવા પૂર્ણ થયાની પ્રતીતિ થાય ત્યારે સામાજિક સમસ્યા ઉત્પન્ન થાય છે.
2. સમાજની સંસ્થાઓ વિચલિત થવા લાગે ત્યારે સામાજિક સમસ્યા ઉત્પન્ન થાય છે.
3. સમાજના સભ્યો કાયદાનું ઉલ્લંઘન કરે ત્યારે સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે.
4. લોકોની અપેક્ષાઓનું માળખું ડગડગી જાય છે ત્યારે સામાજિક સમસ્યા ઊભી થાય છે.
5. સમાજનાં મૂલ્યોનું એક પેઢીથી બીજી પેઢી તરફ હસ્તાંતરણ થયું નથી તેવી સ્થિતિમાં સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે.

નિસ્બેત નામના સમાજશાસ્ત્રીએ સામાજિક સમસ્યા ચાર કારણોના લીધે ઊભી થતી હોવાનું જણાવ્યું છે.

1. સંસ્થાઓનો સંઘર્ષ
2. સામાજિક ગતિશીલતા
3. વ્યક્તિવાદિતા
4. ચિંતાજનક સ્થિતિ


આમ, જુદાં-જુદાં વિદ્વાનોએ સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થવા માટે જુદાં-જુદાં કારણોને જવાબદાર ગણાવ્યા છે.

## 3.7 સામાજિક સમસ્યાઓનો પરિચય

પ્રત્યેક સમાજને પોતાના સામાજિક ધ્યેયો હોય છે. આ ધ્યેયો સુધી પહોંચવા માટે દરેક સમાજ હંમેશા પ્રયત્ન કરે છે. આ ધ્યેયોની પ્રાપ્તિ જ જે-તે સમાજની પ્રગતિની પારાશીશી છે. આ ધ્યેયો સિદ્ધ કરવા

માટે પ્રત્યેક સમાજ સામાજિક ધોરણો અને સામાજિક મૂલ્યોની એક વ્યવસ્થા વિકસાવે છે. સમાજના બધા જ સભ્યો આ ધોરણો મુજબનું વર્તન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ સમાજના બધા જ સભ્યો ધોરણો મુજબનું વર્તન કરે તેવું બનતું નથી. ક્યારેક અપેક્ષા વિરુદ્ધનું વર્તન થાય છે. સમાજના સભ્યો જ્યારે, તેમની પાસે રાખવામાં આવતી સામાજિક અપેક્ષાઓથી વિરુદ્ધનું વર્તન કરે છે ત્યારે સામાજિક સમસ્યાઓનો ઉદ્‌ભવ થાય છે.

**સામાજિક સમસ્યાઓ**




આમ, ઉપર મુજબની જુદી-જુદી સામાજિક સમસ્યાઓ સમાજમાં જોવા મળે છે. આ દરેક સમસ્યાના ઉદ્‌ભવના કારણો અને તેનું સ્વરૂપ ખૂબ જ વિસ્તૃત અને વિશાળ છે. માટે દરેક સમસ્યાનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવો જરૂરી છે. પરંતુ અહીં દરેક સમસ્યાનું વિગતવાર વર્ણન શક્ય નથી માટે દરેક સમસ્યાનો ટૂંકાણમાં પરિચય કરાવવાનો અત્રે પ્રયત્ન કરેલ છે.

**1. અસમાન જાતિપ્રમાણની સમસ્યા :**

સ્ત્રી અને પુરુષ સમાજરૂપી રથનાં બે પૈડા છે. સામાજિક સંતુલન માટે સ્ત્રી અને પુરુષનું પ્રમાણ સરખું હોવું જરૂરી છે. જો આ બંને ચક્રો વચ્ચેનું સંતુલન ખોરવાય તો આપણી સમગ્ર વ્યવસ્થા પડી ભાંગે છે. અસમાન જાતિ પ્રમાણની સમસ્યાએ આ સમાજરૂપી રથનાં આ બંને ચક્રો વચ્ચેના અસમ તુલનાનો નિર્દેશ કરે છે. વ્યક્તિની જાતિએ સંપૂર્ણપણે જૈવિક બાબત છે. વ્યક્તિ પસંદગીથી પોતાની જાતિ નક્કી કરી શકતો નથી કે તેને બદલી શકતો પણ નથી. વળી, વ્યક્તિએ સ્ત્રી તરીકે જન્મ લેવો કે પુરુષ તરીકે જન્મ લેવો તે પણ તેના પસંદગી બહારની બાબત છે. પરંતુ હકીકત એ છે કે આજે પણ દિકરો અને દિકરીના જન્મમાં ભેદભાવ રખાય છે. દિકરાના મોહના પરિણામે આજે દિકરીઓનું પ્રમાણ ઘટ્યું છે. સ્ત્રી-પુરુષના આ અસમાન જાતિ પ્રમાણ અનેક સામાજિક સમસ્યાઓને જન્મ આપ્યો છે.


**અસમાન જાતિ પ્રમાણ એટલે શું ?**

જાતિ પ્રમાણ એટલે દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા દર્શાવતું માપ, અસમાન જાતિ પ્રમાણ એટલે સમાજમાં પુરુષોની સંખ્યાની તુલનામાં સ્ત્રીઓની ઓછીવત્તી સંખ્યા હોવાનો નિર્દેશ.

ભારત અને ગુજરાતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ નીચે મુજબ દર્શાવી શકાય.

| ક્રમ | વર્ષ | ભારત | ગુજરાત |
|---|---|---|---|
| 1 | 1901 | 972 | 954 |
| 2 | 1911 | 964 | 946 |
| 3 | 1921 | 995 | 944 |
| 4 | 1931 | 950 | 945 |
| 5 | 1941 | 945 | 941 |
| 6 | 1951 | 946 | 952 |
| 7 | 1961 | 941 | 940 |
| 8 | 1971 | 930 | 934 |
| 9 | 1981 | 934 | 942 |
| 10 | 1991 | 927 | 934 |
| 11 | 1901 | 933 | 920 |
| 12 | 2011 | 940 | 918 |

**સ્ત્રોત :** Gender Composition of Population Provisional Population totals Indida, p.80.




**2. એચ.આઈ.વી./એઈડ્સ – એક સામાજિક સમસ્યા :**

એચ.આઈ.વી./એઈડ્સ એક વિશ્વવ્યાપી સમસ્યા છે. વિશ્વમાં ભાગ્યે જ કોઈ એવો દેશ હશે કે જેમાં એઈડ્સના દર્દીઓ ન હોય ? વધતાં-ઓછાં પ્રમાણમાં દરેક દેશમાં આ સમસ્યા જોવા મળે છે. એચ.આઈ.વી. ગ્રસ્ત પીડીતોની સંખ્યામાં દક્ષિણ આફ્રિકા, નાઈજીરીયા પછી ભારત વિશ્વમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવે છે. નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (નાકો)ના આંકડા દર્શાવે છે કે ભારતમાં એચ.આઈ.વી.ગ્રસ્ત લોકો મોટાભાગે યુવા વયના છે. આ રીતે જોવા જઈએ તો યુવાનો માટે એઈડ્સની સમસ્યા એક પડકારરૂપ છે. ભ્રૂ

**AIDS એટલે શું ?**

સાદી ભાષામાં કહીએ તો AIDS એટલે શરીરે મેળવેલી રોગ પ્રતિકાર શક્તિના વિનાશના ચિહ્નો. AIDS એ ટૂંકુનામ છે. તેનો શાબ્દિક અર્થ જોઈએ તો AIDS એટલે

A - Acquired - મેળવેલું

I - Immune - રોગપ્રતિકારક શક્તિ

D - Deficiency - ઉણપ


S - Syndrome - ચિહ્નો

આમ, એઈડ્સ એટલે માનવીના શરીરમાં રોગપ્રતિકારક શક્તિની ઉણપથી થતા અનેક રોગો, શરીરમાં HIV નો વાયરસ પ્રવેશે એટલે થોડા વર્ષો પછી વ્યક્તિને એઈડ્સ થાય છે.

HIV એટલે, Human Immuno Deficiency Virus. આ વાઈરસ વ્યક્તિના શરીરમાં દાખલ થઈ ધીરે-ધીરે તેની રોગપ્રતિકારક શક્તિનો નાશ કરે છે. એઈડ્સનો સર્વપ્રથમ દર્દી ઈ.સ. 1981માં અમેરિકામાં નોંધાયો હતો. ભારતમાં ઈ.સ. 1986માં ચેન્નાઈમાં સૌ પ્રથમ **ડૉ. સુનીતિ સોલોમ**ને એક સેક્સવર્કરને એચ.આઈ.વી. હોવાનું નિદાન કર્યું હતું.

**એઈડ્સ કેવી રીતે ફેલાય છે ?**

એઈડ્સના દર્દી સાથે હાથ મિલાવવાથી, સાથે બેસવાથી, જમવાથી, ભેટવાથી કે ચુંબન કરવાથી એઈડ્સનો ફેલાવો થતો નથી. તળાવ કે નદીમાં સાથે સ્નાન કરવાથી એઈડ્સ ફેલાતો નથી. આ ઉપરાંત માખી, મચ્છર કરડવાથી પણ એઈડ્સ ફેલાતો નથી. પરંતુ મુખ્યત્વે નીચે દર્શાવેલાં ચાર માધ્યમો દ્વારા વ્યક્તિના શરીરમાં એઈડ્સ થાય છે.




આજે એચ.આઈ.વી. એઈડ્સ એ માત્ર વિશ્વવ્યાપી જન આરોગ્યની જ સમસ્યા નથી પરંતુ તે સામાજિક ધોરણો અને સામાજિક મૂલ્યોના ઉલ્લંઘનનું પરિણામ છે. મુખ્ય નીચે જણાવેલા કારણોના લીધે એચ.આઈ.વી. એઈડ્સ થાય છે.

**એચ.આઈ.વી. એઈડ્સ થવાના મુખ્ય કારણો :**

1. અસલામત જાતિય સબંધ
2. લોહીની ફેરબદલ
3. માતા દ્વારા બાળકને
4. નશીલાં પદાર્થોના વ્યસનના પરિણામે આ રોગ થાય છે.

આ રોગની અટકાયત માટે સરકારી અને બિનસરકારી સંસ્થાઓ પ્રયત્નશીલ છે. ભારત સરકાર દ્વારા 1992માં સ્થાપવામાં આવેલ નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (NACO) કાર્યરત છે અને ગુજરાત ખાતે પણ ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા ખૂબ પ્રશંસનીય કામગીરી કરવામાં આવે છે. આમ, છતાં આજે પણ એઈડ્સ એ અસાધ્ય રોગ છે. માટે આ રોગની અટકાયત માટે 'સાવચેતી એ જ સલામતી' છે.


**3. નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યા :**

આજના યુવાનોમાં મદ્યપાન અને માદક દ્રવ્યોનું વ્યસન જેવી આદતો દિન પ્રતિદિન વધતી જાય છે. ભારતમાં લગભગ 10 થી 15 ટકા વ્યક્તિઓ મદ્યપાન કરે છે. જ્યારે, અમેરિકા અને

પશ્ચિમના અન્ય દેશોમાં આનું પ્રમાણ 76 ટકા જેટલું છે. જેમાં 74 ટકા પુરુષો અને 26 ટકા મહિલાઓનો સમાવેશ થાય છે.

**નશીલા દ્રવ્યોના વ્યસનનો અર્થ :**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) સંસ્થાના તજજ્ઞોની સમિતિએ નશીલાં દ્રવ્યોના સેવનની વ્યાખ્યા આપતાં સ્પષ્ટતા કરી છે કે, 'બંધાણ' એટલે કોઈક કુદરતી કે કૃત્રિમ નશીલા પદાર્થ કે દ્રવ્ય જેનું વારંવાર સેવન કરવાને લીધે પેદા થતી અમુક નિશ્ચિત સમયગાળાની નશાયુક્ત અવસ્થા કે જે-તે વ્યક્તિ અને સમાજ બન્ને માટે વિઘાતક હોય છે. આમાં, નશીલા પદાર્થોનું સેવન કરવાની સતત અને અનિવાર્ય જરૂરિયાત, એનું પ્રમાણ વધારવાની વૃત્તિ તથા તે પદાર્થો પર શારીરિક, માનસિક અવલંબન વગેરે બાબતોનો સમાવેશ થાય છે.




**નશીલાં દ્રવ્યોના વ્યસનની સમસ્યા હલ કરવાનાં ઉપાયો :**

વ્યક્તિ, સમાજ અને સમગ્ર રાષ્ટ્ર માટે આ ચિંતાનો વિષય છે. નશીલાં દ્રવ્યોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતાં કાયદાઓ છે. નશાબંધી વિભાગ દ્વારાં આ કાયદાઓનું અસરકારક અમલીકરણ થાય તે જરૂરી છે. જે લોકો વ્યસન કરે છે તેના માટે વ્યસનમુક્તિ કેન્દ્રો પણ સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે. આ ઉપરાંત, વ્યસન મુક્તિના સંદર્ભમાં લોકજાગૃતિના કાર્યક્રમો વધારે અસરકારક બનાવવાની જરૂર છે.

**4. બાળકો ઉપર દુર્વ્યવહાર અને બાળશ્રમિકો :**

આજના બાળકોને આપણે આવતીકાલના નાગરિકો કહીએ છીએ. બાળકો જ ભારતનું ભવિષ્ય છે. જો બાળકોનું ભાવિ અંધકારમય હોય તો તે દેશ કદાપિ પ્રગતિ કરી શકે નહી. આ સત્ય હકીકત હોવા છતાં પણ વિશ્વના કરોડો બાળકો હાલ ખૂબ જ દયનીય અને ખરાબ હાલતમાં જીવી રહ્યાં છે. આપણાં દેશમાં પણ બાળકોની સ્થિતિ ખૂબ જ ખરાબ છે.

**બાળ દુર્વ્યવહાર એટલે શું ?**

બર્ગેસે બાળ દુર્વ્યવહાર વિશેની પરિભાષા આપતાં જણાવે છે કે, 'જેને માતા-પિતા, વાલી અને માલિકોના કાર્યો અને દુરાચારભરી ખામીઓને કારણે કોઈપણ બનાવ બન્યા વગર શારીરિક અને માનસિક આઘાત પહોંચાડે છે.'

અપશબ્દો બોલવા, શારીરિક હિંસાની ધમકી આપવી, શારીરિક દંડ આપવો, જેમાં તબીબી ઉપચારની જરૂર નથી હોતી તેવા વ્યવહારનો બાળ દુર્વ્યવહારમાં સમાવેશ કરવામાં આવે છે.

**બાળ દુર્વ્યવહારના પ્રકાર**

| (૧) શારીરિક દુર્વ્યવહાર | (૨) લૈંગિક દુર્વ્યવહાર | (૩) ભાવાત્મક દુર્વ્યવહાર |
| --- | --- | --- |
| જેમાં શારીરિક પ્રહારો, હાડકાં તૂટી જવા, બાળી નાંખવાની ધમકીને કારણે પડી જતાં બાળકો, પેટમાં લાત મારવી, બચકાં ભરવા વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે.<br>■ બાળકો સતત ભયભીત રહે છે.<br>■ આવાં બાળકો ઘરે જવાના સમયે રડે છે.<br>■ બાળકોને ઘરે જવું ગમતું નથી. | ■ લૈંગિક વ્યવહારમાં બાળક અને પ્રૌઢ વચ્ચે થતી પારસ્પરિક ક્રિયા છે.<br>■ જેમાં બાળકનો ઉપયોગ અન્ય વ્યક્તિના લિંગને ઉત્તેજિત કરવા માટે થાય છે.<br>■ શારીરિક લક્ષણોમાં ઉઠવા-બેસવામાં મુશ્કેલી, લોહીના ડાઘ, ફાટેલાં કપડાં, વીર્યના ડાઘ અને દર્દ વગેરેનો સમાવેશ થાય છે. | ■ ઉપેક્ષા એટલે શારીરિક, નૈતિક, ભાવાત્મક અને સામાજિક જરૂરિયાતોની અવગણના.<br>■ ભાવાત્મક બાબતોમાં અંગૂઠો ચૂસવો, હોઠ કરડવા, ઘા કરવા, ચોરી કરવી, વ્યવહારમાં ઉગ્રતા જેવી બાબતોનો સમાવેશ થાય છે. |

એક અનુમાન પ્રમાણે અમેરિકામાં દર વર્ષે 25 થી 41 લાખ બાળકો સાથે દુર્વ્યવહાર આચરવામાં આવે છે. ભારતમાં પણ ગરીબી, બેકારી, નિરક્ષરતાને કારણે દર હજારે 15 બાળકો માતા-પિતા, વાલી અથવા માલિકોના દુર્વ્યવહારનો શિકાર બને છે.

બાળ મજૂરોની સમસ્યા અત્યંત જટિલ, વિકરાળ અને સમગ્ર સમાજ માટે અભિશાપ છે. સામાન્ય રીતે બાળમજૂરીમાં ઘરમાં નોકર તરીકે કામ કરવું, ચા-નાસ્તાની લારી કે દુકાનમાં કામ કરવું, અન્ય મજૂરી કરવી એવો થાય છે. બાળમજુરી એક આંતરરાષ્ટ્રીય ઘટના છે. વિશ્વના તમામ દેશોમાં બાળશ્રમિકો જોવા મળે છે. વિશ્વના વિકસતા દેશોમાં લગભગ 90 ટકા બાળમજૂરો જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં 25 કરોડથી વધારે બાળકોને દરરોજ કામ કરવું પડે છે.

**5. બાળ અપરાધ :**

વિવિધ સામાજિક સમસ્યાઓમાં બાળ અપરાધ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. બાળ અપરાધ બાળકોના વર્તનની અને ધોરણભંગની સમસ્યા છે. ઔદ્યોગિક વિકાસ અને શહેરીકરણના કારણે આ સમસ્યા વધારે ગંભીર બનેલ છે.

**બાળ અપરાધ એટલે શું ?**

''બાળ અપરાધ એટલે જે-તે સ્થળના કાયદા દ્વારાં નિર્ધારિત કરવામાં આવેલ વય નીચેના બાળક અથવા તરૂણ દ્વારા કરવામાં આવતું અઘટિત કાર્ય''

શેલ્ડનના અભિપ્રાય મુજબ બાળક દ્વારા એક સામાન્ય કરતાં પણ વધુ ગંભીર અપરાધ કરવો એ બાળ અપરાધ છે.

**ફેડરીક બી. સુસમેન** દ્વારા બાળ અપરાધમાં કઈ-કઈ બાબતોનો સમાવેશ થાય છે તેની યાદી નીચે મુજબ છે.

1. કોઈ કાયદાનો ભંગ કરવો.

2. શાળા તથા ઘરથી ભાગી જવાની આદત.

3. જાણી જોઈને ચોર, કુકર્મો અને અનૈતિક વ્યક્તિઓની સાથે રહેવું.

4. સંપૂર્ણ વિકૃત વ્યવહાર કરવો.

5. માતા-પિતા અથવા વાલીની આજ્ઞા અને નિયંત્રણને ન માનવું.

6. કામ ન કરવું, આળસ અને અપરાધી વાતાવરણમાં રહેવું.

7. એવાં કામો કરવા કે જેનાથી પોતાને અથવા બીજાને આઘાત લાગે.

8. ઘરમાં આજ્ઞા વિના ગેરહાજર રહેવું.

9. અનૈતિક અથવા ખોટાં વ્યવહાર કરવા.

10. ગંદી ભાષા અને અપશબ્દોનો ઉપયોગ કરવો.

11. જાણી જોઈને બદનામ થયેલાં વ્યક્તિઓના ઘરે જવું.

12. બગીચા અને જાહેર સ્થળો અને રમતોના સ્થળો પર અડ્ડા બનાવવા.

13. રેલ્વે સ્ટેશન અથવા બસસ્ટેશન પર નિરૂદેશ્ય ફરવું.

14. ચાલતી ટ્રેનમાંથી કૂદવું, કોઈની આજ્ઞા વગર બસ, ગાડી, કારમાં ઘૂસી જવું.

15. શરાબ વેચાતો હોય તેવા સ્થળ અથવા દુકાનો પર જવું.

16. અનૈતિક અને ગેરકાયદેસર વેપાર કરવો.

17. કોઈ કાયદેસર રીતે સ્વીકૃત કામમાં વિઘ્ન નાખવું.

18. સિગારેટ અને બીડી પીવી.

19. મદ્યપાન કરવું.

20. અન્ય નશીલા પદાર્થોનું સેવન કરવું.

21. જાતિય દુર્વ્યવહાર આચરવો.

22. સ્વભાવ પ્રમાણે નગ્ન ફરવું.

23. શાળા અથવા અન્ય જાહેર સ્થળો પર અનૈતિક આચરણ કરવું.

24. પોતાને અથવા બીજાને નુકસાન પહોંચાડે તેવો વ્યવહાર કરવો.

25. એવા સ્થળો પર જવું જ્યાં જવા માટે વયસ્કને દંડ કરવામાં આવે છે.

26. ઉપદ્રવ અને ઉત્પાત કરવો, ઉપાડો લેવો.

27. ભીખ માંગવી કે ભિક્ષાવૃત્તિ કરવી.

28. અયોગ્ય પ્રસ્તાવ મૂકવો.

29. રાજકીય અથવા બાળ સુધારણા સંસ્થાઓમાંથી ભાગી જવું.

30. નશામાં સાયકલ, સ્કૂટર અને મોટર ગાડી ચલાવવી.

31. અકસ્માત કરીને ભાગી જવું.

32. લગ્ન સમારંભમાં જઈ કિંમતી વસ્તુઓની ચોરી કરવી.

33. ડુપ્લિકેટ ચાવી લગાડી વાહનોની ચોરી કરવી.

બાળ અપરાધના વર્તન પાછળ કેટલાંક મહત્ત્વના કારણો છે. બાળ અપરાધના કારણોમાં સામાજિક કારણો સૌથી વધારે વ્યાપક છે. જેમાં કુટુંબ, શાળા, અપરાધી ક્ષેત્ર, ખરાબ સોબત, મનોરંજન, યુદ્ધ, સામાજિક વિઘટન અને સ્થાનાંતરણનો સમાવેશ થાય છે. જ્યારે, મનોવૈજ્ઞાનિક કારણોમાં બૌદ્ધિક દુર્બળતા, માનસિક રોગ, આવેગાત્મક અસ્થિરતા જેવાં કારણો જવાબદાર ગણાવી શકાય છે. આ ઉપરાંત આર્થિક કારણોમાં ગરીબી, બેકારી જેવા કારણો જવાબદાર ગણી શકાય. આ ઉપરાંત, અન્ય કારણોમાં માલિકી ભાવ, વારસાગત લાક્ષણિકતાઓ, આક્રમક પ્રહારો, વ્યસનો, ગંદા વસવાટો, ગીચ વસ્તી, એકાકી જીવન, શારીરિક વિકૃતિઓ, માંદગી, પર્યાવરણ વગેરે છે.

**6. યુવા અજંપો અને આંદોલન :**

યુવાનો એ આપણાં દેશનું ભાવિ છે. ભારતમાં યુવાનોનું પ્રમાણ વધુ છે તે દષ્ટિએ ભારત ઘણો સમૃદ્ધ દેશ છે. પરંતુ આજકાલ દેશના અસંખ્ય યુવાનોમાં આક્રોશ અને અસંતોષ જોવા મળે છે. ભારે તણાવોથી વ્યસ્ત છે. આના કારણે અજંપો અનેક સ્વરૂપે પ્રગટ થાય છે. તોડફોડની ઘટનાઓ બને છે. હડતાલ પડે છે જેને કારણે લાંબો સમય શિક્ષણ સંસ્થાઓ બંધ રહે છે. હિંસાત્મક બનાવો બને છે. ક્યારેક શિક્ષણ પ્રણાલી, ભાષા અને ધર્મના નામે આંદોલનો થાય છે.

**યુવા અજંપાનો અર્થ :**


અજંપાનો સામાન્ય અર્થ હયાત વ્યવસ્થા સામે અસંતોષ. આ અજ્ઞાનતા અને નારાજગીની સ્થિતિ છે. સામાજિક અસંતોષ એક જૂથ, સમુદાય અથવા સમાજનો સામૂહિક ગુસ્સો અને અજ્ઞાનતાની અભિવ્યક્તિ છે. યુવાતણાવ, યુવા અસંતોષ, વિદ્યાર્થી અસંતોષ જેવાં શબ્દ પ્રયોગો યુવા અજંપા માટે કરવામાં આવે છે.

**યુવા અજંપાની મુખ્ય લાક્ષણિકતાઓ :**

1. સામૂહિક અસંતોષ
2. દુષ્કાર્યાત્મક સ્થિતિ
3. સાર્વજનિક ચિંતા
4. વિદ્યમાન અનુમાનોમાં પરિવર્તનની જરૂરિયાત

**મહત્ત્વના યુવા આંદોલનો :**

આંદોલન અંગેની વિગત નીચે મુજબ છે.



આ ઉપરાંત, ગુજરાતમાં પણ સમયાંતરે વિવિધ આંદલનો થયા છે. 1956માં મહાગુજરાત આંદોલન કરીને ગુજરાતી પ્રજા એ ગુજરાતને અલગ રાજ્ય બનાવ્યું. ગુજરાતનાં બે આંદોલનો ખૂબ જાણીતા છે. નવનિર્માણ આંદોલન પ્રજાનું સ્વંયભૂ આંદોલન હતું. આ સમયગાળામાં ગુજરાતની પ્રજા અસહ્ય મોંઘવારીથી ત્રાસી ગઈ હતી ત્યારે યુવાનો દ્વારા આ આંદોલનની શરૂઆત થઈ હતી. આ ઉપરાંત 1981માં અનામત વિરોધી આંદોલન થયું હતું.

**7. બેરોજગારી :**

આ વિશ્વના અનેક દેશો બેકારીની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. ભારતમાં વસ્તીનું પ્રમાણ વધારે છે. માટે બેરોજગારીની સમસ્યા ઊભી થયેલ છે. બેરોજગારીના લીધે વ્યક્તિમાં નિરાશા અને હીનતાની ભાવના પેદા થાય છે. જે માણસના જીવનને છિન્ન-ભિન્ન કરી નાખે છે અને કૌટુંબિક સબંધોને બગાડે છે. એટલું જ નહીં, બેકારીના પરિણામે વ્યક્તિ અપરાધ તરફ પણ વળી જાય છે. શિક્ષિત બેરોજગારીએ યુવાનોમાં અજંપો વધાર્યો છે.

**બેરોજગારી એટલે શું ?**

એક વ્યક્તિ કાર્ય કરવાની ઇચ્છા રાખે અને પ્રત્યેક દૃષ્ટિએ સ્વસ્થ હોવા છતાં પણ કામ ન મળે તો તેને બેકાર કે બેરોજગાર તરીકે ઓળખવામાં આવે છે.

ડીમેલો નામના એક વિદ્વાને બેકારીની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે, ''બેકાર વ્યક્તિ એને માનવામાં આવે છે કે જે પોતાની ઈચ્છા હોવા છતાં પણ સવેતન કાર્ય મેળવવાની સ્થિતિમાં નથી.''

બેકારીના મુખ્ય પાંચ તત્ત્વો છે જે નીચે પ્રમાણે છે.

1. વ્યક્તિમાં કામ કરવાની યોગ્યતા હોવી જોઈએ.
2. વ્યક્તિમાં કામ કરવાની ક્ષમતા હોવી જોઈએ.
3. વ્યક્તિમાં કામ કરવાની ઈચ્છા હોવી જોઈએ.
4. વ્યક્તિએ કામ શોધવા પ્રયત્ન કરવો જોઈએ.
5. યોગ્યતા પ્રમાણે પૂર્ણ કાર્ય કરવાની શક્તિ હોવી જોઈએ.

બેરોજગારી માટે અનેક કારણો જવાબદાર છે. **ઈલિય અને મોરીલ** નામના બે વિદ્વાનોએ બેકારીના કારણોને બે વિભાગમાં વિભાજીત કર્યા છે. જેમાં (1) વૈયક્તિક કારણો (2) અવૈયક્તિક કારણો. આ બંને પ્રકારના કારણોના આધારે બેરોજગારી એક જટિલ સમસ્યા છે તેની ઉત્પત્તિ માટે અનેક પરિબળોને જવાબદાર ગણી શકાય. બેરોજગારીને દૂર કરવા માટે સમયાંતરે ઘણાં પ્રયાસો કરવામાં આવ્યા છે. ગરીબી નિવારણના ભાગરૂપે બેકારોને કામ આપવા બાબતે ઘણી જોગવાઈઓ કરવામાં આવી છે. અનેક ઉપાયો વિવિધ વિદ્વાનોએ બેરોજગારી દૂર કરવા માટે સૂચવ્યા છે. સૌ પ્રથમ વસતિ પર નિયંત્રણ રાખવાનું અત્યંત આવશ્યક છે. આ ઉપરાંત, યાંત્રિક ખેતીને બદલે સહકારી ખેતીને પ્રોત્સાહન આપવું. વિશાળ ઉદ્યોગોના બદલે લઘુઉદ્યોગોને મહત્ત્વ આપવાની જરૂર છે. શિક્ષણ પ્રણાલિમાં સુધારો કરી વ્યવસાય શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂકવાની જરૂરી છે.

**8. ભ્રષ્ટાચાર :**


આપણે ભ્રષ્ટાચાર શબ્દનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરીએ છીએ. ભ્રષ્ટાચાર એટલે ભ્રષ્ટ આચાર. જે આચાર સારો નથી તેને ભ્રષ્ટ આચાર તરીકે આપણે ઓળખીએ છીએ. આજે વિશ્વના તમામ સમાજનું લોક જીવન ભ્રષ્ટાચારની સમસ્યા સાથે સંકળાયેલું છે.

**ભ્રષ્ટાચાર એટલે શું ?**

ભ્રષ્ટાચારનો શાબ્દિક અર્થ બગડેલું આચરણ થાય છે. ભ્રષ્ટાચારને અંગ્રેજી ભાષામાં Corruption કહેવામાં આવે છે.

ભ્રષ્ટાચાર એટલે નિયમ બહાર અથવા નિયમ વિરુદ્ધ હોદ્દા કે સ્થાન કે પદનો વૈયક્તિક અથવા સામૂહિક ધોરણે ગેરલાભ લેવો એક એવા આચરણને ભ્રષ્ટાચાર કહી શકાય.

આજે તમામ ક્ષેત્રે ભ્રષ્ટાચાર વધી રહ્યો છે. વિશ્વબેંકે ભ્રષ્ટાચારના છ ક્ષેત્રો આપ્યા છે.




ભ્રષ્ટાચાર દરેક જગ્યાએ જોવા મળે છે. ભ્રષ્ટાચારની ફરિયાદોવાળા વિભાગોની યાદી સન્થાનમ સમિતિએ આપી છે. જે નીચે મુજબ છે.

- ઉદ્યોગ અને વાણિજ્ય વિભાગ
- સામુદાયિક વિકાસ અને સહકારી વિભાગ
- સુરક્ષા સેના વિભાગ
- શિક્ષણ વિભાગ
- વિદેશ વિભાગ
- આવકવેરા, આબકારી, બંદર, સુરક્ષા, આર્થિક વિકાસ તથા વહીવટ અને રાજકીય વિભાગ
- ખાદ્ય અને ખેતી વિભાગ
- સ્વાસ્થ્ય વિભાગ
- ગૃહવિભાગ
- માહિતી અને પ્રસારણ વિભાગ
- સિંચાઈ અને વિદ્યુત વિભાગ
- શ્રમ અને રોજગાર વિભાગ
- ન્યાય વિભાગ
- ખાણ વિભાગ
- વૈજ્ઞાનિક શોધ અને સંસ્કૃતિ વિભાગ
- ભારે ઉદ્યોગ વિભાગ - પોલાદ અને સ્ટીલ
- સંદેશા અને સંચાર વિભાગ

- પુનર્વાસ વિભાગ
- રાષ્ટ્રપતિનું સચિવાલય
- પ્રધાનમંત્રીનું સચિવાલય
- યોજના આયોગ
- કેન્દ્રીય સંઘ પ્રદેશ, સાર્વજનિક સેવા વિભાગ
- તાલીમ વિભાગ
- રેલ્વે વિભાગ
- તાર અને ટપાલ વિભાગ

આ ઉપરાંત, મહેસૂલ વિભાગ, આપત્તિ વ્યવસ્થાપન અને પંચાયત વિભાગ પણ ભ્રષ્ટાચાર સાથે સંકળાયેલાં છે. ભ્રષ્ટાચારની અટકાયત થાય તે જરૂરી છે. ભ્રષ્ટાચાર માત્ર ભારતની જ નહીં, સમગ્ર વિશ્વની સામાજિક સમસ્યા છે. આ સમસ્યા સમગ્ર રાષ્ટ્ર અને સમાજને ખોખલો બનાવી દે છે. આ સમસ્યા સમગ્ર વિકાસના માર્ગમાં અવરોધ ઊભો કરે છે. ભ્રષ્ટાચારના મૂળ ઘણાં ઉંડા છે. પરંતુ ભ્રષ્ટાચાર વિરુદ્ધ લોકજાગૃતિ, શિક્ષણ અને જુદાં-જુદાં અભિયાનો ચલાવી ભ્રષ્ટાચારને અટકાવવા પ્રયત્નો કરવા જોઈએ.

**9. નિરક્ષરતા :**

નિરક્ષરતા એ આપણાં સમાજની એક ગંભીર સમસ્યા છે. નિરક્ષરતા એ અનેક સામાજિક અને આર્થિક દૂષણોને જન્મ આપ્યો છે. નિરક્ષરતાને કારણે માનવીનો વિકાસ થતો નથી. નિરક્ષરતાને કારણે અંધવિશ્વાસ, અને રૂઢિવાદિતાનો જન્મ થાય છે. શિક્ષણના અભાવે સમાજમાં શોષણનું પ્રમાણ વધે છે. શિક્ષણ દ્વારા જ સભ્યતા, સંસ્કૃતિ અને સમાજની પ્રગતિ શક્ય છે. જો માણસે પોતાનો સર્વાંગી વિકાસ કરવો હોય અને જીવનનું સ્તર ઉંચું લાવવું હોય તો શિક્ષણ અનિવાર્ય છે.

**નિરક્ષરતાનો અર્થ :**

- સાક્ષરતાનો અભાવ એટલે નિરક્ષરતા.
- જે લોકો વાંચી-લખી શકતા ન હોય અથવા હિસાબ કરવા અસમર્થ હોય તેને નિરક્ષર કહેવામાં આવે છે.
- ભારતના વસતી ગણતરી વિભાગે જે વ્યક્તિ પોતાની માતૃભાષામાં લખી કે વાંચી શકતી નથી તેને નિરક્ષર ગણી છે.

1991થી વસ્તી ગણતરી પ્રમાણે દેશની કુલ વસતિના 47.89 ટકા લોકો નિરક્ષર છે. આઝાદીના પાંચ દાયકા પછી પણ દર દસ વ્યક્તિઓમાંથી પાંચ વ્યક્તિઓ લખી-વાંચી શકતી નથી. નિરક્ષરતામાંથી 10 કરોડ લોકો 15 થી 35 વર્ષની વય જૂથમાં આવી જાય છે. આ આંકડાઓ બતાવે છે કે, શિક્ષણમાં જોઈએ તેટલી પ્રગતિ થઈ નથી.

**નિરક્ષરતા નિવારણના ઉપાયો :**

દેશમાં નિરક્ષરતા નિવારણ માટે નીચેના ઉપાયો કરી શકાય.

1. લોક સહકાર
2. વસતીવૃદ્ધિ પર નિયંત્રણ

3. પ્રત્યેક ગામમાં શાળાની સુવિધા

4. બુનિયાદી શિક્ષણ

5. પ્રૌઢ શિક્ષણ

6. સંચાર અને સંપર્ક માધ્યમો દ્વારા શિક્ષણ

7. સ્ત્રી શિક્ષણ

8. મફત અને ફરજિયાત શિક્ષણ

9. ડ્રોપ આઉટ થતાં બાળકોની સંખ્યા ઘટાડવી

10. પછાતવર્ગ પર વિશેષ કાળજી

11. શૈક્ષણિક સાહિત્યની રચના

12. નવોદિત શાળાઓની આવશ્યકતા

આ ઉપરાંત, નિરક્ષરતા નિવારણ માટે રાષ્ટ્રીય પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમની ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. 2 જી ઓક્ટોબર 1978ના રોજ આ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. જેનો મુખ્ય હેતુ 15 થી 35 વર્ષની વયજૂથના લોકોને સાક્ષરતા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ ઉપરાંત, રાષ્ટ્રીય સાક્ષરતા મિશન જેવા કાર્યક્રમોને વધારે અસરકારક બનાવવાની જરૂરિયાત છે.

**10. મહિલાઓની સમસ્યાઓ :**

આપણી સમાજ વ્યવસ્થાનો ખૂબ મહત્ત્વનો હિસ્સો મહિલાઓ છે. કુલ વસતિમાં મહિલાઓની નોંધપાત્ર સંખ્યા હોવા છતાં પણ મહિલાઓ ઉપર વર્ષોથી જુદાં-જુદાં પ્રકારના અત્યાચારો કરવામાં આવે છે. સ્ત્રી-પુરુષ સમાનતા સ્થાપવા પર ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ વ્યવહારમાં આ બાબત જોવા મળતી નથી.

**સ્ત્રી સમસ્યાનો અર્થ :**

– સ્ત્રીઓની સમસ્યા એટલે પુરુષની તુલનામાં સ્ત્રીઓને નીચા સ્થાન અને દરજ્જાને સૂચિત કરતી સમસ્યાઓ

– સ્ત્રીઓના જીવન પર અસર કરતી વિપરિત પરિસ્થિતિઓ, ધોરણો, મૂલ્યો, માન્યતાઓ, અનિચ્છનીય ગણવામાં આવતી હોય તેમજ તેના નિવારણ માટે સામૂહિક પગલાં લેવાતા હોય તેવી પરિસ્થિતિને સ્ત્રીઓની સમસ્યાઓ કહેવાય છે.


એક અહેવાલ પ્રમાણે ભારતમાં દર ચાર મિનિટે મહિલા વિરુદ્ધ અત્યાચાર થાય છે.

– દર પોણા કલાકે બળાત્કાર અને મહિલાનું અપહરણ થાય છે. બીજી કોઈપણ સ્ત્રી ઉપર સ્વજનો અને પતિ દ્વારા ત્રાસ ગુજારવામાં આવે છે.

– દરરોજ 17 સ્ત્રીઓના દહેજને લીધે મૃત્યુ થાય છે.

**સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓના પ્રકારો :**

સ્ત્રીઓની સમસ્યા પેદા કરવામાં સામાજિક રચનાતંત્ર, સાંસ્કૃતિક રચનાતંત્ર, મૂલ્ય સંઘર્ષ જેવી બાબતો મહત્ત્વનો ભાગ ભજવે છે.




સ્ત્રીઓને લગતી જુદી-જુદી સમસ્યાઓની અટકાયત માટે જુદાં-જુદાં કાયદાઓ ઘડવામાં આવેલ છે. સ્ત્રીઓની સમસ્યાઓને દૂર કરવા કાયદાઓનું અસરકારક અમલીકરણ થાય તે જરૂરી છે.

**11. વૃદ્ધત્વની સમસ્યાઓ :**

આપણે વર્ષોથી માનતા આવ્યા છે કે યૌવન એટલે વસંત અને ઘડપણ એટલે પાનખર. વૃદ્ધાવસ્થા એ મનુષ્યજીવનનો એક મહત્વનો પડાવ છે. વૃદ્ધાવસ્થા એ માનવ જિંદગીનો સ્વાભાવિક ક્રમ છે. ભારતીય સમાજમાં સંયુક્ત કુટુંબપ્રથા વર્ષોથી ચાલી આવે છે. પરંતુ આજે શહેરીકરણ, ઔદ્યોગિકરણ અને પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણના પરિણામે આ આપણી પરંપરાગત વ્યવસ્થા પડી ભાંગી છે. આને કારણે સમાજમાં અનેક સામાજિક સમસ્યાઓ ઊભી થઈ છે. આ વિવિધ સમસ્યાઓ પૈકીની એક ખૂબ મહત્ત્વની સમસ્યા એટલે વૃદ્ધાવસ્થાની છે.

વ્યક્તિને કઈ ઉંમરે વૃદ્ધ ગણવી તે અંગે કોઈ નિશ્ચિત વય નક્કી નથી. પરંતુ પશ્ચિમના દેશોમાં 60 વર્ષની વયને વૃદ્ધાવસ્થામાં ગણવામાં આવે છે. આપણે ત્યાં સરકારી નોકરીમાંથી નિવૃત થવાની વય 58 થી 60 વર્ષની વયને વૃદ્ધાવસ્થા ગણવામાં આવે છે.

**વૃદ્ધાવસ્થાની જુદી-જુદી સમસ્યાઓ :**

1. શારીરિક સમસ્યાઓ
2. માનસિક સમસ્યાઓ
3. સામાજિક સમસ્યાઓ
4. આર્થિક સમસ્યાઓ
5. આરોગ્ય વિષયક સમસ્યાઓ
6. કૌટુંબિક સમસ્યાઓ
7. અન્ય સમસ્યાઓ જેમાં અનેક વૃદ્ધો વિવિધ પ્રકારની આદતો અને વ્યસનો ધરાવે છે. જેના કારણે પણ કુટુંબનું વાતાવરણ બગડે છે.

વૃદ્ધોની સમસ્યાના સમાધાન માટે નીચેના ઉપાયો કરી શકાય.

1. સંયુક્ત કુટુંબમાં વૃદ્ધોને સામાજિક, આર્થિક તેમજ માનસિક રક્ષણ મળી રહ્યું છે માટે સંયુક્ત કુટુંબપ્રથા ટકે તે વધારે ઈચ્છનીય છે.
2. દરેક વૃદ્ધોને એમની જરૂરિયાત પ્રમાણે સ્વચ્છ મનોરંજનના સાધનો પૂરા પાડવાં જોઈએ.
3. સરકારે અસહાય કે નિરાધાર વૃદ્ધો માટે 'વૃદ્ધાશ્રમ' સ્થાપિત કરવાં જોઈએ.

4. વૃદ્ધોની સ્વાસ્થ્ય સબંધી જવાબદારી સરકારે લેવી જોઈએ.

5. શિક્ષિત વૃદ્ધોનાં અનુભવનો લાભ લેવા સરકારે જુદાં-જુદાં કામોમાં વૃદ્ધોને સામેલ કરવાં જોઈએ.

6. વૃદ્ધ પેન્શન યોજના જેવા કાર્યક્રમોને વધારે લોકભોગ્ય બનાવવાં જોઈએ.

**12. ગરીબી :**


ગરીબી એક સામાજિક સમસ્યા છે. ભારતના કરોડો લોકો પાસે ખાવા માટે રોટી, પહેરવા માટે વસ્ત્ર અને રહેવા માટે મકાન નથી. ગરીબ લોકોનું જીવન સ્તર અતિ નિમ્ન છે તથા તે ઓછી જરૂરિયાતોથી તેઓ પોતાનું જીવન વ્યતિત કરે છે. આમ, ગરીબી એ ભારતની મુખ્ય સમસ્યા ગણાય છે. ભારતમાં એક તરફ ગરીબીના અનેક કારણો છે તો બીજી તરફ ગરીબી પોતે અનેક સમસ્યાઓનું કારણ પણ છે.

**ગરીબી એટલે શું ?**

– મોટાભાગે ધનના અભાવને ગરીબી, દરિદ્રતા અથવા નિર્ધનતા કહેવામાં આવે છે.
– વીવર નામનાં વિદ્વાનના કહેવા પ્રમાણે 'ગરીબી એક એવા જીવન સ્તરના સ્વરૂપમાં પરિભાષિત કરી શકાય છે. જેમાં સ્વાસ્થ્ય અને શરીર સબંધી યોગ્યતા જાળવી શકાતી નથી.'
– ગોગાર્ડના અનુસાર, ''ગરીબી એવી વસ્તુઓનો અભાવ છે અથવા વંચિતતા છે જેને એક વ્યક્તિ અથવા તેના આશ્રિતોને સ્વસ્થ બનાવી નાખવા માટે જરૂરી છે.''

**ગીરીબનાં કારણો :**

ગરીબીના અનેક કારણો છે જે નીચે મુજબ છે :




ગરીબી નિવારણ માટે સરકાર દ્વારા ઘણાં પ્રયત્ન કરવામાં આવે છે જે અંગેની વિગત નીચે મુજબ છે.

**ગરીબી નિવારણ અને રોજગારી સર્જન સબંધી કાર્યક્રમો :**

1. સુવર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના

2. સંપૂર્ણ ગ્રામીણ સ્વરોજગાર યોજના

3. પ્રધાનમંત્રી ગ્રામોદય યોજના

4. અંત્યોદય અન્ન યોજના

5. અન્નપૂર્ણા યોજના

6. ઈન્દિરા આવાસ યોજના

7. જયપ્રકાશ નારાયણ રોજગારી ગેરંટી યોજના વગેરે જેવી વિવિધ યોજનાઓ થકી ગરીબી નિવારણ માટે પ્રયત્નો કરવામાં આવે છે.

**13. પર્યાવરણની સમસ્યાઓ :**

માનવી કુદરતનું ખૂબ જ મહત્ત્વનું અંગ છે. જે કુદરતી નથી કોઈપણ રીતે અલગ કે સ્વતંત્ર રહી શકતો નથી. કુદરતે જ્યારે જીવસૃષ્ટિની અને માનવસૃષ્ટિની રચના કરી ત્યારે સર્વેનો ખોરાક અને પોષણ મળી રહે તેવી રચના કરી હતી પરંતુ માણસે પોતાની બુદ્ધિ શક્તિના જોરે પ્રકૃતિનું શોષણ કરી આ પર્યાવરણને પ્રદૂષિત કર્યું છે. જેના પરિણામે આજે માનવજાતનું અસ્તિત્વ ખતમ થઈ જાય તે હદે પ્રદૂષણ થયું છે. એટલા માટે આજે પર્યાવરણ અને પ્રદૂષણ એ સાવ સહજ બોલાતા અને ચર્ચાતા શબ્દો બની ગયાં છે.

**પર્યાવરણ એટલે શું ?**

પરિ + આવરણ = પર્યાવરણ.

પરિ એટલે ચારેબાજુનું અને આવરણ એટલે પડ અથવા સ્તર. ટૂંકમાં આપણી આજુબાજુનું વાતાવરણ એટલે પર્યાવરણ.

– પૃથ્વીની સપાટીથી ઉંચે અવકાશ સુધી વિસ્તરેલું વિવિધ આવરણોમાં મિશ્રણ સમાન વિશિષ્ટ આવરણ એટલે પર્યાવરણ. પર્યાવરણ માટે અંગ્રેજીમાં Environment શબ્દ વપરાય છે.

પર્યાવરણને દૂષિત થવાની કે બગડવાની ક્રિયાને પ્રદૂષણ કહેવામાં આવે છે. વિવિધ પ્રકારે પ્રદૂષણ થાય છે. જળપ્રદૂષણ, હવા પ્રદૂષણ, જમીનનું પ્રદૂષણ, અવાજનું પ્રદૂષણ એમ જુદી-જુદી રીતે પ્રદૂષણ થાય છે. પ્રદૂષણના કારણે અનેક રોગો થાય છે. આજે માનવજાત અને સમગ્ર જીવસૃષ્ટિ નાશ પામે તે હદે પ્રદૂષણ વધી રહ્યું છે. પ્રદૂષણની અટકાયત અને પર્યાવરણની જાળવણી માટે સરકારી અને બિનસરકારી સંગઠનો પ્રયત્નશીલ છે. પર્યાવરણ સુરક્ષા માટે કાયદાઓ પણ ઘડવામાં આવેલ છે. આ કાયદાઓનું અસરકારક અમલીકરણ થાય તો પ્રદૂષણ અટકી શકે.

## 3.8 સામાજિક સમસ્યાના ઉકેલો

સમાજ વિજ્ઞાનીઓ માનવ સમાજમાં ઉદ્‌ભવેલી સમસ્યારૂપ પરિસ્થિતિને વૈજ્ઞાનિક રીતે સમજવા માટે સક્રિય બન્યા છે. સમાજશાસ્ત્રીઓ સમાજની સંરચનામાં સામાજિક સમસ્યાઓ કેવી રીતે ઉત્પન્ન થાય છે તેની સમાજની કાર્યપ્રણાલી અને લોકો પર તેની કેવી અસર થાય છે તેનો અભ્યાસ કરે છે. આવા સંશોધન અભ્યાસોના કારણે સામાજિક સમસ્યાઓને વૈજ્ઞાનિક ખ્યાલ સ્પષ્ટ થયો છે.

સામાજિક સમસ્યાઓના નિરાકરણ માટે ત્રણ દૃષ્ટિકોણ પર વિચાર કરવો જોઈએ.

**સામાજિક સમસ્યા અંગેના દૃષ્ટિકોણ**

| (૧) બહુઘટકીય અભિગમ | (૨) પારસ્પરિક સબંધ | (૩) સાપેક્ષતા |
|---|---|---|
| ▪ આ અભિગમ પ્રમાણે કોઇપણ સામાજિક સંસ્થાના જન્મ માટે અનેક કારણો જવાબદાર માનવામાં આવે છે.<br>દા.ત. ગુનાખોરીને નિયંત્રિત કરવા માટે એના વારસાગત કારણો ગરીબી, બેરોજગારી જેવા અનેક પરિબળો ભાગ ભજવે છે. | ▪ જુદી-જુદી સામાજિક સમસ્યાઓ વચ્ચે ઘનિષ્ટ સબંધ છે. કોઇપણ સામાજિક સમસ્યાને એક અલગ સમસ્યા અથવા લઘુઘટકથી સમજી શકાતી નથી. એક સમસ્યા બીજી સમસ્યા સાથે સબંધ ધરાવે છે. | ▪ સામાજિક સમસ્યાનું સ્થાન અને સમયની સાથે ગાઢ સબંધ છે.<br>▪ એક સમાજની સમસ્યા બીજા સમાજ માટે સમસ્યા ન પણ હોઈ શકે. |

આમ, ઉપરોક્ત ત્રણેય અભિગમોને આધારે સામાજિક સમસ્યાઓથી છુટકારો પ્રાપ્ત કરી શકાય છે. કોઈપણ સામાજિક સમસ્યાઓનું નિરાકરણ ત્યારે જ સંભવ છે જ્યારે, વ્યક્તિમાં નીચેની ભાવનાઓ જાગૃત થાય.

1. સ્થિતિ સુધારી શકાય છે.
2. સ્થિતિને સુધારવા માટે દૃઢ નિશ્ચય
3. લોકોમાં વિશ્વાસ અને એમની બુદ્ધિમતા અને પ્રયાસોમાં અસીમિત ઉન્નતિ થઈ શકે છે.
4. સ્થિતિને સુધારવા માટે બુદ્ધિસંગત જ્ઞાન અને નિપુણતાથી ભરેલા પ્રયોગોની આવશ્યકતા છે.

**રાબ અને સેલ્ઝનિકે** સામાજિક સમસ્યાના સુઝાવ માટે ત્રણ બાબતો તરફ ધ્યાન દોર્યું છે.

1. જ્યારે, કાનૂન બિનઅસરકારક બને છે ત્યારે સીધા પગલાંનો આશ્રય લેવામાં આવે છે. મહાત્મા ગાંધીએ આઝાદી મેળવવાના આંદોલન દરમ્યાન જુદાં-જુદાં સત્યાગ્રહો, ઉપવાસ, સવિનય કાનૂન ભંગની લડત વગેરે બાબતો સીધા પગલાંના ઉદાહરણો ગણાવી શકાય.
2. શિક્ષણથી સામાજિક પરિવર્તન લાવી શકાય છે. જે દેશમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે તે સમુદાયમાં સામાજિક સમસ્યાઓ વધુ જોવા મળે છે. વૈચારિક બદલાવ માટે શિક્ષણ અતિ આવશ્યક છે.
3. સામાજિક સમસ્યાના નિવારણમાં કાયદો ઉપયોગી બની શકે છે. કાયદાનો અમલ સરકારી તંત્ર દ્વારા કરવામાં આવે છે. દા.ત. દારૂબંધીનો કાયદો હોવા છતાં જે લોકો દારૂનું સેવન કરે છે તેવા લોકો માટે નશાબંધીના કાયદા દ્વારા દંડ અને સજા કરવામાં આવે છે.

   આમ, ઉપરોક્ત બાબતો દ્વારાં સામાજિક સમસ્યાઓના ઉકેલની દિશામાં પ્રગતિ થઈ શકે છે.

## 3.9 ઉપસંહાર

કોઈપણ સમુદાય સમસ્યા વગરનો નથી. જ્યાં વ્યક્તિ છે ત્યાં સમસ્યા છે. જુદાં-જુદાં સમાજોની સામાજિક સમસ્યાઓમાં પણ ઘણું વૈવિધ્ય જોવા મળે છે. બદલાતી જતી પરિસ્થિતિમાં સમસ્યાઓમાં પણ પરિવર્તન આવતું જાય છે. જેમ કે, અસ્પૃશ્યતા પહેલાં પણ હતી અને આજે પણ છે પરંતુ તેના સ્વરૂપમાં ઘણું પરિવર્તન આવ્યું છે. દરેક દેશ અને સમાજને પોતાની સામાજિક સમસ્યાઓ હોય છે. એક દેશ અથવા સમાજની સમસ્યા અન્ય દેશ અને સમાજ કરતાં જુદી હોય છે. જે સમાજનાં સભ્યો સમાજ પ્રત્યે અને સામાજિક સમસ્યા પ્રત્યે જાગૃત હોય તો તે સમાજ પ્રગતિ કરી શકે છે. અને જો સમાજના સભ્યો સામાજિક સમસ્યા પ્રત્યે જાગૃત અને સજાગ ન હોય તો તે સમાજ ક્યારેય પ્રગતિ કરી શકતો નથી. આજે સમાજમાં જુદાં-જુદાં પ્રકારની ઘણી સમસ્યાઓ મૌજૂદ છે ત્યારે સમાજના એક જાગૃત સભ્ય તરીકે આપણે આપણી સામાજિક સમસ્યાઓને સમજીને તેના નિવારણ માટેના પ્રયત્નો કરવાં જોઈએ.

## 3.10 તમારી પ્રગતિ ચકાસો

1. 2011ના વર્ષમાં ગુજરાતમાં દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું છે ?

   (A) 910 (B) 914

   (C) 916 (D) 918

2. એચ.આઈ.વી.ગ્રસ્ત પીડિતોની સંખ્યામાં ભારત વિશ્વમાં કયા ક્રમે છે ?

   (A) પ્રથમ (B) દ્વિતીય

   (C) તૃતીય (D) ચોથું સ્થાન

3. એઈડ્સનો સર્વપ્રથમ દર્દી કયા વર્ષમાં જોવા મળ્યો હતો ?

   (A) 1980 (B) 1981

   (C) 1982 (D) 1983

4. રાષ્ટ્રીય પ્રૌઢશિક્ષણ કાર્યક્રમની શરૂઆત કયા વર્ષમાં થઈ હતી ?

   (A) 1978 (B) 1979

   (C) 1980 (D) 1981

5. દરરોજ કેટલી સ્ત્રીઓના દહેજને લીધે મૃત્યુ થાય છે ?

   (A) 12 (B) 14

   (C) 15 (D) 17

6. ભારતમાં દર ...... મિનિટે મહિલા વિરુદ્ધ અત્યાચાર થાય છે ?

   (A) 04 (B) 06

   (C) 08 (D) 10

7. 'પારિભાષિક કોષ-સમાજશાસ્ત્ર' ના લેખક-સંપાદક કોણ છે ?

   (A) ડૉ. હર્ષિદા દવે (B) ડૉ. વિદ્યુતભાઈ જોષી

   (C) ડૉ. ગૌરાંગ જાની (D) ડૉ. હિમાંશુ શુક્લ

◆ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. જાતિ પ્રમાણ એટલે શું ?

........................................................................

........................................................................

........................................................................

2. એચ.આઈ.વી. ગ્રસ્ત પીડિતોની સંખ્યામાં વિશ્વમાં સૌથી વધુ પ્રમાણ કયા દેશમાં છે ?

........................................................................

........................................................................

........................................................................

3. NACO (નાકો) નું પૂરું નામ જણાવો.

........................................................................

........................................................................

........................................................................

4. AIDS નું પૂરું નામ જણાવો.

........................................................................

........................................................................

........................................................................

5. એઈડ્સનો પ્રથમ દર્દી કયા દેશમાં જોવા મળ્યો હતો ?

........................................................................

........................................................................

........................................................................

6. ભારતમાં અંદાજિત કેટલા ટકા લોકો મદ્યપાન કરે છે ?

........................................................................

........................................................................

........................................................................

7. WHO નું પુરું નામ જણાવો.

........................................................................

........................................................................

........................................................................

## 3.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (D) 918
2. (C) તૃતીય
3. (B) 1981
4. (A) 1978
5. (D) 17

6. (A) 04

7. (B) ડૉ. વિદ્યુતભાઈ જોષી

◆ **ટૂંકમાં જવાબ આપોના સાચાં જવાબો :**

1. જાતિ પ્રમાણે એટલે દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા દર્શાવતું માપ
2. દક્ષિણ આફ્રિકા
3. નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (NACO)
4. A - Acquired - મેળવેલું.
   I - Immune - રોગપ્રતિકારકશક્તિ
   D - Deficiency - ઉણપ
   S - Syndrome - ચિહ્નો
5. અમેરિકા
6. 10 થી 15 ટકા
7. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)

## 3.12 ચાવીરૂપ શબ્દો

1. **જાતિ પ્રમાણ :** જાતિ પ્રમાણ એટલે દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા દર્શાવતું માપ.
2. **અસમાન જાતિ પ્રમાણ :** સમાજમાં પુરુષોની સંખ્યાની તુલનામાં સ્ત્રીઓની ઓછીવત્તી સંખ્યા હોવાનો નિર્દેશ.
3. **એઈડ્સ :** એઇડ્સ એટલે શરીરે મેળવેલી રોગ પ્રતિકારક શક્તિના વિનાશના ચિહ્નો.
4. **એચ.આઈ.વી. :** એચ.આઈ.વી. એટલે હ્યુમન ઈમ્યુનો ડેફિસિયન્સી વાયરસ. આ વાયરસ વ્યક્તિના શરીરમાં દાખલ થઈ ધીમે-ધીમે તેની રોગ પ્રતિકારક શક્તિનો નાશ કરે છે.
5. **વ્યસન :** નશીલાં દ્રવ્યોનું વ્યસન એ સુખદાયક અસર પેદા કરવા માટે કે દુઃખ દર્દથી દૂર રહેવા માટે ઉપયોગ કરેલા સારાયણિક પદાર્થ પ્રત્યેની મનોશારીરિક પ્રતિક્રિયા છે.
6. **સામાજિક પરિવર્તન :** સામાજિક પરિવર્તન એટલે સામાજિક માળખામાં થતો બદલાવ.
7. **બાળ દુર્વ્યવહાર :** બાળકો સાથે એવો વ્યવહાર કે જેને ગંભીર શારીરિક દુર્ઘટનાઓને કારણે નહિ, પરંતુ જાણી જોઈને આચરવામાં આવતા દુર્વ્યવહારો એવો અર્થ કરવામાં આવે છે.
8. **ઉપેક્ષા :** ઉપેક્ષા એટલે શારીરિક, નૈતિક, ભાવાત્મક અને સામાજિક જરૂરિયાતોની અવગણના.
9. **બાળમજૂરી :** બાળમજૂરીનો અર્થ ઘરમાં નોકર તરીકે કામ કરવું. ચા-નાસ્તાની લારી અને દુકાનમાં કામ કરવું, અન્ય મજૂરી કરવી એવો થાય છે.
10. **અજંપો :** અજંપાનો સામાન્ય અર્થ અશાંત સ્થિતિ એટલે કે યોગ્ય વ્યવસ્થાથી અસંતોષ થવો એવો થાય છે.
11. **નિરક્ષરતા :** સામાન્ય અર્થમાં જોઈએ તો સાક્ષરતાનો અભાવ એટલે નિરક્ષરતા. નિરક્ષરતાએ સમાજનું કલંક છે.

## 3.13 સ્વાધ્યાય લેખન

**1. સામાજિક સમસ્યા એટલે શું ? તેનો અર્થ સ્પષ્ટ કરી સામાજિક સમસ્યાના લક્ષણો જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.................................................................

.................................................................

2. સામાજિક સમસ્યાના ભ્રામક ખ્યાલોની વિગતવાર ચર્ચા કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

3. સામાજિક સમસ્યા પ્રત્યેના લોકોના વલણો કેવા હોય છે ? તે અંગેની ઉદાહરણ સાથે ચર્ચા કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

4. સામાજિક સમસ્યાના વિવિધ કારણો સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

5. સમાજમાં પ્રવર્તમાન જુદી-જુદી સામાજિક સમસ્યાનો ટૂંકાણમાં પરિચય આપો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

6. સામાજિક સમસ્યાઓ જણાવી આ સામાજિક સમસ્યાના ઉકેલ માટે શું કરવું જોઈએ - સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 3.14 વૈયક્તિક અધ્યયન (Case Study)

**1. એઈડ્સ વિશેની સાચી સમજણ આપવી તે મારી ફરજ છે.**

લીલાપુર નામનું એક નાનું ગામ છે. ગામમાં એક યુવાન મિત્રો ખોટી સંગતે ચડે છે. થોડા સમય પછી તે બિમાર પડે છે. દવાખાનેથી દવાઓ લાવવા છતાં તેને કોઈ ફેર પડતો નથી. પછી નજીકની મોટી

હૉસ્પિટલમાં તેને સારવાર માટે ડૉક્ટરે ભલામણ કરી. તે યુવાન હૉસ્પિટલમાં દવા માટે જાય છે. તેની બિમારીનું નિદાન કરતાં તેને એચ.આઈ.વી.એઈડ્સ થયાનું જાણવા મળે છે. પરિવારના સભ્યોને આ અંગેની જાણ કરતાં પરિવાર ખૂબ દુઃખની લાગણી અનુભવે છે. આ બાજુ યુવાન પણ માનસિક રીતે પડી ભાંગે છે. ધીરે-ધીરે તેના કુટુંબના સભ્યો પણ તેનો બહિષ્કાર કરવા લાગે છે. કુટુંબના સભ્યોને બીક હતી કે અમને પણ એઇડ્સ થશે. આવી પરિસ્થિતિમાં યુવક આત્મહત્યા કરવાનું વિચાર્યા કરે છે. આ દરમ્યાન યુવાનની એક સામાજિક કાર્યકર સાથે મુલાકાત થાય છે. સામાજિક કાર્યકર તે યુવાનને માનસિક સાંત્વના આપે છે અને એઈડ્સ વિશેની સાચી સમજણ આપે છે અને તે યુવાનને સમજાવે છે કે એઈડ્સની સારવાર સાથે સ્વસ્થ જિંદગી જીવી શકાય છે. યુવાનને સામાજિક કાર્યકરની સલાહ ગમે છે અને છેલ્લે યુવાન પણ એઈડ્સ વિશેની લોકજાગૃતિના કાર્યમાં જોડાય છે.

**2. સામાજિક ધોરણો કઈ રીતે બને છે ?**

ગુડ મોર્નિંગ સર.... ગુડ મોર્નિંગ મૅડમ.... શિક્ષક વર્ગમાં પ્રવેશતાની સાથે જ વિદ્યાર્થીઓ આદર સાથે શિક્ષકનું સ્વાગત કરે છે. ઘરમા બધા જ સભ્યો બેઠાં હોય અને અચાનક જ કુટુંબના કોઈ વડીલ વ્યક્તિનું આગમન થાય કે તરત જ આદર સાથે કુટુંબના સભ્યો વડીલ વ્યક્તિની હાજરીની નોંધ લે છે.

આપણાં ઘરમાં કોઈ મહેમાન આવે કે તરત જ કુટુંબના સભ્યો અને બાળકો મહેમાનોને નમસ્તે કહે છે. વંદન કરે છે.

અહીં સવાલ એ થાય કે આપણી સમાજ વ્યવસ્થામાં આ પ્રકારની વ્યવસ્થા વર્ષોથી ઊભી થયેલ છે. આ સામાજિક ધોરણો કઈ રીતે બને છે ? અને આ ધોરણો વ્યક્તિ કઈ રીતે અનુસરવા પ્રેરાય છે ? આ અંગે તમે શું માનો છો ?

## 3.15 પ્રવૃત્તિ (Activity) કરો.

**પ્રવૃત્તિ-1** : તમારા સમાજમાં જોવા મળતી વિવિધ સમસ્યાની યાદી તૈયાર કરી તે સમસ્યા ઉદ્ભવ થવા પાછળનાં કારણોની નોંધ તૈયાર કરો.

**પ્રવૃત્તિ-2** : તમારાં જિલ્લાની સિવિલ હૉસ્પિટલમાં એઈડ્સના મુદ્દે કાર્યરત કાઉન્સેલિંગ (પરામર્શ) કેન્દ્રની મુલાકાત લઈ તેના અનુભવોની નોંધ કરો.

**પ્રવૃત્તિ-3** : તમારાં વિસ્તારમાં સામાજિક વિકાસ/ગ્રામ વિકાસના મુદ્દે કાર્યરત બિન સરકારી સંસ્થાની મુલાકાત લઈ સંસ્થાના ઉદ્દેશો કાર્યક્ષેત્ર અને સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓની નોંધ તૈયાર કરો.

**પ્રવૃત્તિ-4** : તમારાં વિસ્તારમાં આવેલ એક વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ તેની મુલાકાત નોંધ તૈયાર કરો.

## 3.16 સંદર્ભગ્રંથ

1. સામાજિક સમસ્યાઓ, લેખક : ડૉ. હર્ષિદા એચ. દવે, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-06.
2. સામાન્ય સમાજશાસ્ત્ર, લેખક : એ. જી. શાહ અને જે. કે. દવે, અનડા પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ.
3. રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-1 અને રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-2, લેખક : હસમુખ પંડ્યા, અનડા પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ.
4. પારિભાષિક કોષ - સમાજશાસ્ત્ર, લેખક : ડૉ. વિદ્યુતભાઈ જોષી, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-06.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-103
# સામાજિક વિજ્ઞાનોનો પરિચય

વિભાગ

# 2

## સામાજિક વ્યવસ્થા


**એકમ-1** સામાજિક વ્યવસ્થાનો અર્થ અને લક્ષણો

**એકમ-2** સામાજિક વ્યવસ્થાના વિવિધ ઘટકો

**એકમ-3** ભારતીય સામાજિક વ્યવસ્થાના ભાગરૂપ સામાજિક સંસ્થાઓ – 1

**એકમ-4** ભારતીય સામાજિક વ્યવસ્થાના ભાગરૂપ સામાજિક સંસ્થાઓ – 2

**ISBN : 978-81-937666-2-0**


## લેખક

| | |
|---|---|
| **ડૉ. આનંદ કે. આચાર્ય** | આચાર્ય, સરકારી વિનયન કૉલેજ, સાંતલપુર, જિ. પાટણ |
| **ડૉ. નયનેશ એ. ગઢવી** | આસિસ્ટન્ટ પ્રૉફેસર, ગુજરાત વિનયન અને વિજ્ઞાન કૉલેજ, અમદાવાદ |
| **ડૉ. વિપીન મકવાણા** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| **ડૉ. હેતલ એચ. ઠક્કર** | આસિસ્ટન્ટ પ્રોફેસર - સમાજશાસ્ત્ર ગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ (સાંજની) અમદાવાવાદ. |

## પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

સૃષ્ટિનું સમગ્ર તંત્ર જુદાં જુદાં કોઈ નિયમો મુજબ ગતિમાન છે. કુદરતના જુદાં જુદાં પરિબળો સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરી રહ્યા છે. સૂર્યનો ઉદય અને અસ્ત, પૃથ્વીનું સૂર્યની આસપાસ પરિભ્રમણ, ઠંડી-ગરમી, વરસાદ વગેરે કુદરતી ઘટનાઓ કંઈ એમ ને એમ જ નથી બની રહી, પરંતુ તેની પાછળ કોઈ ચોક્કસ પરિબળો કાર્ય કરી રહ્યાં હોય છે. કુદરતના આ પરિબળો પર જ માનવસમાજનો વ્યવહાર ગોઠવાયેલો છે. જો કુદરતના આ પરિબળો વ્યવસ્થિત રીતે પોતાના કાર્યો ન કરે તો સૃષ્ટિનું સમગ્ર તંત્ર ખોરવાઈ જાય અને અવ્યવસ્થા ઊભી થાય.

માનવસમાજની સામાજિક વ્યવસ્થા પણ કુદરતના આ વ્યવસ્થાતંત્ર જેવી જ છે. કુદરતમાં જેમ ચોક્કસ નિયમો સમગ્ર સૃષ્ટિને નિયંત્રિત કરી રહ્યા છે, તેમ માનવસમાજમાં પણ કોઈ ચોક્કસ નિયમો સમગ્ર સમાજને સુગ્રથિત કરી રહ્યાં છે. જો કે અહીં એક બાબત નોંધવી જોઈએ કે કુદરતના નિયમો પ્રમાણમાં સ્થિર છે અને તેના પર માનવીનો કોઈ અંકુશ નથી, પરંતુ કુદરતની તુલનાએ માનવસમાજ જટિલ અને પરિવર્તનશીલ છે અને તેના પર માનવીનો અંકુશ હોય છે. જેવી રીતે કુદરતમાં નિયમબદ્ધતાની આવશ્યક્તા છે એવી જ રીતે સમાજમાં પણ નિયમબદ્ધતા અત્યંત જરૂરી છે. સામાજિક નિયમોનું માળખું જ સમાજમાં સામાજિક વ્યવસ્થા રચે છે, જેના દ્વારા વ્યક્તિનું વર્તન નિયંત્રિત થાય છે અને તેની આવશ્યક્તાઓ સંતોષાય છે. સામાજિક વ્યવસ્થા દ્વારા સંતોષાતી આ આવશ્યક્તાઓ જ સમાજના વિકાસની કેડી કંડારે છે. આ રીતે સમાજવિજ્ઞાનમાં સામાજિક વ્યવસ્થાની પાયાની સમજ મેળવવી જરૂરી છે.

સામાજિક વ્યવસ્થા અંગેનું આ પુસ્તક મુખ્યત્વે ચાર એકમોમાં વહેંચાયેલું છે. સામાજિક વ્યવસ્થા શું છે ? તેની લાક્ષણિક્તાઓ કઈ કઈ છે ? કયા કયા ખ્યાલોની સમજ મેળવવાથી સામાજિક વ્યવસ્થાને વ્યવસ્થિત રીતે સમજી શકાય? વગેરે અંગેની ચર્ચા પ્રથમ બે એકમોમાં રજૂ કરવામાં આવી છે. તો અંતિમ બે એકમોમાં ભારતીય સામાજિક વ્યવસ્થાની અંગભૂત એવી મહત્ત્વની સામાજિક સંસ્થાઓની વિશેષતાઓ અને કાર્યોની છણાવટ કરવામાં આવી છે. આમ આ ચારેય એકમાનો અભ્યાસ વિદ્યાર્થીઓને સામાજિક વ્યવસ્થાની પાયાની સમજ મેળવવામાં વિશેષ ઉપયોગી નીવડશે.

## ઘટકના હેતુઓ :

1. સમાજકાર્યની સમજ મેળવવા માટે આ વિભાગનો અભ્યાસ જરૂરી છે.
2. સમાજકાર્યની વિકાસયાત્રાને સમજવા તેના ઈતિહાસનો અભ્યાસ કરવો જરૂરી છે.
3. સમાજકાર્યનો અર્થ સમજવા માટે આ વિભાગનો અભ્યાસ કરવો જરૂરી છે.
4. સમાજકાર્યને વ્યાવહારિક ઉપયોગમાં લેતા પહેલા તેનો અભ્યાસ કરવો જરૂરી છે.
5. વ્યકિતનો વિકાસ કરવા માટે સક્ષમ બનાવવાના પ્રયાસોમાં વિવિધ સંસ્થાઓ અને કાર્યક્રમોનું મહત્ત્વ રહેલું છે જેને સમજવા તથા જાણવા માટે આ વિભાગનો અભ્યાસ કરવો જરૂરી છે.

# એકમ–1 સામાજિક વ્યવસ્થાનો અર્થ અને લક્ષણો

**: એકમનું માળખું :**

**1.0 ઉદ્દેશ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 વ્યવસ્થાનો અર્થ**

**1.3 વ્યવસ્થાની વિશેષતાઓ**

**1.4 સામાજિક વ્યવસ્થાનો અર્થ**

**1.5 સામાજિક વ્યવસ્થાની લાક્ષણિક્તાઓ**

**1.6 સામાજિક વ્યવસ્થાના રચનાકીય પાસાંઓ**

**1.7 ઉપસંહાર**

**1.8 તમારી પ્રગતિ ચકાસો**

**1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**1.10 ચાવીરૂપ શબ્દો**

**1.11 સ્વાધ્યાય લેખન**

**1.12 વૈયક્તિક અધ્યયન**

**1.13 પ્રવૃત્તિ**

**1.14 સંદર્ભગ્રંથ**

## 1.0 ઉદ્દેશ :

સમાજશાસ્ત્ર કે સમાજકાર્ય વિષયમાં સામાજિક વ્યવસ્થાની વિભાવના સમજવી અનિવાર્ય છે. કોઈ પણ સમાજે પોતાના સામાજિક ધ્યેયો સિદ્ધ કરવા માટે સામાજિક વ્યવસ્થા વિકસાવવી પડે છે. સામાજિક વ્યવસ્થાના અભાવમાં આ ધ્યેયો સિદ્ધ થઈ શકતાં નથી. આ એકમમાં તમે :

- વ્યવસ્થાનો અર્થ અને તેની વિશેષતાઓની સમજ મેળવી શકશો.
- જુદાં-જુદાં સમાજવિજ્ઞાનીઓએ આપેલી સામાજિક વ્યવસ્થાની સમજૂતી મેળવી શકશો.
- સામાજિક વ્યવસ્થા અન્ય વ્યવસ્થાઓ કરતાં કઈ રીતે જુદી છે તે સમજી શકશો.
- સામાજિક વ્યવસ્થાની વિશેષતાઓનો પરિચય મેળવી શકશો.

## 1.1 પ્રસ્તાવના :

દિવસ ઊગે છે તેની સાથે જ રોજિંદા જીવન ઘટમાળ શરૂ થઈ જાય છે. સવારમાં ફેરિયો છાપું નાંખી જાય છે, દૂધવાળો દૂધ આપી જાય છે, શાળામાં ભણતા બાળકોને લેવા માટે રીક્ષા આવી જાય છે, ઘરેથી ઑફિસ જતા સમયે અને ઓફિસથી ઘરે પાછા ફરતા સમયે બસસ્ટેન્ડ કે રેલવે સ્ટેશન પર નિયત સમયે બસ કે ટ્રેન આવી જાય છે, અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા જેવા મહાનગરોમાં કીડીઓની માફક ઉભરાતા ટ્રાફિકનું નિયમન થાય છે – આ બધું જોઈએ ત્યારે આશ્ચર્ય સાથે એક પ્રશ્ન થાય કે આટલા મોટા જનસમુદાયની વિવિધ જરૂરિયાતો કઈ રીતે સંતોષાતી હશે ? આ પ્રશ્નના ઉત્તરમાં એમ કહી શકાય કે ચોક્કસ પ્રકારની વ્યવસ્થા વિના માનવીની આ વિવિધ જરૂરિયાતોનો

સંતોષ અસંભવિત છે. જ્યારે, કોઈને કોઈ કારણોસર આ વ્યવસ્થાતંત્ર ખોરવાય છે ત્યારે આ જરૂરિયાતોના સંતોષમાં અવરોધ ઊભો થતો હોવાનું અનુભવાય છે.

સામાજિક વ્યવસ્થાની વિભાવના સામાજિક વિજ્ઞાનમાં એક મહત્ત્વપૂર્ણ વિભાવના છે. કોઈ પણ સમાજના અસ્તિત્વ અને તેના સાતત્યનો આધાર તે સમાજમાં વ્યવસ્થાની સ્થિતિ પર રહેલો છે. જો કોઈ સમાજમાં લાંબા સમય સુધી અવ્યવસ્થા કે અરાજકતાની પરિસ્થિતિ ઉદ્ભવે તો તેનાથી સમગ્ર સમાજના વિઘટન કે વિનાશની સ્થિતિનું નિર્માણ થવાનો સંભવ છે. વળી, બીજા શબ્દોમાં એમ કહી શકાય કે સમાજનું નિર્માણ જ સામાજિક સંબંધોની વ્યવસ્થાથી થાય છે. સામાજિક વ્યવસ્થાએ જ માનવીને પ્રાણી સમાજથી અલગ તારવીને પ્રગતિના પંથે આગળ વધાર્યો છે. કોઈ પણ સમાજમાં વ્યવસ્થા ન હોય તો એવા સમાજમાં સભ્યતા કે સંસ્કૃતિ પણ વિકસી શકતા નથી.

આમ, એમ કહી શકાય કે માનવજીવનનું અસ્તિત્વ અને તેની પ્રગતિનું રહસ્ય સામાજિક વ્યવસ્થામાં છૂપાયેલું છે. અહીં સામાજિક વ્યવસ્થાને સમજીએ તે પૂર્વે 'વ્યવસ્થા'નો અર્થ સમજી લઈએ.

## 1.2 વ્યવસ્થાનો અર્થ :

સામાન્ય રીતે વ્યવસ્થાનો અર્થ જુદાં જુદાં એકમોનું સંગઠન અને આ એકમો વચ્ચે એકતા એવો થાય છે. વ્યવસ્થા શબ્દ સ્થિરતાનો નહીં, પરંતુ ગતિશીલતા અને સંતુલન સાથે વધુ ગાઢ રીતે સંકળાયેલો છે. દા.ત. જ્યારે આપણે શરીરવ્યવસ્થાની વાત કરીએ છીએ ત્યારે આપણો હેતુ શરીરના વિવિધ અવયવો અને તેના કાર્યોને દર્શાવવાનો હોય છે.

'સાર્થ' ગુજરાતી જોડણીકોશ મુજબ વ્યવસ્થા એટલે ગોઠવણ કે બંદોબસ્ત એવો અર્થ થાય છે.

થિયોડોરસન અને થિયોડોરસનના મતે આંતરસંબંધિત અને પરસ્પર આધારિત વિભાગોનું બનેલું એવું સંગઠન કે જે એકતાનું નિર્માણ કરે છે અને તેને જ આપણે વ્યવસ્થા તરીકે ઓળખીએ છીએ.

આમ, કોઈ પણ વ્યવસ્થામાં એકમો પરસ્પર એવી રીતે સંકળાયેલા હોય છે કે તે એક પ્રકારની ઢબનું નિર્માણ કરે છે. આ એકમો કાર્યાત્મક રૂપે એકબીજાં સાથે એકતાના તાંતણે ગૂંથાય અને પરસ્પર એકબીજાંને ક્રિયાશીલ અને ગતિશીલ બનાવે ત્યારે આપણે તેને વ્યવસ્થા તરીકે ઓળખાવી શકીએ. વળી, કોઈ પણ વ્યવસ્થા ક્યારેય સંપૂર્ણપણે સ્થિર કે સંપૂર્ણપણે સંતુલિત પણ હોતી નથી. તેમાં સમયાંતરે પરિવર્તન અવશ્ય આવે છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે સ્થિરતા અને પરિવર્તનશીલતા વ્યવસ્થારૂપી એક સિક્કાની બે બાજુઓ છે. ઉપર્યુક્ત વિવિધ વ્યાખ્યાઓના આધારે આપણે વ્યવસ્થાની વિશેષતાઓને નીચે મુજબ દર્શાવી શકીએ.

## 1.3 વ્યવસ્થાની વિશેષતાઓ :

1. પ્રત્યેક વ્યવસ્થાને એક સંરચના હોય છે જે અનેક ઉપવ્યવસ્થાઓ અને એકમો દ્વારા રચાય છે.
2. માત્ર એકમો કે તત્ત્વોના ભેગા થવાથી જ વ્યવસ્થા બની જતી નથી, પરંતુ આ એકમો વચ્ચે હંમેશાં એક પ્રકારની ક્રમબદ્ધતા હોવી અનિવાર્ય છે. આ જુદાં જુદાં એકમો પારસ્પરિક સંબંધોથી જોડાયેલાં હોય છે અને તેમાં નિયમિતતા જોવા મળે છે.
3. વ્યવસ્થા માટે નિર્ણાયક અનેક એકમો એકબીજાં સાથે એવી રીતે આંતરસંબંધિત હોય છે કે તેના કાર્યાત્મક પાસાંને સમજ્યા વિના વ્યવસ્થાને સમજી શકાય નહીં.
4. વ્યવસ્થામાં જુદાં જુદાં તત્ત્વો અનેકતામાંથી એકતાના સ્વરૂપમાં પ્રગટ થાય છે.
5. વ્યવસ્થા એટલે માત્ર કેટલાંક તત્ત્વો કે એકમોનું આકસ્મિક ભેગા થઈ જવું એવો અર્થ નથી, પરંતુ આ તત્ત્વો કે એકમો સમાજ માટે જ્યારે ઉપયોગી પુરવાર થાય ત્યારે જ તે વ્યવસ્થાનો ભાગ બને છે.
6. વ્યવસ્થામાં ગતિશીલતા કે પરિવર્તનશીલતા જોવા મળે છે, કારણ કે વ્યવસ્થાનો સંબંધ કોઈ ને

કોઈ જરૂરિયાતોની પરિપૂર્તિ સાથે હોય છે. સમાજમાં વ્યક્તિઓની જરૂરિયાતોમાં પરિવર્તન આવતા જ તે વ્યવસ્થામાં પણ પરિવર્તન જરૂરી બને છે.

7. આ રીતે આપણે એમ કહી શકીએ કે વ્યવસ્થામાં ક્યારેય સંપૂર્ણ સંતુલન હોતું નથી. બધી જ વ્યવસ્થાઓમાં કોઈને કોઈ માત્રામાં અસંતુલન અવશ્ય જોવા મળતું હોય છે.

વ્યવસ્થાની આ વિશેષતાઓ સમજ્યા પછી હવે આપણે સામાજિક વ્યવસ્થાનો અર્થ અને તેની વિશેષતાઓનો પરિચય મેળવીએ.

## 1.4 સામાજિક વ્યવસ્થાનો અર્થ :

સામાજિક વ્યવસ્થા માનવીનું એક એવું અપૂર્વ સર્જન છે કે જેનું નિર્માણ માનવીના સામાજિક સંબંધો અને આંતરક્રિયાઓ દ્વારા થાય છે. આ રીતે સામાજિક વ્યવસ્થાને અમૂર્ત કહી શકાય કે જે નરી આંખે દેખાતી નથી, પરંતુ તેનો અનુભવ ચોક્કસપણે કરી શકાય છે. સામાજિક સંબંધો અને સામાજિક આંતરક્રિયાઓ, રીતિરિવાજો, જુદી જુદી કાર્યપદ્ધતિઓ, વિવિધ પ્રકારના અધિકારો અને ફરજો, સહકાર, વિવિધ સમૂહો, સંસ્થાઓ, અને ધોરણો વગેરેનો વ્યવસ્થા પર પ્રભાવ પડે છે. સમાજના આ તત્ત્વો પરસ્પર ક્રમબદ્ધ અને વ્યવસ્થિત રૂપે એકબીજાં સાથે સંકળાય અને તે માનવીની ક્રિયાઓ, વ્યવહારો અને સંબંધોને પ્રભાવિત કરે ત્યારે સામાજિક વ્યવસ્થા આકાર પામતી હોય છે. એટલું જ નહીં, પરંતુ સામાજિક વ્યવસ્થાના નિર્માણમાં પ્રાકૃતિક વ્યવસ્થા તથા માનવ રચિત અન્ય વ્યવસ્થાઓનું યોગદાન પણ એટલું જ મહત્ત્વનું છે.

સામાજિક વ્યવસ્થા અંતર્ગત સમાજના જુદાં જુદાં એકમો કે તત્ત્વો પરસ્પર ક્રમબદ્ધ રીતે કાર્યાત્મક સંબંધથી સંકળાયેલાં હોય છે. આ જુદાં જુદાં એકમો કે તત્ત્વો એવી રીતે કાર્ય કરે છે કે જેનાથી સમાજમાં ગતિશીલતાની સાથે સંતુલન પણ જળવાઈ રહે. કોઈ પણ સામાજિક વ્યવસ્થા કોઈને કોઈ પ્રકારની સાંસ્કૃતિક વ્યવસ્થા અંતર્ગત ક્રિયાશીલ રહે છે. જો કે અહીં એ બાબત સ્પષ્ટ કરવી જરૂરી છે કે આપણે સામાજિક વ્યવસ્થાને સાંસ્કૃતિક વ્યવસ્થાથી અલગ કરીને સમજી શકીએ નહીં.

**એમ. ઈ. જોન્સે** 'Basic Sociological Principles' ગ્રંથમાં સામાજિક વ્યવસ્થાની વ્યાખ્યા આપતા લખ્યું છે કે, 'સામાજિક વ્યવસ્થા એ એવી સ્થિતિ છે જેમાં સમાજના વિવિધ ક્રિયાશીલ એકમો એકબીજાં સાથે તથા સમગ્ર સમાજ સાથે અર્થપૂર્ણ ઢબે સંકળાયેલાં હોય છે.' આ વ્યાખ્યા પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે સામાજિક વ્યવસ્થાનું નિર્માણ જુદાં જુદાં એકમોના અર્થપૂર્ણ સંયોજન પર આધારિત છે. આ દરેક એકમો પોતપોતાનું કાર્ય કરે છે અને પરસ્પર એકબીજાંના કાર્યમાં મદદરૂપ બને છે, જેને કારણે વ્યવસ્થાની જાળવણી થઈ શકે અને તે પોતાના ધ્યેયો સિદ્ધ કરી શકે.

સમાજશાસ્ત્રના જનક **ઓગસ્ટ કૉમ્ટ** સમાજશાસ્ત્રને સામાજિક વ્યવસ્થા અને સામાજિક પ્રગતિના વિજ્ઞાન તરીકે ઓળખાવે છે. સામાજિક સ્થિતિશાસ્ત્ર અને સામાજિક ગતિશાસ્ત્રના સિદ્ધાંતમાં તેણે અનુક્રમે સામાજિક વ્યવસ્થા અને પ્રગતિ અંગેની વિગતે ચર્ચા કરી છે. સામાજિક સ્થિતિશાસ્ત્રના સિદ્ધાંતમાં કોમ્ટ સામાજિક વ્યવસ્થાની સમજૂતી આપતા કહે છે કે સામાજિક વ્યવસ્થા અનેક ભાગોની બનેલી હોય છે. સ્થિતિશાસ્ત્ર જ્યારે સામાજિક વ્યવસ્થાનો અભ્યાસ કરે છે ત્યારે તે જુદાં જુદાં ભાગોને અલગ તારવીને તપાસતું નથી, પરંતુ સામાજિક વ્યવસ્થાને એક સંપૂર્ણ વ્યવસ્થા તરીકે જુએ છે. કોમ્ટના મતે સમાજના આ વિવિધ ભાગો વચ્ચે હંમેશાં સમન્વય હોવો જોઈએ અને એકતા પણ હોવી જોઈએ. સમાજવ્યવસ્થામાં સામાજિક અને રાજકીય વિચારો ઉપરાંત માનવીની ભૌતિક, બૌદ્ધિક અને નૈતિક ક્રિયાઓનો પણ સમન્વય થવો જોઈએ. ટૂંકમાં કોમ્ટના સ્થિતિશાસ્ત્રનો હેતુ સામાજિક વ્યવસ્થાના વિવિધ ભાગો વચ્ચે સમન્વય કરીને એકતા પ્રસ્થાપિત કરવાનો હતો.

ઈંગ્લેન્ડના સમાજશાસ્ત્રી **હર્બર્ટ સ્પેન્સર** નામના વિદ્વાને સૌ પ્રથમ વખત સામાજિક વ્યવસ્થાની વૈજ્ઞાનિક સમજૂતી આપવાનો પ્રયાસ કર્યો હતો. ડાર્વિનના વિચારોથી પ્રભાવિત સ્પેન્સરે સામાજિક વ્યવસ્થાની


તુલના શરીરતંત્ર સાથે કરી હતી. સ્પેન્સરના મતે જે રીતે શરીરનું નિર્માણ વિવિધ અંગો અને કોષોના ક્રમબદ્ધ અને વ્યવસ્થિત સંયોજનથી થાય છે એવી જ રીતે સમાજનું નિર્માણ પણ જુદાં જુદાં એકમોના ક્રમબદ્ધ સંયોજનથી જ થાય છે. જેવી રીતે શરીરના વિવિધ ભાગો કે અંગોના કાર્યો જુદાં જુદાં હોવા છતાં કોઈ પણ દેહાકૃતિ આપણને એક વ્યવસ્થાના રૂપમાં દેખાય છે એવી જ રીતે સમાજના જુદાં જુદાં એકમોના કાર્યો જુદાં જુદાં હોવા છતાં સમગ્ર સમાજ એક વ્યવસ્થાના રૂપમાં દૃશ્યમાન થાય છે.

**સોરોકિન** 'Social and Cultural Dynamics'માં સામાજિક વ્યવસ્થાની વ્યાખ્યા આપતા જણાવે છે કે, 'સામાજિક વ્યવસ્થા એક સંગઠિત જૂથ છે, કે જે તેના સભ્યોના હક્કો, ફરજો, સામાજિક સ્થાનો, કાર્યો, ભૂમિકાઓ તેમજ પરસ્પરના વર્તન તથા જૂથ બહારના વિશાળ સમાજના સભ્યો સાથેના વર્તન સ્થાપિત કરતા સામાજિક ધોરણોનો સંકુલ ધરાવે છે.'

**મેકાઈવર** અને **પેજ**ના મતે સમાજમાં કેટલાંક નિશ્ચિત રીતિરિવાજો છે જેનો સંબંધ વ્યક્તિગત કે સામાજિક જીવનના વિવિધ પાસાંઓ સાથે હોય છે. જેમ કે, ખાણીપીણી, ઊઠવું-બેસવું, હળવું-મળવું વગેરે અંગે જુદાં જુદાં રીતિરિવાજો જોવા મળે છે. પ્રત્યેક સમાજના સભ્ય પોતાની સામાન્ય જરૂરિયાતો માટે કેટલીક નિશ્ચિત કાર્યપદ્ધતિઓ અપનાવે છે જેને મેકાઈવર અને પેજ સામાજિક સંસ્થાઓ તરીકે ઓળખાવે છે. આ વિવિધ એકમોના વ્યવહારો અને અને તેની ક્રિયાઓને ટકાવી રાખવા તથા નિયંત્રિત કરવા માટે સત્તાની એક વ્યવસ્થા હોય છે. સમાજમાં આ રીતિરિવાજો, કાર્યપદ્ધતિઓ, સત્તા, કાર્ય વગેરે એકબીજાં સાથે સંકળાઈને ક્રિયાશીલ રહે છે. આથી આપણે તેને 'આંતરસંબંધિત સમગ્ર' તરીકે ઓળખીએ છીએ, જે સંયુક્ત રૂપે કેટલાંક સ્થાપિત નિયમો મુજબ ચાલે છે. જેના પરિણામે સમાજના સભ્યો વચ્ચે પારસ્પરિક સંબંધ ટકી રહે છે અને સામાજિક જીવન શક્ય બને છે. આમ, સમાજના જુદાં જુદાં એકમો વચ્ચે સંબંધ જાળવી રાખી સામાજિક જીવનને શક્ય બનાવતી વ્યવસ્થા એટલે જ સામાજિક વ્યવસ્થા.

સામાજિક વ્યવસ્થાને સમજવામાં અમેરિકન સમાજશાસ્ત્રી ટાલ્કોટ પાર્સન્સના વિચારોને સમજવા પણ અત્યંત આવશ્યક છે. સામાજિક વ્યવસ્થા અંગેના પાર્સન્સના આ વિચારો 'The Structure of Social Action', 'General Theory of Social Action and The Social System' અને 'The Social Action'માં રજૂ થયા છે. પાર્સન્સના મતે 'સામાજિક વ્યવસ્થા એટલે એકબીજાં સાથે કાર્યાત્મક સંબંધોથી જોડાયેલા ભાગો દ્વારા બનેલો એક જટિલ સંકુલ.' તેઓ લખે છે કે સામાજિક વ્યવસ્થા એક એવી પરિસ્થિતિમાં ઉદ્ભવે છે કે જેનું ઓછામાં ઓછું એક ભૌતિક કે પર્યાવરણ સંબંધી પાસું હોય. પોતાની ઇચ્છાઓ કે આવશ્યક્તાઓના સંતોષ માટે વૈયક્તિક કર્તાઓ વચ્ચેની પારસ્પરિક આંતરક્રિયામાંથી વ્યવસ્થા ઉદ્ભવે છે. આ આંતરક્રિયાઓમાં જોડાયેલા વ્યક્તિઓ વચ્ચેનો પારસ્પરિક સંબંધ તેની પરિસ્થિતિની સાથે સાંસ્કૃતિક રૂપે સંચાલિત અને સ્વીકૃત પ્રતીકોની એક વ્યવસ્થા દ્વારા પરિભાષિત થયેલો હોય છે.'

પાર્સન્સે આપેલી આ વ્યાખ્યા પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે સામાજિક વ્યવસ્થાનો ઉદ્ભવ સમાજમાં એકથી વધારે વ્યક્તિઓ વચ્ચેની પારસ્પરિક આંતરક્રિયાને કારણે થાય છે. કોઈ પણ સમાજમાં જ્યારે અનેક કર્તાઓ પરસ્પર જોડાયેલાં રહી ક્રિયાઓ કરતા રહે તો તેનાથી એક સંતુલિત સ્થિતિનો ઉદ્ભવ થાય છે, જેને આપણે સામાજિક વ્યવસ્થા તરીકે ઓળખીએ છીએ. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે જ્યારે કોઈ પણ સમાજમાં સ્વીકૃત પ્રતીકો અંતર્ગત વિવિધ વ્યક્તિઓ પરસ્પર સંબંધિત રહી આંતરક્રિયા દ્વારા પોતાની ઇચ્છાઓ કે આવશ્યક્તાઓને સંતોષવાનો પ્રયાસ કરતા હોય ત્યારે સામાજિક વ્યવસ્થાનો ઉદ્ભવ થાય છે. આ સામાજિક વ્યવસ્થાનો સંબંધ હંમેશાં એક નિશ્ચિત પર્યાવરણ સાથે પણ હોય છે.



**(સામાજિક વ્યવસ્થાની સમજૂતી આપનાર હર્બર્ટ સ્પેન્સર, સોરોકિન અને ટાલ્કોટ પાર્સન્સ)**

ટાલ્કોટ પાર્સન્સે આપેલી સામાજિક વ્યવસ્થાની ઉપર્યુક્ત પરિભાષા પરથી આપણે સામાજિક વ્યવસ્થાની લાક્ષણિક્તાઓ નીચે મુજબ દર્શાવી શકીએ.

## 1.5 સામાજિક વ્યવસ્થાની લાક્ષણિક્તાઓ :

1. **એકથી વધારે કર્તાઓ :** પાર્સન્સના મત મુજબ સામાજિક વ્યવસ્થામાં કોઈ એક જ વ્યક્તિ કર્તા હોતી નથી, પરંતુ તેમાં એકથી વધુ વ્યક્તિઓ કર્તા હોય છે. આ જુદાં જુદાં કર્તાઓ એકબીજાં સાથે કોઈને કોઈ પ્રકારની આંતરક્રિયા દ્વારા સંકળાયેલા હોય છે. આ આંતરક્રિયાને કારણે તેમની વચ્ચે એક પ્રકારનો સામાજિક સંબંધ નિર્માણ પામે છે, જે સામાજિક વ્યવસ્થાના નિર્માણ માટે મહત્ત્વનો પુરવાર થાય છે. અહીં એક બાબત ખાસ ધ્યાનમાં લેવી જોઈએ કે કોઈ એક જ વ્યક્તિ દ્વારા સામાજિક વ્યવસ્થા રચી શકાતી નથી.

2. **આંતરક્રિયાઓનું આદર્શ ધ્યેય :** અનેક કર્તાઓ દ્વારા કરવામાં આવેલી આંતરક્રિયા ધ્યેય વિનાની હોતી નથી, પરંતુ સમાજ દ્વારા સ્વીકૃત ધ્યેયને પૂર્ણ કરવું એ જ તેનું ધ્યેય હોય છે.આવી પરિસ્થિતિમાં જ સામાજિક વ્યવસ્થાનો ઉદ્‌ભવ થાય છે. વ્યક્તિઓની પ્રત્યેક પ્રકારની ક્રિયાઓ અને આંતરક્રિયાઓ સામાજિક વ્યવસ્થાને વિકસિત કરી શકતી નથી પરંતુ જુદાં જુદાં દરજ્જાઓ ધારણ કરેલી વ્યક્તિઓની અર્થપૂર્ણ અને ધ્યેય તરફ અભિમુખ થયેલી ક્રિયાઓ કે જે તેમનામાં જોવા મળતા સામાજિક સંબંધોના પરિણામસ્વરૂપ હોય છે — તેના સંગઠિત સ્વરૂપથી જ સામાજિક વ્યવસ્થાનું નિર્માણ થાય છે.

3. **સામાજિક વ્યવસ્થાના વિવિધ એકમો વચ્ચે ક્રમબદ્ધતા :** સામાજિક વ્યવસ્થાનું નિર્માણ કરનારા વિવિધ એકમો ક્રમબદ્ધ રીતે એકબીજાં સાથે જોડાયેલા હોવા જોઈએ, જેનાથી એક સંપૂર્ણ વ્યવસ્થાનું નિર્માણ થાય છે.

4. **સામાજિક વ્યવસ્થાના વિવિધ એકમો વચ્ચે કાર્યાત્મક સંબંધ :** સામાજિક વ્યવસ્થાના વિવિધ એકમો વચ્ચે કાર્યાત્મક સંબંધ જોવા મળે છે. તે બધા જ ગતિશીલ અને ક્રિયાશીલ રહીને પોતાના નિશ્ચિત ધ્યેયને પરિપૂર્ણ કરવામાં સહકાર આપતા હોય છે.

5. **સામાજિક વ્યવસ્થામાં ગતિશીલતા અને સંતુલન :** પાર્સન્સના મતે સામાજિક વ્યવસ્થા ગતિશીલ હોય છે. તેમાં હંમેશાં પરિવર્તન આવતું રહે છે. એક રીતે એમ કહી શકાય કે સામાજિક વ્યવસ્થા એ ગતિશીલ પ્રક્રિયા છે. આ પરિવર્તનનું કારણ આંતરિક કે બાહ્ય એમ બેમાંથી કોઈ પણ હોઈ શકે છે. સામાજિક વ્યવસ્થાનું નિર્માણ કરનારા જુદાં જુદાં એકમો કાર્યાત્મક રીતે એકબીજાં સાથે એવી રીતે જોડાયેલા હોય છે કે એક એકમમાં આવનારું પરિવર્તન બીજા એકમ પર પણ પોતાનો પ્રભાવ પાડે છે. અને આ રીતે સામાજિક વ્યવસ્થા સ્થિર નથી, પરંતુ તેમાં ગતિશીલતા જોવા મળે છે.

   સામાજિક વ્યવસ્થા ગતિશીલ હોવાની સાથે સાથે હંમેશાં સંતુલિત અને વ્યવસ્થિત ટકી રહે છે. જો સામાજિક વ્યવસ્થા ગતિશીલતાની સાથે સંતુલન ન જાળવે તો સામાજિક વ્યવસ્થા પડી ભાંગે છે. આમ, પરિવર્તન પામવું અને સાથે સાથે સ્થિરતા ટકાવી રાખવી એ સામાજિક

વ્યવસ્થાનું એક વિશિષ્ટ પાસું છે.

6. **પર્યાવરણ :** પ્રત્યેક સામાજિક વ્યવસ્થા એક નિશ્ચિત ભૌગોલિક ક્ષેત્ર અને કાળ સાથે સંબંધિત હોય છે. આ પર્યાવરણ અને પરિસ્થિતિ અનુકૂળ અથવા પ્રતિકૂળ એમ બેમાંથી કોઈ પણ પ્રકારની હોઈ શકે છે કે જેનો પ્રભાવ સામાજિક વ્યવસ્થા પર પડ્યા વિના રહેતો નથી. સામાજિક વ્યવસ્થા આ પરિસ્થિતિ સાથે પોતાનું સંતુલન જાળવી રાખે છે. ઘણીવાર એવું પણ જોવા મળે છે કે ભૌતિક પરિસ્થિતિ કે પર્યાવરણમાં પરિવર્તનની સાથે સાથે સામાજિક વ્યવસ્થામાં પણ પરિવર્તન આવે છે. આમ, એમ કહી શકાય કે સામાજિક વ્યવસ્થા પર્યાવરણ પર આધારિત છે.

7. **સાંસ્કૃતિક વ્યવસ્થા સાથે સંબંધિત :** પ્રત્યેક સામાજિક વ્યવસ્થાનો સંબંધ કોઈ ને કોઈ પ્રકારની સાંસ્કૃતિક વ્યવસ્થા સાથે હોય છે. સંસ્કૃતિ જ સામાજિક સમસ્યાઓ, આંતરિક સંબંધો તથા ક્રિયાઓની દિશા અને સ્વરૂપ વગેરેને નિયંત્રિત કરે છે. જુદી જુદી પ્રથાઓ, રીતિરિવાજ, ધર્મ, કાયદાઓ વગેરે સાંસ્કૃતિક પાસાંઓ સામાજિક વ્યવસ્થાનું નિયમન અને નિયંત્રણ કરે છે. આને પરિણામે જ સામાજિક વ્યવસ્થામાં એકતા અને એકરૂપતા ઉદ્ભવે છે. સામાજિક વ્યવસ્થાનું આ સાંસ્કૃતિક પાસું જ સામાજિક વ્યવસ્થામાં ઉદ્ભવતા સંઘર્ષની પરિસ્થિતિને નિયંત્રિત કરવાનું કે સામાજિક વ્યવસ્થાને જાળવવામાં સહાયક બને છે.

8. **માનવીય જરૂરિયાતોની પરિપૂર્તિ :** જુદાં જુદાં સમાજોની સામાજિક વ્યવસ્થાઓ જુદી જુદી હોય છે, પરંતુ તે બધાનું ધ્યેય તો માનવીની જરૂરિયાતો પૂર્ણ કરવાનું છે. એટલા માટે જ પાર્સન્સ લખે છે કે સામાજિક વ્યવસ્થા એ જરૂરિયાતો સંતોષવા માટે ભેગા થયેલા વ્યક્તિગત કર્તાઓ વચ્ચેની આંતરક્રિયાઓનું પરિણામ છે.

9. **પરિસ્થિતિ અને ધ્યેય :** પ્રત્યેક સામાજિક વ્યવસ્થાનું કોઈને કોઈ ધ્યેય અવશ્ય હોય છે. આ ધ્યેય પરિસ્થિતિ સાથે સંકળાયેલું હોય છે. પરિસ્થિતિ બદલાતા ધ્યેયમાં પણ પરિવર્તન આવે છે. અને આ રીતે સામાજિક વ્યવસ્થાઓ જુદાં જુદાં ધ્યેયોને પરિપૂર્ણ કરવામાં સહાયક બને છે.

10. **અનુકૂલન :** સામાજિક વ્યવસ્થામાં અનુકૂલનનો વિશેષ ગુણ જોવા મળે છે. પર્યાવરણ અને પોતાના એકમોમાં પરિવર્તન આવતા વ્યવસ્થામાં તે અનુસાર પરિવર્તન પામીને અનુકૂલન સાધી લે છે અને સંપૂર્ણ વ્યવસ્થામાં સંતુલનની સ્થિતિ જળવાઈ રહે છે.

11. **સમગ્રતા :** સામાજિક વ્યવસ્થામાં એક એકમના રૂપમાં સમગ્રતા જોવા મળે છે, જેનું અલગ જ અસ્તિત્વ હોય છે. આ સમગ્રનું નિર્માણ જુદાં જુદાં એકમો વચ્ચેના પારસ્પરિક આંતરસંબંધ અને ક્રમબદ્ધતાને લીધે શક્ય બને છે.

12. **નિશ્ચિત સીમારેખા :** પ્રત્યેક સામાજિક વ્યવસ્થાની નિશ્ચિત સીમારેખા હોય છે. સીમાઓના આધારે જ આપણે સામાજિક વ્યવસ્થાને સાંસ્કૃતિક, મનોવૈજ્ઞાનિક અને જૈવિક વ્યવસ્થાઓથી અલગ તારવી શકીએ છીએ.

## 1.6 સામાજિક વ્યવસ્થાના રચનાકીય પાસાંઓ


સમાજ વ્યક્તિઓથી બનેલો છે. સમાજની જુદી-જુદી વ્યક્તિઓ વચ્ચે આંતરક્રિયા થાય છે. આંતરક્રિયા એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બાબત છે. આંતરક્રિયા એટલે ક્રિયા + પ્રતિક્રિયા = આંતરક્રિયા. વ્યક્તિઓ વચ્ચે પરસ્પર આંતરક્રિયા થતી રહે છે. જેના લીધે સમાજમાં 'સામાજિક વ્યવસ્થા'ની રચના થાય છે. માત્ર વ્યક્તિઓના ભેગા થવાથી સમાજ બનતો નથી. પરંતુ તેઓ વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા થાય છે. આવી આંતરક્રિયાની વ્યવસ્થા રચાતા સમાજ બને છે. આમ, વ્યક્તિઓ વચ્ચેની આંતરક્રિયા દ્વારા સામાજિક વ્યવસ્થા (Social System) રચાય છે.

આંતરક્રિયા માત્ર એક વ્યક્તિથી થતી નથી. આંતરક્રિયા માટે બીજી વ્યક્તિ, વ્યક્તિઓ કે જૂથ હોવું જરૂરી છે. આ આંતરક્રિયા સતત ચાલ્યાં કરે છે. આંતરક્રિયાનું પુનરાવર્તન પણ થાય છે. આ લાંબા સમય સુધી ટકે તેવી આંતરક્રિયાને સામાજિક સબંધ કહેવામાં આવે છે. આમ, સામાજિક આંતરક્રિયાના પરિણામે જ સામાજિક વ્યવસ્થા ઉદ્દ્ભવે છે. આપણી સમાજ વ્યવસ્થામાં દરેક સભ્યોનું સ્થાન, તેની ભૂમિકાઓ, હકો, ફરજો, કાર્યો તેમજ તે નક્કી કરતાં સામાજિક ધોરણો હોય છે. આ સામાજિક વ્યવસ્થાની સુંદર રીતે રચના કરવામાં આવેલ છે. આ રચનાના જુદાં-જુદાં પાસાંઓ હોય છે તે અંગેની વિગત નીચે મુજબ છે.

**સામાજિક વ્યવસ્થાના રચનાકીય પાસાંઓ**


**સામાજિક વ્યવસ્થાની રચના એટલે શું ?**

સામાન્ય રીતે, આપણે શરીર વિજ્ઞાનમાં શરીરની રચના અંગે અભ્યાસ કરેલો છે. માનવ શરીર જુદાં-જુદાં અંગો છે. આ દરેક અંગો ભેગા થયા પછી જે રચાય છે તે માનવ શરીર છે.




આ દરેક અંગો પરસ્પર રીતે જોડાયેલા છે. શરીરના આ દરેક અંગોની કામગીરી નિશ્ચિત કરેલી છે. જેમ કે, નાક સૂંઘવાનું કામ કરે છે, આંખ જોવાનું કામ કરે છે, કાન સાંભળવાનું કામ કરે તે રીતે દરેક અંગોની કામગીરી નક્કી છે અને તે પ્રમાણે શરીરનું કામ સરસ રીતે ચાલે છે.

આપણી શરીર રચનાની માફક સમાજ વ્યવસ્થા પણ ચોક્કસ રીતે ગોઠવાયેલી છે. આપણે ઘરમાં જુદી-જુદી ભૌતિક ચીજવસ્તુઓનો વપરાશ કરીએ છીએ.




આ બધી જ ભૌતિક ચીજવસ્તુઓનો આપણે અભ્યાસ કરીશું તો રચનાતંત્રનો ખ્યાલ સમજવામાં આપણને ઘણી સરળતા રહે છે.

જુદાં-જુદાં વિભાગો વચ્ચેના પારસ્પરિક સબંધને અથવા વિભિન્ન વિભાગોના એકબીજાં સાથેના જોડાણને રચના તરીકે ઓળખવામાં આવે છે.


આપણી કુટુંબ વ્યવસ્થા શું છે ? કુટુંબના સભ્યો, પતિ-પત્ની, પિતા-પુત્ર, માતા-પિતા વચ્ચેના સામાજિક સબંધો છે. કુટુંબમાં પતિ, પિતા, માતા, પુત્ર, પુત્રી, ભાઈ, બહેન, સાસુ, નણંદ, ભાભી,

દેરાણી, જેઠાણી વગેરે સામાજિક સ્થાનો છે. આ દરેક સ્થાન ભોગવતી વ્યક્તિને પોતાની ભૂમિકા અદા કરવાની હોય છે. કુટુંબમાં આવા સ્થાનો, દરજ્જા અને ભૂમિકાઓ સમાજનાં ધોરણો અનુસાર નક્કી થયેલી હોય છે. કુટુંબના આ જુદાં-જુદાં વિભાગો છે. કુટુંબના વિભાગો વચ્ચેના પરસ્પર સબંધોની ગોઠવણીને જ કુટુંબ રચના કહેવામાં આવે છે.

**સામાજિક રચનાનાં વિવિધ પાસાંઓ :**

કોઈ પણ સામાજિક વ્યવસ્થાની રચનાના જુદાં-જુદાં પાસાંઓ છે. આ પાસાંઓને ભાગો તરીકે પણ ઓળખવામાં આવે છે. જે અંગેની વિગત નીચે મુજબ છે.

**સામાજિક રચનાનાં વિવિધ ભાગો/પાસાંઓ**




ઉપરોક્ત પાંચેય પાસાંઓ વિશેની ટૂંકાણમાં ચર્ચા નીચે મુજબ છે.

**(1) ઉપજૂથો :**

સમાજ પણ મહત્ત્વનું સામાજિક જૂથ છે. ઉપજૂથ એ જૂથના પેટા વિભાગ તરીકે વિકસેલું જૂથ છે.

જૂથ અને ઉપજૂથનાં કેટલાંક ઉદાહરણો....

| | | |
|---|---|---|
| દા.ત. → ભારત જૂથ | દા.ત. → ગુજરાતને જૂથ ગણીએ તો | દા.ત. → શહેરને જૂથ ગણીએ તો |
| ↓ | ↓ | ↓ |
| ઉપજૂથ | ઉપજૂથો જિલ્લાઓ | ઉપજૂથો |
| ↓ | ↓ | ↓ |
| ગુજરાત | તાલુકાઓ | કુટુંબો |
| ↓ | ↓ | ↓ |
| રાજસ્થાન | ગામડાંઓ | કૉલેજ |
| ↓ | ↓ | ↓ |
| મધ્યપ્રદેશ | શહેરો | મંડળો |

આમ, આંતરક્રિયાની કઈ વ્યવસ્થઆને આપણે જૂથ કહીએ છીએ તેના ઉપર ઉપજૂથના ખ્યાલનો આધાર છે. આમ, જૂથ અને ઉપજૂથના ખ્યાલો સાપેક્ષ છે. એક જ વ્યક્તિ, કુટુંબ, શાળા, રાજ્ય, ગામ, શહેર, ધર્મ, જ્ઞાતિ વગેરે જેવાં વિવિધ જૂથોનું સભ્યપદ ધરાવતી હોય છે. આમ, દરેક જૂથમાં વ્યક્તિનો ચોક્કસ દરજ્જો જોવા મળે છે.

દા.ત. કુટુંબમાં પિતા તરીકેનો દરજ્જો

**(2) ભૂમિકાઓ :**

ઉપજૂથોમાં દરેક વ્યક્તિનો ચોક્કસ દરજ્જો હોય છે. તેમ આ દરજ્જા સાથે નિશ્ચિત ભૂમિકા

પણ હોય છે. આ ભૂમિકાએ જૂથ કે ઉપજૂથમાં વ્યક્તિની અનેક ભૂમિકાઓ હોય છે. એક જ જૂથમાં પણ વ્યક્તિની જુદી-જુદી ભૂમિકાઓ હોય છે.

દા.ત. કુટુંબમાં → પુત્ર → પતિ → ભાઈ વગેરે ભૂમિકાઓ ભજવવાની હોય છે. કુટુંબમાં જુદાં-જુદાં સભ્યો સાથે પણ જુદી-જુદી ભૂમિકાઓ અદા કરવાની હોય છે. આવી જ રીતે ઓફિસ વ્યવસ્થામાં પણ વ્યક્તિએ પોતાની જુદી-જુદી ભૂમિકાઓ અદા કરવાની રહે છે અને આ બધી ભૂમિકાઓ પરસ્પર સબંધિત હોય છે.

**(3) સામાજિક ધોરણો :**

કોઈપણ જૂથમાં વ્યક્તિના વર્તન નક્કી કરતાં કેટલાંક નિયમો હોય છે. આ નિયમો એ જ ધોરણો છે. કુટુંબ, શાળા, કૉલેજ, જ્ઞાતિ દરેકમાં ચોક્કસ નિયમો હોય છે. દા.ત. શાળાની વાત કરીએ તો દરેક વિદ્યાર્થીએ નિયમિત શાળામાં આવવું, ગણવેશ પહેરવો, નિયમિત વર્ગો ભરવા, લેશન કરવું, શિક્ષકો સાથે યોગ્ય વર્તન કરી શાળાકીય નિયમોનું પાલન કરવું ફરજિયાત છે. આ સંસ્થાકીય નિયમની વિરુદ્ધ કોઇપણ વ્યક્તિ જ્યારે વર્તાવ કરે છે ત્યારે તેના ઉપર શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે છે. ટૂંકમાં આપણી સમાજ વ્યવસ્થામાં કયું સ્વીકાર્ય ગણાય અને કયું વર્તન અસ્વીકાર્ય ગણાય તે નક્કી કરતા નિયમોને સામાજિક ધોરણો તરીકે ઓળખવામાં આવે છે. જહોનસન આવાં ધોરણોને સબંધિત ધોરણો કહે છે. પિતા-પુત્ર, ભાઈ-બહેન, શિક્ષક-વિદ્યાર્થી વગેરે પરસ્પર કઈ રીતે વર્તી શકે તે નક્કી કરતાં નિયમોને સબંધિત ધોરણો કહેવામાં આવે છે.

**(4) સાંસ્કૃતિક મૂલ્યો :**

આપણી સામાજિક વ્યવસ્થામાં વ્યક્તિ જે વર્તન કરે છે. જે ભૂમિકાઓ ભજવે છે, જે દરજ્જો ધરાવે છે અને જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તેનું અન્ય સભ્યો દ્વારાં મૂલ્યાંકન કરવામાં આવે છે. મૂલ્યાંકન દ્વારા આ વર્તન સારું છે કે ખરાબ તે નક્કી કરવામાં આવે છે. તેવી જ રીતે અમુક દરજ્જાને ઉંચો કે નીચો ગણવામાં આવે છે. આ દરજ્જા અને ભૂમિકાઓનું આવું મૂલ્યાંકન સાંસ્કૃતિક મૂલ્યો વડે કરવામાં આવે છે. દરેક સમાજમાં મૂલ્યાંકનની આવી પદ્ધતિ વિકસેલી હોય છે જેને સાંસ્કૃતિક મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે. સામાજિક ધોરણોમાં ઓછાવત્તા અંશે મૂલ્યો વ્યક્ત થતાં હોય છે.

**(5) ધ્યેયો :**

દરેક કાર્ય કરવા પાછળ વ્યક્તિનું ચોક્કસ ધ્યેય હોય છે. નિશ્ચિત ધ્યેય વગર કોઈ કામ કરવામાં આવતું નથી. આવી જ રીતે સમાજમાં પણ વ્યક્તિની કોઈપણ સામાજિક ક્રિયા ધ્યેયલક્ષી હોય છે. આથી દરેક સામાજિક વ્યવસ્થાને પણ તેનું નિશ્ચિત ધ્યેય હોય છે. આ ધ્યેયને સામાજિક વ્યવસ્થાના ભાવિ સાથે સબંધ છે. એટલે કે ધ્યેય એ વર્તમાનમાં અસ્તિત્વ ધરાવતી ઘટના નથી પણ, સમાજમાં જે કંઇ પ્રાપ્ત કરવાનું હોય છે તેની સાથે સબંધિત છે. ટૂંકમાં ધ્યેય એ એક પ્રકારનું લક્ષ્યાંક અથવા સામાજિક જરૂરિયાત છે. દરેક સામાજિક વ્યવસ્થાનું નિશ્ચિત ધ્યેય હોય છે. આ ધ્યેયો સાંસ્કૃતિક, આર્થિક, ધાર્મિક, શૈક્ષણિક, રાજકીય કે રાષ્ટ્રીય એમ ગમે તે સ્વરૂપના હોઈ શકે છે.

આમ, આપણી સામાજિક વ્યવસ્થાની રચનાનાં જુદાં-જુદાં ભાગો કે પાસાંઓ પરસ્પર અવલંબિત છે. આ બધાં જ પાસાંઓ આંતરસબંધોથી જોડાયેલા હોય છે. તેમની વચ્ચેના આ આંતર સબંધોની ઢબને રચના તરીકે ઓળખવામાં આવે છે. આ રચનાને કેટલાંક લોકો, 'રચનાતંત્ર' તરીકે પણ ઓળખે છે.

## 1.7 ઉપસંહાર

આમ, ઉપરોક્ત માહિતી પરથી આપણે વ્યવસ્થાનો અર્થ, તેની વિશેષતાઓ, સામાજિક વ્યવસ્થાનો અર્થ, તેની વિશેષતાઓ અને સામાજિક વ્યવસ્થાના રચનાકીય પાસાંઓ વિશે જાણી શકીએ છીએ.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો

1. પ્રત્યેક વ્યવસ્થાને એક ........ હોય છે.

(A) સંરચના (B) અભિગમ

(C) પદ્ધતિ (D) સિદ્ધાંત

2. ......... અને ......... વ્યવસ્થારૂપી એક સિક્કાની બે બાજુઓ છે.

(A) જડતા અને નિષ્ક્રિયતા (B) બદલાપણું અને જડતા

(C) સ્થિરતા અને પરિવર્તનશીલતા (D) બદલાવ અને પરિવર્તન

3. સામાજિક વ્યવસ્થા માનવીનું એક ........... છે.

(A) નિર્માણ (B) અપૂર્વ સર્જન

(C) સંગઠન (D) આંતરક્રિયા

4. ઇંગ્લેન્ડના કયા સમાજશાસ્ત્રીએ સૌ પ્રથમ સામાજિક વ્યવસ્થાની સમજૂતી આપવાનો પ્રયાસો કર્યો હતો ?

(A) ઑગસ્ટ કોમ્ટ (B) થિયો ડારેસન

(C) ઈ. જોન્સ (D) હર્બર્ટ સ્પેન્સન

5. સામાજિક વ્યવસ્થામાં એક એકમના રૂપમાં શું જોવા મળે છે ?

(A) સમગ્રતા (B) જડતા

(C) પરિવર્તનશીલતા (D) બદલાવ

6. સમાજખંડ ભાગ-1 થી 4 પુસ્તકના લેખક કોણ છે ?

(A) ઑગસ્ટ કોમ્ટટ (B) ડૉ. એ. આર. દેસાઈ

(C) ડૉ. વિદ્યુત જોષી (D) ડૉ. રાધિકા દેસાઈ

◆ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. વ્યવસ્થા એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

2. એમ.ઈ. જોન્સે કયા ગ્રંથમાં સામાજિક વ્યવસ્થાની વ્યાખ્યા આપી છે ?

..................................................................

..................................................................

..................................................................

3. 'Social and Coltural Dynamics' નામના ગ્રંથમાં સામાજિક વ્યવસ્થાની વ્યખ્યા કયા વિદ્વાને આપી છે ?

..................................................................

..................................................................

.......................................................................

4. સામાજિક વ્યવસ્થાની કોઈપણ બે લાક્ષણિકતાઓ જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

5. સમાજશાસ્ત્રના જનક તરીકે કોને ઓળખવામાં આવે છે ?

.......................................................................

.......................................................................

.......................................................................

6. કોઈપણ સમાજે પોતાના સામાજિક ધ્યેયો સિદ્ધ કરવા માટે કઈ વ્યવસ્થા વિકસાવવી પડે છે ?

.......................................................................

.......................................................................

.......................................................................

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (A) સંરચના
2. (B) બદલાપણું અને જડતા
3. (C) સંગઠન
4. (D) હર્બર્ટ સ્પેન્સન
5. (A) સમગ્રતા
6. (C) ડૉ. વિદ્યુત જોષી

◆ **ટૂંકમાં જવાબ આપોના સાચાં જવાબો :**

1. વ્યવસ્થા એટલે ગોઠવણ કે બંદોબસ્ત
2. એમ.ઈ.જોન્સે Basic Socio Logical Principals સામાજિક વ્યવસ્થાની વ્યાખ્યા આપી છે.
3. સોરોકિન.....
4. બે લાક્ષણિકતાઓ (1) એકથી વધારે કર્તાઓ (2) પર્યાવરણ (3) સાંસ્કૃતિક વ્યવસ્થા સાથે સંવાદ
5. ઓગસ્ટ કોમ્ટ
6. સામાજિક વ્યવસ્થા

## 1.10 ચાવીરૂપ શબ્દોની સમજ

1. **સામાજિક ક્રિયા :** આ સમાજકાર્યની ગૌણ પદ્ધતિ છે. પરંતુ ઉપયોગિતાની દષ્ટિએ આ ખૂબ મહત્ત્વની પદ્ધતિ છે. જ્યારે, સમાજકાર્યની બીજી કોઈ પદ્ધતિ કામ ન લાગે ત્યારે આ સામાજિક ક્રિયા (Social Action)ની પદ્ધતિ કામ લાગે છે.

2. **વ્યવસ્થા :** ખૂબ જ મહત્ત્વપૂર્ણ બાબત છે. સામાજિક દષ્ટિએ પણ વ્યવસ્થા ખૂબ ઉપયોગી છે. કોઈપણ સમાજે પોતાના સામાજિક ધ્યેયો સિદ્ધ કરવા માટે સામાજિક વ્યવસ્થા વિકસાવવી પડે છે.

3. **સંતુલન (Balance) :** કોઈપણ પ્રકારની વ્યવસ્થામાં સંતુલન જરૂરી છે. સંતુલન વગર ઇચ્છિત પરિણામ સુધી પહોંચવું મુશ્કેલ છે. સંતુલન એ સામાજિક વ્યવસ્થાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.

4. **ગતિશીલતા (Mobility) :** કોઈ જન સંખ્યામાં લોકોની એક સ્થાનથી બીજા સ્થાન, એક કાર્યથી બીજું કાર્ય અથવા એક સામાજિક સ્થિતિથી બીજી સામાજિક સ્થિતિ તરફ જવાની પ્રક્રિયાને ગતિશીલતા કહેવામાં આવે છે.

5. **પર્યાવરણ :** આજકાલ આ શબ્દનું પ્રયોજન ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. પર્યાવરણ બે શબ્દોથી બનેલ છે. પરિ + આવરણ = પર્યાવરણ. ટૂંકમાં પર્યાવરણ એટલે આપણી આસપાસનું વાતાવરણ.

6. **વિશેષતા :** આ ખૂબ મહત્ત્વપૂર્ણ શબ્દ છે. જેમાં વિશિષ્ટ અથવા નોંધપાત્ર બાબતોનો સમાવેશ થાય છે. દરેક વ્યક્તિ, વ્યવસ્થાને લગતી બાબતોમાં વિશેષતા જોવા મળે છે.

7. **આંતરક્રિયા :** ક્રિયા + પ્રતિક્રિયા = આંતરક્રિયા. સામાજિક વ્યવસ્થામાં આંતરક્રિયાએ ખૂબ જ મહત્ત્વની બાબત છે. જૂથમાં આંતરક્રિયા થવી જરૂરી છે.

8. **સંસ્કૃતિ :** માનવ સમાજના સભ્ય તરીકે મનુષ્ય જ્ઞાન, વિશ્વાસ, કલા, નૈતિકતા, રિવાજ, કાયદો વગેરે જે કંઇ પ્રાપ્ત કરે છે તેને તેની સંસ્કૃતિ કહેવામાં આવે છે.

9. **નાગરિક (Citizen) :** કોઈ પણ રાજ્યનો સભ્ય જે તેના પ્રત્યે નિષ્ઠાની બંધાયેલ છે. તેના અધિકાર અને ફરજ તે રાજ્યના કાયદાથી નક્કી થાય છે.

## 1.11 સ્વાધ્યાય લેખન

1. **સામાજિક વ્યવસ્થાનો અર્થ અને લક્ષણો – એકમના અભ્યાસના મુખ્ય ઉદ્દેશો સમજાવો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

2. **વ્યવસ્થાનો એટલે શું ? વ્યવસ્થાનો અર્થ સ્પષ્ટ કરો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

3. વ્યવસ્થાનો અર્થ સમજાવી તેની વિશેષતાઓ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

4. સામાજિક વ્યવસ્થાનો અર્થ વિગતે સ્પષ્ટ કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

5. સામાજિક વ્યવસ્થાની જુદી-જુદી લાક્ષણિકતાઓ સમજાવો.

..............................................................................

..............................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

**6. સામાજિક વ્યવસ્થાના રચનાકીય પાસાંઓની ટૂંકમાં સમજણ આપો.**

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

.........................................................................

## 1.12 વૈયક્તિક અધ્યયન (Case Study)

**1. વ્યવસ્થા એટલે ગોઠવણ કે બંદોબસ્ત ?**

સમાજ એટલે સામાજિક સબંધોની જાળ વર્ષોથી આ વ્યવસ્થા સુંદર રીતે ચાલે છે. ખેડૂત ખેતી કરે, પશુપાલક પશુઓનું પાલન કરે, બાળકો સ્કૂલે જાય, શિક્ષકો બાળકોને શિક્ષણ આપે, બાળકોને શિક્ષણ આપવા બદલ સરકાર શિક્ષકોને પગાર આપે. આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ દ્વારા કુટુંબનો નિભાવ થાય. દરેકને કામના પ્રમાણમાં વળતર મળે. ક્યાંક કામદારોનું શોષણ થાય. આ શોષણની અટકાયત માટે કાયદા અને નીતિ-નિયમોનું ઘડતર થાય અને શોષણકર્તાની સામે ફરિયાદ થાય અને જવાબદારોની સામે પગલાં લેવાય. સમાજમાં છેવાડાના માણસનો વિકાસ થાય તેવા તંદુરસ્ત વાતાવરણનું નિર્માણ થાય. આ સુંદર વ્યવસ્થાનું નિર્માણ કઈ રીતે થાય છે ? સમાજ વ્યવસ્થાના પ્રત્યેક પાસાં બારીકાઈથી અધ્યયન કરી અભ્યાસ કરો. આપણી સામાજિક વ્યવસ્થાનો.

**2. સામાજિક એકતા ઘટે તે માટે શું કરશો ?**

લીલાપુર નામનું એક મોટું ગામ છે. ગામમાં વિવિધ જ્ઞાતિ અને ધર્મના લોકો વસવાટ કરે છે. પરસ્પર એકબીજાંના સહકારથી રહેતા હતા. જુદી-જુદી જ્ઞાતિ અને ધર્મના લોકો ભાઈચારાની ભાવનાથી રહેતા હતા. ગામનું વાતાવરણ ખૂબ પવિત્ર હતું. ‘વિવિધતામાં એકતા’ એ આ ગામની વિશેષતા ગણાતી હતી. પરંતુ ગામના કેટલાંક રૂઢિચુસ્ત લોકોની સંકુચિત વિચારસરણીના પરિણામે ગામની એકતા જોખમાઈ છે. કોમ-કોમ વચ્ચે ઝઘડા વધ્યા છે. જે ગામની એકતા માટે બરાબર નથી.

ગામની સામાજિક એકતા વધે તે માટે શું કરશો ?

## 1.13 પ્રવૃત્તિ (Activity) કરો

### પ્રવૃત્તિ-1

તમારાં ઘરમાં સવારે છાપું આવી જાય. બધા ઊઠે એટલે ગરમા-ગરમ ચા-નાસ્તો બની જાય. બાળકો સ્કુલે જાય. જમવાનું બને, બધા સાથે મળીને ભોજન લે, ઘરમાં કોઈ બીમાર હોય તો દવાખાને લઈ જવામાં આવે વગેર... વગેરે... પ્રવૃત્તિ થાય છે. આ પ્રત્યેક વ્યવસ્થા સુંદર રીતે ચાલે છે. આ પ્રત્યેક વ્યવસ્થા કેમ સુંદર રીતે ચાલે છે ? તમારી કુટુંબ વ્યવસ્થાના અભ્યાસથી આ સિસ્ટમ વ્યવસ્થિત શા માટે ચાલે છે ? તમારાં અવલોકનોની નોંધ તૈયાર કરો.

### પ્રવૃત્તિ-2

સમાજમાં પણ દરેક વ્યવસ્થા સુંદર રીતે ચાલે છે. ક્યારેક આ વ્યવસ્થા બરાબર ન ચાલે તો તેના નિયંત્રણ માટેની પણ સમાજ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થા કઈ રીતે ચાલે છે તે સમાજના વડીલો પાસે બેસીને ચર્ચા કરો. આ પ્રક્રિયામાંથી શું શીખવા મળ્યું ? તેની નોંધ તૈયાર કરો.

## 1.14 સંદર્ભગ્રંથ

1. 'ગુજરાતી વિશ્વકોશ' ભાગ – 1, ગુજરાતી વિશ્વકોશ ભવન, અમદાવાદ.
2. 'સાર્થ' જોડણી કોશ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
3. ડૉ. વિદ્યુત જોશી, 'ઓગસ્ત કોમ્ત', ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
4. ડૉ. એ. આર. દેસાઈ, 'સમાજખંડ' ભાગ – 1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ
5. Marshall Elmer St Edward Jones, 'Basic Sociological Principles', Published by : Boston Ginn, 1949
6. Talcott Parsons,'The Social System', Published by : Routledge and Kegan Paul Ltd., England, 1952
7. Pitrim Sorokin, 'Social and Culutral Dyanamics', Published by : Extending Horizons Books – Porter Sargent Publisher, Bostan, 1957
8. Theodorson and Theodorson, A Modern Dictionary of Sociology, Published by, Methuen, 1970
10. એ. જી. શાહ અને જે. કે. દવે, 'સામાન્ય સમાજશાસ્ત્ર', અનડા પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ.

| એકમ–2 | સામાજિક વ્યવસ્થાના વિવિધ ઘટકો |
|---|---|

## : એકમનું માળખું :

**2.0** ઉદ્દેશ

**2.1** પ્રસ્તાવના

**2.2** સામાજિક સમૂહ

**2.3** સામાજિક સમૂહનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ

**2.4** સામાજિક સમૂહનું મહત્ત્વ

**2.5** નિકટવર્તી સમૂહ અને દૂરવર્તી સમૂહ

**2.6** સામાજિક ધોરણો

**2.7** સામાજિક ધોરણોનો અર્થ અને તેની વિશેષતાઓ

**2.8** સામાજિક ધોરણોના કાર્યો

**2.9** સામાજિક ધોરણોનું મહત્ત્વ

**2.10** સંસ્કૃતિ

**2.11** સંસ્કૃતિનો અર્થ અને લાક્ષણિક્તાઓ

**2.12** સાંસ્કૃતિક વ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થા – એક સિક્કાની બે બાજુઓ

**2.13** સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા

**2.14** સામાજિક દરજ્જાનો અર્થ અને તેના પ્રકારો

**2.15** સામાજિક ભૂમિકાનો અર્થ અને તેની વિશેષતાઓ

**2.16** ઉપસંહાર

**2.17** તમારી પ્રગતિ ચકાસો

**2.18** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**2.19** ચાવીરૂપ શબ્દો

**2.20** સ્વાધ્યાય લેખન

**2.21** વૈયક્તિક અધ્યયન

**2.22** પ્રવૃત્તિ

**2.23** સંદર્ભગ્રંથ

### 2.0 ઉદ્દેશ :

- સામાજિક સમૂહનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓનો પરિચય મળશે.
- સામાજિક સમૂહના પ્રકાર તરીકે નિકટવર્તી સમૂહ અને દૂરવર્તી સમૂહની સમજ પ્રાપ્ત થશે.
- સામાજિક ધોરણો સામાજિક વ્યવસ્થા માટે શા માટે આવશ્યક છે તે જાણી શકશો.
- સંસ્કૃતિનો અર્થ અને સંસ્કૃતિની વિશેષતાઓથી અવગત થશો.
- સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા કઈ રીતે સામાજિક વ્યવસ્થાના આવશ્યક ઘટકો છે તેનો પરિચય મળશે.

## 2.1 પ્રસ્તાવના :

વિદ્યાર્થીમિત્રો, પ્રકરણ-1માં આપણે સામાજિક વ્યવસ્થાનો અર્થ અને સામાજિક વ્યવસ્થાની લાક્ષણિક્તાઓ વિશે સમજ મેળવી. સામાજિક વ્યવસ્થાની આ લાક્ષણિક્તાઓની સમજૂતી પછી હવે આપણે આ પ્રકરણમાં સામાજિક વ્યવસ્થા સાથે સંકળાયેલા વિવિધ ઘટકોનો પરિચય મેળવીશું. સામાજિક સમૂહ, સામાજિક ધોરણો, સંસ્કૃતિ, સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા જેવા સામાજિક વ્યવસ્થા સાથે સંકળાયેલા પાયાના ઘટકોને સમજ્યા વિના સમાજિક વ્યવસ્થાની સમજ અધૂરી છે. કોઈ પણ સમાજવ્યવસ્થાના નિર્માણમાં આ ઘટકો અનિવાર્ય છે. તેની અનુપસ્થિતિમાં સામાજિક વ્યવસ્થા સંભવી શકે નહીં. અહીં એક બાબત સ્પષ્ટ કરવી જરૂરી છે કે જુદી જુદી ભૌગોલિક, આર્થિક અને સામાજિક પરિસ્થિતિ હંમેશાં સમાજવ્યવસ્થાને પ્રભાવિત કરતી હોય છે. તેથી ઘણીવાર એવું પણ બને કે જુદાં જુદાં સમાજો અને રાષ્ટ્રોની સામાજિક વ્યવસ્થામાં સમાનતા ન હોય. વળી, કોઈ પણ વ્યવસ્થા હંમેશાં સંપૂર્ણ હોય એમ કહેવું પણ અતિશયોક્તિભર્યું છે. આમ છતાં અહીં સામાજિક વ્યવસ્થાના નિર્માણમાં જે ઘટકો અનિવાર્ય છે એવા ઘટકોના અર્થ અને તેની વિશેષતાઓની સમજૂતી આપવાનો પ્રયાસ કર્યો છે.

## 2.2 સામાજિક સમૂહ :

'માનવી એક સામાજિક પ્રાણી છે.' - આજથી 2300 વર્ષ પૂર્વે **એરિસ્ટોટલ** નામના ફિલસૂફે ઉચ્ચારેલું આ વિધાન માનવીના અન્ય માનવી સાથેના સામાજિક સંબંધોને વ્યક્ત કરે છે. પ્રત્યેક સ્થળે વ્યક્તિ અન્ય વ્યક્તિઓ સાથે જ જીવન ગુજારે છે. અમલા-કમલા, અન્ના કે કાસ્પર હાઉઝરના કિસ્સાઓ દર્શાવે છે કે સામાજિક સમૂહના અભાવમાં માનવી વન્ય પ્રાણીઓ જેવો જ રહે છે. તેનો બૌદ્ધિક અને સામાજિક વિકાસ થઈ શકતો નથી. આમ,વ્યક્તિને પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે અને સામાજિક વિકાસ સાધવા માટે અન્ય વ્યક્તિ કે વ્યક્તિઓ પર આધાર રાખવો પડે છે. માનવીની આ જરૂરિયાત જ તેના સમૂહજીવનના ઉદ્ભવ માટે મહત્ત્વની છે. આથી જ બોગાર્ડસ નામનો વિદ્વાન સમાજશાસ્ત્રને સમૂહોનો અભ્યાસ કરનારું વિજ્ઞાન કહે છે.

પરંતુ અહીં એક બાબત સ્પષ્ટ કરવી જરૂરી છે કે સમૂહજીવન માત્ર માનવીઓમાં જ છે એવું નથી. પ્રાણીઓ તથા અન્ય જીવોમાં પણ સમૂહજીવન જોઈ શકાય છે. પરંતુ માનવી અને પ્રાણીઓના સમૂહજીવન વચ્ચે તફાવત એટલો છે કે પ્રાણીઓમાં સામૂહિક ઉત્તેજનાને લીધે આંતરક્રિયા થાય છે તેમાં અને માનવીની આંતરક્રિયાઓમાં સાંવેગિક આવેગો ઉપરાંત વિચારપ્રક્રિયાનું મોટું અંતર હોય છે. માનવીની આંતરક્રિયા સભાનપણે થાય છે જે સંપૂર્ણપણે સામાજિક છે. વળી, માનવીની જેમ પ્રાણીઓમાં સામાન્ય હિત હોતું નથી. આમ, એમ કહી શકાય કે માનવી જે અર્થમાં સામાજિક જીવન જીવે છે એ અર્થમાં પ્રાણીઓનું સામાજિક જીવન હોતું નથી.સામાજિક સમૂહની વ્યાખ્યા અને તેની વિશેષતાઓ પરથી આ બાબત વધુ સ્પષ્ટ રીતે સમજાશે.

## 2.3 સામાજિક સમૂહનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ:

**મેકાઈવર અને પેજ**ના મતે 'સમૂહ એટલે માનવીઓનો ગમે તેવો અસંબદ્ધ ઢગલો નહીં. એકબીજાં સાથે સ્પષ્ટ સામાજિક સંબંધ ધરાવતી વ્યક્તિઓના જમાવને આપણે સમૂહ કહીએ છીએ.'

**બોગાર્ડસ** સામાજિક સમૂહનો અર્થ સમજાવતા લખે છે કે, 'જેમાં અનેક વ્યક્તિઓના હિતો સમાયેલા છે, જેઓ એકબીજાંને પારસ્પરિક ઉત્તેજના આપે છે, જેમને સામાન્ય વફાદારી છે અને જેઓ સામાન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લે છે તેને સમૂહ કહેવામાં આવે છે.'

**ઓગબર્ન** અને **નિમ્કોફ** લખે છે કે, "A Social group is characterized by patterned interaction, shared belief and values and consciousness of kind"

**સામાજિક સમૂહની લાક્ષણિક્તાઓ :**

સામાજિક સમૂહની ઉપર્યુક્ત વ્યાખ્યાઓ અને મહત્ત્વ પરથી તેની લાક્ષણિક્તાઓ નીચે મુજબ દર્શાવી શકાય.

**1. સામાજિક સમૂહમાં બે કે તેથી વધુ વ્યક્તિઓ હોય છે :**

સમૂહની રચના માટેની પૂર્વશરત એ છે કે તેમાં ઓછામાં ઓછી બે વ્યક્તિ હોવી જોઈએ. પરંતુ

વધુમાં વધુ કેટલાં સભ્યો હોવા જોઈએ તેની સંખ્યા નિર્ધારિત નથી. બે વ્યક્તિઓનું સમૂહ નાનામાં નાનું સમૂહ છે પરંતુ મોટામાં મોટું સમૂહ કેટલી સભ્યસંખ્યા ધરાવતું હશે તેની કોઈ નિશ્ચિત મર્યાદા નથી. બોગાર્ડસના મત મુજબ કુટુંબ જેવા નાના સમૂહથી માંડીને સમગ્ર રાષ્ટ્રનું કદ ધરાવતું વિશાળ સમૂહ પણ હોઈ શકે. આમ, સમૂહના વર્ગીકરણમાં માત્ર કદના તત્ત્વ સિવાય અન્ય તત્ત્વો પણ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે એ હંમેશાં યાદ રાખવું જોઈએ.

**2. સામાજિક સમૂહમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે આંતરક્રિયા જોવા મળે છે :**

સમૂહની પ્રથમ લાક્ષણિક્તામાં જોયું કે સમૂહમાં એકથી વધુ વ્યક્તિઓનો જમાવ હોય છે. પરંતુ વ્યક્તિઓના હોવા માત્રથી સમૂહ બની જતું નથી. આ વ્યક્તિઓ વચ્ચે પરસ્પર આંતરક્રિયા થતી હોય એ પણ એટલું જ અનિવાર્ય છે. સમૂહના સભ્યો વચ્ચે માત્ર ભૌતિક નિકટતા પૂરતી નથી, પરંતુ તેની સાથે સાથે તેમની વચ્ચે આંતરક્રિયા હોવી પણ જરૂરી છે. અહીં એક બાબત સ્પષ્ટ કરવી જરૂરી છે કે પ્રત્યેક સમૂહમાં નિકટતા પ્રત્યક્ષ જ હોવી જોઈએ એવું જરૂરી નથી. **હોર્ટન અને હન્ટ** નામના વિદ્વાન આ બાબતને સ્પષ્ટ કરતા લખે છે કે,'The essence of social group is not physical closeness but a consciousness of joint interaction.'

વળી, સમૂહના સભ્યો વચ્ચે પરસ્પર મોઢામોઢની કે પ્રત્યક્ષ આંતરક્રિયા હોવી જોઈએ એવું અનિવાર્ય નથી. આધુનિક સમયમાં મોબાઈલ, ઈન્ટરનેટ જેવા આધુનિકતમ્ સંદેશાવ્યવહારના સાધનોને કારણે દૂર દૂર રહેતા લોકો વચ્ચે પણ આંતરક્રિયા શક્ય બની છે. આવા દૂર-દૂર રહેતા લોકો પણ એક જ સમૂહનું સભ્યપદ ધરાવતા હોય છે. જેમ કે ફેસબુક, વૉટ્સએપ જેવા માધ્યમોમાં વિશાળ સમૂહો નેટવર્ક દ્વારા અસ્તિત્વ ધરાવે છે.

**3. પારસ્પરિક સંબંધો :**

સામાજિક સમૂહના સભ્યો વચ્ચે પારસ્પરિક આંતરક્રિયાને કારણે પારસ્પરિક સંબંધોનું નિર્માણ થાય છે. સમૂહમાં સભ્યો વચ્ચેના આંતરસંબંધોને કારણે જ આંતરક્રિયા દ્વારા સમૂહના હેતુઓ પરિપૂર્ણ થાય છે. આમ, આંતરક્રિયા દ્વારા ઊભો થતો પારસ્પરિક સંબંધ સમૂહની એક આગવી વિશેષતા છે.

**4. સમૂહના સભ્યો પરસ્પર એકબીજાંને અસર કરે છે :**

સમૂહના દરેક સભ્યોની વ્યક્તિમત્તા એકસમાન હોતી નથી. સભ્યોના વિચારો, માન્યતાઓ, લાગણીઓ વગેરે અલગ અલગ હોય છે. આથી સભ્યોનું વર્તન સભાનપણે કે અસભાનપણે એકબીજાંના વર્તનને અસર કરનારું હોય છે. કયા સભ્ય પર કેવી અને કેટલી માત્રામાં આ અસર થશે તે નિશ્ચિત રીતે કહી શકાય નહીં. પરંતુ સભ્યોનું વર્તન એકબીજાંના વર્તનને પ્રભાવિત કરનારું હોય છે તે બાબતને અવગણી શકાય નહીં.

**5. સર્વસામાન્ય હિત :**

મોટેભાગે દરેક સામાજિક સમૂહનું હિત તથા તેના આદર્શો સમાન હોય છે. આવા સામાન્ય હિતોના સંતોષ ખાતર જ વ્યક્તિઓ એકત્રિત થતા હોય છે અને સમૂહ રચાતું હોય છે. આવા સર્વસામાન્ય હિતોની પૂર્તિ માટે જ સમૂહના સભ્યોના વ્યવહાર અને ક્રિયામાં સમાનતા જોવા મળે છે.

**6. કાર્યાત્મક વહેંચણી :**

અગાઉ જોયું કે સર્વસામાન્ય હિતોના સંતોષ માટે સમૂહના સભ્યોના વ્યવહાર અને ક્રિયામાં સમાનતા હોય છે, પરંતુ સમૂહની અન્ય એક વિશેષતા એ પણ છે કે સભ્યોની ઉંમર, લિંગ, અનુભવ, યોગ્યતા વગેરેને આધારે સમૂહમાં સભ્યો વચ્ચે જુદાં જુદાં કાર્યોની વહેંચણી પણ કરવામાં આવે છે.

**7. સામાજિક માળખું :**

પ્રત્યેક સામાજિક સમૂહનું એક નિશ્ચિત માળખું હોય છે જેના આધારે સભ્યોનો દરજ્જો, ભૂમિકા, અધિકારો, ફરજો વગેરે નિર્ધારિત થાય છે અને સમૂહના સભ્યો આ મુજબ જ વર્તન કરે છે. વળી, સભ્યોના જુદાં જુદાં દરજ્જા અને ભૂમિકાને કારણે સમૂહમાં એક પ્રકારનું સ્તરીકરણ પણ જોવા મળતું હોય છે. આમ, દરેક સમૂહનું એક સામાજિક માળખું હોય છે.

## 2.4 સામાજિક સમૂહનું મહત્ત્વ :

માનવીનું જીવન સમૂહમાં જીવાય છે એ જ સામાજિક સમૂહનું મહત્ત્વ દર્શાવે છે. માનવીની અનેકવિધ જરૂરિયાતોને કારણે માનવસમાજ અનેક પેટાસમૂહોમાં વિભાજિત થયેલો છે. વળી, કોઈ એક જ સમૂહ સમગ્ર જીવન દરમ્યાન માનવીની તમામ જરૂરિયાતો સંતોષી શકતું નથી કે માનવીનું સમગ્ર જીવન પણ કોઈ એક જ સમૂહમાં પૂર્ણ થતું નથી. આથી સમાજમાં વિવિધ પેટાસમૂહો રચાય છે અને એક જ વ્યક્તિ પોતાના જીવનકાળ દરમ્યાન આ અનેક પેટાસમૂહોનો સભ્ય બને છે. પરિવાર, શાળા, રમતજૂથો, મિત્રજૂથો વગેરે તેના ઉદાહરણો છે. સમૂહના મહત્ત્વને વિસ્તૃત રીતે નીચે મુજબ સમજી શકાય.

**1. સમૂહમાં માનવજરૂરિયાતો સંતોષાય છે :**

માનવી પોતાની અનેકવિધ જરૂરિયાતો સંતોષવા માટે વિવિધ સમૂહો રચે છે. દા.ત. કુટુંબરૂપી સમૂહ બાળકના જન્મથી માંડીને તેના ઉછેરના વિવિધ તબક્કે અત્યંત આવશ્યક છે. કુટુંબ દ્વારા થતું બાળકનું સામાજીકરણ બાળકને ધોરણ અનુરૂપ વર્તન શીખવે છે, જે સામાજિક વ્યવસ્થા માટે અત્યંત અનિવાર્ય છે.

**2. સમૂહને કારણે અમુક પ્રવૃત્તિઓ શક્ય બને છે :**

જે પ્રવૃત્તિ વ્યક્તિથી એકલાથી શક્ય ન હોય તે સમૂહ દ્વારા શક્ય બને છે. શાળાનો વાર્ષિકોત્સવ, યુનિવર્સિટી યુવક મહોત્સવ કે સમૂહ લગ્ન જેવા પ્રસંગો કે મહોત્સવો સામૂહિક પ્રયાસો દ્વારા જ સફળતાપૂર્વક પાર પાડી શકાય છે. દા.ત. ક્રિકેટમાં 11 ખેલાડીઓ - એક રમતનો નિયમ છે. જૂથકાર્યનું ઉદાહરણ ન ગણીએ તો સાચું. આમ, જે કાર્ય માત્ર એક જ વ્યક્તિ ન કરી શકે તે કાર્ય સમૂહ દ્વારા શક્ય બને છે.

**3. સમૂહમાં વ્યક્તિની એકતાની ભાવના કેળવાય છે :**

સમૂહજીવનથી વ્યક્તિમાં સંઘભાવના કેળવાય છે અને તેને સલામતી અનુભવાય છે. પ્રત્યેક સામાજિક સમૂહોના સભ્યો આંતરક્રિયા દ્વારા પરસ્પર એકબીજાં સાથે જોડાયેલા હોય છે. સમૂહજીવનથી જ વ્યક્તિમાં 'અમેપણા'ની ભાવના દૃઢ થાય છે. આમ, સમૂહના સભ્યો એકબીજાંને સુખદુઃખમાં કે કપરા સંજોગોમાં એકબીજાંને મદદરૂપ થાય છે, જેમાં તેમની એકતાના દર્શન થાય છે.

**4. સમૂહ વ્યક્તિની વ્યક્તિમતા પર ઊંડી અસર નિપજાવે છે :**

વ્યક્તિ કોઈ પણ જ્ઞાતિ, જાતિ કે સંસ્કૃતિનો હોય પરંતુ તેની વ્યક્તિમત્તાનો સંપૂર્ણ વિકાસ સમૂહજીવન દ્વારા જ શક્ય બને છે. જેમ કે બાળકની વ્યક્તિમત્તાના વિકાસમાં પરિવાર ઉપરાંત તેના મિત્રજૂથ, શાળાજૂથ વગેરેની અસર મહત્ત્વની હોય છે. વ્યક્તિમતા ઘડતરની આ પ્રક્રિયા જીવનપર્યંત ચાલે છે.

## 2.5 નિકટવર્તી સમૂહ અને દૂરવર્તી સમૂહ

સામાજિક સમૂહની વિશેષતાઓની સમજ મેળવ્યા બાદ હવે આપણે સામાજિક સમૂહના બે મહત્ત્વના પ્રકારો વિશે સમજીશું. આ બે પ્રકારો એટલે જ નિકટવર્તી સમૂહ અને દૂરવર્તી સમૂહ. સમાજશાસ્ત્રીઓ અને માનસશાસ્ત્રીઓ સમૂહના આ બંને પ્રકારોના અભ્યાસ પર વિશેષ ભાર મૂકે છે.

**નિકટવર્તી સમૂહ :**

કુટુંબ, મિત્રસમૂહ જેવા સામાજિક વ્યવસ્થાના પાયાના સમૂહોને સમજવા માટે નિકટવર્તી સમૂહની વિભાવનાને સમજવી આવશ્યક છે. નિકટવર્તી સમૂહ માટે પ્રાથમિક સમૂહ એવો શબ્દપ્રયોગ પણ પ્રચલિત છે. **ચાર્લ્સ હોટન કૂલે**એ નિકટવર્તી સમૂહની વિગતવાર રજૂઆત કરી છે. નિકટવર્તી સમૂહમાં સભ્યો પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા હોય છે. કૂલે આવા ગાઢ રીતે સંકળાયેલા સભ્યો વચ્ચેના સંબંધ માટે 'મોઢામોઢનો સંબંધ' એવો શબ્દ પ્રયોજે છે. ઉદાહરણ તરીકે કુટુંબ એ નિકટવર્તી સમૂહ છે. કુટુંબમાં બધા સભ્યો સાથે રહેતા હોવાથી તેઓ વચ્ચે ગાઢ અને મોઢામોઢનો સંબંધ હોય છે.

કૂલે આ સમૂહને પ્રાથમિક સમૂહ એટલા માટે કહે છે કે આવા સમૂહ વ્યક્તિના વ્યક્તિત્વ ઘડતરમાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ સમૂહમાં સભ્યો વચ્ચે પરસ્પર સહાનુભૂતિ અને સમૂહહિતો

અંગેની પ્રવૃત્તિઓમાં સમાનતાની ભાવના જોવા મળે છે. સભ્યો વચ્ચે એકતાની ભાવના અને જરૂર પડ્યે બલિદાન આપવાની લાગણી આ સમૂહની વિશેષતા છે. જો કે અહીં એક બાબત વિશેષ ઉલ્લેખનીય છે કે નિકટવર્તી સમૂહમાં હંમેશાં પ્રેમ, સહકાર અને એક્તા જ હોય છે એવું નથી. પરંતુ ઘણીવાર એક જ બાબતમાં પારસ્પરિક મતભેદો અને જુદાં જુદાં દૃષ્ટિબિંદુ પણ વ્યક્ત થાય છે. પરંતુ અમેપણાની ભાવના અને પરસ્પરના ગાઢ સંબંધોને કારણે આવા મતભેદોનું નિવારણ સહજતાથી થઈ શકે છે.

નિકટવર્તી સમૂહમાં એકતાની શક્તિ સૌથી મોટી શક્તિ છે. સમૂહના સભ્યોને સંગઠિત રાખવાની આવી શક્તિ અન્ય કોઈ સમૂહમાં હોતી નથી. શિલ્સ નામના વિદ્વાનના મતે આવા સમૂહ સામાજિક વ્યવસ્થાના ધ્યેયોને પૂર્ણ કરવામાં ઘણા મદદરૂપ થાય છે. આ સમૂહમાં જોવા મળતા પ્રાથમિક સંબંધો શક્તિના સ્ત્રોત છે અને ખાસ કરીને મુશ્કેલીના સમયમાં તે ખૂબ ઉપયોગી નીવડે છે. જીવનની નાજુક પરિસ્થિતિમાં આ સમૂહના સંબંધો જ સાચી તાકાત બને છે. જે રીતે આ સંબંધો સભ્યોની જરૂરિયાતો સંતોષે છે એવી જ રીતે તે સભ્યો પાસેથી ત્યાગ અને બલિદાનની અપેક્ષા પણ રાખે છે.

ઓગબર્ન અને નિમ્કોફના મતે નિકટવર્તી સમૂહ માટે નિકટવર્તી સંબંધ શબ્દ પ્રયોજવો વધુ યોગ્ય છે. તેમના મતે નિકટવર્તી સંબંધો માત્ર પ્રાથમિક સમૂહો દ્વારા જ રચાય છે એવું નથી, પરંતુ અનેક પ્રકારના સમૂહોમાં નિકટવર્તી સંબંધો શક્ય બને છે. તો ઘણીવાર એવો વિરોધાભાસ પણ જોવા મળે છે કે નિકટવર્તી સમૂહોમાં જ સભ્યો વચ્ચેના સંબંધો ગાઢ હોતા નથી.

**નિકટવર્તી સમૂહ માટેની શરતો :**

**(1) ભૌતિક નિકટતા :**

ભૌતિક નિકટતા નિકટવર્તી સમૂહની પ્રથમ અને આવશ્યક શરત છે. નિકટવર્તી સમૂહમાં સભ્યો વચ્ચે ગાઢ સંપર્ક હોય છે. ભૌતિક નિકટતાને કારણે સભ્યો વચ્ચેની પ્રત્યક્ષ આંતરક્રિયા શક્ય બને છે અને એકબીજાંના વિચારો, અભિપ્રાયો, લાગણીઓને સમજી શકાય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે ભૌતિક નિકટતા પ્રાથમિક સમૂહ માટે તક પૂરી પાડે છે. આ તકનો કેવી રીતે ઉપયોગ કરવો તે સંસ્કૃતિ દ્વારા નક્કી થાય છે. અહીં એક બાબત ખાસ યાદ રાખવી જોઈએ કે સર્વ પ્રકારની ભૌતિક નિકટતા પ્રાથમિક સંબંધોનું સર્જન કરતી નથી. હા, એવું બને કે લાંબા સમય સુધીની ભૌતિક નિકટતાથી પ્રાથમિક સંબંધો રચાય. દા.ત. રેલવેના ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા મુસાફરોમાં ખૂબ ગીર્દીને કારણે ભૌતિક નિકટતા હોય છે પરંતુ આનાથી આ મુસાફરો વચ્ચે ગાઢ સંબંધ છે એવું માની શકાય નહીં. પરંતુ એક જ ટ્રેનમાં અપડાઉન કરતા મુસાફરોમાં રોજબરોજ મળવાને કારણે પ્રાથમિક સંબંધ ઊભો થઈ શકે છે.

**(2) નાનું કદ :**

નિકટવર્તી સમૂહનું કદ નાનું હોવું જોઈએ. સમૂહ નાનું હોય તો જ મોઢામોઢના સંબંધો શક્ય બને. જેમ સમૂહનું કદ નાનું તેમ સભ્યો વચ્ચેનો સંબંધ વધુ ગાઢ હોય છે. જેમ જેમ સમૂહનું કદ મોટું થતું જાય તેમ તેમ સભ્યો વચ્ચેના સંબંધો પણ બદલાય છે. દા.ત. કુટુંબના સભ્યો વચ્ચે જેટલા ગાઢ સંબંધો હોય છે તેટલા ગાઢ સંબંધો શાળામાં હોતાં નથી. જેમ જેમ સમૂહનું કદ મોટું થતું જાય છે તેમ તેમ સંબંધોની તીવ્રતા ઘટતી જાય છે. નાનાન સમૂહમાં સભ્યો એકબીજાંને અંગત રીતે ઓળખે છે અને તેઓમાં અમેપણાની ભાવના ખૂબ ઝડપથી વિકસે છે.

**(3) સંબંધોનો ગાળો :**

મોઢામોઢનો સંબંધ ક્ષણિક નહીં, પરંતુ લાંબા ગાળાનો હોવો જોઈએ. જેમ જેમ પરિચય ગહન બને તેમ તેમ સભ્યો વચ્ચેનો સંબંધ ઘટ્ટ બને છે. દા.ત. મિત્રો વચ્ચેના સંબંધો ગાઢ ત્યારે જ બને છે જ્યારે તેઓનો સંબંધ સતત, સ્થિર અને લાંબા સમય માટે હોય.

**દૂરવર્તી સમૂહ :**

નિકટવર્તી સમૂહની માફક દૂરવર્તી સમૂહ પણ સમાજવ્યવસ્થાનું આવશ્યક અંગ છે. નિકટવર્તી સમૂહ કરતા દૂરવર્તી સમૂહ તદ્દન જુદી જ લાક્ષણિક્તાઓ ધરાવે છે. કિંગ્સલે ડેવિસ અને જ્યોર્જ હોમાન્સ નામના વિદ્વાનોએ દૂરવર્તી સમૂહની વિસ્તૃત ચર્ચા કરી છે.

**ઓગબર્ન અને નિમ્કોફ** મતે દૂરવર્તી સમૂહ એક એવો સમૂહ છે કે જેમાં ગાઢ સંબંધના અભાવનો અનુભવ થાય છે. તો રોબર્ટ બર્સ્ટિડ સરળ ભાષામાં દૂરવર્તી સમૂહની સમજ આપતા લખે છે 'કે જે નિકટવર્તી સમૂહ નથી એ બધા જ દૂરવર્તી સમૂહો છે.'

**દૂરવર્તી સમૂહની વિશેષતાઓ :**

**(1) શારીરિક નિકટતાનો અભાવ :**

દૂરવર્તી સમૂહમાં શારીરિક નિકટતાનો અભાવ હોય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે નિકટવર્તી સમૂહની જેમ દૂરવર્તી સમૂહમાં પરસ્પર ગાઢ અને મોઢામોઢના સંબંધોનો અભાવ હોય છે.

**(2) વિશાળ કદ :**

દૂરવર્તી સમૂહના સભ્યોની સંખ્યા નિકટવર્તી સમૂહના સભ્યોની સંખ્યા કરતા ઘણી વધારે હોય છે. આ અર્થમાં દૂરવર્તી સમૂહનું કદ નિકટવર્તી સમૂહ કરતાં ઘણું મોટું હોય છે. દા.ત. શાળા, સરકારી કર્મચારીઓનો સંઘ વગેરે દૂરવર્તી સમૂહના ઉદાહરણો છે.

**(3) અલ્પજીવી સંબંધો :**

દૂરવર્તી સમૂહમાં સભ્યો વચ્ચેના સંબંધો નિશ્ચિત ધ્યેય કે હિતોની પરિપૂર્તિ પૂરતાં સિમિત હોય છે. ધ્યેય કે હિતો સંતોષાય જતા આ સંબંધોનો પણ અંત આવે છે. આમ, દૂરવર્તી સમૂહમાં નિકટવર્તી સમૂહની તુલનામાં સંબંધો ઓછા કાયમી અને અલ્પજીવી હોય છે. આ સમૂહમાં નિકટવર્તી સમૂહની જેમ સભ્યોમાં બલિદાનની ભાવના કે ત્યાગની ભાવના નહીંવત્ હોય છે.

**(4) ઔપચારિક અને અવૈયક્તિક સંબંધો :**

દૂરવર્તી સમૂહમાં સભ્યો વચ્ચે પારસ્પરિક ગાઢ સંબંધોનો અભાવ હોય છે. આથી સભ્યો માત્ર પોતાના હિતના સંતોષ ખાતર એકત્રિત થાય છે અને હિતો સંતોષાય જતા તેઓ વિખૂટાં પડે છે. આમ, દૂરવર્તી સમૂહમાં સભ્યો વચ્ચેના સંબંધો સંપૂર્ણપણે ઔપચારિક હોય છે. વળી, આ સંબંધોનું નિયમન પણ ઔપચારિક નિયમો દ્વારા જ થાય છે.

## 2.6 સામાજિક ધોરણો :

સામાજિક ધોરણો એ સામાજિક વ્યવસ્થાનું બીજું મહત્ત્વનું ઘટક છે. માનવસમાજમાં સામાજિક ધોરણોનું તત્ત્વ માનવજાત જેટલું જ જૂનું છે.સામાજિક ધોરણોના અભાવમાં સામાજિક વ્યવસ્થા સંભવી શકે નહીં. સામાજિક ધોરણોને સરળ શબ્દોમાં સામાજિક નિયમો તરીકે ઓળખવામાં આવે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે સામાજિક સંદર્ભમાં વ્યક્તિએ કેવા પ્રકારની વર્તનપદ્ધતિ અપનાવવી તે નક્કી કરતા નિયમો એટલે જ સામાજિક ધોરણો. આ નિયમોને જ્યારે સમૂહ માન્ય કરે ત્યારે તે સામાજિક ધોરણોનું સ્વરૂપ ધારણ કરે છે અને સામાજીકરણની પ્રક્રિયા દ્વારા આ સમૂહમાન્ય ધોરણો વ્યક્તિના જીવનનો એક ભાગ બની જાય છે. પ્રત્યેક સામાજિક વ્યવસ્થા આ ધોરણોના આધાર પર ઘડાતી હોય છે. વળી, સામાજિક ધોરણોમાં આદર્શ અને નિયમનું સંયુક્તપણું ભાસે છે. ટૂંકમાં સામાજિક ધોરણો એટલે સમાજમાં પ્રવર્તતા સમાજમાન્ય વ્યવહારના નિયમો.

## 2.7 સામાજિક ધોરણોનો અર્થ અને તેની વિશેષતાઓ :

**ફેરચાઈલ્ડ**ના મતે 'સામાજિક ધોરણો એ કોઈ પણ સામાજિક કાર્ય અથવા વ્યક્તિના વર્તન અને ચારિત્ર્યને માપી જોવાનું પ્રમાણ અથવા માપદંડ છે.'

**શેરિફ અને શેરિફ** જણાવે છે કે 'સામાજિક ધોરણો એ સમૂહની આંતરક્રિયાઓમાંથી પેદા થયેલા અનુભવો કે વર્તનના માપદંડ છે કે જે સંબંધિત ઉત્તેજક પરિસ્થિતિમાં એ સમૂહના સભ્યોના વર્તનનું નિયંત્રણ કરે છે.'

**યુકોમ્બ**ના મતે 'સામાજિક ધોરણો સમૂહના સભ્યો માટે સમૂહનિર્મિત સર્વસ્વીકૃત સંદર્ભ-મર્યાદા છે કે જે સામાજિક વ્યવહારમાંથી જન્મે છે અને સામાજિક વ્યવહારને શક્ય બનાવે છે.'

**સામાજિક ધોરણોની વિશેષતાઓ**

કોઈ પણ સમાજમાં સામાજિક ધોરણોની નીચે દર્શાવેલી વિશેષતાઓ અવશ્ય જોવા મળે છે.

1. દરેક સમાજમાં ધોરણો હોય છે. ધોરણો સાર્વત્રિક છે.
2. ધોરણો વ્યક્તિની વ્યક્તિ સાથે, વ્યક્તિની સમૂહ સાથે અને સમૂહની સમૂહ સાથેની વર્તણૂક નક્કી કરે છે.
3. ધોરણોને આધારે સમાજ તથા સમૂહનો વ્યવહાર ચાલે છે. સામાજિક આંતરક્રિયા સામાજિક ધોરણો પર આધારિત હોય છે.
4. સામાજિક ધોરણો સમાજ દ્વારા નિશ્ચિત થયા હોય છે. સામાજિક ધોરણો સમાજમાન્ય કે સમાજસ્વીકૃત હોવાં જોઈએ. સમાજને સ્વીકાર્ય ન હોય તેવા ધોરણો અર્થહીન છે.
5. ધોરણોને સમાજનું પીઠબળ કે અંકુશ હોય છે. વ્યક્તિ ધોરણ આત્મસાત્ કરે તે માટે આગ્રહ રાખવામાં આવે છે અને જો તે ધોરણનો ભંગ કરે તો તે માટે સજાની જોગવાઈ હોય છે.

આમ, આ વિશેષતાઓ પરથી આપણે એમ કહી શકીએ કે સામાજિક વ્યવસ્થાની જાળવણીમાં સામાજિક ધોરણોનું અનન્ય મહત્ત્વ છે. સામાજિક નિયંત્રણ માટે સામાજિક ધોરણો અનિવાર્ય છે. સામાજિક નિયંત્રણને કારણે જ સમાજમાં વ્યવસ્થા, સુગ્રથન અને સાતત્ય જળવાય છે.

બીજા શબ્દોમાં એમ કહી શકાય કે સામાજિક ધોરણો એ સમૂહની અપેક્ષિત અપેક્ષાઓ છે. સમૂહ પોતાના સભ્યોનું વર્તન કેવું હોવું જોઈએ તે નક્કી કરે છે. વર્તનના આ માપદંડ નક્કી કરવામાં સમાજ કે સમૂહનું હિત કેન્દ્રસ્થાને હોય છે. સમાજમાં વિવિધ સામાજિક પરિસ્થિતિ માટે વિવિધ અપેક્ષાઓ વ્યક્તિ પાસે રાખવામાં આવે છે અને તેથી અપેક્ષિત વર્તણૂકને સામાજિક પરિસ્થિતિ સાથે જોડી દેવામાં આવે છે. દા.ત. સ્મશાનયાત્રામાં જોડાતી વ્યક્તિઓ પાસે અમુક પ્રકારની શિસ્ત તથા ગંભીરતાની અપેક્ષા રાખવામાં આવે છે.

ડેવિસના મતે દરેક સમાજમાં બે પ્રકારની સ્થિતિ જોવા મળે છે. એકબાજુ ધોરણાત્મક વ્યવસ્થા અને બીજી બાજુ વાસ્તવિક વ્યવસ્થા હોય છે. ધોરણાત્મક વ્યવસ્થા સમાજ શું ઈચ્છે છે, શું અપેક્ષા રાખે છે તે દર્શાવે છે. સમાજનો આદર્શ કે ધ્યેય શું છે અને સમાજમાં કેવી વ્યવસ્થા હોવી જોઈએ તેનો ખ્યાલ આ ધોરણાત્મક વ્યવસ્થામાંથી પ્રાપ્ત થાય છે. જ્યારે વાસ્તવિક વ્યવસ્થા સમાજની વાસ્તવિક્તાનું ચિત્ર રજૂ કરે છે. સમાજમાં વર્તમાન સંજોગોમાં કેવી રીતે વ્યવહાર ચાલે છે તેનું યથાતથ વર્ણન તેમાં જોવા મળે છે. આ બંને વ્યવસ્થાનું સ્વરૂપ જેમ એકસરખું હોતું નથી તેમ તદ્દન ભિન્ન પણ હોતું નથી. ઘણીવાર એવું બને છે કે ધોરણાત્મક વ્યવસ્થા જ વાસ્તવિક વ્યવસ્થા નક્કી કરી આપે છે તો વાસ્તવિક વ્યવસ્થા ધોરણાત્મક રચનાને અસર કરે છે. આમ બંને પ્રકારની વ્યવસ્થા એકબીજાં પર અસર નિપજાવતી હોવા છતાં એમ કહી શકાય કે ધોરણાત્મક વ્યવસ્થા જ માનવસમાજની વાસ્તવિક વ્યવસ્થાને શક્ય બનાવે છે.

વળી, સામાજિક ધોરણો સાથે વ્યક્તિની ફરજનું તત્ત્વ પણ જોડાયેલું છે. વિવિધ પરિસ્થિતિમાં સમૂહના સભ્યો સામાજિક ધોરણો અનુરૂપ વર્તનને પોતાની ફરજનો ભાગ સમજતા હોય છે. દા.ત. માતા-પિતાને પગે લાગવાના ધોરણને સંતાનો પોતાની ફરજ સમજે છે. સામાજિક ધોરણોને લોકો અનુમિત આપે છે તેનું મુખ્ય કારણ એ છે કે તેમાં ફરજનું તત્ત્વ સમાયેલું છે.

સામાજિક ધોરણમાં પ્રતિકારનું તત્ત્વ પણ રહેલું છે. જો વ્યક્તિને યોગ્ય ન લાગે તો તે સામાજિક ધોરણોનો વિરોધ પણ કરી શકે છે. ખાસ કરીને લોકશાહી સમાજરચનામાં આવું શક્ય બને છે. ઘણીવાર વ્યક્તિ સમાજના ધોરણોને મૂંગે મોઢે સ્વીકારી લે એ તેને તેના વ્યક્તિસ્વાતંત્ર્યને ગળે ટૂંપો દેવા જેવું લાગે છે. કેટલાંક કિસ્સાઓમાં તો એવું પણ બને કે વ્યક્તિનો અંતરાત્મા ન સ્વીકારે ત્યાં સુધી તે ધોરણોને ન પણ અનુસરે. આવી પરિસ્થિતિમાં સમાજમાં સામાજિક ધોરણોના વિકલ્પ પણ હોય છે. દરેક સંસ્કૃતિ સામાજિક ધોરણોના વિકલ્પો રજૂ કરે છે અને તેમાંથી ધોરણોની પસંદગી કરીને વર્તન કરવાની સમાજના સભ્યોને સ્વતંત્રતા પણ હોય છે.

વળી, બધા જ સામાજિક ધોરણો સમાન મહત્ત્વ ધરાવતા હોતા નથી. સમાજમાં કેટલાંક ધોરણો ખૂબ જ મહત્ત્વના તો કેટલાંક ધોરણ ઓછા મહત્ત્વના હોય છે. જો કે વ્યક્તિ તમામ પ્રકારના ધોરણો મુજબ વર્તન કરે તેવી અપેક્ષા રાખે છે અને ધોરણભંગ બદલ દંડની જોગવાઈ પણ કરે છે. આમ, છતાં સમૂહના તમામ સભ્યો ધોરણ અનુરૂપ વર્તન કરશે જ તેની ખાતરી આપી શકાય નહીં. સામાજિક ધોરણો એ સામાજિક સ્થિરતા અને સુવ્યવસ્થાનો આધાર હોવા છતાં ઘણીવાર સમાજમાં ધોરણભંગ

વર્તન જોવા મળતા હોય છે.

સામાજિક ધોરણોના સંદર્ભમાં એક બાબત મહત્ત્વની એ છે કે જે ધોરણોનું હંમેશાં પાલન થાય એ ધોરણો સારા અને જે ધોરણોનું પાલન ન થાય એ ધોરણો ખરાબ એવું માની લેવાની જરૂર નથી. ઘણીવાર તો એવું પણ બને કે સમાજમાં વર્ષોથી રૂઢ થઈ ગયેલા જડ ખ્યાલો કે અંધશ્રદ્ધા દૂર કરવા અને નવા મૂલ્યોને પ્રસ્થાપિત કરવા માટે ધોરણભંગ વર્તન અનિવાર્ય બની જાય છે. આવું ધોરણભંગ વર્તન સમાજમાં પરિવર્તન નિપજાવે છે.

## 2.8 સામાજિક ધોરણોના કાર્યો :

સામાજિક ધોરણો સાર્વત્રિક છે એ જ એનું મહત્ત્વ દર્શાવે છે. વિશ્વના વિકસિત અને અવિકસિત એવા સર્વ સમાજની વ્યવસ્થાના પાયામાં સામાજિક ધોરણો છે. આમ, સામાજિક ધોરણોનું કાર્યાત્મક મહત્ત્વ છે. અહીં સામાજિક ધોરણોના કાર્યોની સમજ મેળવીને આપણે સામાજિક ધોરણની વિભાવનાને વધુ સ્પષ્ટ કરીએ.

1. સામાજિક ધોરણો વ્યક્તિની વર્તણૂંક નક્કી કરે છે. વ્યક્તિ સમાજની સભ્ય છે. સમાજના સભ્ય તરીકે અન્ય સભ્યો સાથેનું તેનું વર્તન કેવું હોવું જોઈએ તે સામાજિક ધોરણો નક્કી કરે છે. વ્યક્તિ સ્વચ્છંદી બનીને પોતાના મનમાં આવે તે રીતે વર્તન કરી શકતી નથી. સામાજિક ધોરણો પ્રમાણેનું વર્તન કરવાનું તેને સામાજીકરણ દ્વારા શીખવવામાં આવે છે.

2. સામાજિક ધોરણોના આધારે જ વ્યક્તિઓ તથા સમૂહો વચ્ચેની આંતરક્રિયા ગોઠવાય છે. કોઈ પણ સમાજનો વ્યવહાર સભ્યોની આંતરક્રિયાઓ પર અવલંબે છે. પરંતુ આ આંતરક્રિયા ગમે તે રીતે થઈ શકે નહીં. એ માટે સમાજે નિર્ધારિત કરેલા ધોરણો પ્રમાણે જ તે ગોઠવાય છે. આ રીતે સમાજનો સમગ્ર વ્યવહાર સામાજિક ધોરણો દ્વારા નિર્ધારિત થાય છે.

3. સામાજિક ધોરણો દ્વારા સમાજના સભ્યોની વર્તણૂંક માપી શકાય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે સામાજિક ધોરણો એ સભ્યોની વર્તણૂંક માપવાનો માપદંડ છે. કોઈ એક વ્યક્તિનું અન્ય વ્યક્તિ તરફનું વલણ અથવા વર્તન યોગ્ય છે કે અયોગ્ય એ માત્ર સામાજિક ધોરણો દ્વારા નક્કી થાય છે. સામાજિક ધોરણો વ્યક્તિને અમુક વર્તન કરવાનું અને અમુક વર્તન ન કરવાનું સૂચવે છે. આવા સૂચનોથી વિમુખ થનાર વ્યક્તિનું વર્તન કેવું છે એ સામાજિક ધોરણો દ્વારા જ જાણી શકાય છે.

4. સામાજિક ધોરણો સમાજમાં ધોરણાત્મક વ્યવસ્થા ગોઠવે છે. જેને પરિણામે સમગ્ર સમાજનો વ્યવહાર ગોઠવાય છે. સામાજિક ધોરણોને કારણે જ સમાજમાં વ્યક્તિ-વ્યક્તિ, વ્યક્તિ-સમૂહ અને સમૂહ-સમૂહ વચ્ચેનો સંઘર્ષ નિવારી કે ઘટાડી શકાય છે.

5. સામાજિક ધોરણને આધારે ગોઠવાયેલ ધોરણાત્મક વ્યવસ્થાને પરિણામે વ્યક્તિઓ ધોરણઅનુરૂપ વર્તન કરે છે. સમાજમાં ધોરણ અનુરૂપ વર્તનનું પ્રમાણ જેટલું વધું તેટલું સમાજમાં વ્યવસ્થા અને સંવાદિતાનું પ્રમાણ પણ વધુ. આવા સમાજમાં સુગ્રથન પણ વધુ હોય છે. વ્યવસ્થાની જાળવણી અને સંવાદિતા વિના કોઈ પણ સમાજ લાંબો સમય ટકી શકે નહીં કે તેનો વિકાસ થઈ શકે નહીં.

6. સામાજિક ધોરણો સર્વ સમાજોમાં હોવા છતાં તમામ સમાજોમાં તેનું સ્વરૂપ સમાન હોતું નથી. જે તે સમાજની પરિસ્થિત અને સંસ્કૃતિ પ્રમાણે તે સમાજના સામાજિક ધોરણો રચાય છે. સમૂહ-સમૂહ અને સમાજ-સમાજ વચ્ચેની ભિન્નતાનો પરિચય આપણને જે તે સમાજના ધોરણો પરથી મળે છે.

7. એક જ સમૂહના સામાજિક ધોરણો સમાન હોવાથી તેમના સભ્યોની વર્તણૂંકમાં પણ સમાનતા જોવા મળે છે. એટલે કે એમ કહી શકાય કે સામાજિક ધોરણો સમૂહના સભ્યોને સમાન વર્તન કરવાની તક પૂરી પાડે છે. સામાજિક ધોરણોને કારણે સમૂહની ઓળખ શક્ય બને છે. સામાજિક ધોરણોને કારણે જ સમૂહમાં સમાનતાની ભાવના જોવા મળે છે.

આમ સામાજિક ધોરણો વ્યક્તિ, સમૂહ અને સમાજને લગતા અનેક કાર્યો કરે છે. સામાજિક ધોરણોના આ કાર્યોને કારણે જ સમાજની વ્યવસ્થા જળવાય છે અને સુગ્રથન શક્ય બને છે.

## 2.9 સામાજિક ધોરણોનું મહત્ત્વ :

**1. સામાજિક વ્યવસ્થાની સમજ મેળવવા માટે સામાજિક ધોરણો મહત્ત્વના છે :**

કોઈ પણ સમાજવ્યવસ્થાના અભ્યાસમાં સામાજિક ધોરણોની ભૂમિકા મહત્ત્વની હોય છે. સમાજ કે સમાજવ્યવસ્થા અંગેની માહિતી જે તે સમાજની ધોરણાત્મક વ્યવસ્થા પરથી જ પ્રાપ્ત થાય છે. વળી, આ ધોરણાત્મક વ્યવસ્થામાં જે તે સમાજની સંસ્કૃતિનું પ્રતિબિંબ પડે છે. દા.ત. પાશ્ચાત્ય સમાજ અને ભારતીય સમાજમાં છૂટાછેડાના ધોરણો પરથી બંનેની સંસ્કૃતિનો પરિચય પ્રાપ્ત થાય છે.

**2. સામાજિક ધોરણો વ્યક્તિ, સમૂહ અને સમાજ માટે અનિવાર્ય છે :**

સામાજિક ધોરણો નાના નાના સમૂહોથી માંડીને સમગ્ર સમાજ માટે અનિવાર્ય છે. સમાજના સભ્યો તરીકે વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સંબંધો આ ધોરણોને આધારે ગોઠવાય છે. ધોરણોને આધારે જ વ્યક્તિની વર્તણૂક માટેની આગાહી કરી શકાય છે. ધોરણો સભ્યોને આદર્શ પૂરા પાડે છે, જેથી વ્યક્તિ અપેક્ષિત વર્તણૂક કરે છે. તેવી જ રીતે સમૂહ સમૂહ વચ્ચેના સંબંધો ચોક્કસ સ્વરૂપના રહે તે માટે ધોરણો અનિવાર્ય છે.

**3. સમાજમાં સુગ્રથનની સ્થિતિ જાણવા માટે સામાજિક ધોરણોનો અભ્યાસ જરૂરી છે :**

સમાજની સ્થિરતા અને વ્યવસ્થાનો આધાર ધોરણ અનુરૂપ વર્તન પર છે. સામાજિક ધોરણો વિનાના સમાજની કલ્પના કરવી મુશ્કેલ છે. જો સમાજમાં ધોરણો જ ન હોય તો અરાજકતા અને અંધાધૂંધીની સ્થિતિ ઊભી થાય. આથી એમ કહી શકાય કે સમાજમાં એકતા અને સંવાદિતા ટકી રહે, સુગ્રથન જળવાય તે માટે સામાજિક ધોરણોનો અભ્યાસ મહત્ત્વનો છે.

## 2.10 સંસ્કૃતિ :

સામાજિક વ્યવસ્થા સાથે સંકળાયેલું ત્રીજું ઘટક છે – સંસ્કૃતિ. સામાજિક વ્યવસ્થાની સમજ મેળવવા માટે સંસ્કૃતિની સમજ મેળવવી પણ એટલી જ આવશ્યક છે.

માનવ સભ્યતા અને સામાજિક સંરચનાનાં વિકાસનું પ્રતિબિંબ સંસ્કૃતિ છે. જે તે દેશ-પ્રદેશ કે ભાષાનું સાહિત્ય પોતાની સંસ્કૃતિનું દર્પણ બને છે. સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર જેવા સમાજવિજ્ઞાનોમાં સંસ્કૃતિની વૈજ્ઞાનિક સમજ મેળવવા માટે ઘણા અભ્યાસો થયા છે. સર્વનો સાર એક જ છે કે માનવી, માનવ છે કારણ કે તેની પાસે સંસ્કૃતિ છે. કિંગ્સલે ડેવિસ 'Human Society' ગ્રંથમાં લખે છે કે, 'જો કોઈ એક જ કારણ માનવીને અનોખો સાબિત કરતું હોય તો એ કારણ છે સંસ્કૃતિ.' તો એમ. હરલોમ્બસ નામના વિદ્વાન 'Sociology, Themes and Perspectives' નામના ગ્રંથમાં લખે છે કે, 'સંસ્કૃતિ વિના માનવસમાજનું નિર્માણ અસંભવિત હતું.' માનવીનું જીવન, તેની રહેણીકરણી અને વિચારધારા તેની સંસ્કૃતિનું જ પરિણામ છે. જેવી સંસ્કૃતિ એવો માનવસમાજ. સંસ્કૃતિ માનવસમાજની જ પેદાશ છે. માનવસમાજ પોતાની આ સાંસ્કૃતિક વિશેષતાને કારણે જ પ્રાણીસમાજ કરતાં અલગ તરી આવે છે. સંસ્કૃતિનો સંબંધ માનવજીવનના અનેકવિધ પાસાંઓ સાથે છે એટલે તેનેકોઈ એક વ્યાખ્યા દ્વારા તેના અર્થને સમજાવી શકાય નહીં.એમ છતાં અહીં સંસ્કૃતિની કેટલીક વ્યાખ્યાઓ દ્વારા સંસ્કૃતિના અર્થને સમજીએ.

## 2.11 સંસ્કૃતિનો અર્થ અને લાક્ષણિક્તાઓ :

'સંસ્કૃતિ' શબ્દની વ્યુત્પત્તિ 'સંસ્કૃત' શબ્દ પરથી થઈ છે. 'સંસ્કૃતિ' અને 'સંસ્કૃત' બંને શબ્દ 'સંસ્કાર' શબ્દ પરથી રચાયા છે. અહીં સંસ્કૃતિ વિશે કેટલાંક વિદ્વાનોએ આપેલી વ્યાખ્યા પરથી તેના અર્થને સમજીએ.

ઈ. બી. ટાયલર 'Primitive Culture'માં સંસ્કૃતિનો અર્થ સમજાવતા લખે છે કે, 'સંસ્કૃતિ એ એવો જટિલ સમગ્ર છે કે જેમાં જ્ઞાન, વિશ્વાસ, કળા, નીતિ, કાયદો, રિવાજ અને આવી જ અન્ય ક્ષમતાઓ અને આદતોનો સમાવેશ થાય છે જેને મનુષ્ય સમાજના એક સભ્ય હોવાના કારણે પ્રાપ્ત કરે છે.'

પ્રખ્યાત માનવશાસ્ત્રી **મેલિનોવસ્કી** 'A Scientific Theory of Culture'માં સંસ્કૃતિનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે 'સંસ્કૃતિ એ માનવસર્જિત રચના છે અને તે એવું સાધન છે કે જેના દ્વારા માનવી

પોતાની સાધ્ય વસ્તુઓ મેળવે છે. દુનિયાની જે ભૌતિક અને અભૌતિક વસ્તુઓ છે તે બધી જ માનવસર્જિત છે અને આ ભૌતિક અને અભૌતિક બાબતોનો જથ્થો એટલે જ સંસ્કૃતિ.'

**હર્સકોવિટ્સ** 'Man and His Works'માં લખે છે કે 'સંસ્કૃતિ પર્યાવરણનો માનવનિર્મિત ભાગ છે.'

માનવશાસ્ત્રીઓના મતે સંસ્કૃતિ એટલે સામાજિક માનવીએ કરેલું સમગ્ર સર્જન. આ સર્જન જન્મદત્ત નથી હોતું કે આનુવંશિક તત્ત્વ દ્વારા વારસામાં પણ નથી મળતું, પરંતુ આ સર્જન સામાજિક જીવન જીવતા મનુષ્ય દ્વારા થયું હોય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે સંસ્કૃતિ એટલે માનવીને મળેલો સામાજિક વારસો. માનવશાસ્ત્રીઓ સામાજિક વારસામાં ત્રણ તત્ત્વોનો સમાવેશ કરે છે – (1) ભૌતિક સર્જન (2) સંસ્થાકીય સર્જન અને (3) બૌદ્ધિક સર્જન. જ્યારે સમાજશાસ્ત્રીઓ સામાજિક વારસાને બે ભાગમાં વિભાજિત કરે છે - ભૌતિક સર્જન અને અભૌતિક સર્જન. ભૌતિક સર્જનમાં વાહનવ્યવહારના સાધનો, મકાનો, નહેરો, રસ્તાઓ વગેરેનો સમાવેશ થાય છે જ્યારે અભૌતિક સર્જનમાં ભાષા, વિચાર, રિવાજ,માન્યતા, ટેવો વગેરેનો સમાવેશ થાય છે.

સંસ્કૃતિની ઉપરોક્ત વ્યાખ્યાઓના આધારે આપણે સંસ્કૃતિની લાક્ષણિક્તાઓ નીચે મુજબ દર્શાવી શકીએ.

**સંસ્કૃતિના લક્ષણો :**

**1. સામાજિક વારસો :**

સંસ્કૃતિની સૌ પ્રથમ અને મહત્ત્વની લાક્ષણિક્તા એ છે કે તે સામાજિક વારસાના સ્વરૂપમાં ટકે છે. સામાજિક વારસામાં ભૌતિક અને અભૌતિક બંને બાબતોનો સમાવેશ થાય છે અને આ વારસો એક પેઢીમાંથી બીજી પેઢીમાં હસ્તાંતરિત થાય છે. સમાજના સભ્ય તરીકે આજે આપણી પાસે જે છે અને જેનો આપણે રોજિંદા જીવનવ્યવહારમાં ઉપયોગ કરીએ છીએ તે તમામ બાબતો સંસ્કૃતિ સાથે સંકળાયેલી છે. ઉદાહરણ તરીકે સાહિત્ય, ભાષા, લગ્નપ્રથા, કુટુંબપ્રથા વગેરે આપણને આપણી અગાઉની પેઢી તરફથી વારસામાં પ્રાપ્ત થયેલ છે. વળી, સંસ્કૃતિનો પ્રવાહ સતત વહ્યા જ કરે છે. આપણે જે સામાજિક વારસો પ્રાપ્ત કરીએ છીએ તેમાં ઉમેરો પણ કરી શકાય છે. આ સામાજિક વારસો આપણી રાષ્ટ્રીય મૂડી છે. અત્રે એક બાબત ખાસ નોંધવી જોઈએ કે ગમે તેવા સામાજિક પરિવર્તનના વાવાઝોડામાં પણ સંસ્કૃતિના અમુક લક્ષણો તો ટકી રહે છે.

**2. શીખેલી વર્તણૂક :**

સમાજના સભ્ય તરીકે માનવીને બે વારસા પ્રાપ્ત થાય છે – જૈવિક વારસો અને સામાજિક વારસો. જૈવિક વારસો જન્મદત્ત અને આનુવંશિક છે. તેમાં ફેરફારને બહુ અવકાશ રહેતો નથી. જ્યારે સામાજિક વારસો જૈવિક વારસાની જેમ આપોઆપ મળતો નથી. તે સમાજના વાતાવરણમાંથી જ વ્યક્તિને મળે છે. સમાજના સભ્ય તરીકે અન્ય વ્યક્તિ સાથે કેવી રીતે વર્તવું, કેવી રીતે બોલવું વગેરે બાબતો તેણે શીખવી પડે છે. સમાજના સભ્યોને સામાજીકરણની પ્રક્રિયા દ્વારા આ બધી બાબતો શીખવાની તાલીમ પ્રાપ્ત થાય છે. આમ, આપણે કહી શકીએ કે સંસ્કૃતિ શીખેલી વર્તણૂક છે, તે જૈવિક વારસાની જેમ સીધેસીધી જ પ્રાપ્ત થતી નથી.

**3. સંસ્કૃતિની પ્રેષણા :**

વિશ્વનો દરેક સમાજ આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવે છે. આમ છતાં ભાગ્યે જ કોઈ સંસ્કૃતિ સંપૂર્ણપણે માત્ર પોતાના જ તત્ત્વોથી સભર હોય છે. એક સંસ્કૃતિ પર અનેક સંસ્કૃતિની અસર કે તેનો પ્રભાવ જોઈ શકાય છે અને આ અસર કે પ્રભાવના તત્ત્વને જ સંસ્કૃતિની પ્રેષણા કહેવામાં આવે છે.

**4. સંસ્કૃતિ માનવજરૂરિયાતોને સંતોષે છે :**

સમાજના સભ્ય તરીકે માનવીની અનેક શારીરિક,માનસિક અને સામાજિક જરૂરિયાતો હોય છે. મૂળભૂત રીતે જોઈએ તો સંસ્કૃતિનું નિર્માણ જ માનવીએ પોતાની જરૂરિયાતોના સંતોષ માટે કર્યું છે. **રેડક્લિફ બ્રાઉન** અને **મેલિનોવસ્કી** જેવા માનવશાસ્ત્રીઓના મતે સંસ્કૃતિનું કોઈ તત્ત્વ નકામું હોતું નથી, પરંતુ તે કોઈને કોઈ જરૂરિયાતોના સંતોષ માટે અવશ્ય મહત્ત્વનું છે.

5. **સંસ્કૃતિ સમૂહના સભ્યો માટે આદર્શ હોય છે :**

કોઈ પણ સમૂહના સભ્યો માટે તેની સંસ્કૃતિ આદર્શ સંસ્કૃતિ હોય છે. જુદાં જુદાં રાષ્ટ્રોની બે વ્યક્તિઓ વચ્ચેની આંતરક્રિયામાં આ તથ્યને જાણી શકાય છે. જ્યારે જુદી જુદી બે સંસ્કૃતિઓની તુલના કરવામાં આવે ત્યારે પણ વ્યક્તિ પોતાની સંસ્કૃતિ અને સંસ્કૃતિના તત્ત્વોને અન્ય સંસ્કૃતિ કરતા ચઢિયાતી અને આદર્શ છે એવું દર્શાવવાનો પ્રયાસ કરે છે. આમ, સંસ્કૃતિના તત્ત્વો સમૂહના સભ્યો માટે આદર્શ હોય છે.

## 2.12 સાંસ્કૃતિક વ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થા - એક સિક્કાની બે બાજુઓ :

સામાજિક વ્યવસ્થા અને સાંસ્કૃતિક વ્યવસ્થા એકબીજાં સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. ધર્મ, પ્રથા, પરંપરા, રિવાજ, સામાજિક મૂલ્યો, આદર્શો, ભાષા, સાહિત્ય વગેરેના સંગઠિત જથ્થાને સાંસ્કૃતિક વ્યવસ્થા તરીકે ઓળખવામાં આવે છે અને આ બધાનો પ્રભાવ વ્યક્તિના વ્યક્તિત્વ પર હોય છે. પાર્સન્સના મતે વિશ્વાસો અને વિચારો સાંસ્કૃતિક વ્યવસ્થામાં કેન્દ્રસ્થાને હોય છે. આ વિશ્વાસો અને વિચારોને લાંબા સમય સુધી ટકાવી રાખવા તથા તેનો એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં અને એક સામાજિક વ્યવસ્થામાંથી બીજી સામાજિક વ્યવસ્થામાં પ્રસાર કરવો તે સાંસ્કૃતિક વ્યવસ્થાનું મહત્ત્વપૂર્ણ કાર્ય છે.

સાંસ્કૃતિક વ્યવસ્થાનું મુખ્ય કાર્ય સમાજમાં આદર્શ સામાજિક વ્યવસ્થાનું નિર્માણ કરવાનું છે. સાંસ્કૃતિક મૂલ્યોની ઢબ સમાજમાં આવી આદર્શ વ્યવસ્થાને સ્થાપિત કરવામાં સામાજિક અને સાંસ્કૃતિક વ્યવસ્થા વચ્ચે જોડતી કડી સમાન છે. આ રીતે સામાજિક વ્યવસ્થા અને સાંસ્કૃતિક વ્યવસ્થા વચ્ચે ગાઢ સંબંધ છે. વળી, સામાજિક ધ્યેયોની રચના અને તેની દિશા પણ સાંસ્કૃતિક વ્યવસ્થા પર આધારિત છે. આ ઉપરાંત સામાજિક વ્યવસ્થામાં જ એ સાધનો અને સંસ્થાકીય રીતો ઉપલબ્ધ છે કે જેના માધ્યમથી સામાજિક ધ્યેયો પ્રાપ્ત કરી શકાય છે. આમ, એમ કહી શકાય કે સાંસ્કૃતિક વ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થા એ બંને એક સિક્કાની બે બાજુઓ છે.

## 2.13 સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા :

દરજ્જો અને ભૂમિકા એ સામાજિક વ્યવસ્થાના મહત્ત્વપૂર્ણ ઘટકો છે. અહીં બંનેના અર્થ અને તેની વિશેષતાઓનો પરિચય મેળવીએ.

સમાજમાં જ્યારે વ્યક્તિ એકબીજાં સાથે આંતરક્રિયા કરે છે ત્યારે તેનો અન્ય વ્યક્તિ સાથેનો સામાજિક વ્યવહાર અને તેનું વર્તન કેટલાંક સામાજિક ધોરણો મુજબ થાય છે. વ્યક્તિ રોજબરોજ જુદી જુદી અનેક વ્યક્તિઓના સંપર્કમાં આવે છે, પરંતુ આ તમામ લોકો સાથે તેનો વર્તન-વ્યવહાર સમાન હોતો નથી. વ્યક્તિ પોતાના માતા-પિતા, ભાઈ-બહેન, શિક્ષક, પાડોશી, દુકાનદાર, મિત્રો એવા અનેક વ્યક્તિઓ સાથે સંપર્કમાં આવે છે પરંતુ તે તમામ સાથે તેનું વર્તન સમાન હોતું નથી. માતા-પિતા સાથે જેવું વર્તન હોય છે એવું વર્તન મિત્ર સાથે હોતું નથી, તો ઑફિસમાં જેવું વર્તન અન્ય કર્મચારીઓ સાથે હોય છે એવું વર્તન પરિવારના સભ્યો સાથેનું હોતું નથી. આમ, વ્યક્તિના અન્ય વ્યક્તિ સાથે વર્તન અંગેના કેટલાંક પૂર્વનિર્ધારિત માપદંડ હોય છે, જે મુજબ વ્યક્તિનો વર્તનવ્યવહાર થાય છે. વળી, સમાજમાં વ્યવસ્થાનું નિર્માણ પણ ત્યારે જ શક્ય બને કે જ્યારે સમાજની અપેક્ષા મુજબ જુદી જુદી લાયકાત અને યોગ્યતા ધરાવતા વ્યક્તિઓ પોતાના સ્થાનને આધારે કાર્ય કરે અને પોતાની સામાજિક જવાબદારી અદા કરે. આમ, સમાજમાં પ્રત્યેક વ્યક્તિનું એક ચોક્કસ સ્થાન હોય છે અને તે મુજબ જે તે વ્યક્તિ પોતાની ફરજ અદા કરતી હોય છે. સમાજશાસ્ત્રીય પરિભાષામાં સમાજમાં વ્યક્તિના આવા ચોક્કસ સ્થાનને 'સામાજિક દરજ્જો' અને એ સામાજિક દરજ્જાને આધારે વ્યક્તિ જે ફરજ અદા કરે છે તેને 'સામાજિક ભૂમિકા' તરીકે ઓળખવામાં આવે છે.

## 2.14 સામાજિક દરજ્જાનો અર્થ અને તેના પ્રકારો

**રાલ્ફ લિંટન** 'The Culutrual Background of Personality' નામના પુસ્તકમાં દરજ્જાનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે, 'કોઈ વ્યવસ્થા વિશેષમાં કે કોઈ સમય વિશેષમાં એક વ્યક્તિને જે સ્થાન પ્રાપ્ત થાય છે તે જ તે વ્યવસ્થા કે સમયના સંદર્ભમાં તે વ્યક્તિનો દરજ્જો છે.'

**ઓગબર્ન અને નિમ્કોફ** 'A Handbook of Sociology'માં દરજ્જાની સમજૂતી આપતા લખે છે કે, 'દરજ્જાની સૌથી સરળ પરિભાષા એ છે કે તે સમૂહમાં વ્યક્તિના સ્થાનનું પ્રતિનિધિત્વ કરે છે.'

**કિમ્બોલ યંગ** 'A Handbook of Psychology'માં દરજ્જાને સમજાવતા લખે છે કે, 'Status means relative poison rank, or Standing of a person in a group, or of a group in reference to Some other group or group'.

આમ, સામાજિક દરજ્જો એટલે વ્યક્તિનું સમૂહમાં કે સમાજમાં સ્થાન. માનવી પોતાના જીવન દરમ્યાન અનેક સમૂહોનો સભ્ય હોય છે એટલે કે તે એકસાથે અનેક સ્થાન ધરાવતો હોય છે. દા.ત. એક જ વ્યક્તિ પરિવારમાં પતિ, પિતા, પુત્રનો કે ઓફિસમાં અધિકારી કે કર્મચારી તરીકેનો દરજ્જા ધરાવતો હોય છે.

સમાજશાસ્ત્રી જહોન્સનના મતે દરજ્જામાં ચાર બાબતો મહત્ત્વની છે.

1. વ્યક્તિ અન્ય વ્યક્તિઓ પર અમુક પ્રકારે અમુક કક્ષાની સત્તા ભોગવે છે.
2. વ્યક્તિને તેણે અદા કરેલ ભૂમિકાનું વળતર મેળવવાનો અધિકાર છે.
3. વ્યક્તિને અમુક દરજ્જા પ્રમાણે વિશેષાધિકારો મળે છે.
4. વ્યક્તિને દરજ્જા પ્રમાણે પ્રતિષ્ઠા અને માન-સન્માન મળે છે.

**સામાજિક દરજ્જાના પ્રકાર :**

**રાલ્ફ લિંટન** દરજ્જાના બે પ્રકાર વર્ણવે છે – એક સમાજે વ્યક્તિને જે દરજ્જો આપ્યો છે તે અને બીજો વ્યક્તિ પ્રયત્નપૂર્વક જે દરજ્જો પ્રાપ્ત કરે છે તે. આ દરજ્જાઓને આપણે અનુક્રમે અર્પિત દરજ્જો અને પ્રાપ્ત દરજ્જો એ રીતે ઓળખી શકીએ. અહીં સવાલ એ ઉપસ્થિત થાય કે જો દરજ્જાના પ્રકાર છે તો ભૂમિકાના પ્રકાર કેમ નહીં હોય ? આ સવાલના જવાબમાં એમ કહી શકાય કે દરજ્જાના પ્રકારમાં જ ભૂમિકાના પ્રકાર ગર્ભિત રીતે સમાવિષ્ટ થઈ જાય છે તેથી ભૂમિકાના અલગ પ્રકારની કોઈ ચર્ચા કરવામાં આવી નથી. અહીં લિંટને આપેલા વર્ગીકરણ પરથી સામાજિક દરજ્જાના પ્રકારને સમજીએ.

**સામાજિક દરજ્જો**

**અર્પિત દરજ્જો** | **પ્રાપ્ત દરજ્જો**

**1. અર્પિત દરજ્જો :**

અર્પિત દરજ્જો એટલે એવો દરજ્જો કે જે મેળવવા માટે વ્યક્તિએ ખાસ પ્રયત્ન કે મહેનત કરવી પડતી નથી. આ દરજ્જો વ્યક્તિને જન્મથી જ પ્રાપ્ત થાય છે. દા.ત. બ્રાહ્મણ પરિવારમાં જન્મેલું બાળક જન્મથી જ બ્રાહ્મણ હોય છે, તેને બ્રાહ્મણ બનવા માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. આમ, વ્યક્તિની જ્ઞાતિ, જાતિ, રાષ્ટ્રીયતા, ઉંમર, ધર્મ વગેરે તેના અર્પિત દરજ્જા છે. અહીં અર્પિત દરજ્જો નક્કી કરનારા કેટલાંક પરિબળોને સમજીએ.

**(અ) લિંગ :**

વ્યક્તિની જાતિ એટલે કે તે સ્ત્રી છે કે પુરુષ તે બાબત જન્મથી નિશ્ચિત હોય છે. જાતિની પસંદગી કરવાનું કાર્ય વ્યક્તિના હાથમાં નથી. વળી, સમાજમાં લિંગભેદને આધારે જ સામાજિક દરજ્જો નિર્ધારિત થવાની પ્રક્રિયા માનવજીવનના આરંભકાળથી જ જોવા મળે છે. જો કે આધુનિક સમાજમાં લિંગપરિવર્તનના ઘણા બનાવો પ્રકાશમાં આવ્યા છે. પરંતુ બહુધા વ્યક્તિની લિંગ જન્મથી જ નક્કી થઈ જતી હોય છે અને તેના આધારે તેનો સામાજિક દરજ્જો નિર્ધારિત થાય છે, જે અર્પિત દરજ્જાનું નિર્ણાયક અને મહત્ત્વનું પરિબળ છે.

**(બ) ઉંમર :**

અર્પિત દરજ્જાનું બીજું નિર્ણાયક પરિબળ છે – ઉંમર. લિંગના પ્રમાણમાં ઉંમરનું પરિબળ પરિવર્તનશીલ છે અને એટલા માટે જ ઉંમરના જુદાં જુદાં પડાવ પર વ્યક્તિને જુદાં જુદાં દરજ્જા પ્રાપ્ત થાય છે. ઉંમરના પ્રત્યેક પડાવે વ્યક્તિએ જુદી જુદી જવાબદારીઓ નિભાવવાની હોય છે. દા.ત. બાળક કરતા યુવાન અવસ્થામાં જવાબદારી વધુ હોય છે. એવી જ રીતે લગ્ન માટે યુવાનો અને યુવતીઓ માટે જુદી જુદી લગ્નવય નક્કી કરવામાં આવી છે. લુન્ડબર્ગ નામના વિદ્વાનના મતે ઉંમરના આધારે સામાજિક દરજ્જો નક્કી કરવામાં જૈવિક કારણો કરતા

સાંસ્કૃતિક કારણો વધુ મહત્ત્વના છે. જેમ કે પિતૃસત્તાક કુટુંબમાં મોટા ભાઈનો દરજ્જો નાના ભાઈ કરતા ઊંચો ગણાય છે અને એટલા માટે જ નાના ભાઈની પત્ની મોટા ભાઈની પત્ની કરતાં ઉંમરમાં મોટી હોવા છતાં તેનો દરજ્જો નીચો ગણાય છે. આની પાછળનું કારણ એ છે કે આપણી સામાજિક વ્યવસ્થામાં પરિવારમાં સ્ત્રીઓનો દરજ્જો તેની ઉંમરના આધારે નહીં પરંતુ એના પતિની ઉંમરના આધારે નક્કી થતો હોય છે.

**(ક) રક્તસંબંધ :**

લિંગ અને ઉંમર ઉપરાંત રક્તસંબંધો એ અર્પિત દરજ્જાનું ત્રીજું નિર્ણાયક પરિબળ છે. દા.ત. રાજાના કુંવરને કે પ્રધાનના પુત્રને મળતો દરજ્જો રક્તસંબંધ દ્વારા મળતો દરજ્જો છે. આવો દરજ્જો મેળવવા માટે વ્યક્તિએ પ્રયત્ન કરવો પડતો નથી. હા, આ દરજ્જાને અનુસાર ભૂમિકા ભજવવા માટે તેણે તાલીમ અવશ્ય લેવી પડે છે, પરંતુ એક તબક્કે તે પોતાની ભૂમિકા ભજવવામાં નિષ્ફળ જાય તો તેને દરજ્જો ગુમાવવો પડતો નથી. આમ, રક્તસંબંધો પણ અર્પિત દરજ્જાનું નિર્ણાયક પરિબળ છે.

**2. પ્રાપ્ત દરજ્જો :**

જે દરજ્જો મેળવવા માટે વ્યક્તિએ પ્રયત્ન કરવો પડે છે તે દરજ્જો પ્રાપ્ત દરજ્જો છે. આ દરજ્જો અર્પિત દરજ્જાની જેમ જન્મથી આપમેળે મળી જતો નથી. ભારતના રાષ્ટ્રપ્રમુખ, વડાપ્રધાન, ન્યાયાધીશ, શાળા-કૉલેજના આચાર્ય, પંચાયતના પ્રમુખ - આ બધા દરજ્જા પ્રાપ્ત દરજ્જાના ઉદાહરણો છે.હોર્ટન અને હન્ટ નામના વિદ્વાન વ્યક્તિગત પસંદગી અને સ્પર્ધા દ્વારા મેળવેલ સામાજિક સ્થાનને પ્રાપ્ત દરજ્જા તરીકે ઓળખાવે છે.

પ્રાપ્ત દરજ્જા સાથે સંકળાયેલી પરિસ્થિતિનો વિચાર કરીએ તો જણાય છે કે સામાજિક વ્યવસ્થામાં કેટલીક બાબતો એવી હોય છે કે એ દરજ્જો મેળવવા માટે કઠોર તપશ્ચર્યા કરવી પડતી હોય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો કોઈ વ્યક્તિ વિના પ્રયત્ને કે તાલીમ મેળવ્યા વિના મહાન સંગીતકાર કે ગણિતશાસ્ત્રી બની શકતો નથી. આ માટે તેણે અભ્યાસની સતત સાધના કરવી પડે છે.વળી, એક બાબત ખાસ ધ્યાનમાં રાખવા જેવી એ છે કે પ્રાપ્ત દરજ્જો ક્યારેય સંપૂર્ણ સ્વતંત્ર નથી હોતો. તે ચોક્કસ કેટલાંક સામાજિક મૂલ્યો અને વ્યવહારના નિયમોને ધ્યાનમાં રાખીને જ પ્રાપ્ત કરી શકાય છે. આ રીતે જોઈએ તો અર્પિત દરજ્જો કે પ્રાપ્ત દરજ્જો – એ બંને ખ્યાલો જે સમાજની સામાજિક-સાંસ્કૃતિક વ્યવસ્થાના સંદર્ભમાં જ સમજી શકાય તેમ છે.

## 2.15 સામાજિક ભૂમિકાનો અર્થ અને તેની વિશેષતાઓ

જાણીતા અંગ્રેજી સાહિત્યકાર શેક્સપિયરનું એક વિધાન છે કે આ વિશ્વ એક રંગભૂમિ છે અને આપણે સૌ તેના પાત્રો છીએ. શેક્સપિયરનું આ વિધાન ભૂમિકાની વિભાવનાને સમજાવવા માટે પર્યાપ્ત છે. સામાજિક વ્યવસ્થામાં જે રીતે દરજ્જાઓ મહત્ત્વના છે એવી જ રીતે ભૂમિકાઓ પણ એટલી જ મહત્ત્વની છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે સામાજિક ભૂમિકા વિના સામાજિક વ્યવસ્થા કાર્યરત થઈ શકે નહીં.

ઈ.સ. 1920ની આસપાસ સર્વપ્રથમ વખત જી. એચ. મીડ અને અન્ય સમાજશાસ્ત્રીઓએ ભૂમિકાના અભ્યાસમાં રસ દાખવ્યો અને ધીમે ધીમે ભૂમિકાના અભ્યાસનું મહત્ત્વ વધ્યું.

રાલ્ફ લિંટન 'The Culutrual Background of Personality'નામના પુસ્તકમાં ભૂમિકાનો અર્થ સમજાવતા લખે છે કે, 'કોઈ પણ ભૂમિકા એ દરજ્જાનું ગત્યાત્મક પાસું છે.' લિંટન આ જ બાબતને વધુ સ્પષ્ટ કરતા લખે છે કે,'ભૂમિકાની અંતર્ગત આપણે એ તમામ વલણો, સામાજિક મૂલ્યો અને વ્યવહારોનો સમાવેશ કરી શકીએ જે વિશેષ સામાજિક દરજ્જા સાથે સંબંધિત વ્યક્તિ કે વ્યક્તિઓને સમાજ દ્વારા આપવામાં આવતી હોય છે.'

ડૉ. વિદ્યુત જોશી 'પારિભાષિક કોશ – સમાજશાસ્ત્ર'માં સામાજિક ભૂમિકાનો અર્થ સ્પષ્ટ કરતા લખે છે કે, 'સામાજિક રચનાતંત્રમાં દરજ્જા સાથે ભૂમિકા સંકળાયેલ હોય છે. સામાજિક ભૂમિકા એ દરજ્જાનું વર્તનાત્મક પાસું છે. દરજ્જાના સંદર્ભમાં સામાજિક ધોરણો પ્રમાણે વ્યક્તિએ જે કાર્ય કરવાનું છે તેને તેની ભૂમિકા કહેવામાં આવે છે. વ્યક્તિ પોતાના દરજ્જા પ્રમાણેની જરૂરિયાતોને જે

રીતે અમલમાં મૂકે છે તેને ભૂમિકા કહેવામાં આવે છે.'

**સામાજિક ભૂમિકાની વિશેષતાઓ :**

સામાજિક ભૂમિકાની ઉપર્યુક્ત વ્યાખ્યાઓના આધારે આપણે તેની લાક્ષણિક્તાઓ નીચે મુજબ દર્શાવી શકીએ.

1. ભૂમિકા એ દરજ્જા સાથે સંકળાયેલી હોવાથી વ્યક્તિ પાસેથી એ દરજ્જાને અનુરૂપ ભૂમિકા ભજવવાની અપેક્ષા રાખવામાં આવે છે.
2. ભૂમિકાની અપેક્ષાઓ સંસ્કૃતિના નિયમો દ્વારા નક્કી થાય છે. અર્થાત્ ભૂમિકાની સ્વીકૃતિ સમાજ દ્વારા કરવામાં આવે છે.
3. પ્રત્યેક વ્યક્તિ પોતાની ભૂમિકા બરાબર અદા કરે તેવી અપેક્ષા પાછળ બે કારણો જવાબદાર છે - એક તો પ્રત્યેક વ્યક્તિનું વર્તન સામાજિક મૂલ્યો મુજબનું હોય તે અને બીજું સમાજમાં વ્યવસ્થા જળવાઈ રહે તે છે.
4. અર્પિત અને પ્રાપ્ત દરજ્જાની માફક ભૂમિકા પણ અર્પિત અને પ્રાપ્ત હોય છે. એક જ દરજ્જો ધરાવનાર બધા જ વ્યક્તિઓની અર્પિત ભૂમિકા તો સમાન હોય છે પરંતુ પ્રાપ્ત ભૂમિકામાં તફાવત હોવાનું સ્વાભાવિક છે અને એટલા માટે જ આપણને લોકોના વ્યક્તિત્વ એકબીજાંથી અલગ અલગ જોવા મળે છે.
5. સમયની સાથે સાથે ભૂમિકાઓ બદલાતી રહે છે.
6. વ્યક્તિની પ્રત્યેક પ્રકારની ભૂમિકામાં એક વિશેષ પ્રકારના વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે. એટલા માટે જ સમાજમાં એક વ્યક્તિ જુદી જુદી વ્યક્તિઓ સાથે જુદાં જુદાં પ્રકારનું વર્તન કરે છે.
7. આપણે સામાજિક અપેક્ષાઓ મુજબ ભૂમિકા અદા કરવાનો પ્રયત્ન કરીએ છીએ પરંતુ વ્યાવહારિક રૂપમાં બધી જ ભૂમિકાઓને યોગ્ય રીતે અદા કરવાનું કાર્ય કઠણ છે. અને એટલા માટે જ જે કાર્ય કરવામાં આપણને વધુ રસ પડે તે કાર્ય આપણે વધુ સારી રીતે કરી શકીએ છીએ. આ રીતે વ્યક્તિની ભૂમિકાનો તેના રસ-રુચિ, મનોવૃત્તિ અને યોગ્યતા સાથે વિશેષ સંબંધ છે.
8. બધી જ ભૂમિકાઓ સમાન પ્રકૃતિની નથી હોતી. કેટલી ભૂમિકાઓ ચાવીરૂપ ભૂમિકાઓ હોય છે, જેમાં વધારે જવાબદારી હોય છે જ્યારે કેટલી ભૂમિકાઓ સામાન્ય હોય છે જે બહુ જ સરળતાથી નિભાવી શકાય છે.

## 2.16 ઉપસંહાર

આ એકમનાં અભ્યાસ સાથે આપણે સામાજિક વ્યવસ્થા સાથે સંકળાયેલા વિવિધ ઘટકોનો પરિચય મેળવ્યો અને જાણ્યું કે સામાજિક સમૂહ, સામાજિક ધોરણો, સંસ્કૃતિ, સામાજિક દરજ્જો અને સામાજિક ભૂમિકા જેવા સામાજિક વ્યવસ્થા સાથે સંકળાયેલાં આ પાયાના ઘટકોને સમજ્યા વિના સામાજિક વ્યવસ્થાની સમજ અધૂરી છે.

## 2.17 તમારી પ્રગતિ ચકાસો

1. નિકટવર્તી સમૂહ માટે બીજા કયા શબ્દ પ્રયોગનો ઉચ્ચાર થાય છે ?

   (A) દ્વિતીય સમૂહ　　(B) ગૌણ સમૂહ

   (C) પ્રાથમિક સમૂહ　　(D) દૂરવર્તી સમૂહ

2. 'મોઢા મોઢનો સબંધ' કયા પ્રકારના સમૂહમાં રચાય છે ?

   (A) દૂરવર્તી સબંધ　　(B) નિકટવર્તી સબંધ

   (C) ગૌણ સબંધ　　(D) પરોક્ષ સબંધ

3. નિકટવર્તી સમૂહની પ્રથમ અને આવશ્યક શરત કઈ છે ?

(A) અલ્પજીવી સબંધો (B) અવૈયક્તિક સબંધો

(C) વિશાળ કદ (D) ભૌતિક નિકટતા

4. દૂરવર્તી સબંધોમાં શેનો અભાવ જોવા મળે છે ?

(A) શારીરિક નિકટતા (B) ભૌતિક નિકટતા

(C) નાનું કદ (D) સબંધોનો ગાળો

5. સામાજિક નિયંત્રણ માટે ............ અનિવાર્ય છે.

(A) સામાજિક સબંધો (B) સામાજિક ધોરણો

(C) સામાજિક પરિવર્તન (D) સામાજિક ચળવળ

6. સામાજિક ધોરણો શું નક્કી કરે છે ?

(A) સબંધ (B) જવાબદારી

(C) ફરજ (D) વ્યક્તિની વર્તણૂક

- **એક વાક્યમાં જવાબ આપો.**

1. 'માનવ એક સામાજિક પ્રાણી છે' એ વિધાન કયા ફિલસૂફે ઉચાર્યું હતું ?

........................................................................................

........................................................................................

........................................................................................

2. સામાજિક સમૂહના બે મહત્ત્વનાં પ્રકારો જણાવો.

........................................................................................

........................................................................................

........................................................................................

3. કયા વિદ્વાનોએ દૂરવર્તી સમૂહની વિસ્તૃત ચર્ચા કરી છે.

........................................................................................

........................................................................................

........................................................................................

4. નિકટવર્તી સબંધોમાં સમૂહનું કદ કેવું હોવું જોઈએ ?

........................................................................................

........................................................................................

........................................................................................

5. સામાજિક ધોરણો એટલે શું ?

........................................................................................

........................................................................................

........................................................................................

6. 'સંસ્કૃતિ' શબ્દની ઉત્પત્તિ કયા શબ્દ પરથી થઈ છે ?

........................................................................

........................................................................

........................................................................

7. રાલ્ફલિંટને દરજ્જાના કેટલા પ્રકાર વર્ણવ્યાં છે ?

........................................................................

........................................................................

........................................................................

## 2.18 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (B) ગૌણ સમૂહ
2. (C) ગૌણ સબંધ
3. (D) ભૌતિક નિકટતા
4. (A) શારીરિક નિકટતા
5. (C) સામાજિક પરિવર્તન
6. (D) વ્યક્તિની વર્તણૂક

- **એક વાક્યમાં જવાબ આપોના જવાબો :**

1. એરિસ્ટોટલ
2. પ્રકારો (1) નિકટવર્તી સમૂહ (2) દૂરવર્તી સમૂહ
3. કિંગ્સલે ડેવિસ અને જ્યોર્જ હોમાન્સ
4. કદ નાનું હોવું જોઈએ.
5. સામાજિક ધોરણો એટલે સમાજમાં પ્રવર્તતા સમાજમાન્ય વ્યવહારના નિયમો.
6. સંસ્કૃત
7. બે

## 2.19 ચાવીરૂપ શબ્દો

1. **સામાજિક ધોરણો :** સામાજિક સંદર્ભમાં વ્યક્તિએ કેવા પ્રકારની વર્ણન પદ્ધતિ અપનાવવી તે નક્કી કરતા નિયમો એટલે જ સામાજિક ધોરણો.

   સામાજિક ધોરણો એટલે સમાજમાં પ્રવર્તતા સમાજમાન્ય વ્યવહારના નિયમો.

2. **સમૂહ (Group) :** બે કે તેથી વધારે વ્યક્તિઓના જૂથને સમૂહ કહેવાય.
3. **સામાજિક દરજ્જો :** સામાજિક દરજ્જો એટલે વ્યક્તિનું સમૂહમાં કે સમાજમાં સ્થાન.
4. **અર્પિત દરજ્જો :** કુટુંબમાં જન્મ લેવાથી પરંપરાગત રીતે વ્યક્તિને જે દરજ્જો આપોઆપ પ્રાપ્ત થાય છે, તેને અર્પિત દરજ્જો કહેવામાં આવે છે. આ દરજ્જો પ્રાપ્ત કરવા માટે વ્યક્તિએ પુરુષાર્થ કરવો પડતો નથી.
5. **પ્રાપ્ત દરજ્જો :** વ્યક્તિ પોતાના વ્યક્તિગત પ્રયત્નોથી જે દરજ્જો પ્રાપ્ત કરે છે તેને પ્રાપ્ત દરજ્જો કહેવામાં આવે છે.

6. **સામાજિક ભૂમિકા :** સામાજિક રચનાતંત્રમાં દરજ્જા સાથે ભૂમિકા સંકળાયેલ છે. સામાજિક ભૂમિકાએ દરજ્જાનું વર્તનાત્મક પાસું છે. દરજ્જાના સંદર્ભમાં સામાજિક ધોરણો પ્રમાણે વ્યક્તિએ જે કાર્ય કરવાનું છે તેને તેની ભૂમિકા કહેવામાં આવે છે. વ્યક્તિ પોતાના દરજ્જા પ્રમાણેની જરૂરિયાતોને જે રીતે અમલમાં મૂકે છે તેને ભૂમિકા કહેવામાં આવે છે.

## 2.20 સ્વાધ્યાય લેખન

**1. સામાજિક સમૂહનો અર્થ આપી તેની લાક્ષણિક્તાઓ ચર્ચો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**2. સામાજિક સમૂહના પ્રકાર તરીકે નિકટવર્તી સમૂહની સમજૂતી આપો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**3. સામાજિક ધોરણો એટલે શું ? સામાજિક ધોરણોના કાર્યો વિગતે ચર્ચો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

4. સંસ્કૃતિની લાક્ષણિક્તાઓનું વર્ણન કરો.

5. 'સાંસ્કૃતિક વ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થા એક સિક્કાની બે બાજુઓ છે' – વિધાન સમજાવો.

6. સામાજિક દરજ્જાનો અર્થ સમજાવી તેના પ્રકારોની સમજૂતી આપો.

7. સામાજિક ભૂમિકાની વિશેષતાઓ જણાવો.

..................................................................

..................................................................

## 2.21 કેસસ્ટડી

### 1. માનવજીવનની જરૂરિયાતોમાં સમૂહ ઉપયોગી છે.

માનવી પોતાની જુદાં-જુદાં પ્રકારની જરૂરિયાતો માટે જુદાં-જુદાં પ્રકારના સમૂહોની રચના કરે છે. જેમ કે, કુટુંબ દ્વારા થતું બાળકનું સામાજિકરણ બાળકને ધોરણ અનુરૂપ કેમ વર્તન કરવું તે શીખવે છે. કુટુંબ બાળકના જન્મથી માંડીને તેના ઉછેરના વિવિધ તબક્કે બાળકોએ કયા પ્રકારે વર્તન કરવું તે શીખવે છે. માતા-પિતા અને વડીલોને માન આપવું, આદર આપવો. આવી સમાજમાન્ય બાબતોના પરિણામે બાળકોમાં સંસ્કારનું સિંચન થાય છે. જે બાળકોનું સામાજિકરણ સારી રીતે થતું નથી. તેમાં કચાસ રહી ગઈ હોય તેવા બાળકોનો વિકાસ કુંઠિત થઈ જાય છે. તમારી આસપાસ આ પ્રકારનાં કોઈ બાળકો હોય તો તેની મુલાકાત લઈ તેના જીવનના વિવિધ પાસાંઓ અંગે અધ્યયન કરે.

### 2. કુટુંબની શું ભૂમિકા છે ?

મુકેશની ઉંમર 12 વર્ષ. આશ્રમશાળામાં ધોરણ-7 માં અભ્યાસ કરે છે. મુકેશ સ્વભાવે ખૂબ ચંચળ. શાળામાં તેની વર્તણૂકની ઘણી ફરિયાદો. અભ્યાસમાં પણ તે બરાબર ધ્યાન આપતો ન હતો. શાળાના આચાર્ય અને તેના વર્ગશિક્ષક મુકેશના આ વર્તનથી ખૂબ ચિંતિત હતા. તપાસ કરતા ખબર પડી કે મુકેશ અનાથ બાળક છે. તે એક સામાજિક સંસ્થાના સહયોગથી હાલ અભ્યાસ કરી રહેલ છે. મુકેશનું સામાજિકરણ કેમ બરાબર ન થયું ? આ માટે કુટુંબની શું ભૂમિકા હોઈ શકે ? આ કેસનો અભ્યાસ કરી મુકેશની વર્તણૂંક સંબંધી સમસ્યા માટે કુટુંબની ભૂમિકા શું હોઈ શકે ? સમજાવો.

## 2.22 પ્રવૃત્તિ કરો.

### પ્રવૃત્તિ-01

માનવજીવનમાં સમૂહની શી ઉપયોગિતા છે. કયા કામો વ્યક્તિગત કરી શકાય અને કયા કામો જૂથમાં કરી શકાય ? તેની યાદી તૈયાર કરો.

### પ્રવૃત્તિ-02

તમારા સમાજમાં તમારે કયા-કયા ધોરણોને અનુસરવા પડે છે ? તે ધોરણોનું પાલન ન થાય તો સમાજ દ્વારાં શું કરવામાં આવે છે તેની નોંધ લખો.

## 2.23 સંદર્ભગ્રંથ


1. ડૉ. એ. આર. દેસાઈ, 'સમાજખંડ' ભાગ – 1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ
2. ડૉ. વિદ્યુત જોશી, 'પારિભાષિક કોશ', ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ
3. Bronislaw Malinowski 'A Scientific Theory of Culture and Other Essays', Published by, A Galaxy Book, New York, Oxford University Press, 1960
4. E. B. Tylor, 'Primitive Culture', Published by : Bradubury Evans and Co. London, 1871
5. Melville Jean Herskovits, 'Man and His Works', Published by : Knopf, 1948
6. Kingsley Davis, 'Human Society', Published by : Macmillan, 1965
7. Kimbal Young,'A Handbook of Social Psychology', Published by : Routledge & K. Paul, 1889
8. Ogburn & Nimkoff, 'A Handbook of Sociology', Published by :Routledge & K. Paul, 1868
9. Ralph Linton, 'The Cultrual Background of Personality', Published by : Routledge & K. Paul, 1864

# એકમ–3 ભારતીય સામાજિક વ્યવસ્થાના ભાગરૂપ સામાજિક સંસ્થાઓ–1

## : એકમનું માળખું :

3.0 ઉદ્દેશ

3.1 પ્રસ્તાવના

3.2 લગ્ન સંસ્થા

3.3 લગ્નના પ્રકારો

3.4 લગ્ન સંસ્થાના કાર્યો

3.5 કુટુંબ સંસ્થા

3.6 કુટુંબનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ

3.7 કુટુંબના કાર્યો

3.8 જ્ઞાતિ સંસ્થા

3.9 જ્ઞાતિનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ

3.10 જ્ઞાતિ સંસ્થાના કાર્યો

3.11 ઉપસંહાર

3.12 તમારી પ્રગતિ ચકાસો

3.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

3.14 ચાવીરૂપ શબ્દો

3.15 સ્વાધ્યાય લેખન

3.16 વૈયક્તિક અધ્યયન

3.17 પ્રવૃત્તિ

3.18 સંદર્ભગ્રંથ

## 3.0 ઉદ્દેશ :

- સામાજિક વ્યવસ્થાના ભાગ રૂપ જુદી જુદાં સામાજિક સંસ્થાઓનો પરિચય મળશે.
- લગ્નનો એક સંસ્થા તરીકે પરિચય મળશે અને તેના વિવિધ પ્રકારો વિશ સમજૂતી પ્રાપ્ત થશે.
- સામાજિક સંસ્થા તરીકે લગ્નના કાર્યોને જાણી શકશો.
- કુટુંબ સંસ્થાની લાક્ષણિક્તાઓ અને કાર્યો વિશે જાણકારી મળશે.
- જ્ઞાતિ સંસ્થાનો પરિચય પ્રાપ્ત થશે.

## 3.1 પ્રસ્તાવના :

કોઈપણ સામાજિક વ્યવસ્થામાં જુદાં જુદાં સમૂહો અને જુદી જુદી સામાજિક સંસ્થાઓનું વિશેષ મહત્ત્વ રહેલું છે. સમાજની આ જુદી જુદી સામાજિક સંસ્થાઓ માનવીની અનેકવિધ જરૂરિયાતોના સંતોષમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કાર્યાત્મકવાદી અભિગમ મુજબ પ્રત્યેક સામાજિક સંસ્થા અન્ય સંસ્થા સાથે સંકળાયેલી છે. એક સંસ્થામાં આવતું પરિવર્તન બીજી સંસ્થામાં પણ પરિવર્તન નિપજાવે છે.

આના પરિણામે સમાજમાં સામાજિક પરિવર્તન આવવા છતાં સામાજિક સંતુલન જળવાઈ રહે છે. પ્રત્યેક સામાજિક સંસ્થાની આગવી વિશેષતાઓ છે અને આ પ્રત્યેક સંસ્થા સામાજિક ધ્યેયો સિદ્ધ કરવામાં વિશિષ્ટ યોગદાન આપે છે. આ દૃષ્ટિએ સામાજિક વ્યવસ્થાના અભ્યાસમાં સામાજિક સંસ્થાઓની સમજ મેળવવી અત્યંત આવશ્યક છે.

પુસ્તકના હવે પછીના બંને એકમોમાં ભારતીય સામાજિક વ્યવસ્થાના સંદર્ભમાં લગ્ન, કુટુંબ, જ્ઞાતિ, ધર્મ, રાજ્ય અને શિક્ષણ સંસ્થાનો અર્થ અને તેની વિશેષતાઓનો પરિચય મેળવીએ.

## 3.2 લગ્ન સંસ્થા :

પ્રત્યેક વ્યક્તિ પોતાના જીવન દરમ્યાન અનેક ભૂમિકાઓ ભજવે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે જીવન એ અનેક ભૂમિકાઓ ભજવવા માટેનું પ્લેટફોર્મ છે અને આ ભૂમિકાઓ વિવિધ સામાજિક સંસ્થાઓના માધ્યમથી ભજવવામાં આવે છે. માનવીની જુદી જુદી ભૂમિકાઓમાં બે ભૂમિકાઓ ખૂબ મહત્ત્વની છે – (1) આર્થિક ભૂમિકા અને (2) લગ્ન સંબંધી કે પરિવાર સંબંધી ભૂમિકા. માનવીની આર્થિક ભૂમિકા એટલા માટે મહત્ત્વની છે કે તેના જીવનનો મોટો ભાગ આ ભૂમિકા અદા કરવામાં પસાર થાય છે. જો તે 22 કે 25 વર્ષની ઉંમરે નોકરી કે વ્યવસાય ચાલુ કરે તો લગભગ 58 કે 62 વર્ષની ઉંમર સુધી રોજના 6 થી 8 કલાક લેખે જીવનનો મોટો ભાગ આ ભૂમિકા અદા કરવામાં પસાર કરે છે. બીજી બાજુ લગ્ન અંગેની ભૂમિકા વિશે વિચારીએ તો માનવીના જીવનના 40 થી 50 વર્ષ લગ્નજીવનમાં વીતે છે. આ રીતે આર્થિક અને લગ્ન વિષયક ભૂમિકામાં માનવજીવનના મહત્ત્વપૂર્ણ વર્ષો પસાર થાય છે એટલા માટે તેની સમજૂતી મેળવવી આવશ્યક છે. અહીં,સામાજિક વ્યવસ્થાના ભાગરૂપે લગ્નસંસ્થાનો અર્થ સમજી લગ્નના વિવિધ પ્રકારોની પ્રાથમિક સમજૂતી મેળવીએ.

દરેક સમાજમાં લગ્ન સંસ્થા જોવા મળે છે. લગ્નના અર્થની ભાગ્યે જ કોઈ વ્યક્તિને ખબર ન હોય એમ બને, કારણ કે સામાન્ય રીતે માનવજીવનમાં જન્મ, લગ્ન અને મૃત્યુ એ ત્રણ પ્રસંગો વિશેષ મહત્ત્વ ધરાવે છે. લગ્ન એ સ્ત્રી અને પુરુષના જાતીય સંબંધોને સામાજિક સ્વીકૃતિ આપે છે. પરંતુ લગ્નનો આટલો સંકુચિત અર્થ લગ્ન અંગેના જુદાં જુદાં સામાજિક ચિંતનને પર્યાપ્ત રીતે વ્યક્ત કરી શકતો નથી. કોઈ પણ સમાજમાં લગ્ન એ માત્ર સ્ત્રી-પુરુષ વચ્ચેનું દૈહિક જોડાણ એટલો અર્થ પર્યાપ્ત નથી, પરંતુ તેના કરતા પણ કંઈક વિશેષ છે. લગ્નમાં સ્ત્રી-પુરુષ વચ્ચે બંધાતા જાતીય સંબંધને પરિણામે થતી સંતતિ અને તેના ઉછેર તેમજ વિકાસની જવાબદારીઓનો સમાવેશ થઈ જતો હોય છે અને એટલે જ લગ્નસંબંધ દ્વારા ઉત્પન્ન થયેલ બાળકો એ સમાજમાન્ય સંતતિ ગણાય છે. આ રીતે જોઈએ તો કુટુંબ સંસ્થાના ઉદ્‌ભવનું પ્રથમ પગથિયું પણ લગ્ન સંસ્થા છે એમ કહી શકાય.

સમાજશાસ્ત્રી વેસ્ટર માર્ક લગ્નની વ્યાખ્યા આપતા જણાવે છે કે ‘લગ્ન એ એક અથવા વધારે સ્ત્રીઓનો એક અથવા વધારે પુરુષો સાથેનો એવો જાતીય સંબંધ છે કે જે રાજ્ય કે સમાજ દ્વારા માન્ય હોય છે અને જેમાં ભાવિ સંતાનોના ઉછેર અને વિકાસની જવાબદારીના અને પરસ્પરના ફરજ-હક્કોના ખ્યાલો અભિપ્રેત હોય છે.’

હિન્દુ શાસ્ત્રકારોએ પણ લગ્નના જે મુખ્ય ઉદ્દેશો જણાવ્યા છે તેમાં ધર્મ (ફરજ)ને પ્રથમ સ્થાન આપ્યું છે અને રતિ(કામસુખ)ને ગૌણ સ્થાન આપ્યું છે. કામસુખ એ લગ્નનું આવશ્ય કાર્ય છે પરંતુ એને ધર્મ એટલે કે ફરજ જેટલું મહત્ત્વ આપવામાં આવ્યું નથી. હિન્દુ ધર્મમાં લગ્ન એ 16 સંસ્કારોમાંનો એક પવિત્ર સંસ્કાર છે અને લગ્નને ભવોભવનું બંધન માનવામાં આવે છે.

લગ્નનો આ સામાન્ય અર્થ સમજ્યા બાદ હવે આપણે લગ્નના પ્રકારો વિશે સમજૂતી મેળવીશું.

## 3.3 લગ્નના પ્રકારો :

સમાજશાસ્ત્રમાં લગ્નના જે પ્રકારો છે તે હિંદુ શાસ્ત્રકારોએ દર્શાવેલા લગ્નના પ્રકારો કરતા જુદાં છે. હિંદુ શાસ્ત્રકારોએ લગ્નના જે આઠ પ્રકારો જણાવ્યા છે, તે જીવનસાથી મેળવવાની જુદી જુદી પદ્ધતિઓ પર આધારિત છે, જ્યારે સામાન્ય સમાજશાસ્ત્રમાં લગ્નના જે પ્રકારો દર્શાવ્યા છે તે જીવનસાથીની સંખ્યા પર આધારિત છે. આ રીતે લગ્નના પ્રકારોને મુખ્ય બે વિભાગોમાં વહેંચી શકાય.

1. એકસાથી લગ્ન
2. બહુસાથી લગ્ન

એકસાથી લગ્ન અને બહુસાથી લગ્નને આપણે તેના પેટાપ્રકારો સાથે નીચે મુજબ દર્શાવી શકીએ.

**લગ્નના પ્રકાર**

- એકસાથી લગ્ન
- બહુસાથી લગ્ન
  - બહુપતિ લગ્ન
    - ભ્રાતૃકીય બહુપતિ લગ્ન
    - અભ્રાતૃકીય બહુપતિ લગ્ન
  - બહુપત્ની લગ્ન
    - ભગિની બહુપતિ લગ્ન
    - અભગિની બહુપત્ની લગ્ન

**(અ) એકસાથી લગ્ન :**

એકસાથી લગ્ન માટે બીજો શબ્દ એક પતિ-પત્ની લગ્ન પણ પ્રયોજાય છે. જે લગ્નમાં પતિને એક સમયે એક જ પત્ની અને પત્નીને એક સમયે એક જ પતિ હોય એવા લગ્નને એકસાથી લગ્ન કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે એક સમયે જીવનસાથીની સંખ્યા એક જ હોય હોય એવા પ્રકારના લગ્નને એકસાથી લગ્ન કહેવાય. સમાજમાં એકસાથી લગ્નપ્રથાને આદર્શ લગ્નપ્રથા ગણવામાં આવે છે. **વેસ્ટરમાર્ક** લગ્નના આ પ્રકારના ઉદ્ભવ વિશે નોંધે છે કે પુરુષમાં રહેલ જાતીય ઈર્ષ્યા અને માલિકી હક્કના ખ્યાલને લીધે સ્ત્રી ઉપર પુરુષનું આધિપત્ય સ્થપાયું હશે અને એકપતિ-પત્ની લગ્ન પ્રકાર ઉદ્ભવ્યો હશે. બાળકોના ઉચિત ઉછેર અને પતિ-પત્ની વચ્ચે તંદુરસ્ત સંબંધો માટે એકસાથી લગ્નનો આ પ્રકાર સહજ અને આદર્શ છે એમ ઘણા સમાજશાસ્ત્રીઓનું માનવું છે. **મેલિનોવસ્કી**ના મતે એકસાથી લગ્નનો આ પ્રકાર જ ભવિષ્યમાં ટકી રહે તેવો એકમાત્ર લગ્ન પ્રકાર છે.

**(બ) બહુસાથી લગ્ન :**

એક કરતા વધારે પુરુષોનો એક કરતાં વધારે સ્ત્રીઓ સાથેનો કે એક કરતાં વધારે સ્ત્રીઓનો એક કરતાં વધારે પુરુષો સાથેનો લગ્ન સંબંધ એટલે બહુસાથી લગ્ન. આ પ્રકારના લગ્નમાં પુરુષને કે સ્ત્રીને એક કરતા વધારે પત્ની કે પતિ હોય છે. બહુસાથી લગ્નના પેટાપ્રકારોની સમજૂતી નીચે મુજબ છે.

**(1) બહુપતિ લગ્ન**

બહુપતિ લગ્ન એટલે એવા લગ્ન કે જેમાં એક સ્ત્રીને એક જ સમયે એક કરતાં વધુ પતિ હોય. લગ્નનો આ પ્રકાર આદિવાસીઓમાં વ્યાપક રીતે પ્રચલિત જોવા મળે છે. ભારતમાં ટોડા, કોટા અને ખાસા આદિવાસી સમાજોમાં બહુપતિ લગ્નપ્રથા જોવા મળે છે. તો ત્રાવણકોર-કોચીનના નાયરોમાં પણ લગ્નનો આ પ્રકાર પ્રચલિત હતો તેના પુરાવાઓ આજે પણ મળે છે. બહુપતિ લગ્ન પાછળ ગરીબી, મિલકત અને જમીનના વધુ ભાગ ન પડવા દેવાનું વલણ, કન્યાવિક્રયનો ઊંચો દર, અલગ વસવાટ કરવાથી પરિવાર પર ઊભો થતો બોજો, પુરુષોનું વધુ પડતું પ્રમાણ અને કન્યાહત્યાનો રિવાજ જેવા પરિબળો વધુ મહત્ત્વના છે.

લગ્નના આ પ્રકારના પણ બે પેટા પ્રકાર છે :

(અ) ભ્રાતૃકીય બહુપતિ લગ્ન અને

(બ) અભ્રાતૃકીય બહુપતિ લગ્ન

**(અ) ભ્રાતૃકીય બહુપતિ લગ્ન :** જેમાં સ્ત્રીના એક કરતાં વધુ પતિઓ સગાં ભાઈઓ હોય એવા લગ્નને ભ્રાતૃકીય બહુપતિ લગ્ન કહેવામાં આવે છે. આ પ્રકારના લગ્નમાં સંતાનોનો જૈવિક પિતા જે હોય તે પરંતુ તેનો સામાજિક પિતા વડીલ ભાઈ ગણાય છે.

**(બ) અભ્રાતૃકીય બહુપતિ લગ્ન :** જેમાં સ્ત્રીના એક કરતાં વધુ પતિઓ સગા ભાઈઓ ન હોય પરંતુ જુદાં જુદાં પરિવારમાંથી આવતા હોય ત્યારે તેવા લગ્નને અભ્રાતૃકીય બહુપતિ લગ્ન કહેવામાં આવે છે. આ પ્રકારના લગ્નમાં સંતાનોનું જૈવિક પિતૃત્વ ગમે તે હોય પરંતુ સંતાનોનું સામાજિક પિતૃત્વ અમુક પતિનું જ નિશ્ચિત કરવામાં આવે છે.

**(2) બહુપત્ની લગ્ન :**

બહુપત્ની લગ્ન એટલે એવું લગ્ન કે જેમાં એક જ પુરુષને એક સમયે એક કરતાં વધુ પત્નીઓ હોય. બહુસાથી લગ્નમાં 'એક સમયે' શબ્દ ખૂબ મહત્ત્વનો છે, કારણ કે પતિ કે પત્ની બેમાંથી કોઈ એકનું અવસાન થાય કે બંનેના છૂટાછેડા થાય અને પછી તેઓ લગ્ન કરે તો તેને બહુસાથી લગ્ન કહી શકાય નહીં. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે એક જ સમયે એક કરતાં વધુ પુરુષોનો એક કરતાં વધારે સ્ત્રીઓ સાથે કે એક કરતાં વધુ સ્ત્રીઓનો એક કરતા વધુ પુરુષો સાથેનો લગ્નસંબંધ જ બહુસાથી લગ્ન તરીકે ઓળખાય છે.

બહુપત્ની લગ્નપ્રથા લગભગ દરેક સમાજમાં જોવા મળે છે. ભારમતાં નાગા, ગોંડ, બૈગા વગેરે આદિવાસી સમાજોમાં બહુપત્ની લગ્નપ્રથા પ્રચલિત છે. અહીં એક બાબત વિશેષ ઉલ્લેખનીય છે કે પુરુષને પોતાની પત્ની ઉપરાંત ઉપપત્નીઓ હોય તો તેનો પણ બહુપત્ની લગ્નપ્રથામાં સમાવેશ થતો નથી કારણ કે આ સંબંધ લગ્નની વિધિ કે કરાર દ્વારા બંધાયેલો સંબંધ નથી. બહુપત્ની લગ્ન માટે વેસ્ટરમાર્ક સુંદર સ્ત્રી પ્રત્યેનું આકર્ષણ, પુરુષોને નવીનતા માટેનો મોહ, સંપત્તિ અને સત્તાનું પ્રદર્શન, પત્નીનું વંધ્યત્વ જેવા કારણો જવાબદાર ગણે છે. આ ઉપરાંત સ્ત્રીની સરખામણીએ પુરુષોનું ઓછું પ્રમાણ, કુલીનશાહી લગ્નપ્રથા, પરાજિત રાજાઓની સ્ત્રીઓને પત્ની તરીકે રાખવાનો રિવાજ જેવા કારણો પણ જવાબદાર છે.

બહુપતિ લગ્નની જેમ બહુપત્ની લગ્નના પણ બે પેટા પ્રકાર છે.

**(અ) ભગિની બહુપત્નીત્વ :** જેમાં પુરુષની એક કરતાં વધુ પત્નીઓ સગી બહેનો હોય એવા લગ્નને ભગીની બહુપત્નીત્વ કહેવામાં આવે છે.

**(બ) અભગિની બહુપત્નીત્વ :** જેમાં પુરુષની એક કરતાં વધુ પત્નીઓ સગી બહેનો ન હોય પરંતુ જુદાં જુદાં પરિવારોમાંથી આવતી હોય તેને અભગિની બહુપત્નીત્વ કહેવામાં આવે છે.

## 3.4 લગ્ન સંસ્થાના કાર્યો :

માનવસમાજમાં કુટુંબના ઉદ્‌ભવમાં સૌથી મહત્ત્વનું પરિબળ એટલે લગ્ન સંસ્થા. સમગ્ર વિશ્વમાં કોઈને કોઈ સ્વરૂપે લગ્ન સંસ્થા જોવા મળે છે. આધુનિક સમયમાં બદલાતાં પ્રવાહોની સાથે લગ્ન સંસ્થાએ કેટલીક બાંધછોડ કરવી પડી છે, છતાં એક સંસ્થા તરીકે તે બદલાતા સ્વરૂપ સાથે સામાજિક વ્યવસ્થાનું અભિન્ન અંગ બની રહી છે. લગ્ન સાથે તેના સંસ્થાકીય સ્વરૂપમાં તેના કાર્યોને નીચે મુજબ સમજી શકાય.

**(1) ધર્મ :** હિન્દુ શાસ્ત્ર પ્રમાણે હિન્દુ લગ્નનું મુખ્ય કાર્ય છે – ધર્મ. અહીં 'ધર્મ' શબ્દનો અર્થ ફરજ સાથે સંકળાયેલો છે. આપણા ધર્મશાસ્ત્રોમાં પિતૃ, દેવ, પ્રાણી, બ્રાહ્મણ અને માનવ માટે પાંચ યજ્ઞો સૂચવવામાં આવ્યા છે. આ પાંચ ધર્મકાર્ય માત્ર દંપતી દ્વારા જ થઈ શકે તેવા કાર્યો છે. વળી, પિતૃઋણ, દેવઋણ અને ઋષિઋણ એ ત્રણ પ્રકારના ઋણમાંથી મુક્ત થવા માટે પણ લગ્ન કરવા અનિવાર્ય છે. આમ, સામાજિક વ્યવસ્થામાં રૂઢ થઈ ગયેલી આ પરંપરાઓના વહન માટે લગ્નસંસ્થામાં ધર્મનું કાર્ય મહત્ત્વનું પુરવાર થાય છે.

(2) **લગ્ન - સ્ત્રીઓ માટે અનિવાર્ય :** સોળ સંસ્કારોમાં લગ્ન સંસ્કારનું આગવું મહત્ત્વ છે. એમાંય સ્ત્રીઓ માટે તો લગ્ન સંસ્કારને એક આવશ્યક ફરજ માનવામાં આવી છે. વળી, 'ડોસો કુંવારો મરે, પણ ડોસી કુંવારી ન મરે' જેવી પ્રચલિત કહેવતો પણ સ્ત્રીઓ માટે લગ્નની આવશ્યક્તા દર્શાવે છે. તો એક માન્યતા અનુસાર લગ્ન કરનાર સ્ત્રીને જ મુક્તિ મળે છે એટલે સ્ત્રીઓ માટે લગ્નને અનિવાર્ય માનવામાં આવ્યું છે.

(3) **પ્રજોત્પતિ :** સમાજમાન્ય સંબંધોથી જન્મતા બાળકોનું સામાજિક સ્થાન પણ લગ્ન દ્વારા નક્કી થાય છે. આ રીતે જોઈએ તો લગ્ન સંસ્થા સંતાનોને સામાજિક સ્વીકૃતિ માટે મહત્ત્વની છે. વળી, પિતાને 'પુ' નામના નર્કમાંથી માત્ર પુત્ર જ ઉગારી શકે કે પિતાનું તર્પણ પણ માત્ર પુત્ર જ કરી શકે જેવી માન્યતાઓ માટે પણ લગ્ન જરૂરી છે અને માત્ર લગ્ન સંસ્થા દ્વારા જ આ કાર્ય સંતોષી શકાય છે.

(4) **આર્થિક - ભરણપોષણ :** લગ્ન દ્વારા ઉત્પન્ન થયેલ બાળકોના ઉછેરની અને ભરણપોષણની જવાબદારી પણ પતિ-પત્નીની છે. આ અર્થમાં લગ્નને કેટલાંક વિદ્વાનો આર્થિક સંસ્થા તરીકે પણ ઓળખાવે છે.

(5) **જાતીય કામનાનો સંતોષ :** જાતીય કામનાનો સંતોષ એ માનવીની મનૌવૈજ્ઞાનિક આવશ્યક્તા છે. જો માનવીની આ વૃત્તિ પર કોઈ નિયંત્રણ ન હોય તે માનવસમાજ અને પ્રાણીસમાજ વચ્ચે કોઈ ભેદ ન રહે. પરંતુ માનવીની આ જરૂરિયાત લગ્ન સંસ્થા દ્વારા સંતોષાય છે. લગ્ન દ્વારા જોડાયેલા સ્ત્રી-પુરુષના જાતીય સંબંધને સમાજસ્વીકૃત માનવામાં આવે છે અને આ રીતે જાતીયવૃત્તિનો સંતોષ લગ્નસંસ્થાનું એક મહત્ત્વનું કાર્ય છે.

(6) **માનસિક હૂંફ આપવાનું કાર્ય :** લગ્ન એ સ્ત્રી અને પુરુષ વચ્ચેનો અંગત અને નિકટતમ સંબંધ છે. તે બે અપરિચિત વ્યક્તિઓને ગાઢ સંબંધમાં બાંધે છે અને આ રીતે જોઈએ તો લગ્ન પતિ-પત્ની બંનેની પરસ્પર લાગણી, સ્નેહ, સુરક્ષા જેવી માનસિક જરૂરિયાત સંતોષે છે.

## 3.5 કુટુંબ સંસ્થા :

લગ્ન સંસ્થાની જેમ કુટુંબ સંસ્થા પણ એક સાર્વત્રિક સંસ્થા છે. વિશ્વના વિકસિત કે અવિકસિત એવા તમામ સમાજોમાં કુટુંબ સંસ્થા જોવા મળે છે. વિશાળ સમાજવ્યવસ્થાની એક પેટાવ્યવસ્થા તરીકે કુટુંબ સંસ્થાનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ સમજવી આવશ્યક છે.

## 3.6 કુટુંબનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ :

બર્ગેસ અને લોક કુટુંબની વ્યાખ્યા આપતા જણાવે છે કે,'કુટુંબ એ એવી વ્યક્તિઓનો સમૂહ છે કે જેઓ લગ્નગ્રંથિથી, લોહીના સંબંધથી કે દત્તક લેવાથી પરસ્પર જોડાયેલી હોય છે અને જેઓ પતિ-પત્ની, માતા-પિતા, પુત્ર-પુત્રી, કે ભાઈ-બહેન જેવા સામાજિક દરજ્જાઓના આધારે એકબીજાં સાથે આંતરક્રિયા કરતી હોય, એકબીજાં સાથે આંતરસંબંધિત હોય અને તેઓ સૌ સર્વસામાન્ય સંસ્કૃતિનું સર્જન અને જાળવણી કરતા હોય.'

**ઓગબર્ન અને નિમ્કોફ** કુટુંબની વ્યાખ્યા આપતા જણાવે છે કે,'કુટુંબ એ એવો અલ્પ કે દીર્ઘકાલીન સંબંધોવાળો સમૂહ છે કે જેમાં સંતાનોવાળા કે સંતાનો વિનાના પતિ-પત્નીનો સમાવેશ થાય છે.'

**મેકાઈવર** કુટુંબની વ્યાખ્યા આપતા લખે છે કે,'કુટુંબ એ એક એવો સમૂહ છે કે જેમાં સભ્યો વચ્ચે જાતીય સંબંધ પર્યાપ્ત રીતે સ્પષ્ટ અને નિશ્ચિત હોય છે અને સંતાનોત્પત્તિ તેમ જ તેમના ભરણપોષણ માટે આ સંબંધ લાંબાકાળ સુધી ટકી રહે એવા સ્વરૂપનો હોય છે.'

આ વ્યાખ્યાઓ ઉપરાંત કુટુંબની કેટલીક એવી લાક્ષણિક્તાઓ છે દરેક સમાજમાં જોવા મળતી હોય. આ લાક્ષણિક્તાઓને કુટુંબના આવશ્યક તત્ત્વો તરીકે પણ ઓળખાવી શકાય. આ તત્ત્વો એકસાથે એક જ સ્વરૂપે દરેક સમાજમાં કદાચ વ્યક્ત ન પણ થતા હોય પરંતુ તેમ છતાં એક યા બીજા સ્વરૂપે તો તે અવશ્ય જોવા મળે જ છે. મેકાઈવર આવી પાંચ લાક્ષણિક્તાઓ દર્શાવે છે.

1. કુટુંબના સભ્યો વચ્ચે એક યા બીજા સ્વરૂપનો સ્પષ્ટ અને નિશ્ચિત જાતીય સંબંધ.

2. કુટુંબના સભ્યો વચ્ચેના જાતીય સંબંધ અને તેને ટકાવી રાખવા માટે લગ્ન કે એવી બીજી કોઈ સમાજસ્વીકૃત વ્યવસ્થા.

3. કુટુંબના જુદાં જુદાં સભ્યોના સગપણસંબંધોને દર્શાવતી વંશાવળી.

4. કુટુંબના સભ્યોની એકબીજાં સાથે સંબંધ ધરાવતી એવી કોઈ પ્રવૃત્તિ કે જેને સંતાનના જન્મ કે સંતાનોના ઉછેર અંગેની આર્થિક જરૂરિયાત સાથે ખાસ સંબંધ હોય.

5. કુટુંબના સભ્યો સાથે ઊઠવા-બેસવા માટે એક નિવાસસ્થાન હોય છે. જો કે આ નિવાસસ્થાનમાં કુટુંબના સભ્યો ઉપરાંત બીજા સગાસ્નેહીઓનો સમાવેશ થઈ શકતો હોય છે.

મેકાઈવરે દર્શાવેલા આ કુટુંબના આ પાંચ સાર્વત્રિક લક્ષણો ઉપરાંત હવે કુટુંબના કેટલાંક વિશિષ્ટ લક્ષણોની સમજૂતી મેળવીએ કે જે કુટુંબને અન્ય સામાજિક સંસ્થાઓથી અલગ તારવતા હોય.

**(1) સર્વવ્યાપકતા :** વિશ્વના કોઈ પણ સમાજમાં પાંચ સંસ્થાઓ સાર્વત્રિક રીતે જોવા મળે છે. આ સંસ્થાઓ એટલે કુટંબ સંસ્થા, શિક્ષણ સંસ્થા, ધર્મ સંસ્થા, રાજ્ય સંસ્થા અને આર્થિક સંસ્થા. આ હકીકત દર્શાવે છે કે અન્ય સામાજિક સંસ્થાઓની જેમ કુટુંબ સંસ્થા પણ સર્વવ્યાપક છે. વિશ્વના કોઈ પણ સમાજમાં કુટુંબ સંસ્થાનું અસ્તિત્વ ન હોય એવો પુરાવો હજુ સુધી મળ્યો નથી. જુદાં જુદાં સમાજોમાં અલગ અલગ સ્વરૂપે જોવા મળતી કુટુંબ સંસ્થાના સ્વરૂપમાં સ્થળ અને કાળ અનુસાર ભિન્નતા હોવા છતાં તેનું અસ્તિત્વ આજપર્યંત ટકી રહ્યું છે. વળી, આધુનિક સમયમાં કુટુંબ સંસ્થાના ઘણા પરંપરાગત કાર્યો ઘટ્યા છે. તેમાં ક્રાંતિકારી પરિવર્તનો પણ આવ્યા છે તેમ છતાં કુટુંબ સંસ્થાનું સ્થાન અન્ય કોઈ સંસ્થા કે સંગઠન લઈ શકે તેવી વૈકલ્પિક વ્યવસ્થા હજુ સુધી ઉદ્ભવી નથી.

**(2) નિકટવર્તી સમૂહ :** કુટુંબ એ નિકટવર્તી સમૂહનું ઉત્તમ ઉદાહરણ છે. અમેરિકન સમાજશાસ્ત્રી **ચાર્લ્સ હોટન કૂલે**ના મતે કુટુંબ એ નિકટવર્તી સમૂહ હોવાને કારણે સભ્યોની મૂળભૂત વ્યક્તિમત્તાનું ઘડતર કરે છે. કુટુંબના સભ્યો વચ્ચે મોઢામોઢની અને અનૌપચારિક સંબંધ વ્યવસ્થા હોય છે અને સર્વ સભ્યોમાં 'અમેપણા'ની ભાવના અને આત્મીયતાની લાગણી પ્રવર્તે છે. આવી અનૌપચારિક વ્યવસ્થા હોવાના કારણે જ કુટુંબના સભ્યો એકબીજાંના દુઃખે દુઃખી અને સુખે સુખી હોય છે. આ રીતે કુટુંબ એ નિકટવર્તી સમૂહ છે.

**(3) મર્યાદિત કદ :** સમાજમાં અન્ય કુટુંબ સિવાયની અન્ય જે સામાજિક સંસ્થાઓ છે તેના કરતા કુટુંબનું હંમેશાં નિશ્ચિત અને મર્યાદિત હોય છે. તેનું એક કારણ એ છે કે અન્ય સમૂહો કે સામાજિક સંસ્થાઓ કરતા કુટુંબના સભ્યો વચ્ચેનો સંબંધ લગ્ન સંબંધ કે રક્તસંબંધ દ્વારા રચાતો હોય છે. આના કારણે કુટુંબના સભ્યોની સંખ્યા આપોઆપ નિશ્ચિત અને મર્યાદિત બની જાય છે.

**(4) સમાજમાં કેન્દ્રીય સ્થાન :** સમગ્ર સામાજિક વ્યવસ્થામાં કુટુંબનું કેન્દ્રીય સ્થાન હોય છે. કેટલાંક આદિવાસી સમાજોમાં તો કુટુંબ એ જ એકમાત્ર આધારસ્તંભ હોય છે. આદિવાસી સમાજોમાં તો ક્લાન તથા ટ્રાઈબ કુટુંબથી જ બને છે. માનવીના જન્મ તથા જીવન પણ કુટુંબ સંસ્થાને લીધે જ શક્ય બને છે એમ કહેવું અતિશયોક્તિભર્યું નથી. આ રીતે સમગ્ર સામાજિક વ્યવસ્થામાં કુટુંબનું કેન્દ્રીય સ્થાન જોવા મળે છે.

**(5) સભ્યોમાં ફરજ અને હક્ક અંગેના ખ્યાલો :** કુટુંબના દરેક સભ્યો વચ્ચે સંબંધોની જે ઢબ હોય છે તે પરસ્પરના ફરજ અને હક્કોના ખ્યાલો પર રચાયેલી હોય છે. આ ફરજ કે હક્કો એ માત્ર ઔપચારિક સ્વરૂપના જ નથી હોતા, પરંતુ કુટુંબના સભ્યોનું શરૂઆતથી જ એ રીતે સામાજીકરણ થયું હોય છે કે સભ્યોને એકબીજાં પ્રત્યે માન, પ્રેમ, આદર અને સહકારની લાગણી જન્મે છે.

સભ્યો વચ્ચેના આવા સહજ સંબંધોને લીધે કુટુંબ સરળતાથી પોતાના કાર્યો કરી શકે છે અને તેનું સંચાલન યોગ્ય રીતે થઈ શકે છે.

**(6) સામાજિક નિયંત્રણ :** સમાજમાં રહેતી વ્યક્તિઓનો પ્રારંભિક ઉછેર અને વિકાસ કુટુંબમાં થતો હોય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે કુટુંબ પોતાના સભ્યોને વિચાર અને વર્તનની સમાજસ્વીકૃત શૈલી શીખવતું હોય છે. વ્યક્તિના શરૂઆતના ઘડતરકાળમાં કુટુંબે એનું જે રીતે સામાજિકરણ કર્યું હોય છે તે મુજબ વ્યક્તિને સમૂહના રીતિરિવાજ, માન્યતા અને મૂલ્યોનું જ્ઞાન પ્રાપ્ત થતું હોય છે. જેમ જેમ સમાજ વધુ પ્રાથમિક અને ઓછો પરિવર્તનશીલ તેમ તેમ વ્યક્તિ પર કુટુંબનું નિયંત્રણ વધુ હોય છે. આમ, સામાજિક નિયંત્રણના પાયાના એકમ તરીકે કુટુંબની પાયાની ભૂમિકા છે.

**(7) સ્થિર અને પરિવર્તનશીલ :**

કુટુંબ એ પ્રમાણમાં સ્થિર અને પરિવર્તનશીલ સંગઠન છે. કોઈ એક વ્યક્તિના કુટુંબને લાગેવળગે છે ત્યાં સુધી એના તમામ સભ્યોના અવસાન પછી કદાચ તેના કુટુંબનું અસ્તિત્વ સમાપ્ત થઈ જતું હશે, પરંતુ એક સામાજિક સંસ્થા તરીકે સમાજમાં કુટુંબનું સાતત્ય સતત જળવાઈ રહેતું હોય છે. કુટુંબ અંગે રચનાત્મક રીતે વિચાર કરીએ તો તેના પ્રકાર અને કદમાં પરિવર્તન આવે છે તેની સાથે સાથે કુટુંબના કાર્યો પણ બદલાય છે. કુટુંબના કાર્યોમાં થતા ફેરફારની અસર સામાજિક રચનાતંત્ર પર પણ થાય છે. અને આમ, એક સંસ્થા તરીકે કુટુંબમાં સ્થિરતા જોવા મળે છે, પરંતુ એક મંડળ તરીકે તેમાં પરિવર્તનનો દોર ચાલુ રહે છે.

## 3.7 કુટુંબના કાર્યો :

સામાજિક વ્યવસ્થાના એક એકમ તરીકે કુટુંબની ઉપરોક્ત લાક્ષણિક્તાઓ જાણ્યા પછી હવે આપણે કુટુંબના કાર્યોને સમજીએ. વળી, કોઈ પણ સામાજિક સંસ્થા તેના કાર્યો દ્વારા સામાજિક વ્યવસ્થાને ગતિશીલ રાખે છે. આથી સામાજિક સંસ્થાના કાર્યોને સમજ્યા વિના સામાજિક વ્યવસ્થાની સમજ અપર્યાપ્ત છે અહીં કુટુંબના મુખ્ય કાર્યો અને પૂરક કાર્યોને સમજીએ.

**કુટુંબના મુખ્ય કાર્યો :**

**(1) પ્રજોત્પાદન :**

સામાજિક વ્યવસ્થાની જાળવણીમાં જન્મ અને મૃત્યુ એ બંને ઘટનાઓ અત્યંત આવશ્યક છે. જન્મ દ્વારા સમાજમાં નવા સભ્યો ઉમેરાતા જાય છે અને મૃત્યુ દ્વારા જૂના સભ્યો સમાજમાંથી વિદાય લે છે. આ રીતે ધીમું છતાં સતત પરિવર્તન એ સામાજિક વ્યવસ્થાની ખાસિયત રહી છે. કુટુંબ સંસ્થા પ્રજોત્પાદનના કાર્ય દ્વારા સમાજમાં નવા સભ્યોને ઉમેરવાનું કાર્ય કરે છે. જ્યારે સ્ત્રી અને પુરુષ લગ્નગ્રંથિથી જોડાય છે ત્યારે તેમનો જાતીય સંબંધ અને તેના દ્વારા થતા સંતાનો સમાજમાન્ય ગણાય છે. આથી જ લગ્ન એ કુટુંબ સંસ્થાના ઉદ્ભવનું પ્રથમ પગથિયું છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આ રીતે જોઈએ તો બાળકનો જન્મ, ઉછેર અને વિકાસ કુટુંબમાં જ થાય છે.જો કુટુંબ સંસ્થા પ્રજોત્પાદનનું કાર્ય ન કરતી હોય તો સમાજ કે સામાજિક વ્યવસ્થા સંભવી શકે નહીં. આમ, પ્રજોત્પાદનનું કાર્ય એ કુટુંબ સંસ્થાનું મહત્ત્વનું કાર્ય છે.

**(2) સામાજીકરણનું કાર્ય :**

માત્રને માત્ર પ્રજોત્પતિ અને વ્યક્તિઓના અનિયંત્રિત ટોળા એ સમાજ કે કુટુંબ નથી, પરંતુ પોતાના સમાજ અને કુટુંબના સામાજિક, ધાર્મિક, આર્થિક મૂલ્યોનું એક પેઢી તરફથી બીજી પેઢીને હસ્તાંતરણ કરવાનું કાર્ય સામાજીકરણની પ્રક્રિયા દ્વારા કુટુંબ સંસ્થા કરે છે. સામાજીકરણની આ પ્રક્રિયા વ્યક્તિના વ્યક્તિત્વ ઘડતરમાં પણ સવિશેષ મહત્ત્વની છે.

**(3) કુટુંબ વ્યક્તિને સામાજિક દરજ્જો પ્રદાન કરે છે :**

વ્યક્તિને સૌ પ્રથમ સામાજિક દરજ્જો આપવાનું કાર્ય કુટુંબ સંસ્થા કરે છે. જન્મની સાથે જ મળતો આ અર્પિત દરજ્જો જે તે વ્યક્તિને તેના સામાજીકરણ દરમ્યાન તેના અધિકાર અને ફરજોથી અવગત કરાવે છે. કુટુંબ દ્વારા મળતો આ સામાજિક દરજ્જો વ્યક્તિને તેની સામાજિક ઓળખ પૂરી પાડે છે.

**(4) સામાજિક વારસાની જાળવણીનું કાર્ય :**

સમાજમાં જ્ઞાન, કુશળતા, કળા વગેરેનું પેઢી દર પેઢી હસ્તાંતરણ થતું હોય છે. સમાજના આ કાર્યમાં કુટુંબ સંસ્થાનું યોગદાન અનન્ય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે કુટુંબ અભૌતિક સંસ્કૃતિના વહનનું કાર્ય કરે છે. જીવન દરમ્યાન મોટાભાગના આદર્શો, આચાર-વિચાર વ્યક્તિ કુટુંબમાંથી જ મેળવે છે અને આ રીતે સામાજિક વારસાની જાળવણીના કાર્યમાં કુટુંબની ભૂમિકા મહત્ત્વની છે.

**કુટુંબ સંસ્થાના પૂરક કાર્યો :**

કુટુંબ સંસ્થાના મુખ્ય કાર્યોની સમાંતરપણે સામાજિક વ્યવસ્થાને વધુ સુદૃઢ કરવા માટે કુટુંબ કેટલાંક પૂરક કાર્યો પણ સતત કરે છે. સંસ્કૃતિના ભાગરૂપ દરેક કુટુંબ ધાર્મિક કાર્ય દ્વારા તેના સભ્યોને ધર્મ અને કર્મકાંડને લગતી કાર્યવિધિનું જ્ઞાન આપે છે, તો આર્થિક કાર્ય દ્વારા સભ્યોને પરંપરાગત વ્યવસાય શીખવવાનું અને નવા કાર્યો માટે પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે. આ સાથે કુટુંબ તેના આશ્રિતોને રક્ષણ આપવાનું તથા તેના જીવનનિર્વાહની જવાબદારીઓના વહનનું કાર્ય પણ કરે છે. જ્યારે એક સામાજિક વ્યવસ્થા તરીકે કુટુંબ સંસ્થાનો અભ્યાસ કરતા હોઈએ ત્યારે ઉપર દર્શાવેલા તેના મુખ્ય કાર્યો ઉપરાંત આ ગૌણ કાર્યોની સમજ પણ અત્યંત આવશ્યક બની જાય છે.

## 3.8 જ્ઞાતિ સંસ્થા :

જ્ઞાતિ એ ભારતની વિશિષ્ટ સામાજિક સંસ્થા છે. જાણીતા સાહિત્યકાર શ્રી કાકાસાહેબ કાલેલકર ભારતને જ્ઞાતિઓનું પિયર ગણે છે. કાકાસાહેબ કાલેલકરનું આ વિધાન ભલે સાહિત્યિક હોય પરંતુ **રિઝલે** નામના વિદ્વાને કરેલો જ્ઞાતિ અંગેનો અભ્યાસ કાકાસાહેબના વિધાનને સમર્થન આપે છે. રિઝલેના મતે ભારતમાં 3000થી વધુ જ્ઞાતિઓ છે અને દરેક જ્ઞાતિનું આગવું સામાજિક જીવન છે. ભારતમાં સદીઓથી પ્રવર્તતી આ જ્ઞાતિસંસ્થા હજુ પણ એટલી જ પ્રભાવી છે. વ્યક્તિગત પરિચયની વાત હોય કે રાજકારણમાં ચૂંટણી અંગેના સમીકરણોની વાત, ધાર્મિક કે નાગરિક અધિકારો અંગેની વાત હોય કે સમાજના કોટિક્રમિક માળખાંની વાત – આ પ્રત્યેક ક્ષેત્રમાં જ્ઞાતિનું પરિબળ હંમેશાં મહત્ત્વનું રહ્યું છે. અલબત્ત, સમાજવ્યવસ્થામાં પરિવર્તન આવવાની સાથે જ્ઞાતિસંસ્થામાં પણ પરિવર્તન આવ્યા છે ખરા, પરંતુ જ્ઞાતિ સંસ્થાનું અસ્તિત્વ જોખમાયું હોય તેવા કોઈ અણસાર હજુ સુધી પ્રાપ્ત થયા નથી.

ભારતની સામાજિક વ્યવસ્થાના હાર્દ સમી જ્ઞાતિ સંસ્થાની સમજૂતી મેળવ્યા વિના સામાજિક વ્યવસ્થાનો પરિચય અધૂરો છે. ભારતની જ્ઞાતિ સંસ્થા અંગે ઘણા અભ્યાસો થયા છે, ગ્રંથો લખાયા છે પરંતુ અહીં અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને માત્ર જ્ઞાતિ સંસ્થાનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ અંગેની પાયાની સમજ રજૂ કરી છે.

## 3.9 જ્ઞાતિનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ :

'જ્ઞાતિ' (Caste) શબ્દ 'ઓલાદ', 'વંશ' જેવા શબ્દો કે જે જાતિના સૂચક છે એવા પોર્ટુગીઝ શબ્દ 'Casta' પરથી ઉતરી આવ્યો છે. સૌ પ્રથમ 1523માં 'જ્ઞાતિ' શબ્દ પ્રયોજાયો હોય તેવું અભ્યાસો નોંધે છે. સેનાર્ટના મત પ્રમાણે પોર્ટુગીઝો મલબાર કાંઠાના લોકોના સંબંધમાં સંપર્કમાં આવ્યા ત્યારે તેઓએ હિંદુઓને અનેક સમૂહોમાં વિભાજિત થયેલા જોયા. આવા જુદાં જુદાં સમૂહોને ઓળખવા

માટે તેઓએ 'જ્ઞાતિ' નામ આપ્યું. જી. કે **પિલ્લાઈ**ના મતે 'જ્ઞાતિ' શબ્દ ફ્રેંચ ભાષામાંથી લેવામાં આવ્યો છે અને તેનો અર્થ 'ઉછેર કરવો' એવો થાય છે.

'જ્ઞાતિ' શબ્દની વ્યત્પુત્તિને સમજવા કરતા પણ તેની કોઈ એક જ વ્યાખ્યા આપવાનું કાર્ય ઘણું કઠિન છે. જ્ઞાતિ વિષયક ઘણા સંશોધનો થયા છે, ઘણા પુસ્તકો લખાયા છે, એમ છતાં જ્ઞાતિની તમામ લાક્ષણિક્તાઓને આવરી લે તેવી કોઈ સર્વસામાન્ય વ્યાખ્યા આપવાનું કાર્ય કઠિન છે. અહીં જુદાં જુદાં સમાજશાસ્ત્રીઓએ જ્ઞાતિની જે વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે તેમાંથી કેટલીક વ્યાખ્યાઓ પ્રસ્તુત છે.

**વિન્ટસ**ના મતે,'જ્ઞાતિ એ કુટુંબોનો એવો સમૂહ છે કે જેના સભ્યો એકબીજાં સાથે પરણી શકે છે. એમાં ઉમેરવું જોઈએ કે આવા દરેક સમૂહને સામાજિક કોટિક્રમમાં સ્થાન હોય છે. દરેક એકબીજાંથી ઉચ્ચ હોય કે નિમ્ન હોય કે પછી સમાન હોય પરંતુ વાસ્તવમાં પોતાના સમૂહનું સ્થાન ક્યાં છે તે સર્વને વિદિત છે.'

**રિઝલે**ના મતે 'જ્ઞાતિ એ કેટલાંક કુટુંબોનો અથવા કુટુંબોના જૂથોનો સમૂહ છે કે જે માનવ કે દૈવી એવા કોઈ એક પૌરાણિક પૂર્વજમાંથી ઉતરી આવ્યો હોવાનો દાવો કરે છે. જ્ઞાતિને પેઢી દર પેઢી ચાલ્યો આવતો એક જ વ્યવસાય છે અને જ્ઞાતિ અંગે અભિપ્રાય આપનારાઓના મત મુજબ જ્ઞાતિ એક સ્વતંત્ર અને એક જાતીય જમાત ગણાય છે.'

**કેતકર**ના મતે 'જ્ઞાતિ એ સામાજિક જૂથ છે અને તેના બે લક્ષણો છે – (1) તેનું સભ્યપદ તેના સભ્યો પૂરતું જ મર્યાદિત હોય છે. અને એક જ જ્ઞાતિમાં જન્મેલા બધા વ્યક્તિઓ આપોઆપ તેમાં સમાઈ જાય છે. અને (2) તેમાં એક એવો કડક સામાજિક નિયમ હોય છે કે તેના સભ્યો એ જૂથની બહાર પરણી શકતા નથી.'

ભારતમાં સમાજશાસ્ત્રના આદ્યપિતા ડૉ. જી. એસ. ઘૂર્યેનો જ્ઞાતિ સંસ્થા અંગેનો અભ્યાસ ખૂબ જ પ્રચલિત છે. ડૉ. ઘૂર્યે ભારતની પરંપરાગત જ્ઞાતિ વ્યવસ્થાનું સ્વરૂપ સમજાવવા માટે તેના છ લક્ષણો દર્શાવે છે.

**(1) હિન્દુ સમાજનું જુદાં જુદાં ખંડોમાં વિભાજન :**

અગાઉ જોયું તેમ રિઝલેના અભ્યાસ મુજબ ભારતમાં 3000 કરતા વધુ જ્ઞાતિઓ છે. આનો અર્થ એ થયો કે ભારતીય સમાજ જ્ઞાતિરૂપી વાડામાં વિભાજિત થયેલો છે. હિંદુ સમાજની પ્રત્યેક જ્ઞાતિ એક અલગ અને સ્વતંત્ર સામાજિક એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે. જ્ઞાતિના આ પ્રથમ લક્ષણને આપણે નીચે મુજબ ત્રણ પેટા વિભાગોમાં દર્શાવી શકીએ :

**(અ) જ્ઞાતિનું સભ્યપદ અને દરજ્જો જન્મગત (વંશપરંપરાગત) હોય છે :**

દરેક જ્ઞાતિસમૂહનું સભ્યપદ જન્મ પર આધારિત છે. એટલે કે જે જ્ઞાતિમાં વ્યક્તિનો જન્મ થાય તે જ્ઞાતિમાં પરંપરાગત ધોરણો મુજબ વ્યક્તિનો દરજ્જો જન્મની સાથે જ નક્કી થઈ જાય છે. વ્યક્તિ સ્વપ્રયત્નથી જ્ઞાતિનું સભ્યપદ કે દરજ્જો બદલી શકતી નથી. મહારાષ્ટ્રનો દાખલો ટાંકીને ઘૂર્યે નોંધે છે કે મરાઠા જ્ઞાતિઓની વ્યક્તિઓએ પોતાના બાપદાદાનો ધંધો બદલવા છતાં તેમનો જ્ઞાતિનો દરજ્જો બદલાયો નથી.

**(બ) જ્ઞાતિ પંચાયત :**

ઘણીખરી જ્ઞાતિઓને પોતાની કાયમી પંચાયતો હોય છે. આવી પંચાયતો જ્ઞાતિના અનેક વર્તનો પર નિયંત્રણો મૂકે છે અને આ રીતે પોતાના સભ્યો પર અંકુશ ધરાવે છે. જ્ઞાતિનો કોઈ પણ સભ્ય જ્ઞાતિના રિવાજો કે નિયમોનું ઉલ્લંઘન કરે તો તેને જ્ઞાતિપંચાયત શિક્ષા કરે છે.

**(ક) દરેક જ્ઞાતિને પોતાની આગવી સંસ્કૃતિ હોય છે :**

વિવિધ જ્ઞાતિઓના રીતિરિવાજો અને ધારાધોરણોની બાબતમાં તફાવતો જોવા મળે છે. જુદી

જુદી જ્ઞાતિઓના લગ્ન, મૃત્યુ જેવા રિવાજોમાં ઘણા તફાવતો હોય છે. જ્ઞાતિ સમાજના અંગરૂપ હોવા છતાં પ્રત્યેક જ્ઞાતિને પોતાનું આગવું વિશ્વ હોય છે.

**(2) કોટિક્રમ :**

ભારતીય સામાજિક માળખાંમાં જ્ઞાતિઓ અંગેનો એક ચોક્કસ કોટિક્રમ જોવા મળે છે. કોટિક્રમની આ વ્યવસ્થામાં સૌથી ઉચ્ચ સ્થાન પર બ્રાહ્મણો છે. જો કે જુદી જુદી જ્ઞાતિઓનું એક ચોક્કસ સામાજિક સ્થાન નક્કી કરવું મુશ્કેલ છે. ઈ.સ. 1901ના મૈસૂરના સેન્સસ અહેવાલને ટાંકીને ઘૂર્યે નોંધે છે કે 'સમાજની આજની સ્થિતિમાં પ્રત્યેક સમુદાયનું સ્થાન ઓળખી શકાય તેવું રહ્યું નથી. તે જ રીતે જ્ઞાતિઓના કોટિક્રમ માટે લોકોએ પોતે સ્વીકાર્ય ગણ્યો હોય તેવો કોઈ સર્વમાન્ય સિદ્ધાંત દેખાતો નથી.' વિશેષમાં ઘૂર્યે નોંધે છે કે, 'ટૂંકમાં જ્ઞાતિવ્યવસ્થામાં જ્ઞાતિઓના દરજ્જાની અસમાનતા અથવા કોટિક્રમ હોય છે ખરો પણ આ કોટિક્રમમાં કઈ જ્ઞાતિ ક્યા સ્થાને છે તે નક્કી કરવું મુશ્કેલ છે.'

**(3) ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધો :**

ખાનપાન અને બીજા સામાજિક વ્યવહારો કઈ જ્ઞાતિ સાથે રાખી શકાય અને કઈ જ્ઞાતિ સાથે ન રાખી શકાય તે અંગેના ઘણા ઝીણવટભર્યા સામાજિક ધોરણો દરેક જ્ઞાતિમાં હોવાનું ઘૂર્યેએ નોંધ્યું છે. ખાનપાનના સંબંધો અને સામાજિક વ્યવહારોની બાબતમાં ભારતના જુદાં જુદાં પ્રદેશોમાં જુદી જુદી જ્ઞાતિઓના રિવાજોમાં ઘણા તફાવતો જોવા મળે છે. બ્રાહ્મણોના હાથનો બનાવેલો કાચો ખોરાક બધી જ જ્ઞાતિઓ ખાઈ શકે છે જ્યારે બ્રાહ્મણો પોતે અમુક જ જ્ઞાતિઓના ઘરનું અને તે પણ માત્ર પાકું ભોજન જ લઈ શકે છે. ઉચ્ચ જ્ઞાતિની વ્યક્તિ પોતાનાથી ઉતરતી જ્ઞાતિની વ્યક્તિના ઘરનું કાચું ભોજન લઈ શકે નહીં, પરંતુ નિમ્ન જ્ઞાતિની વ્યક્તિ પોતાનાથી ચઢિયાતી જ્ઞાતિની વ્યક્તિના ઘરનું કાચું ભોજન લઈ શકે છે. આમ, ખાનપાનના વ્યવહારોમાં ઘણા સૂક્ષ્મ અને ચુસ્ત ધોરણો જોવા મળે છે.

**(4) નાગરિક અને ધાર્મિક અસમાનતાઓ :**

ભારતની વિવિધ જ્ઞાતિઓમાં ચઢિયાતાપણા અને ઉતરતાપણાના ખ્યાલોએ નિમ્ન અને ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓમાં નાગરિક અને ધાર્મિક અધિકારો વિશે અસમાનતા સર્જી છે. નિમ્ન ગણાતી જ્ઞાતિઓ અનેક પ્રકારના નાગરિક અને ધાર્મિક અધિકારોથી વંચિત રહે છે, જ્યારે ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓ આ બાબતમાં અનેક વિશેષાધિકારો ભોગવે છે.

વસવાટના સંદર્ભમાં આવી અસમાનતા જોઈએ તો ઉત્તર ભારત અને મહારાષ્ટ્રમાં અમુક જ્ઞાતિઓ ગામની બહાર નિવાસ કરે છે. ગામની અંદરના ભાગમાં પણ જુદી જુદી જ્ઞાતિઓના વસવાટના વિસ્તારો જુદાં જુદાં હોય છે. ગુજરાતના ઘણા ગામડાંઓમાં આજે પણ અમુક જ્ઞાતિના નિવાસ ગામની બહાર કે ભાગોળે જોવા મળે છે. તો ગામમાં કૂવાના ઉપયોગના સંદર્ભમાં પણ આવી અસમાનતા વિશેષ ધ્યાન ખેંચે તેવી હોય છે. ઉચ્ચ જ્ઞાતિઓ જે કૂવેથી પાણી ભરતી હોય તે કૂવેથી અમુક જ્ઞાતિઓ પાણી ભરી શકતી નહીં. જો નિમ્ન જ્ઞાતિની વ્યક્તિ ઉચ્ચ જ્ઞાતિના કૂવેથી પાણી ભરે તો કૂવા અને ઉચ્ચ જ્ઞાતિની વ્યક્તિને આભડછેટ લાગે તેવી માન્યતા પણ ખૂબ પ્રચલિત હતી.

વળી, જાહેરમાર્ગોના સંદર્ભમાં પણ આવી અસમાનતાને કારણે ઘણા ભેદભાવો જોવા મળતા. મહારાષ્ટ્રમાં મહાર જ્ઞાતિના વ્યક્તિઓને ગામના જાહેરમાર્ગ પર થૂંકવાની પણ મનાઈ હતી. આથી મહાર જ્ઞાતિના લોકો જ્યારે ગામમાં નીકળતા ત્યારે થૂંકવા માટે કોડિયું ગળે લટકાવીને બહાર નીકળતા, કારણ કે જો રસ્તા પર તેમનું થૂંક પડે અને ઉચ્ચ જ્ઞાતિના વ્યક્તિનો તેના પર પગ પડે તો તેઓ અભડાઈ જાય તેવી પરંપરાગત માન્યતા પ્રચલિત હતી.

શાળાના પ્રવેશની બાબતમાં પણ આવી અસમાનતા અને ભેદભાવો જોવા મળતા. ગામની સરકારી શાળામાં અમુક જ્ઞાતિના બાળકોને પ્રવેશ અપાતો નહીં. કાયદાની દૃષ્ટિએ તેમને અભ્યાસ કરવાનો હક્ક હોવા છતાં શાળાપ્રવેશથી તેઓ વંચિત રહેતા.

મંદિર પ્રવેશ અંગે પણ આવી અસમાનતાઓને લીધે નિમ્ન જ્ઞાતિઓ મંદિરમાં પ્રવેશ કરી શકતી નહીં.

આમ, નાગરિક અને ધાર્મિક અસમાનતાઓ જ્ઞાતિની એક આગવી વિશેષતા છે.

**(5) ધંધાની પસંદગી પરના અંકુશો :**

જ્ઞાતિના વ્યવસાયો વંશપરંપરાગત ચાલ્યા આવતા હતા. પ્રત્યેક જ્ઞાતિએ પોતાનો નક્કી થયેલો ધંધો કરવો તે ફરજ ગણાતી. પોતાની જ્ઞાતિ સિવાયનો અન્ય ધંધો કે વ્યવસાય ફાયદાકારક જણાતો હોય તો પણ વ્યક્તિ જ્ઞાતિનો ધંધો કે વ્યવસાય છોડીને અન્ય ધંધો કે વ્યવસાય કરી શકતી નહીં. જો કે ખેતી, ખેતમજૂરી અને લશ્કરી નોકરી જેવા કેટલાંક વ્યવસાયો કોઈ પણ જ્ઞાતિની વ્યક્તિ કરી શકતી. એ જ રીતે કારીગરોના વ્યવસાયો સ્વીકારવાની બાબતમાં પણ આવી છૂટછાટો જોવા મળતી. આમ છતાં, વ્યવસાયની પસંદગીમાં જ્ઞાતિનું નૈતિક નિયંત્રણ રહેતું એટલું જ નહીં પરંતુ બીજી જ્ઞાતિઓનું નિયંત્રણ પણ તેમાં અસરકારક ભાગ ભજવતું.

**(6) લગ્ન પરના પ્રતિબંધો :**

દરેક જ્ઞાતિ એક રીતે જોઈએ તો નાની નાની અનેક પેટા જ્ઞાતિઓમાં વહેંચાયેલી છે. એક પેટા જ્ઞાતિની વ્યક્તિ અન્ય પેટા જ્ઞાતિની વ્યક્તિ સાથે લગ્ન કરી શકતી નથી. આમ, પેટા જ્ઞાતિ તરીકે ઓળખાતા આ બધા જૂથો અંતર્લગ્ન પ્રથા ધરાવે છે. અંતર્લગ્નની આ પ્રથા જ્ઞાતિ સમાજનું એવું નોંધપાત્ર પાસું છે કે વેસ્ટરમાર્કે તો તેને જ જ્ઞાતિવ્યવસ્થાના હાર્દ તરીકે ઓળખાવ્યું છે. જ્ઞાતિ કે પેટા જ્ઞાતિમાં જ લગ્ન કરવાનું વ્યક્તિને માટે અનિવાર્ય ગણાયું છે. આ નિયમનો ભંગ કરનાર વ્યક્તિને જ્ઞાતિમાંથી કાઢી મૂકવા સુધીની સજાઓ કરવામાં આવે છે.

## 3.10 જ્ઞાતિ સંસ્થાના કાર્યો :

જ્ઞાતિ સંસ્થા ભારતીય સમાજવ્યવસ્થાનું એક મહત્ત્વપૂર્ણ ઘટક છે. જ્ઞાતિ પોતાના અંગભૂત વ્યક્તિઓની દૃષ્ટિએ સામાજિક, આર્થિક, રાજકીય, ધાર્મિક એમ સમાજજીવનના તમામ પાસાંઓમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જ્ઞાતિ લગ્નસંસ્થામાં જીવનસાથીની પસંદગી, આર્થિક બાબતોમાં વ્યવસાયની પસંદગી, રાજકીય બાબતોમાં પક્ષોની પસંદગી, ધાર્મિક કાર્યોમાં ધાર્મિક ક્રિયા, કર્મકાંડ વગેરેની પસંદગીના સંદર્ભમાં મહત્ત્વના કાર્યો કરે છે. સાથે સાથે જ્ઞાતિ ખાનપાન, પહેરવેશ, રીતિરિવાજો, અસ્પૃશ્યતા, સ્ત્રીઓ સાથેનો વ્યવહાર, લગ્ન અને છૂટાછેડા, પુનર્લગ્ન, જન્મ અને મૃત્યુની વિધિ આ તમામ સામાજિક બાબતોમાં પોતાના અભિગમને સ્પષ્ટ કરવાનું કાર્ય કરે છે. વળી, ધાર્મિક ક્ષેત્રમાં જ્ઞાતિ એવી રીતે કાર્ય કરે છે કે તે બદલાતા જમાનાના નૈતિક ધોરણો અથવા લોકમતના વલણ અનુસાર પોતાના સામાજિક અને ધાર્મિક આચારોને બદલી કે સુધારી શકે છે.

વ્યક્તિને સમાજમાં કેવી રીતે વર્તવું તેની તરાહ પણ જ્ઞાતિ નક્કી કરે છે. જ્ઞાતિએ નિયત કરેલા માપદંડથી વિરુદ્ધ વર્તન કરનારને જ્ઞાતિ પંચ જેવી પેટા સંસ્થા દ્વારા દંડ અને સજાની પણ જોગવાઈ છે. આમ, વ્યક્તિ અને કુટુંબ પર નૈતિક અને સામાજિક નિયંત્રણ કરવાનું કાર્ય જ્ઞાતિ સંસ્થા કરે છે.

જ્ઞાતિ પોતાનો વ્યવસાય, ધર્મ, જીવનપદ્ધતિના લાક્ષણિક રૂપને જાળવીને સમગ્ર સમાજના એક અંગ તરીકે જોડાઈ રહેવાનું કાર્ય કરે છે. સાથે સાથે જુદી જુદી જ્ઞાતિઓને કારણે સમાજનું પણ જુદાં જુદાં ખંડોમાં વિભાજન થાય છે. જ્ઞાતિ એ વ્યક્તિને જ્ઞાતિમાં સભ્યપદ આપવાનું, સામાજિક દરજ્જો આપવાનું, લગ્નની પદ્ધતિઓ નક્કી કરવાનું, જન્મ અને મૃત્યુ સમયની વિધિ નક્કી કરવાનું, સામાજિક સ્તરરચનામાં ચડતા-ઉતરતા ક્રમમાં ગોઠવાઈ જવાનું, શું ખાવું, ક્યાં ખાવું જેવી નાનામાં નાની

વિગતોને નક્કી કરવાનું, અન્ય જ્ઞાતિ સાથેના વ્યવહારો નક્કી કરવાનું, જીવનનિર્વાહની પદ્ધતિ નક્કી કરવાનું જેવા કાર્યો કરે છે. દરેક જ્ઞાતિ આવા જુદાં જુદાં કાર્યો દ્વારા સામાજિક વ્યવસ્થાને જાળવવાનું કાર્ય કરે છે.

એ. બે. દુબ્વા નોંધે છે કે 'હિન્દુસ્તાનને પૂરેપૂરી જંગલી અવસ્થામાંથી બચાવવાનું શ્રેય જ્ઞાતિસંસ્થાને આપવું ઘટે. જ્ઞાતિ એ વ્યવસ્થિત રાજ્યતંત્રનો નક્કર આધાર છે, જે સમાજને રાજકીય સ્થિરતાનું બળ પૂરું પાડે છે.'

## 3.11 ઉપસંહાર

આ એકમના અભ્યાસ સાથે આપણે વિગતવાર વિવિધ સામાજિક સંસ્થાઓ જેમ કે, લગ્ન સંસ્થા, કુટુંબ સંસ્થા અને જ્ઞાતિ સંસ્થા વિશે જાણી શકાય છે.

## 3.12 તમારી પ્રગતિ ચકાસો

1. .......... અભિગમ મુજબ પ્રત્યેક સામાજિક સંસ્થા અન્ય સંસ્થા સાથે સંકળાયેલી છે.

   (A) હકારાત્મક અભિગમ　(B) નકારાત્મક અભિગમ

   (C) કાર્યાત્મક અભિગમ　(D) સર્વાંગી અભિગમ

2. કુટુંબ સંસ્થાના ઉદ્‌ભવનું પ્રથમ પગથિયું .......... છે.

   (A) લગ્ન　(B) જ્ઞાતિ

   (C) સમાજ　(D) શિક્ષણ

3. હિન્દુધર્મમાં લગ્ન એ ........ સંસ્કારોમાંનો એક પવિત્ર સંસ્કાર છે.

   (A) 12　(B) 16

   (C) 14　(D) 18

4. હિન્દુધર્મમાં લગ્ન એ ........ સંસ્કારોમાનો એક પવિત્ર સંસ્કાર છે.

   (A) કુટુંબ　(B) જ્ઞાતિ

   (C) ધર્મ　(D) જાતિ

5. સૌ પ્રથમ ........ વર્ષમાં જ્ઞાતિ શબ્દ પ્રયોજયો હતો.

   (A) 1525　(B) 1524

   (C) 1526　(D) 1523

6. 'હિન્દુસ્તાનને પુરેપુરી જંગલી અવસ્થામાંથી બચાવવાનું હોય જ્ઞાતિ સંસ્થાને આપવું ઘટે' – એમ કોણે કહ્યું છે.

   (A) ડૉ. જોન્સન　(B) ડૉ. ઘુર્યે

   (C) એ. આર. દેસાઈ　(D) એ. બે. દુબ્વા

- **એક-એક વાક્યમાં જવાબ આપો.**

1. કઈ સંસ્થા સ્ત્રી અને પુરુષના જાતિય સબંધોને સ્વીકૃતિ આપે છે ?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

2. હિન્દુ શાસ્ત્રકારોએ લગ્નના કેટલા પ્રકારો જણાવ્યાં છે ?

.................................................................

.................................................................

.................................................................

3. લગ્નના પ્રકારોને મુખ્ય કયા-કયા વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે ?

.................................................................

.................................................................

.................................................................

4. ધર્મ શબ્દનો અર્થ કોની સાથે સંકળાયેલો છે ?

.................................................................

.................................................................

.................................................................

5. વિશ્વના કોઈપણ સમાજમાં કેટલી સંસ્થાએ સાર્વત્રિક રીતે જોવા મળે છે ?

.................................................................

.................................................................

.................................................................

6. જ્ઞાતિસંસ્થા અંગે કયા સમાજશાસ્ત્રીનો અભ્યાસ ખૂબ પ્રચલિત છે ?

.................................................................

.................................................................

.................................................................

## 3.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) કાર્યાત્મક અભિગમ
2. (A) લગ્ન
3. (B) 16
4. (A) કુટુંબ
5. (D) 1523
6. (D) એ. બે. દુબ્વા

- **એક-એક વાક્યના જવાબો :**

1. લગ્ન સંસ્થા
2. આઠ પ્રકારો
3. બે વિભાગો (1) એકસાથી લગ્ન (2) બહુસાથી લગ્ન
4. ફરજ સાથે
5. પાંચ
6. ડૉ. જી. એસ. ધુર્યે

## 3.14 ચાવીરૂપ શબ્દોની સમજ

1. **વસ્તી (Population) :** સમાજમાં વ્યક્તિઓની સંખ્યા અર્થાત્ જનસંખ્યાને વસ્તી કહેવાય.
2. **અપરાધ (Crime) :** સમાજશાસ્ત્રીય રીતે સમાજ સ્વીકૃત વર્તનથી વિરુદ્ધનું વર્તન એટલે અપરાધ.
3. **આત્મહત્યા :** કોઈ વ્યક્તિ દ્વારાં પોતાનો જીવ લેવાની ક્રિયાને આત્મહત્યા કહેવામાં આવે છે. પોતાના વિનાશ માટે જાણી જોઈને અથવા નિષ્ક્રિયતાના પરિણામે થતા મૃત્યુને આત્મહત્યા કહેવામાં આવે છે.
4. **ઉદ્યોગ (Industry) :** યંત્ર અથવા શક્તિ (Power) ઉપર આધારિત ઉત્પાદનના વિશિષ્ટ સ્વરૂપની યાંત્રિક ઉત્પાદન પ્રક્રિયા.
5. **કુટુંબ :** કુટુંબ બે અથવા વધુ સભ્યોનો સમૂહ છે કે જેમાં પતિ-પત્ની વચ્ચે જાતીય સબંધ હોય જે બાળઉછેર માટે પૂરતો હોય છે. આ સમૂહના સભ્યોમાં કેટલાંક સભ્યો લગ્ન સબંધથી અને રક્તસબંધથી અથવા દત્તકના સબંધથી જોડાયેલાં હોય છે. આ બધા સભ્યો એક જ નિવાસસ્થાનમાં રહે છે.
6. **વ્યાખ્યા (Definition) :** કોઈપણ વિભાવનાને સમજાવવા માટેનું વિધાન.
7. **સમાજ (Society) :** સામાજિક સબંધોનું માળખું એટલે સમાજ.

## 3.15 સ્વાધ્યાય લેખન

**1. લગ્નનો અર્થ સમજાવી તેના વિવિધ પ્રકારોની વિસ્તૃત ચર્ચા કરો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**2. એક સામાજિક વ્યવસ્થા તરીકે લગ્ન સંસ્થાના કાર્યો જણાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

3. કુટુંબનો અર્થ આપી તેની લાક્ષણિક્તાઓનું વર્ણન કરો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

4. કુટુંબ સંસ્થાના મુખ્ય કાર્યો અને પૂરક કાર્યોની સમજૂતી આપો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

5. જ્ઞાતિ સંસ્થાનો અર્થ સમજાવી ઘૂર્યેએ આપેલાં જ્ઞાતિ સંસ્થાની લાક્ષણિક્તાઓનું વર્ણન કરો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**6. જ્ઞાતિ સંસ્થાના કાર્યો વિશે નોંધ લખો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 3.16 વૈયક્તિક અધ્યયન

**1. કુટુંબ ભાવના વિશે તમે શું માનો છો ?**

લીલાપુર નામનું એક નાનકડું ગામ છે. ત્યાં છગનભાઈનો પરિવાર વસવાટ કરે છે. ગામની વસ્તી 900ની છે. ગામમાં 150 જેટલાં અલગ-અલગ જ્ઞાતિના કુટુંબો વસવાટ કરે છે. છગનભાઈનો પરિવાર ખૂબ મોટો છે. આ પરિવારનો મુખ્ય વ્યવસાય ખેતી છે અને પૂરક વ્યવસાય પશુપાલન છે. આ પરિવારની મુખ્ય વિશેષતા એ છે કે આખું કુટુંબ ખૂબ સંપીલું છે. દરેક પરિવારના સભ્યો પોતાની જવાબદારી સમજીને સારી રીતે કામ કરે છે. કુટુંબમાં બધા જ સભ્યો એક જ છત નીચે વસવાટ કરે છે. કુટુંબના વડીલો બાળકોને સાચવવાનું કામ કરે છે. આ સિવાયના ઘરના સભ્યો ખેતી અને પશુપાલનનું કામ કરે છે. બધા જ કુટુંબના સભ્યો સુખ અને દુઃખની પરિસ્થિતિમાં સાથે છે. કુટુંબના સૌથી મોટા વ્યક્તિ છગનભાઈ દીર્ઘદૃષ્ટા છે. બાળકોનું સારું ભણતર થાય તે માટે હંમેશા ખૂબ ચિંતિત હોય છે. કુટુંબમાં નાના-મોટા પ્રશ્નો વખતે કુટુંબનો બધા જ સભ્યોને એક જ તાંતણે બાંધી રાખવાનું કામ કરે છે. ગામનું આ ખૂબ જ પ્રતિષ્ઠિત કુટુંબ છે. ગામમાં જ્યારે, સંપ અને પરસ્પરના સહકારની વાત આવે ત્યારે છગનભાઈના પરિવારનું નામ લેવાય છે. આજે નાના બાળકો છગનભાઈના પરિવારનું નામ લેવાય છે. આજે નાના બાળકો બાળકપણથી જ મોબાઈલમાં મસ્ત હોય છે ત્યારે છગનભાઈના પરિવારના બાળકો તેમના દાદા અને દાદીની ગોદમાં રમતા હોય છે. ગ્રામિણ સંસ્કૃતિમાં આજે પણ કેટલાંક પરિવારોમાં આ પારિવારિક ભાવના જળવાઈ રહી છે તે ખૂબ નોંધપાત્ર બાબત છે. આ અંગે તમે શું માનો છો ?

**2. સમૂહજીવન શા માટે ?**

મહાત્મા ગાંધીજીએ ઈ.સ. 1920માં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ્ય સ્વાતંત્ર્ય પ્રાપ્તિની ચળવળ અને વિવિધ ગ્રામોત્થાનને લગતી પ્રવૃત્તિઓમાં જોડાય તેવા કાર્યકરો તૈયાર કરવાનો હતો. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાને ઈ.સ. 2020 માં 100 વર્ષ થઈ રહ્યાં છે.

ગૂજરાતી વિદ્યાપીઠના શિક્ષણની ઘણી વિશેષતાઓ છે. અહીં ગાંધી વિચાર અને નઈતાલીમ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. ગાંધીજીની નઈતાલીમની વિચારધારામાં છાત્રાલય અને સમૂહજીવનની કેળવણી ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. આજે પણ ગૂજરાત વિદ્યાપીઠના અભ્યાસક્રમોમાં છાત્રાલય જીવનને ફરજિયાત કરવામાં આવેલ છે. ગૂજરાત વિદ્યાપીઠની કેળવણીમાં સમૂહજીવનને આટલું બધું કેમ મહત્ત્વ આપવામાં આવતું હશે ? આ અંગે તમે શું માનો છો ?

## 3.17 પ્રવૃત્તિ કરો

### પ્રવૃત્તિ-01

તમારાં ગામમાં સંયુક્ત કુટુંબમાં અને વિભક્ત કુટુંબમાં રહેતા પરિવારની મુલાકાત લઈ આ બંને પ્રકારનાં કુટુંબ વિશે તમારા મુખ્ય કયા અવલોકનો રહ્યાં છે તે અંગેની નોંધ કરો.

### પ્રવૃત્તિ-02

તમારી જ્ઞાતિમાં જ્ઞાતિ પંચ છે ? અથવા તમારાં ગામની અન્ય જ્ઞાતિઓમાં કુટુંબના પ્રશ્નોના સમાધાનમાં જ્ઞાતિપંચની શું કામગીરી છે. જ્ઞાતિના આગેવાનોની મુલાકાત કરી જ્ઞાતિપંચની કામગીરીની નોંધપાત્ર બાબતો જણાવો. આ ઉપરાંત વર્તમાન સમયમાં આ જ્ઞાતિ પંચો ઉપયોગી છે. તમારાં મંતવ્યો જણાવો.

## 3.18 સંદર્ભગ્રંથ


1. ડૉ. એ. આર. દેસાઈ, 'સમાજખંડ' ભાગ – 1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ
2. ડૉ. તારાબેન પટેલ,'સમાજશાસ્ત્રના મૂળતત્ત્વો' ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ, 1962
3. ડૉ. ધૈર્યબાળાબહેન પી. વોરા, 'સમાજશાસ્ત્ર શું છે ?' ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ, 1978
4. J. H. Hutton'Caste in India', By, Macmillan & Co., 1947

# એકમ–4 ભારતીય સામાજિક વ્યવસ્થાના ભાગરૂપ સામાજિક સંસ્થાઓ–2

: એકમનું માળખું :

**4.0 ઉદ્દેશ**

**4.1 ધર્મ સંસ્થા**

**4.2 ધર્મનો અર્થ અને તેની લાક્ષણિક્તાઓ**

**4.3 ધર્મના સામાજિક કાર્યો**

**4.4 શિક્ષણ સંસ્થા**

**4.5 શિક્ષણના સામાજિક કાર્યો**

**4.6 રાજ્ય સંસ્થા**

**4.7 રાજ્યના કાર્યો**

**4.8 ઉપસંહાર**

**4.9 તમારી પ્રગતિ ચકાસો**

**4.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**4.11 ચાવીરૂપ શબ્દો**

**4.12 સ્વાધ્યાય લેખન**

**4.13 વૈયક્તિક અધ્યયન**

**4.14 પ્રવૃત્તિ**

**4.15 સંદર્ભગ્રંથ**

## 4.0 ઉદ્દેશ :

- ધર્મનો એક સામાજિક સંસ્થા તરીકે પરિચય થશે.
- ધર્મની વિશેષતાઓથી વિદ્યાર્થીઓ અભિમુખ થશે.
- શિક્ષણ સંસ્થાનો પરિચય પ્રાપ્ત થશે
- રાજ્યનો એક સંસ્થા તરીકે પરિચય મળશે.

## 4.1 ધર્મ સંસ્થા :

સમાજશાસ્ત્રી ધર્મને એક સામાજિક ઘટના ગણે છે. ધર્મના જે પાસાંઓ વિશે ફિલસૂફો અને મીમાંસકો સામાન્ય રીતે વિચારતા નથી તેનો વિચાર સમાજશાસ્ત્રીઓ કરે છે. સમાજશાસ્ત્રી ધર્મનો સંબંધ સમાજના પાસાં સાથે જોડે છે. દરેક સમાજમાં ધાર્મિક માન્યતાઓ, ધાર્મિક વિધિઓ અને ધાર્મિક સંસ્થાઓનું અસ્તિત્વ હોય છે. રોજિંદા જીવનની સમજ પર તથા એકબીજાં સાથેના સંબંધો પર પણ ધર્મનો પ્રભાવ પડે છે. યિંગર નામના વિદ્વાને 'Religion, Society and the Individuals'માં લખ્યું છે કે ધર્મ એક સામાજિક ઘટના છે - કેમ કે તે સામાજિક જીવનના વણાટમાં ગૂંથાઈ ચૂકેલ છે.વળી, ધર્મ સંસ્થા સામાજિક વ્યવસ્થા, સામાજિક સંરચના, સામાજિક સંસ્થાઓ, સામાજિક સંબંધો, સામાજિક વ્યવહાર અને ક્રિયાઓને પણ પ્રભાવિત કરે છે. આ રીતે જોઈએ તો એક સામાજિક સંસ્થા તરીકે ધર્મનો અર્થ સમજી તેની વિશેષતાઓનો પરિચય કેળવવાથી ધર્મ સંસ્થાની વ્યવસ્થિત સમજૂતી પ્રાપ્ત થશે.

## 4.2 ધર્મનો અર્થ અને તેની લાક્ષણિકતાઓ :

મેલિનોવસ્કી જણાવે છે : 'Religion is a mode of action as well as system of belief, and a sociological phenomenon as well as personal experience.' મેલિનોવસ્કીએ ધર્મમાં સમાજશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક એમ બંને પાસાંનો ઉપયોગ કરીને લખ્યું છે કે, 'ધર્મ ક્રિયાની એક વિધિ છે અને સાથે સાથે વિશ્વાસોની પણ એક વ્યવસ્થા છે. ધર્મ એક સમાજશાસ્ત્રીય ઘટનાની સાથે સાથે એક વ્યક્તિગત અનુભવ પણ છે.'

જેમ્સ ફ્રેઝર જણાવે છે કે 'By Religion... I understand a Propitiation or conciliation of powers superior to man which are believed to direct and control the course of nature and of human life.' અર્થાત્ ધર્મ એટલે પ્રકૃતિ અને માનવજીવનનું નિયમન અને નિયંત્રણ કરતી માનવીથી વધુ શક્તિશાળી અલૌકિક શક્તિઓ અસ્તિત્વ ધરાવે છે એવી માનવીની માન્યતાના આધારે તેની થતી પૂજા-આરાધના.

આમ, ધર્મની આ વ્યાખ્યાઓમાં સર્વસામાન્ય મુદ્દો એ છે કે ધર્મને માનવીથી પર એવી દિવ્યશક્તિ સાથે સંબંધ છે. આ દિવ્ય શક્તિ માનવીના લૌકિક અને અલૌકિક જીવનને અસર કરતી હોય છે. આ દિવ્ય શક્તિનું પૂજાપાઠ દ્વારા અનુષ્ઠાન કરવામાં આવતું હોય છે. જો કે દુર્ખિમ, પરેટો, મેલિનોવસ્કી અને પાર્સન્સ જેવા વિચારકોમાં ધર્મના પાયાના સ્વરૂપ અંગે એકમતી નથી, પરંતુ વિજ્ઞાન જેનો ખુલાસો કરી શકતું નથી એવા જટિલ પ્રશ્નનો ધર્મ તાર્કિક ખુલાસો આપવાનો પ્રયત્ન કરે છે એવા મત અંગે આ વિદ્વાનોમાં એકમતી પ્રવર્તે છે.

ધર્મના સર્વસામાન્ય લક્ષણો નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) ધાર્મિક ગ્રંથો :**

દરેક ધર્મના જે મુખ્ય સિદ્ધાંતો, આદર્શો, આજ્ઞાઓ અને તત્ત્વજ્ઞાન હોય તે તેના ગ્રંથમાં સંગ્રહાયેલા હોય છે. આ ગ્રંથો જે ધર્મના હોય તે ધર્મના અનુયાયીઓ તેને પવિત્ર માનતા હોય છે. ધર્મના ધાર્મિક સ્થાનમાં કે પરિવારોમાં જે તે ધર્મગ્રંથોનું નિયમિત કે પ્રસંગોપાત વાંચન થતું હોય છે. ધાર્મિક ગ્રંથોમાં લખાયેલી વાણી દિવ્ય ગણાય છે અને દરેક ધર્મના અનુયાયીઓના વિચારો પર ધાર્મિક ગ્રંથોમાં દર્શાવેલા નિયમોનો પ્રભાવ હોય છે. વળી, દરેક અનુયાયી પોતાના ધર્મગ્રંથમાં દર્શાવેલા નિયમો અને આદર્શને અનુરૂપ વર્તન કરવા પ્રયત્નશીલ હોય છે. શ્રીમદ્ ભગવદ્ગીતા, બાઈબલ, કુરાન વગેરે જુદાં જુદાં ધર્મના ધાર્મિક ગ્રંથો છે.

**(2) ધાર્મિક પ્રતીકો :**

એક ધર્મના અનુયાયીઓ અન્ય ધર્મના અનુયાયીઓ કરતા જુદાં છે તેની પ્રતીતિ જે તે ધર્મના પ્રતીકો પરથી ખબર પડે છે. આ પ્રતીકો જે તે ધર્મસંસ્થાના દ્યોતક હોય છે. આવા ધાર્મિક પ્રતીકોની વ્યવસ્થાને પરિણામે વ્યક્તિની ધાર્મિક ઓળખ શક્ય બને છે. વળી, ધર્મના સમાન પ્રતીકોને કારણે અજાણી વ્યક્તિઓ વચ્ચેની આંતરક્રિયામાં પણ જે તે ધર્મની અસરનું તત્ત્વ મહત્ત્વનું પુરવાર થાય છે. જેમ કે, કપાળમાં તિલક-ચાંદલા સાથેની બે અજાણી વ્યક્તિઓ મળે ત્યારે પરસ્પર 'જય સ્વામિનારાયણ' દ્વારા સંવાદ સાધે છે.

વળી, ધર્મના પ્રતીકો પ્રત્યે જે તે ધર્મના અનુયાયીઓમાં પ્રતિષ્ઠા, ગર્વ અને સમર્પણની કે અસ્મિતાની લાગણીઓ પ્રવર્તતી હોય છે.

**(3) ધાર્મિક મધ્યસ્થીઓ :**

પ્રત્યેક ધર્મના અનુયાયીઓ દિવ્યશક્તિ સાથે સંબંધ જોડી તેને રીઝવવા ઉત્સુક હોય છે. આ માટે તેઓ વ્રત, ઉત્સવ, જપ-તપ, હોમહવન જેવી ધાર્મિક ક્રિયાઓ કરતા હોય છે. પરંતુ દિવ્ય શક્તિ સાથે સંબંધ સ્થાપવાના દુષ્કર કાર્યમાં મદદ કરવા માટે પ્રત્યેક ધર્મમાં અમુક વ્યક્તિઓ હોય છે. ઉપાસક અને ઈશ્વર વચ્ચે આવા મધ્યસ્થીના સહયોગને તેઓ આવકારતા

હોય છે. એટલે દરેક ધર્મમાં મધ્યસ્થીઓ પ્રત્યે અનુયાયીઓને આદર અને સન્માનની લાગણી હોય છે. ભારતમાં તો આ માટે એક જુદો વર્ણ અને વખત જતા સ્વતંત્ર જ્ઞાતિને ધાર્મિક મધ્યસ્થીનો દરજ્જો મળ્યો છે. પૂજારી, આમિલ, સાધુ, પાદરી, મૌલવીએ સૌ જુદાં જુદાં ધર્મના ધાર્મિક મધ્યસ્થીઓ છે.

**(4) ધાર્મિક કેન્દ્રો :**

દરેક ધર્મના અનુયાયીઓને ધાર્મિક અનુષ્ઠાન કરવા તથા અર્ઘ્ય અર્પવા અમુક ધાર્મિક સ્થાનો હોય છે. આ કેન્દ્રોની અનુયાયીઓ પ્રસંગોપાત કે નિયમિત મુલાકાત લેતા હોય છે. આમ, ધાર્મિક કેન્દ્રો એ માત્ર પૂજાપાઠની જગ્યા ન રહેતા સામાજિક આંતરક્રિયાનું કેન્દ્ર પણ બને છે. મંદિર, હવેલી, ઉપાશ્રયો, અગિયારી, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ એ બધા જુદાં જુદાં ધર્મના ધાર્મિક કેન્દ્રો છે.

**(5) દૈવી સંદેશાવાહકો :**

પ્રત્યેક ધર્મને એના ઈશ્વરી ફિરસ્તાઓ હોય છે. ધર્મના સિદ્ધાંતો અને આજ્ઞાઓનો આ સંદેશાવાહકો દ્વારા પ્રચાર અને પ્રસાર થતો હોય છે. અનુયાયીઓને દૈવી શક્તિના સંદેશાવાહકોના ચમત્કારો અને વચનોમાં અખૂટ શ્રદ્ધા હોય છે. બુદ્ધ, ઈસુ ખ્રિસ્ત, મહંમદ પયંગબર વગેરે જુદાં જુદાં ધર્મના મુખ્ય સંદેશાવાહકો છે. જેમને ધર્મ પ્રવર્તકો પણ કહેવામાં આવે છે.

**(6) ધાર્મિક ખ્યાલો અને શક્તિમાં વિશ્વાસ :**

દરેક ધર્મના અનુયાયીઓને પોતાના ધર્મની જે દૈવી શક્તિ અને પ્રચલિત ખ્યાલોમાં અખૂટ શ્રદ્ધા હોય છે. દૈવી શક્તિ અનુયાયીઓને કટોકટીની પરિસ્થિતિમાં સહાય કરે છે. અનુયાયીઓ દૈવી શક્તિના કોપથી બચવા અને અને તેને પ્રસન્ન કરવા ઉપવાસ, એકટાણા, અઠ્ઠાઈ, રોજા જેવા વ્રતો તથા અનુષ્ઠાન કરતાં હોય છે. તેવી જ રીતે મોક્ષ, નિર્વાણ, કયામતનો દિન, કર્મ અને પુનર્જન્મ જેવા ખ્યાલોમાં પણ જે તે ધર્મના અનુયાયીઓને અડગ શ્રદ્ધા હોય છે.

## 4.3 ધર્મના સામાજિક કાર્યો :

ધર્મને એ માનવીના સમગ્ર જીવનનું ચાલક, ધારક અને સંવર્ધક પરિબળ માનવામાં આવે છે.વ્યક્તિની લગભગ તમામ પ્રવૃત્તિઓ પર ધર્મની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર હોય છે. વ્યક્તિના જન્મથી શરૂ કરીને મૃત્યુ સુધી ધર્મ તેની સાથે સંકળાયેલ છે. ધર્મના કાર્યોની ચર્ચા કરવાનું કાર્ય મુશ્કેલભર્યું છે. આમ છતાં ધર્મના જે કેટલાંક મુખ્ય અને સમાજશાસ્ત્રની દૃષ્ટિએ મહત્ત્વના કહી શકાય તેવા કાર્યો નીચે મુજબ દર્શાવી શકાય.

**(1) માનવજન્મનો હેતુ અને તેની સાર્થકતાની સમજૂતી :**

ધર્મ વ્યક્તિઓને આ દુનિયા પરના જીવનના જે ઉદાત આદર્શો અને તેના પ્રયોજનોની સમજૂતી આપે છે અને આ આદર્શો મુજબ જીવનના સંબંધો અને વ્યવહારો રચાય તે માટે માર્ગદર્શન આપે છે. આમ, ધર્મ જીવનના ઉમદા ધ્યેયોનું મહત્ત્વ સમજાવતો હોયઈ વ્યક્તિ પોતાની સમગ્ર પ્રવૃત્તિ અને ભૌતિક સાધ્યો તરફ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલેજે આધિભૌતિક અને પારમાર્થિક હિતો છે તેને સંતોષવા માટે પ્રયત્નશીલ રહે છે. આ ઉપરાંત જીવનમાં જે મુશ્કેલીઓ અને પડકારો આવે છે તેને સહન કરવાની ધર્મ તાકાત આપે છે. ધાર્મિક શ્રદ્ધા હતાશા અને નિરાશાને દૂર કરે છે અને એને પરિણામે વ્યક્તિ આનંદ, ઉલ્લાસ અને સલામતીની લાગણી અનુભવે છે.

**(2) આચાર-વિચારમાં શુદ્ધિની જાળવણી :**

ધર્મ માનવીના મોટા ભાગના આચારો તથા વિચારોનું નિયમન કરે છે. વ્યક્તિએ કેવો વ્યવહાર કરવો જોઈએ તે અંગેના માપદંડો ધર્મ પૂરા પાડે છે. ધાર્મિક ખ્યાલોમાં વિશ્વાસને કારણે વ્યક્તિ જૂઠું બોલવાનું ટાળે છે. ખોટું કરતા અચકાય છે અને સાધનશુદ્ધિનો આગ્રહ રાખે છે.

આ ઉપરાંત નૈતિક અને ધાર્મિક ખ્યાલો અંગે લગભગ સમાન વિચારધારા પ્રવર્તતી હોઈ ધર્મ નૈતિક રીતે આદર્શ અને ઈચ્છનીય વર્તન માટે સહાયક બને છે. વળી, ધર્મ મન, વચન અને કર્મની શુદ્ધિનો આગ્રહ રાખતો હોવાથી સમાજમાં શુદ્ધ સંબંધો અને વ્યવહારની જાળવણીમાં મદદ કરે છે.

**(3) સાંસ્કૃતિક વારસાની જાળવણી :**

ધર્મ માનવસમાજની સંસ્કૃતિનું અભૌતિક પાસું છે. ધર્મ દ્વારા જીવન અને સમાજ અંગે વ્યક્તિમાં ચોક્કસ ખ્યાલો, મૂલ્યો અને દર્શન ઉદ્‌ભવે છે. આ ખ્યાલો અને મૂલ્યોનું પેઢી દર પેઢી પ્રસરણ થાય છે અને એ રીતે સમાજનો જે નૈતિક અને સાંસ્કૃતિક વારસો છે તે જળવાઈ રહે છે. વ્યક્તિએ પરિવારમાં કેવું વર્તન કરવું, પડોશીઓ સાથે કેમ વર્તવું, વેપાર-ધંધામાં કેવી નીતિ અપનાવવી એ અંગે ધર્મ તેના અનુયાયીઓને માર્ગદર્શન આપતો હોય છે. આમ, ધર્મ નૈતિક નિયમો અને આચરણની જાળવણીની સાથે સાથે નવી પેઢીને સાંસ્કૃતિક વારસો પણ પ્રદાન કરે છે.

**(4) ધર્મ સામાજિક આંતરસંબંધો વિકસાવવા માટે ભૂમિકારૂપ :**

ધર્મ એ જુદાં જુદાં વર્ગની અને જુદી જુદી જ્ઞાતિઓની વ્યક્તિઓ વચ્ચે સંબંધ સ્થાપવામાં સેતુરૂપ બને છે. ધાર્મિક ઉત્સવો, સમૈયાઓ, વ્રતો અને સંમેલનો દ્વારા જુદી જુદી કોમ અને જાતિની વ્યક્તિઓ વચ્ચે તાદાત્મ્ય સધાય છે. આવા પ્રસંગોમાં વિચારોનું આદાનપ્રદાન શક્ય બને છે અને સંબંધોનું ક્ષેત્ર મોટું બને છે. આમ, જુદાં જુદાં હિતો, વ્યવસાયો, પ્રદેશો, દરજ્જાઓ અને ભાષાઓવાળી વ્યક્તિઓ વચ્ચે સંબંધ સ્થાપવામાં ધર્મ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. દેવદર્શનની સાથે સાથે હવે સાંસ્કૃતિક દર્શન કરાવતા ધાર્મિક સ્થાનોમાં જુદાં જુદાં પ્રદેશો, દરજ્જાઓ, ભાષાઓવાળી વ્યક્તિઓ વચ્ચે આંતરક્રિયા શક્ય બની છે અને આ રીતે ધાર્મિક કેન્દ્રો માત્ર ધાર્મિક ન રહેતા ખરા અર્થમાં સાંસ્કૃતિક કેન્દ્રો બન્યાં છે.

**(5) સામાજિક નિયંત્રણનું પૂરક અને સહાયક કાર્ય :**

વ્યક્તિના સામાજિક વ્યવહારો અને સંબંધોને જે પરિબળો નિયમનમાં રાખે છે કે તેનું નિયંત્રણ કરે છે તેમાં ધર્મનું પરિબળ સવિશેષ મહત્ત્વનું છે. સામાજિક ધોરણો કરતાં ધાર્મિક ધોરણોનું નિયંત્રણ વધુ અસરકાર હોવાનું કારણ એ છે કે સામાજિક નિયંત્રણનું સ્વરૂપ સામાજિક છે અને તેમાં ટીકા, નિંદા, બહિષ્કાર, પ્રસંશા, લોકમત જેવા પરિબળો મહત્ત્વના છે, જ્યારે ધાર્મિક ધોરણોમાં દૈવી શક્તિ પ્રત્યેનો પૂજ્યભાવ કે તેનો ભય વ્યક્તિના વર્તનને નિયંત્રિત કરે છે. આથી ધાર્મિક ધોરણો વ્યક્તિના વર્તનને નિયંત્રિત કરવામાં વધુ અસરકારક છે. આદિવાસી અને ગ્રામસમાજોમાં વ્યક્તિના લગભગ સમગ્ર જીવનવ્યહારો ધર્મ દ્વારા નિયંત્રિત થતા હોય છે. વ્યક્તિના રોજિંદા જીવનમાં ધાર્મિક માન્યતાઓ અને મૂલ્યો નિર્ણયાત્મક ભાગ ભજવે છે. વ્યક્તિના સામાજિક વ્યહારોમાં પણ જે શુદ્ધિ, પ્રામાણિક્તા, નીતિ, ઈમાનદારી અને સજ્જનતા જોવા મળે છે તેમાં ધાર્મિક શિક્ષણનું પ્રદાન વિશેષ છે.

## 4.4 શિક્ષણ સંસ્થા :

સામાન્ય રીતે શિક્ષણનો અર્થ શાળા-મહાશાળા, પુસ્તકો અને શિક્ષકોની એક વ્યવસ્થા એમ કરવામાં આવે છે. એટલે કે શાળા-મહાશાળાની ચાર દિવાલો વચ્ચે જે ભણાવવામાં આવે છે એ જ શિક્ષણ છે. શિક્ષણ અંગેનો આ ખ્યાલ જેમ તદ્દન સાચો નથી તેમ તદ્દન ખોટો પણ નથી, પરંતુ અધૂરો જરૂર છે. જેમાં નિશ્ચિત અભ્યાસક્રમ હોય, આ અભ્યાસક્રમને શીખવા માટે વિદ્યાર્થીઓ હોય અને શીખવવા માટે શિક્ષકોની નિયુક્તિ કરવામાં આવી હોય, સમયાંતરે પરીક્ષા લેવાતી હોય – શિક્ષણનો આ અર્થ ઔપચારિક શિક્ષણવ્યવસ્થા માટે તદ્દન સાચો છે, પરંતુ શિક્ષણનો ખરો અર્થ છે કેળવણી. જીવન જીવવા માટે અને સમાજમાં રહેવા માટે જે જે બાબતો શીખવવામાં આવે છે કે વ્યક્તિ જે શીખે છે તે કેળવણી છે. વ્યક્તિનું સામાજીકરણ કરતી દરેક પ્રક્રિયા વ્યક્તિને પોતાના સમૂહ તથા સમાજમાં કઈ રીતે જીવવું તે માટેની તાલીમ આપે છે. આ અર્થમાં જોઈએ તો શિક્ષણ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે.

બાળકો બાળઅવસ્થાથી સૂચન, અનુકરણ, આજ્ઞા, વખાણ, ટીકા, નિંદા દ્વારા અપેક્ષિત અને સમાજસ્વીકૃત વર્તન અંગેનું શિક્ષણ પ્રાપ્ત કરતા હોય છે. આ બધી બાબતોને આપણે અનૌપચારિક શિક્ષણ પદ્ધતિ કહી શકીએ.

અહીં શિક્ષણનો સમાજવ્યવસ્થા સાથેનો સંબંધ અને તેના કાર્યોની ચર્ચા પ્રસ્તુત છે :

**શિક્ષણનો સમાજવ્યવસ્થા સાથે સંબંધ :**

શિક્ષણના પ્રકારો અને પદ્ધતિઓના વિકાસમાં ઇતિહાસમાં જ પરિવર્તનો આવ્યાં છે તે આકસ્મિક ઘટનાઓ નથી, પરંતુ તેને જે તે સમયની સમાજવ્યવસ્થા સાથે સંબંધ છે. જે સમાજમાં ખાદ્યસંકલન એ જ પ્રવૃત્તિ મુખ્ય હોય ત્યાં સભ્યોને કંદમૂળના પ્રકારો તેમ જ તે મેળવવા માટેના સ્થળો અંગેની તાલમી ઉપયોગી નીવડે છે. તો શિકારી પ્રવૃત્તિ પર જીવનનિર્વાહ કરતા સમાજમાં સભ્યોને શિકાર માટેના હથિયારોની બનાવટ, તેના ઉપયોગ માટેની તરકીબો અને શિકારી પ્રાણીઓની ખાસિયતો અંગેનું જ્ઞાન વિશેષ મહત્ત્વનું છે. ખેતીપ્રધાન સમાજવ્યવસ્થામાં જમીનનો પ્રકાર, પાકને અનુકૂળ ખાતર, પાણી, જમીનની ફળદ્રુપતાનો અંદાજ, જમીનમાંથી મળતી નીપજનો ઉપયોગ અને હવામાન સંબંધી માહિતી અંગેનું કૃષિ વિષયક શિક્ષણ વિશેષ મહત્ત્વનું છે. પરંતુ ઔદ્યોગિક ક્રાંતિ પછી શિક્ષણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવ્યું અને તેનું કારણ જુદાં જુદાં વ્યવસાયો અને ઉદ્યોગો માટે જરૂરી કૌશલ્ય ધરાવતા કર્મચારીઓ મળી રહે તે હતું. ઔદ્યોગિક સમાજોમાં હુન્નર ઉદ્યોગોની તાલીમ આપતા શિક્ષણ કેન્દ્રો ઠેરઠેર જોવા મળે છે. માધ્યમિક શાળાઓમાં વિવિધલક્ષી પ્રવૃત્તિઓ દાખલ થઈ છે. સામ્યવાદી દેશોમાં સામ્યવાદી વિચારસરણી સાથે અનુરૂપ ન હોય એવા શિક્ષણ અને વિજ્ઞાનના સિદ્ધાંતોને બદલે વિચારસરણીને અનુકૂળ હોય તેવા સિદ્ધાંતો શીખવવામાં આવે છે. ભારતીય સમાજમાં ગાંધીવાદી સમય દરમ્યાન શાળાઓમાં દાખલ થયેલ બુનિયાદી અભ્યાસક્રમ, ચરખો, અને નઈ તાલીમની કેળવણી એ શિક્ષણ અને સમાજ વ્યવસ્થા વચ્ચેનો ગાઢ સંબંધ દર્શાવે છે.

## 4.5 શિક્ષણના સમાજિક કાર્યો :

### (1) સામાજીકરણનું કાર્ય :

બાળકના સામાજીકરણમાં ત્રણ સમૂહો સવિશેષ મહત્ત્વના છે – કુટુંબ, શાળા અને મિત્રજૂથ. આ રીતે જોઈએ તો શાળા એટલે કે શિક્ષણ સંસ્થા સામાજીકરણ કરતી એક મહત્ત્વની સંસ્થા છે. શિક્ષણની સાથે સાથે શાળામાં બાળક સમાજના મૂલ્યો, પ્રથાઓ અને ધોરણો અંગેનુ જ્ઞાન પણ મેળવે છે અને આ રીતે નાગરિક ઘડતરની તાલીમમાં શાળાની ભૂમિકા સૌથી મહત્ત્વપૂર્ણ છે.

### (2) સામાજિક દરજ્જો આપવાનું કાર્ય :

સમાજમાં શિક્ષિત અને અશિક્ષિત વ્યક્તિ વચ્ચે હંમેશાં તફાવત જોવા મળે છે. અણઘડ કારીગર કે અભણ વ્યક્તિનો સમાજમાં જે દરજ્જો હોય છે તેના કરતા તાલીમ પામેલ કારીગર કે શિક્ષણ મેળવેલ નાગરિકનો દરજ્જો સમાજમાં વધુ ઊંચો હોય છે. આવા સમયે અહીં દરજ્જાનો કોટિક્રમ પણ રચાય છે. શિક્ષિત વ્યક્તિને સમાજમાં વધુ આદર અને સન્માન પ્રાપ્ત થાય છે, તેની ગુણવત્તા પણ ઊંચી અંકાય છે. આથી જ સમાજમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જ્વલંત સફળતા હાંસલ કરનાર વ્યક્તિનો દરજ્જો પણ વિશિષ્ટ હોય છે. અને એટલે જ સમાજમાં ડૉક્ટર, પ્રૉફેસર, ઈજનેર જેવા ઊંચા પદે બિરાજેલ વ્યક્તિનો દરજ્જો વિશિષ્ટ હોય છે. તેમના વિશિષ્ટ દરજ્જા માટે તેમની આવક નહીં, પરંતુ તેમનું શિક્ષણ મહત્ત્વનું છે.

### (3) સામાજિક વારસાની જાળવણીનું કાર્ય :

દરેક સમાજે એનો પોતાનો જે ભૌતિક અને સાંસકૃતિક વારસો હોય છે તે પેઢી દર પેઢી જળવાઈ રહે તે માટે કંઈક ને કંઈક જોગવાઈ કરી હોય છે. જો જૂની પેઢીમાં સચવાયેલ જ્ઞાન, વિજ્ઞાન, કલા, સાહિત્ય, સંગીત, હુન્નર, ઉદ્યોગો, સામાજિક રીતિરિવાજો અને તત્ત્વચિંતનનો વારસો નવી પેઢીને ન મળે તો નવી પેઢીએ તે શીખવા માટે પહેલેથી પ્રયત્ન કરવો પડે. આવું

બને તો સાંસ્કૃતિક સાતત્યની જે સાંકળ છે તે તૂટી જાય અને નવી પેઢીને વડીલોનો ભૂતકાળનો જે સંચિત અનુભવ અને ડહાપણનો લાભ મળવો જોઈએ તે મળે નહીં અને પુનઃ નવેસરથી બધુ શીખવા માટે સમય, શક્તિ અને સંપત્તિ ખર્ચવી પડે. પરંતુ શિક્ષણ સંસ્થા નવી પેઢીને આ મહેનત કરતાં અટકાવે છે અને સામાજિક તેમજ સાંસ્કૃતિક વારસાનું સાતત્ય જાળવવામાં કડીરૂપ ભૂમિકા ભજવે છે.

**(4) સામાજિક નિયંત્રણનું કાર્ય :**

વ્યક્તિના વર્તનનું જે બધા સામાજિક પરિબળો નિયંત્રણ કરી રહ્યા છે, તેમાં શિક્ષણ પણ એક અગત્યનું પરિબળ છે. શિક્ષિત વ્યક્તિનું વર્તન અશિક્ષિત વ્યક્તિના વર્તનથી જુદું પડી જતું હોય છે. શિક્ષણ વ્યક્તિના વર્તનને વધુ સ્પષ્ટ, સ્વચ્છ, સૌમ્ય અને સહૃદયી બનાવે છે. તેના વિચારોને વધુ વિશદતા અને વિશુદ્ધિ આપે છે. શિક્ષણ લીધેલ વ્યક્તિ સારાનરસાનો વિવેક સમજે છે, શ્રેય-પ્રેય વચ્ચે પસંદગી દર્શાવી શકે છે. શિક્ષણ વ્યક્તિને આત્મનિરીક્ષણની શક્તિ અને સૂઝ આપે છે. આ રીતે શિક્ષણસંસ્થા વ્યક્તિના વર્તનને નિયંત્રિત કરવામાં મહત્ત્વની છે.

## 4.6 રાજ્ય સંસ્થા :

રાજ્ય એટલે શું એ સમજવા માટે રાજ્યની રચનાના જે અનિવાર્ય અંગો છે તેની ચર્ચા વધુ ઉપયોગી અને આવશ્યક છે. એરિસ્ટોટલથી માંડીને લાસ્કી સુધીના વિદ્વાનોએ રાજ્યની સમજૂતી આપવાનો પ્રયત્ન કર્યો છે. ખાસ કરીને જ લક્ષણો રાજ્યની રચનામાં અતિ મહત્ત્વના છે તેને સાંકળીને ગાર્નરે રાજ્યની વ્યાખ્યા આપતા લખ્યું છે કે, 'રાજ્ય એ એવી સંસ્થા છે કે જેના ચોક્કસ પ્રદેશમાં ઠીક સંખ્યામાં લોકો રહેતા હોય છે. આ સંસ્થા બાહ્ય અંકુશથી મુક્ત હોય છે. લોકોનો મોટો ભાગ તેને સ્વભાવથી વફાદાર રહે છે અને તેમાં વ્યવસ્થિત સરકારી તંત્ર હોય છે.' આમ, ગાર્નરે રાજ્યનો અર્થ સમજાવવા માટે આ વ્યાખ્યામાં રાજ્યના ચાર મુખ્ય લક્ષણો દર્શાવ્યાં છે. આ ચાર લક્ષણો એટલે –

1. જનસંખ્યા
2. નિશ્ચિત પ્રદેશ
3. સરકાર
4. સાર્વભૌમત્વ

રાજ્યની આ ચાર લાક્ષણિક્તાઓની આપણે વિસ્તૃત રીતે સમજૂતી મેળવીએ.

**(1) જનસંખ્યા :**

કોઈપણ રાજ્યનો વસ્તી વિના વિચાર થઈ શકે નહીં. રાજ્ય માત્ર તેમાં આવેલ પહાડો, પર્વતો, નદીઓ, જંગલો કે મેદાનોથી જ ખુશનુમા આબોહવાવાળા પર્વતો પર કે માનવ વસ્તી વિનાના ફળદ્રુપ મેદાનોમાં રાજ્ય સંભવી શકતું નથી. જનસંખ્યા એ રાજ્યનું આવશ્યક અંગ છે. જો કે રાજ્યની આદર્શ વસ્તી કેટલી હોવી જોઈએ તે નિશ્ચિત નથી, કારણ કે વસ્તીનો આધાર રાજ્યના ક્ષેત્રફળ અને જન્મદર તથા મૃત્યદર પર આધારિત છે. વળી, રાજ્યમાં વસ્તીના સંખ્યાત્મક પાસાંની સાથે સાથે તેનું ગુણાત્મક પાસું પણ મહત્ત્વનું છે. રાજ્યની વસ્તી સંસ્કાર, બુદ્ધિ, કલા, સાહિત્ય, વિજ્ઞાન, શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરેની દૃષ્ટિએ સમૃદ્ધ હોય એ પણ એટલું જ જરૂરી છે. જો રાજ્યની વસ્તીમાં માત્ર ચોર, લૂંટારાઓ, ખૂની, વ્યસની, રોગી અને મંદબુદ્ધિના નાગરિકોનું પ્રમાણ વધુ હશે તો એ રાજ્યની સ્થિરતા અને પ્રગતિ બંને જોખમાશે. આમ, જનસંખ્યા એ રાજ્યનું પ્રથમ અને મહત્ત્વનું લક્ષણ છે.

**(2) નિશ્ચિત પ્રદેશ :**

જેમ રાજ્ય એ એમાં વસતા નાગરિકો વિના રચાય નહીં તેમજ રાજ્ય નિર્ધારિત ભૌગોલિક સીમાઓ વિના પણ સંભવી શકે નહીં કે ટકી શકે નહીં. એક જગ્યાએથી બીજી જગ્યાએ

ભટકતા ટોળાને આપણે રાજ્ય તરીકે ઓળખાવી શકીએ નહીં. રાજ્યને કેટલો નિશ્ચિત પ્રદેશ હોવો જોઈએ તે અંગે કોઈ ચોક્કસ માપદંડ નથી. વળી, યુદ્ધ, સંધિ કે ભૌગોલિક પરિવર્તનને લીધે રાજ્યના નિશ્ચિત પ્રદેશોમાં ફેરફારને પણ અવકાશ રહે છે. રાજ્યના વિસ્તારમાં આવેલા ભૌતિક સાધનો અને ભૌગોલિક પ્રદેશો રાજ્યની માલિકી ગણાય છે. કિનારાથી ત્રણ માઈલ સુધીનો દરિયો પણ રાજ્યની માલિકીનો ગણાય છે. વળી, જો રાજ્યની સીમાઓ સ્પષ્ટ રીતે નિર્ધારિત થયેલ ન હોય તો પડોશી રાજ્યો સાથે ઘર્ષણની શક્યતા પણ ઊભી થાય છે. દરેક રાજ્યને અન્ય રાજ્યથી અલગ કરતી એક નિશ્ચિત સીમારેખા હોય છે અને આ સીમારેખાનું ઉલ્લંઘન ન કરવું એવો આંતરરાષ્ટ્રીય શિષ્ટાચાર છે.

**(3) સરકાર :**

જો રાજ્યમાં જનસંખ્યા હોય, નિશ્ચિત પ્રાદેશિક સીમાઓ હોય પણ જો તેમાં સરકાર ન હોય તો તે રાજ્ય સુરક્ષિત રહી શકે નહીં. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીનું કાર્ય સરકાર કરતી હોય છે. સરકાર એ રાજ્યની ઇચ્છા, નીતિ અને કાનૂનને અમલમાં મૂકવા માટેનું સાધન છે. રાજ્ય પોતાના નાગરિકો પર સરકાર દ્વારા શાસન કરતું હોય છે. સમાજમાં જોવા મળતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું કારણ સરકાર છે. રાજ્યમાં સરકાર ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રો જેવા વિભાગો દ્વારા વહીવટ કરતી હોય છે. બધા જ રાજ્યોમાં સરકારનું સ્વરૂપ સમાન નથી હોતું, પણ દરેક રાજ્યમાં એક યા બીજા પ્રકારની સરકાર હોય છે.

**(4) સાર્વભૌમત્વ :**

સાર્વભૌમત્વ એટલે સર્વોપરી સત્તા. સાર્વભૌમત્વ રાજ્યનું આવશ્યક લક્ષણ છે. રાજ્ય પાસે સર્વોપરી સત્તા હોય છે, પણ વાસ્તવમાં રાજ્યે પોતાની સર્વોપરી સત્તાનો ઉપયોગ કરવાનું કામ સરકારને સોંપ્યું હોય છે. સર્વોપરી સત્તાને કારણે રાજ્ય પોતાના નાગરિકો અંગે કાનૂનો ઘડી શકે છે અને પગલાંઓ લઈ શકે છે. રાજ્ય પોતે લીધેલા પગલાં માટે કે ઘડેલા કાનૂન માટે કે કરેલા કાર્યો માટે અન્ય કોઈ પણ રાજ્યને જણાવવા માટે, ખુલાસો કરવા માટે કે સંમતિ મેળવવા માટે બંધાયેલ નથી. સાર્વભૌમત્વના આ સ્વરૂપને કેટલાંક વિદ્વાનોએ બે વિભાગમાં વહેંચ્યું છે – (1) આંતરિક સાર્વભૌમત્વ – એટલે કે પોતાના નાગરિકો પર સર્વપ્રકારે શાસન કરવાની સર્વોપરી સત્તા અને (2) બાહ્ય સાર્વભૌમત્વ – એટલે કે બહારની કોઈ પણ સત્તાના આદેશ, હુકમ કે હસ્તક્ષેપથી મુક્ત એવી સર્વોપરી સત્તા. આમ, રાજ્ય પાસે જે સાર્વભૌમ સત્તા હોય છે તે અવિભાજ્ય, અંકુશરહિત અને અમર્યાદિત હોય છે.

આમ, જનસંખ્યા, નિશ્ચિત પ્રદેશ અને સરકાર – રાજ્યના આ ત્રણ લક્ષણો મૂર્ત સ્વરૂપના છે, જ્યારે સાર્વભૌમત્વનું લક્ષણ અમૂર્ત સ્વરૂપનું છે. આ ચારમાંથી કોઈ પણ એક લક્ષણની ગેરહાજરી હોય તો રાજ્ય બની શકે નહીં એટલે તમામ લક્ષણોનું સમાન મહત્ત્વ છે.

## 4.7 રાજ્યના કાર્યો :

સમાજશાસ્ત્રી મેકાઈવરે રાજ્યના કાર્યોનું મુખ્ય ચાર વિભાગોમાં વર્ગીકરણ કર્યું છે. આ સમગ્ર વર્ગીકરણ રાજ્યના કાર્યક્ષેત્ર અને કાર્યક્ષમતાની ભૂમિકાને અનુલક્ષીને થયું હોય તેમ લાગે છે. અહીં મેકાઈવરે દર્શાવેલા ચાર વિભાગોની સમજૂતી પ્રસ્તુત છે :

**(1) રાજ્ય જ કરી શકે એવાં કાર્યો :**

આ પ્રકારના કાર્યો અબાધિત રીતે રાજ્યના કાર્યક્ષેત્રના જ કાર્યો છે. બીજા સામાજિક સમૂહો આ પ્રકારના કાર્યો કરી શકતાં નથી. કાયદો અને વ્યવસ્થા જાળવવા, પરદેશ સાથેના સંબંધો નક્કી કરવા, યુદ્ધ અને શાંતિ અંગેની નીતિ ઘડવી, આંતરિક અશાંતિ અને બાહ્ય આક્રમણ સામે સંરક્ષણ મેળવવું – આ બધા કાર્યોનો રાજ્યના કાર્યક્ષેત્રમાં અનિવાર્ય રીતે સમાવેશ થતો હોઈ તે કાર્યો રાજ્ય જ કરી શકે છે.

**(2) રાજ્ય ન કરી શકે એવા કાર્યો :**

કેટલાંક કાર્યો એવા છે કે જે રાજ્યથી થઈ શકે એવા હોતા નથી એટલે આ કાર્યોનો રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવેશ થતો નથી. સમાજના રીતિરિવાજોને તોડી નાંખવા, લોકોના પરંપરાગત મૂલ્યો અને શ્રદ્ધાને બદલાવવા, લોકઈચ્છા અને લોકમત વિરુદ્ધ કાયદા ઘડવા જેવા કાર્યો રાજ્ય કરી શકતું નથી. રાજ્ય પાસે સત્તાનું પીઠબળ હોઈ તે નાગરિકોના બાહ્ય વર્તન અને વ્યવહારનું નિયમન કરે છે, પણ રાજ્ય વ્યક્તિઓના આંતરમનનું, તેમના વિચારો અને વલણોનું નિયંત્રણ કરી શકતું નથી.

**(3) રાજ્ય વધુ સારી રીતે કરી શકે એવા કાર્યો :**

આ પ્રકારના કાર્યો રાજ્ય ઉપરાંત બીજાં સામાજિક સમૂહો પણ કરી શકે પરંતુ રાજ્ય પાસે જે સાધનસામગ્રી કે સગવડો છે એવી બીજા સમૂહો પાસે ન હોવાથી આ કાર્યો રાજ્ય વધુ સારી રીતે કરી શકે છે. આ પ્રકારના કાર્યોમાં ભૌતિક સંપત્તિ જેમ કે ખનીજ, વનસ્પતિ, તેલ વગેરેની જાળવણી કરવી, શિક્ષણ, રસ્તાઓ, બગીચા, મનોરંજનના કાર્યોને પ્રોત્સાહન આપવું, ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વના કેન્દ્રો, સંગ્રહસ્થાનો, જળાશયોનું રક્ષણ કરવું વગેરેનો સમાવેશ થાય છે. એ જ રીતે રાષ્ટ્રીય સંરક્ષણ, જાળવણી અને કલ્યાણના કાર્યો રાજ્ય વધુ સારી રીતે કરી શકે છે.

**(4) રાજ્ય વધુ સારી રીતે ન કરી શકે એવાં કાર્યો :**

આ કાર્યોનું સ્વરૂપ એવું છે કે રાજ્ય કરતાં બીજાં સામાજિક સમૂહો તે વધુ સારી રીતે કરી શકે છે. બીજાં શબ્દોમાં એમ કહી શકાય કે રાજ્યથી આ કાર્યો થઈ શકે તેમ હોવા છતાં તે કાર્યો બરાબર રીતે થઈ શકે તેવા હોતા નથી કારણ કે રાજ્યને સામૂહિક હિતના અથવા જેનાથી વધુમાં વધુ વ્યક્તિઓને લાભ થતો હોય એવા કાર્યો કરવાના હોય છે. રાજ્ય સમાનતા અને કલ્યાણ રાજ્યના આદર્શને ધ્યાનમાં રાખી વ્યાપક ભૂમિકાએ કાર્ય કરે છે. એટલે જે કાર્યો માત્ર અમુક વર્ગ, જાતિ, ભાષા, સમૂહ, વ્યવસાય, પ્રદેશ કે ધર્મને જ સ્પર્શતાં હોય તેવા કાર્યો રાજ્ય કરતા સંબંધિત સમૂહો વધુ સારી રીતે કરી શકે. આવા કાર્યોના વિશિષ્ટ સ્વરૂપને લીધે રાજ્ય તેને વધુ અસરકારક રીતે કે સફળતાપૂર્વક કરી શકે નહીં.

રાજ્યના ઉપર દર્શાવેલા ચાર કાર્યોમાંથી પ્રથમ બે કાર્યોમાં રાજ્યના કાર્યક્ષેત્રની ભૂમિકાનો પરિચય મળે છે જ્યારે છેલ્લા બે કાર્યોમાં રાજ્યની કાર્યક્ષમતાની ભૂમિકાનો પરિચય મળે છે.

## 4.8 ઉપસંહાર

આમ, ઉપરોક્ત માહિતી પરથી આપણે વિવિધ સામાજિક સંસ્થાઓ જેમ કે, ધર્મ સંસ્થા, શિક્ષણ સંસ્થા, રાજ્ય સંસ્થા વિશે વિગતવાર જાણી શકાય છે.

## 4.9 તમારી પ્રગતિ ચકાસો

1. હિન્દુધર્મનો પવિત્ર ધાર્મિક ગ્રંથ કયો છે ?

   (A) બાઈબલ (B) ધ દાસ કેપિટલ

   (C) કુરાન (D) શ્રીમદ્ ભગવદ્ગીતા

2. ખ્રિસ્તી ધર્મના મુખ્ય સંદેશાવાહક કોણ છે ?

   (A) બુદ્ધ (B) ઈસુ ખ્રિસ્ત

   (C) મહંમદ પયંગબર (D) મહાવીર સ્વામી

3. નઈતાલીમના પ્રણેતા કોણ હતા ?

(A) રાજારામ મોહનરાય (B) કાકાસાહેબ કાલેલકર

(C) મહાત્મા ગાંધી (D) વિનોબા ભાવે

4. રાજ્યના મુખ્ય કેટલા લક્ષણો છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

5. બાળકના સામાજીકરણમાં કેટલા સમૂહો સવિશેષ મહત્ત્વના છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

6. કિનારાથી કેટલા માઇલનો દરિયો રાજ્યની માલિકીનો ગણાય છે ?

(A) ત્રણ માઇલ (B) ચાર માઈલ

(C) પાંચ માઈલ (D) છ માઈલ

◆ **એક-એક વાક્યમાં જવાબ આપો.**

1. મુસ્લિમધર્મના સંદેશાવાહક કોણ છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

2. માનવસમાજની સંસ્કૃતિનું અભૌતિક પાસું કયું છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

3. જીવનનો ખરો અર્થ શું છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

4. ઔદ્યોગિક સમાજ વ્યવસ્થામાં કયા કેન્દ્રો ઠેર-ઠેર જોવા મળે છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

5. રાજ્યના મુખ્ય કયા કયા લક્ષણો છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

6. બાળકના સામાજીકરણમાં કયા-કયા સમૂહો મહત્ત્વના છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

## 4.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D) શ્રીમદ્ ભગવદ્ગીતા
2. (B) ઈસુ ખ્રિસ્ત
3. (C) મહાત્મા ગાંધી
4. (D) ચાર
5. (C) ત્રણ
6. (A) ત્રણ માઈલ

◆ **એક-એક વાક્યના સાચાં જવાબો :**

1. મહંમદ પયંગબર
2. ધર્મ
3. કેળવણી
4. હુન્નર ઉદ્યોગોની તાલીમ
5. રાજ્યના 4 લક્ષણો (1) જનસંખ્યા (2) નિશ્ચિત પ્રદેશ (3) સરકાર (4) સાર્વભૌમત્વ
6. ત્રણ સમૂહો (1) કુટુંબ (2) શાળા (3) મિત્રજૂથ

## 4.11 ચાવીરૂપ શબ્દોની સમજ

**1.** **રાજ્ય (State) :** આધુનિક સમાજવ્યવસ્થામાં આ પાયારૂપ માનવ વ્યવસ્થા છે. રાજ્ય માટે શરૂઆતમાં પોલીસ **(Police)** શબ્દનો ઉપયોગ થતો હતો ત્યારબાદ સ્ટેટ્સ શબ્દનો ઉપયોગ શરૂ થયો, પરંતુ મેક્યાવેલીએ રાજ્ય **(State)** શબ્દ આપ્યો.

**2.** **ભૂમિકા (Role) :** કોઈ એક સામાજિક કે જૂથ પરિસ્થિતિમાં વ્યક્તિના સ્થાન સાથે સંકળાયેલાં અધિકારો અને ફરજોની આસપાસ રચાયેલ વ્યક્તિનાં વર્તનની તરાહ ભૂમિકાનું વિશ્લેષણ સમાજશાસ્ત્રીય અભ્યાસનું મહત્ત્વનું અંગ છે.

**3.** **ધાર્મિક (પવિત્ર) (Sacred) :** એવી વસ્તુઓ, ઘટનાઓ, સંસ્થાઓ જેને કોઈ દિવ્ય અથવા અલૌકિક સત્તા સાથે જોડી દેવામાં આવે તથા કોઈ વિશેષ સમાજ કે સમુદાયમાં વિશિષ્ટ સન્માનની દૃષ્ટિએ જોવામાં આવે તેને ધાર્મિક અથવા પવિત્ર કહેવાય છે.

**4.** **નઈતાલીમ :** નઈતાલીમમાં બુનિયાદી વિચારધારાને સ્થાન આપવામાં આવેલ છે. જેમાં શિક્ષણની સાથે જીવન ઉપયોગી શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે.

**5.** **સામાજિક દરજ્જો :** દરેક વ્યક્તિને સમાજમાં અનેક દરજ્જાઓ હોય છે જેમ કે, કર્મચારી, પિતા, ગ્રાહક, મિત્ર, પતિ વગેરે.

**6.** **વસ્તી (Population) :** અમુક ગામ, પ્રદેશ કે દેશમાં વસતા લોકોની સંખ્યા એ તેની વસ્તી કહેવાય. વસ્તીનું પ્રમાણ દર માઈલને હિસાબે જે આવે તેને વસતીની સરેરાશ ઘનતા કહે છે. સામાન્ય રીતે દર દસ વરસે સમગ્ર દેશની વસ્તી ગણતરી કરવામાં આવે છે.

7. **અનુકરણ (Imitation) :** કોઈક નમૂનાને ધ્યાનમાં રાખીને તેનાં કાર્યો, લાગણીઓ, વલણો, સિદ્ધિઓ અને ધારણ કરેલી વસ્તુઓના જેવાં જ કાર્યો, લાગણીઓ, સિદ્ધિઓ ધારણ કરવી.

8. **જ્ઞાતિ (Caste) :** જેમાં સ્થાન પરિવર્તનને કોઈ અવકાશ નથી હોતો એવી જન્મ આધારિત સામાજિક શ્રેણીઓને જ્ઞાતિ તરીકે ઓળખવામાં આવે છે.

9. **વ્યક્તિ (Individual) :** કોઈપણ વસ્તુ કે માણસ જેની ગણતરી થતી હોય અથવા જેનું માપન થતું હોય તે

– સમૂહનો એક સભ્ય

– જેની ગણતરી થઈ શકે તેવો પાયાનો એકમ, જેનું બધું વિભાજન શક્ય બનતું હોય.

## 4.12 સ્વાધ્યાય લેખન

**1. ધર્મની વ્યાખ્યા આપી તેની લાક્ષણિક્તાઓની ચર્ચા કરો.**

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

**2. એક સામાજિક સંસ્થા તરીકે ધર્મના સામાજિક કાર્યોની સમજૂતી આપો.**

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

**3. શિક્ષણ સંસ્થાના સામાજિક કાર્યોનું વર્ણન કરો.**

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**4. રાજ્ય એટલે શું ? મેકાઈવરે દર્શાવેલા રાજ્યના કાર્યોની ચર્ચા કરો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 4.13 વૈયક્તિક અધ્યયન

**1. શિક્ષણ થકી સમાજોત્થાન માટે મથામણ કરી રહેલાં ચંદ્રિકાબેનને સો-સો સલામ.**

બહાદુરસિંહ ચં. પરમાર કુટુંબમાં પતિ-પત્ની, સંતાનોમાં પાંચ દીકરીઓ અને એક દિકરો આર્થિક સ્થિતિ સાધારણ એટલે કુટુંબના સભ્યોનું ભરણ-પોષણ કરવામાં ખાસ્સી મુશ્કેલી. પરંતુ પતિ-પત્ની બંને ખૂબ પ્રામાણિક રીતે પરિવારની જરૂરિયાતો પુરી કરવાનો પ્રયત્ન કરતા હતા. હા, ક્યારેક તો પોતે ભૂખ્યા રહીને પણ બાળકોને ખવડાવતા હતા. થોડી ખેતી ખરી પણ પિયતની વ્યવસ્થાના અભાવે તેમાંથી કંઇ વધારે આવક પ્રાપ્ત થતી ન હતી, અને આ જમીન, જમીનની માલિકી અને ભાગના સંદર્ભે ઘણાં કૌટુંબિક ઝઘડા ચાલતા હતા માટે ક્યારેક જમીનમાં સારો પાક થાય તો પણ તેનું ભેલાણ થતું હતું. પરંતુ આ બધી જ પરિસ્થિતિને ગણગાર્યા વગર પતિ-પત્ની મહેનત કરી સ્વમાનપૂર્વક જીંદગી જીવવા માટે પ્રયત્ન કરતા હતા. હા, પરિવારમાં બાળકોની સંખ્યા વધારે પણ પતિ-પત્ની બાળકોને ખૂબ વહાલ કરતાં હતા. બાળકો નાના હતા. માતા-પિતાના સંઘર્ષની તેમને ખબર હતી પરંતુ આ જ બાળકો કંઇપણ કરવા માટે અસમર્થ હતા. પરંતુ આ કપરી સ્થિતિએ જ તે પરિવારને કેળવ્યું. આ પરિવારની સૌથી મોટી દિકરી ચંદ્રિકા ભણવામાં ખૂબ હોશિયાર અને તેજસ્વી. આ દીકરીએ ભયંકર ગરીબીની વચ્ચે પણ હું ભણીશ. મારા માતા-પિતાનું નામ રોશન કરીશ. મારા પરિવારને આગળ લાવીશ અને મારા સમાજને પણ હું સુધારીશ.

આ દારૂણ ગરીબીની વચ્ચે પણ મનોમન ભણવાની ગાંઠ વાળેલ ચંદ્રિકાબેને કૉલેજ સુધીનો અભ્યાસ કર્યો. પછી ઉચ્ચ શિક્ષણ લેવાની ઇચ્છા પણ, કુટુંબની નબળી આર્થિક સ્થિતિનાં કારણે તેમણે ભણવાના બદલે નોકરી કરવાનું પસંદ કર્યું, ભણ્યા પછી પોતાના વિસ્તારમાં સામાજિક વિકાસનું કામ કરતી સંસ્થામાં ચંદ્રિકાબેન એક કાર્યકર તરીકે જોડાય છે. અને ખૂબ નિષ્ઠા અને પ્રામાણિકતાથી સમાજોત્થાન માટે કામ કરે છે. પોતાના પરિવારને પણ તે મદદરૂપ થાય છે. પોતાના નાના ભાઈ-બહેનને પણ તેઓ ભણાવે છે, કેળવે છે. આજે આપણી સમાજ વ્યવસ્થામાં દિકરાં-દીકરીના ઉછેર અને વ્યવહારમાં ભેદભાવ રાખવામાં આવે છે ત્યારે ઉબેર ગામ અને તેની આજુબાજુના ગામોમાં શિક્ષણ મેળવી શું થઈ શકે તે માટે ચંદ્રિકાબેનનું નામ ખૂબ ગૌરવ સાથે લેવાય છે. આજે બહાદુરસિંહનાં પરિવાર માટે દીકરી

પરિવારની ઓળખ બની છે. આજે ચંદ્રિકાબેન પોતાના ઉબેર ગામની ઓળખ બન્યા છે. આજે ચંદ્રિકાબેન પોતાના વિસ્તારની ઓળખ બન્યા છે. આજે ચંદ્રિકાબેને નોકરી સાથે માસ્ટર ડિગ્રી માટે મુંબઈની એક પ્રતિષ્ઠિત સંસ્થામાં તેઓ અત્યારે ડિપ્લોમા કોર્ષ કરી રહ્યા છે. અને હા તેમના માટે બીજી નોંધપાત્ર બાબત એ છે કે તેમને અત્યારે કારકિર્દીની ઉજ્જવળ તકો હોવા છતાં પણ તેઓ એક સ્વૈચ્છિક સંસ્થા થકી પોતાના વિસ્તારના ગામો અને સમાજોત્થાન માટે તેઓ મથી રહ્યાં છે. આપણે આશા રાખીએ કે દરેક વિસ્તાર દરેક સમાજ, દરેક ગામ અને દરેક ઘરને એક-એક ચંદ્રિકાબેન મળે. ચંદ્રિકાબેનના કામો અને પરિવારજનોને સો-સો સલામ.

**2. ગ્રામવિકાસ માટે શેની જરૂર છે ? સરકાર કે સહકારની ?**

લીલાપુર નામનું ગામ. ગામમાં બધી જ જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. ગામમાં જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચેના સભ્યો પરસ્પર ખેંચતાણ ચાલે છે. જેના લીધે ગ્રામવિકાસને લગતું કોઈ કામ થતું નથી. લીલાપુરની સરખામણીમાં તેની આજુબાજુના ગામોનો વિકાસ ખૂબ સરસ થયો છે. લીલાપુર ગામમાં કેટલાંક ભણેલા લોકોમાં ગામના વિકાસ માટે કંઇક કરી છુટવાની તાલાવેલી છે પરંતુ ગામમાં આંતરિક ખેંચતાણ અને લડાઈ ઝઘડાના પરિણામે આ યુવાનો નેતૃત્વ લેવા માટે તૈયાર નથી. સરકારની વિકાસલક્ષી યોજનાઓ ઘણી છે પરંતુ લીલાપુર ગામની આ પરિસ્થિતિના પરિણામે ગ્રામવિકાસને લગતાં કોઈ કામ થઈ શકતા નથી. એક તરીકે તમને શું લાગે છે ? આ પરિસ્થિતિમાં કઈ રીતે કામ થઈ શકે ? ગ્રામ વિકાસ માટે શેની જરૂર છે ? સરકાર કે પરસ્પરના સહકારની ? તમે શું માનો છો ?

## 4.14 પ્રવૃત્તિ કરો

**પ્રવૃત્તિ-01 :** જુદાં-જુદાં ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ મુલાકાત દરમ્યાન તમે અવલોકન કરેલ બાબતોની નોંધ તૈયાર કરો.

**પ્રવૃત્તિ-02 :** જુદાં-જુદાં ધર્મમાં ધાર્મિક ઓળખ માટે જુદાં-જુદાં પત્રિકોનો ઉપયોગ થાય છે. આ ધાર્મિક પ્રતિકોને ચિત્રાત્મક રીતે સમજાવો.

ધર્મ / સંપ્રદાયનું નામ : .......................... પ્રતીક : ........................

**પ્રવૃત્તિ-03 :** ગુજરાતની વિધાનસભાના મુલાકાત લઈ વિધાનસભામાં થતા વિવિધ કામગીરીનો અભ્યાસ કરો.

**પ્રવૃત્તિ-04 :** ગુજરાતની વિધાનસભામાં તમારાં વિસ્તારના પ્રશ્નો પૂછ્યા હોય તો તમે કઈ રીતે પૂછી શકો ? પ્રશ્ન કઈ રીતે પૂછી શકાય ? તેની પ્રક્રિયા તમારા વિસ્તારના ધારાસભ્યને મળી સમજો.

## 4.15 સંદર્ભગ્રંથ


1. ડૉ. એ. આર. દેસાઈ, 'સમાજખંડ' ભાગ – 1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ
2. બુદ્ધિશ્ચંદ્ર શાહ, 'શિક્ષણનું સમાજશાસ્ત્ર', ગુજરાત ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ
3. Bronislaw Malinowski'Magic, Science and Religion and other Essays', By, Glencoe, 1948
4. James G. Frazer, 'The Golden Bough', Published by : Macmillan, 1950
5. Milton Yinger, 'Religion, Society and the Individual', Published by : Macmillan, 1957
6. Ogburn & Nimkoff, 'A Handbook of Sociology', Published by :Routledge & K. Paul, 1868

# MSW-103
# સામાજિક વિજ્ઞાનોનો પરિચય

વિભાગ

# 3

## આર્થિક પદ્ધતિઓ

એકમ-1 આર્થિક પદ્ધતિઓનો અર્થ અને મહત્ત્વ

એકમ-2 પરંપરાગત આર્થિક પદ્ધતિઓ અને વર્તમાન આર્થિક પદ્ધતિ

એકમ-3 ભારતમાં વૃદ્ધિ અને વિકાસ માટેનો મૂડીવાદ, સમાજવાદ અને ગાંધીવાદી વિચારનો અભિગમ

એકમ-4 આર્થિક પદ્ધતિઓ સાથે સંકળાયેલ સમસ્યાઓ

**ISBN : 978-81-937666-2-0**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. ટેકપાલસિંગ પી. આનંદ** | આસિસ્ટન્ટ પ્રૉફેસર,<br>ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ,<br>એલિસબ્રિજ, અમદાવાદ. |
| **ડૉ. વિપીન મકવાણા** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ<br>અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. વિ.ચારી** | ડાયરેક્ટર,<br>સ્કૂલ ઑફ કૉમર્સ,<br>ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

સમગ્ર વિશ્વમાં માનવી પોતાના આર્થિક જીવનને સરળ બનાવવાના હેતુથી આર્થિક પદ્ધતિનો ઉપયોગ કરતો આવ્યો છે. વાસ્તવમાં આર્થિક પદ્ધતિ જીવનને સરળ અને સુદ્રઢ બનાવવા ઉપયોગી છે. માનવી, તેના આર્થિક જીવનમાં અમર્યાદિત જરૂરિયાતો ધરાવે છે; પરંતુ, માનવી પાસે આ અમર્યાદિત જરૂરિયાતો સંતોષવાના સાધનો ખૂબ મર્યાદિત હોય છે, જેથી માનવી એવી વૈકલ્પિક વ્યવસ્થાનો ઉપયોગ કરે છે કે જેનાથી તેનું જીવન પાયાની એવી તમામ જરૂરિયાતોને સંતોષી શકે અને જીવનમાં મહત્તમ સંતોષની પ્રાપ્તિ કરી શકે.

માનવી સમક્ષ ઉદ્દભવતા પ્રશ્નો સમાજ સામે પણ ઊભા થાય છે ત્યારે જુદાં-જુદાં સમય અને સંજોગો અનુસાર વિવિધ અર્થતંત્રો જુદી-જુદી આર્થિક પદ્ધતિનો ઉપયોગ કરે છે. આર્થિક પદ્ધતિઓ જે-તે દેશની આર્થિક વિચારસરણીની સમજૂતી આપે છે. આર્થિક પદ્ધતિ દેશના લોકોની માનસિકતા અનુસાર અર્થતંત્રને વિકાસની ઊંચાઈ પર પહોંચવા માટેની સીડી બને છે. આ આર્થિક પદ્ધતિઓ વિભિન્ન પ્રકારની છે. જે તેઓના વિશિષ્ટ લક્ષણોને આધારે જુદી-જુદી તારવી શકાય છે.

**ઘટકના હેતુઓ :**

1. આર્થિક પદ્ધતિઓના અર્થ, લક્ષણો અને મહત્ત્વ વિશે માહિતી મેળવી શકશો.
2. મૂડીવાદ, સમાજવાદ અને મિશ્ર અર્થતંત્રના ઐતિહાસિક સ્વરૂપો જાણશો.
3. મૂડીવાદ, સમાજવાદ અને મિશ્ર અર્થતંત્રની વિવિધ સિદ્ધિઓ જાણશો.
4. ગાંધીવાદી વિચારોની સમજૂતી મેળવી શકશો.
5. મૂડીવાદ, સમાજવાદ અને મિશ્ર અર્થતંત્રની વિવિધ સમસ્યાઓથી માહિતગાર થશો.
6. ભારતમાં મિશ્ર અર્થતંત્રનો અનુભવ જાણી શકશો.

# એકમ–1 આર્થિક પદ્ધતિઓનો અર્થ અને મહત્ત્વ

**: એકમનું માળખું :**


**1.1 એકમ પરિચય**

**1.2 આર્થિક પદ્ધતિનો અર્થ**

**1.3 આર્થિક પદ્ધતિની વ્યાખ્યાઓ**

**1.4 આર્થિક પદ્ધતિના લક્ષણો**

**1.5 આર્થિક પદ્ધતિનું મહત્ત્વ**

**1.6 ઉપસંહાર**

**1.7 તમારી પ્રગતિ ચકાસો**

**1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**1.9 ચાવીરૂપ શબ્દો**

**1.10 સ્વાધ્યાય લેખન**

**1.11 વૈયક્તિક અધ્યયન**

**1.12 પ્રવૃત્તિ**

**1.13 સંદર્ભગ્રંથ**


## 1.1 એકમ પરિચય

વિશ્વમાં આજે બે મુખ્ય પરસ્પર વિરોધી પદ્ધતિઓ જોવા મળે છે. એક બજાર તંત્રવાળી (આયોજન વગરની) મૂડીવાદી પદ્ધતિ અને બીજી કેન્દ્રિય આયોજનવાળી(બજારતંત્ર વગરની) સમાજવાદીપદ્ધતિ; પરંતુ, આવી પદ્ધતિઓ તેના શુદ્ધ સ્વરૂપમાં વિશ્વના કોઈ પણ દેશમાં જોવા મળતી નથી. પરંતુ, વાસ્તવમાં આ બે વિરુદ્ધ દિશાની આર્થિક પદ્ધતિઓ વચ્ચેની અનેક વિવિધ પ્રકારની આર્થિક પદ્ધતિઓ વિશ્વમાં ઉપયોગમાં લેવામાં આવેલી જોવા મળે છે.

માનવી એ બુદ્ધિશાળી પ્રાણી છે. અન્ય પ્રાણીઓ કરતાં માણસ આ બુદ્ધિ નામના તત્ત્વથી જુદો પડે છે. માણસ પોતાની આસપાસની પરિસ્થિતિનું વર્ગીકરણ કરી વિશ્લેષણ કરી શકે છે. માનવજીવન સારી રીતે ચાલે તે માટે તેણે વ્યવસ્થાઓ ઊભી કરી છે. સમાજવ્યવસ્થા, રાજયવ્યવસ્થા, અર્થવ્યવસ્થા વગેરે પ્રકારની વ્યવસ્થાઓ સમજાવવા, તેને ચલાવવા અને આગળ લઈ જવા માટે તથા વ્યવસ્થામાં ઉભા થતા પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલ માટે માણસે વિવિધ શાસ્ત્રોની રચના કરી છે. આ દૃષ્ટિએ માણસની આર્થિક સમસ્યાઓના ઉકેલ માટે તથા માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ અર્થશાસ્ત્ર કરે છે.

અર્થશાસ્ત્ર શબ્દનો સાદો અર્થ થાય છે, 'અર્થનું શાસ્ત્ર' સંસ્કૃત શબ્દ 'અર્થ' પરથી આ શબ્દ ઉતરી આવ્યો છે. સંસ્કૃતમાં 'અર્થ' સબ્દના અનેક અર્થ છે. જેમાંનો એક અર્થ છે 'ઉદ્દેશ્ય - કશુંક મેળવવું' જે આધુનિક 'આર્થિક' શબ્દ સાથે વધારે સુસંગનો અંગ્રેજી શબ્દ 'Economics' એ ગ્રીક શબ્દ 'Oikonomos' પરથી ઉતરી આવ્યો છે. પ્રાચિન સમયમાં ગ્રીસમાં ઘરવખરી, સરસામાન કે જે વ્યક્તિગત માલિકીનાં હોય છે તેને Oikos કહેતા અને આ ઘરના સરસામાનનું વ્યવસ્થાપન કરવાની રીતને Nomos કહેતા હતા તે દૃષ્ટિએ અર્થશાસ્ત્ર એ ખૂબ પવિત્ર અને ઐતિહાસિક સંદર્ભવાળો શબ્દ

છે અને આમ પણ આપણી સમાજવ્યવસ્થામાં આર્થિક વ્યવસ્થાએ ખૂબ મહત્ત્વની છે તે દષ્ટિએ પણ આ સંદર્ભ ખૂબ જ મહત્ત્વનો છે.

ઐતિહાસિક દષ્ટિએ ભારતમાં સભ્યતા અને તેની સંસ્કૃતિનો ઈતિહાસ આશરે પાંચહજાર વર્ષથી પણ વધારે પુરાણો છે. માટે જ ભારતીય તત્ત્વચિંતનમાં માનવજીવનમાં વિવિધ પાસાંઓનો અભ્યાસ અને માર્ગદર્શન જોવા મળે છે. ધાર્મિક દષ્ટિએ જોઈએ તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થ છે જે માણસે કરવાના હોય છે. માનવજીવનનાં આ મુખ્ય ચાર ઉદ્દેશ્ય છે. જેમાંથી અર્થ માટે કરવામાં આવતી પ્રવૃત્તિ સાથે અર્થશાસ્ત્રનો સબંધ છે. કશુંક મેળવવાની અપેક્ષા સાથે થતી પ્રવૃત્તિને અર્થપૂર્ણ પ્રવૃત્તિ કહેવામાં આવે છે. જીવનનિર્વાહ અને ભૌતિકસુખની પ્રાપ્તિ માટે અર્થ ઉપાર્જન કરવું તે માણસનું કર્તવ્ય છે. 2500 વર્ષ પહેલાં 'અર્થશાસ્ત્ર' નામની આર્થિક પ્રવૃત્તિઓ માટેનું ચિંતન રજૂ કરેલ છે. આ સંદર્ભમાં મનુષ્યની વૃત્તિ અર્થ છે. મનુષ્યના વસવાટવાળી ભૂમિ અર્થ છે. તેવી પૃથ્વીના લાભ-પાલનના ઉપાયો દર્શાવતું શાસ્ત્રએ અર્થશાસ્ત્ર છે. ભારતીય ચિંતનમાં માનવને કેન્દ્ર સ્થાને રાખીને માનવકલ્યાણની પ્રવૃત્તિને અગ્રતા આપવામાં આવે છે. આર્થિક પ્રવૃત્તિ પણ માત્ર 'અર્થ' કેન્દ્રિત ન રહેતાં તેનાં નૈતિક આધારો સાથે સમગ્ર માનવ કલ્યાણને ધ્યાનમાં રાખીને થાય છે. ઐતિહાસિક સંદર્ભોમાં પણ આર્થિક વિચારોમાં જાહેર અને સામૂહિક વર્તનવાળી પ્રવૃત્તિ જ કેન્દ્ર સ્થાને છે. ઔદ્યોગિકક્રાંતિ પછી આર્થિક ક્ષેત્રે મહત્ત્વનાં ફેરફારો થયાં. ઔદ્યોગિક ક્ષેત્રે શ્રમવિભાજન થયું અને આર્થિક ક્ષેત્રે એક નવા જ પ્રકારની અર્થવ્યવસ્થા ઊભી થઈ અને જુદી-જુદી આર્થિક પ્રવૃત્તિઓની શરૂઆત થઈ. માનવીની જુદી-જુદી આર્થિક પ્રવૃત્તિઓનો અર્થશાસ્ત્ર અભ્યાસ કરે છે અને માણસ ભૌતિક ચીજવસ્તુઓના વપરાશથી સુખાકારી મેળવવા માટે પ્રયત્ન કરે છે. અર્થશાસ્ત્રના અભ્યાસમાં માનવીને કેન્દ્રસ્થાને રાખવામાં આવેલ છે. કારણ કે કોઈપણ અર્થશાસ્ત્ર અંતે તો માનવજીવનના કોઈ મૂળભૂત પ્રશ્ન કે સમસ્યાઓનો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરતું હોય છે.

માણસ એ પ્રવૃત્તિશીલ છે. તે હંમેશા દિવસ દરમ્યાન જુદાં-જુદાં પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે. સવારે ઉઠે, પ્રાતઃ ક્રિયાઓ પૂર્ણ કરીને મંદિરે દર્શન કરવા જાય, મિત્રોને મળે, મનોરંજનલક્ષી કાર્યક્રમો જુએ, ચૂંટણી કે રાજકીય પ્રવૃત્તિઓ વિશેની ચર્ચા કરે, અર્થશાસ્ત્ર માણસની બધી જ આર્થિક બાબતો વિશેનો અભ્યાસ કરતું નથી. પરંતુ તે માત્ર આર્થિક પ્રવૃત્તિઓ વિશેનો જ અભ્યાસ કરે છે. માટે અર્થશાસ્ત્રના અભ્યાસમાં આર્થિક પ્રવૃત્તિઓ ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવે છે. માણસ પોતાની જરૂરિયાતો સંતોષવાના હેતુસર, વસ્તુઓ અને સેવાઓના વિનિમય માટે આવક મેળવવાની કે ખર્ચ કરવાની જે પ્રવૃત્તિઓ કરે છે તે આર્થિક પ્રવૃત્તિઓ છે. આ આર્થિક પ્રવૃત્તિઓમાં ત્રણ બાબતો ખૂબ મહત્ત્વની છે. આવક, ખર્ચ અને વિનિમય. ટૂંકમાં જરૂરિયાતોને સંતોષવા માટે વસ્તુઓ કે સેવાઓ મેળવવા આવક પ્રાપ્તિ કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ એટલે આર્થિક પ્રવૃત્તિઓ. આ ઉપરાંત, જે પ્રવૃત્તિનો ઉદ્દેશ્ય આવક મેળવવા, ખર્ચ કરવાનો કે વિનિમયનો નથી, તે સિવાયનો છે તે પ્રવૃત્તિઓ બિન આર્થિક છે. દા.ત. દયા, માયા, પ્રેમ, જેવી લાગણીઓથી પ્રેરાઈને કરવામાં આવતી પ્રવૃત્તિઓ બિન આર્થિક છે.

આમ, આર્થિક પદ્ધતિઓ વિશેની વિગતવાર ચર્ચામાં આર્થિક પ્રવૃત્તિ કેન્દ્રસ્થાને છે. આર્થિક પ્રવૃત્તિઓના માધ્યમથી આપણે આર્થિક પદ્ધતિ વિશેની વાત સરળતાથી સમજી શકીએ છીએ. પદ્ધતિ એ વૈજ્ઞાનિક બાબત છે. આર્થિક પ્રવૃત્તિ કરવા માટે આર્થિક ઉપાર્જન માટેની ચોક્કસ પદ્ધતિ હોવી જોઈએ તે દષ્ટિએ આ એકમમાં આર્થિક પદ્ધતિઓ વિશેની બૃહદ ચર્ચા કરવામાં આવી છે. સામાજિક કાર્યકર તરીકે આ આર્થિક પદ્ધતિઓ વિશેની વિસ્તૃત સમજણ પ્રાપ્ત કરવી જરૂરી છે. સમાજજીવનના આર્થિક પ્રશ્નોને સમજવા માટે આ બાબત ખૂબ પાયારૂપ છે. સામાજિક કાર્યકર તરીકે જેટલી આર્થિક પદ્ધતિઓ વિશેની કાર્યકરમાં વ્યાપક સમજણ હોય તેટલું કાર્યકર ફિલ્ડના સ્તરે આર્થિક પ્રવૃત્તિઓ અસરકારક રીતે કરી શકે છે.

## 1.2 આર્થિક પદ્ધતિનો અર્થ

આર્થિક પદ્ધતિ માનવસર્જિત હોય છે. આર્થિક પદ્ધતિઓ દેશના લોકોની વિચારસરણી, સમય, સંજોગો વગેરે પર આધારિત હોય છે. મુખ્યત્વે આર્થિક પદ્ધતિએ એવી પદ્ધતિ છે કે જેના દ્વારા માનવીઓ મર્યાદિત સાધનો વડે પોતાની અમર્યાદિત જરૂરિયાતોને વિવિધ પ્રયત્નો દ્વારા સંતોષવાનો પ્રયત્ન કરે છે અને પોતાના સંતોષને મહત્તમ બનાવે છે.

આર્થિક પદ્ધતિને સ્વરૂપ આપવામાં માનવીનો ફાળો ખૂબ મહત્ત્વનો છે આર્થિક પદ્ધતિ વાસ્તવમાં આર્થિક સંસ્થાઓની બનેલી હોય છે, જે માનવસર્જિત હોય છે. આ સંસ્થાનો મોટાભાગે માનવીની જરૂરિયાતો સંતોષવાના સાધનો વિશે દેશમાં રચાયેલ કાયદાઓમાં વ્યક્ત થાય છે. આ ઉપરાંત, વિવિધ જરૂરિયાતો સંતોષવા પ્રજાના ગમા-અણગમા, ટેવો,ફેશન,રીતિ-રિવાજો વગેરેમાંથી વ્યક્ત થાય છે. ટૂંકમાં આર્થિક પદ્ધતિના સ્વરૂપમાં ફેરફારો માનવ આધીન હોય છે. આ ઉપરાંત આર્થિક પદ્ધતિને નીચેના પરિબળો અસર કરે છે.

1) દેશનો ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક વારસો અને વિચારધારા આર્થિક પદ્ધતિને અસર કરે છે.
2) દેશની ભૌગોલિક પરિસ્થિતિ અને આબોહવા પણ આર્થિક પદ્ધતિની રચનામાં અસરકારક બને છે.
3) દેશના લક્ષ્યાંકો અને તેમને પામવાની તૈયારી આર્થિક પદ્ધતિ ઘડવામાં મહત્ત્વનો ફાળો આપે છે.
4) દેશના લોકોનો જીવન જીવવા અંગેનો અભિગમ. જો લોકોનો અભિગમ વ્યક્તિલક્ષી કે બજારલક્ષી હોય તો તે મૂડીવાદને જન્મ આપે છે અને જો તે સમાજલક્ષી અને આયોજનલક્ષી હોય તો તે સામ્યવાદને જન્મ આપે છે.
5) દેશના ભૂતકાળમાં અનુભવો અને તેમાં પ્રાપ્ત થયેલ સફળતા કે નિષ્ફળતા પણ આર્થિક પદ્ધતિની રચનામાં મદદરૂપ થાય છે.
6) દેશની પ્રજાના સુખ અંગેના ખ્યાલો એટલે કે પ્રજાના ભૌતિક સુખ કે સામાજિક સુખ પ્રતિ આકર્ષણ અનુભવે છે તેના આધારે આર્થિક પદ્ધતિનું ઘડતર થાય છે.

આમ, આર્થિક પદ્ધતિની રચનામાં ઉપરોક્ત પરિબળો ખૂબ મહત્ત્વનો ફાળો આપે છે.

## 1.3 આર્થિક પદ્ધતિની વ્યાખ્યાઓ

આર્થિક પદ્ધતિ વિશે વિવિધ વ્યાખ્યાઓ પ્રચલિત છે જે પૈકીની કેટલીક અગત્યની વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

1) **વિલિયમ જે.લુક્સ**ના મત મુજબ "આર્થિક પદ્ધતિ એટલે માનવીઓને ઉપલબ્ધ હોય તેવા ઉત્પાદક સાધનો દ્વારા તેની જરૂરિયાતો સંતોષવાની વ્યવસ્થા"
2) **જી.પી.એડમ્સ**ના મતે "દેશોમાં પ્રવર્તતી વિવિધ આર્થિક સંસ્થાઓ કે જેના દ્વારા જરૂરિયાતો સંતોષવામાં આવે છે તેને આર્થિક પદ્ધતિકહે છે."
3) **જે.એસ.પ્રાબ્લા**ના મત પ્રમાણે "આર્થિક પદ્ધતિ એટલે એવા રીત-રિવાજોનો સમૂહ કે જે પોતાના આંતરસંબંધો દ્વારા કોઈ આર્થિક પસંદગીને અસરકારક બનાવે છે."

આમ, ઉપરોક્ત વ્યાખ્યાઓ ઉપરથી એક સર્વસામાન્ય વ્યાખ્યા ઉપસી આવે છે કે"આર્થિક પદ્ધતિ એ એક એવી વ્યવસ્થા છે કે, જેમાં એક એવી આર્થિક સંસ્થા છે,જેનો મુખ્ય હેતુ માનવીની સમક્ષ પડેલાં મર્યાદિત સાધનોના ઉપયોગ વડે અમર્યાદિત જરૂરિયાતોને સંતોષવાનો છે."

દરેક આર્થિક પદ્ધતિ પોતાની કેટલીક વિશિષ્ટ સંસ્થાઓ દ્વારા પોતાના કાર્યો કરે છે. જ્યાં સંસ્થાઓ એટલે સિદ્ધાંતો, વર્તણૂકના નિયમો કે વિચારસરણીની રીતો, કૌટુંબિક પેઢી, વેપારી પેઢી,મજૂરમંડળ,

સરકાર, મિલકત, નાણું, આવકવેરો, પાકનીવહેંચણી, આયોજન, નફાની વૃત્તિ વગેરે આર્થિક સંસ્થાઓના ઉદાહરણો છે.

## 1.4 આર્થિક પદ્ધતિના લક્ષણો

આર્થિક પદ્ધતિવિવિધ મહત્ત્વના લક્ષણો ધરાવે છે. આર્થિક પદ્ધતિને સમજવા ચાલો તેના લક્ષણો ચકાસીએ.

### 1.4.1 માનવસર્જિત આર્થિક પદ્ધતિઓ

આર્થિક પદ્ધતિઓ સ્વયંભુ હોતી નથી એટલે કે તેઓનું સર્જન કોઈ કુદરતી શક્તિ કે ઐશ્વરીય સત્તા દ્વારા થતું નથી. આર્થિક પદ્ધતિઓ માનવ રચિત હોય છે. આર્થિક પદ્ધતિ નક્કી કરવામાં ધારાસભાઓ, સંસદ, ન્યાયાલયો પોતાનું યોગદાન આપે છે; જ્યાં તેઓ સરકારી અધિકારીઓ, નાગરિકો, શ્રમિકો, ઉત્પાદકો, મૂડી રોકાણ કરતાં લોકો, ગ્રાહકો વગેરે દ્વારા દર્શાવતી લાગણીઓ, પરિવર્તન કે ફેરફારોને ધ્યાનમાં લે છે. ટૂંકમાં આર્થિક પદ્ધતિઓ માનવો દ્વારા માનવ ઉપયોગી હોય તે પ્રકારની રચનાઓ હોય છે.

### 1.4.2 પરિવર્તનશીલ

આર્થિક પદ્ધતિઓ માનવસર્જિત હોવા સાથે પરિવર્તનશીલ હોય છે. અર્થતંત્રની આર્થિક પરિસ્થિતિ અનુસાર આર્થિક પદ્ધતિઓમાં પરિવર્તન લાવવામાં આવે છે. મોટાભાગે આર્થિક પદ્ધતિઓમાં પરિવર્તન સજાગ પ્રયત્નોને કારણે થાય છે જયારે ઘણીવાર આર્થિક પદ્ધતિમાં પરિવર્તન અનુભવ આધારિત આપો-આપ આવે છે. આમ, આર્થિક પદ્ધતિઓ જડ ન હોઈ પરિવર્તનશીલ હોય છે.

### 1.4.3 આર્થિક સ્થિતિની પારાશીશી

દેશમાં લોકોની માનસિકતા, સરકારની દૂરંદેશી, સાધનોની ઉપલબ્ધતા વગેરેની મદદ દ્વારા આર્થિક પદ્ધતિની રચના થાય છે; પરંતુ, આર્થિક પદ્ધતિમાં આવતા પરિવર્તનો અર્થતંત્રની આર્થિક સ્થિતિનું પ્રતિબિંબ પૂરું પાડે છે. આર્થિક પદ્ધતિના પરિવર્તનો અર્થતંત્રના ફુગાવો, મંદી, ગરીબી, બેકારી, વસ્તુ કે સેવાઓની અછત, ઉત્પાદનના સાધનોની અછત કે વિપુલતા વગેરે બાબતો ઉપર આધારિત હોય છે. જેથી આર્થિક પદ્ધતિના પરિવર્તનો અર્થતંત્રની આર્થિક સ્થિતિ વિશેની પારાશીશી(માપદંડ) બને છે.

### 1.4.4 પાયાના પ્રશ્નોનો ઉકેલ

આર્થિક પદ્ધતિના ઉપયોગથી પાયાના આર્થિક પ્રશ્નોનો ઉકેલ થઈ શકે છે. આર્થિક પ્રશ્નોના મૂળરૂપ અછત કે જે માનવી અમર્યાદિત જરૂરિયાતોની સામે મર્યાદિત સાધનોને કારણે ઉત્પન્ન થાય છે, તેનોઉકેલ મેળવી શકાય છે. આઉકેલ ઉપલબ્ધ સાધનોના વૈકલ્પિક ઉપયોગરૂપે આર્થિક પદ્ધતિ દ્વારા સૂચવવામાં આવે છે. જેથી સર્વ સામાન્ય રીતે કહી શકાય કે કોઈપણ આર્થિક પદ્ધતિનોમુખ્ય ધ્યેય પાયાના પ્રશ્નોનો ઉકેલ હોય છે.

### 1.4.5 અન્ય પરિબળો આધારિત આર્થિક પદ્ધતિઓ

આર્થિક પદ્ધતિઓ નીચે મુજબના પાંચ સર્જનાત્મક પરિબળો ઉપર આધારિત હોય છે.

1. દેશનો ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક વારસો અને વિચારધારા આર્થિક પદ્ધતિને અસર કરે છે.
2. દેશની ભૌગોલિક પરિસ્થિતિ અને આબોહવા પણ આર્થિક પદ્ધતિની રચનામાં અસરકારક બને છે.
3. દેશના લક્ષ્યાંકો અને તેમને પામવાની તૈયારી આર્થિક પદ્ધતિ ઘડવામાં મહત્ત્વનો ફાળો આપે છે.
4. દેશના લોકોનો જીવન જીવવા અંગેનો અભિગમ જો લોકોનો અભિગમ વ્યક્તિલક્ષી કે બજારલક્ષી હોય તો તે મૂડીવાદને જન્મ આપે છે, અને જો તે સમાજલક્ષી અને આયોજનલક્ષી હોય તો તે સામ્યવાદને જન્મ આપે છે.

5. દેશના ભૂતકાળના અનુભવો અને તેમાં પ્રાપ્ત થયેલ સફળતા કે નિષ્ફળતા પણ આર્થિક પદ્ધતિની રચનામાં મદદરૂપ થાય છે.

6. દેશની પ્રજાના સુખ અંગેના ખ્યાલો એટલે કે પ્રજાના ભૌતિક સુખ કે સામાજિક સુખ પ્રતિ આકર્ષણ અનુભવે છે તેના આધારે આર્થિક પદ્ધતિનું ઘડતર થાય છે.

આમ, આર્થિક પદ્ધતિની રચનામાં ઉપરોક્ત પરિબળો ખૂબ અગત્યનો ફાળો આપે છે.

## 1.5 આર્થિક પદ્ધતિનું મહત્ત્વ

કોઈપણ આર્થિક પદ્ધતિનું મુખ્ય કાર્ય લોકોની જરૂરિયાતો ઉત્પાદન-સાધનો અને યાંત્રિક જ્ઞાનનો યોગ્ય રીતે સમન્વય કરવાનું છે; કારણ કે, દરેક દેશમાં જુદી-જુદી વસ્તુઓની જુદાં-જુદાં પ્રમાણમાં જરૂર પડે છે. તેથી યોગ્ય આર્થિક પદ્ધતિનો ઉપયોગ કરી જરૂરિયાતની વસ્તુઓ મેળવવા ઉત્પાદનના સાધનોની યાંત્રિક જ્ઞાન અનુસાર યોગ્ય વહેંચણી કરી દેશની જરૂરિયાતોને સંતોષવા પ્રયત્નો કરવા જરૂરી હોય છે. જેથી દેશમાં મહત્તમ સુખ અને સમૃદ્ધિ હાંસલ થાય.

ઉપરોક્ત મુજબની દેશની સુખ અને સમૃદ્ધિ મેળવવા યોગ્ય દિશામાં, યોગ્ય પ્રયત્નો કરવા માટે યોગ્ય આર્થિક પદ્ધતિ જરૂરી બને છે. આમ, આર્થિક પદ્ધતિ દેશના વિકાસમાં અભૂતપૂર્વ ફાળો આપે છે. આવી આર્થિક પદ્ધતિઓનું મહત્ત્વ સમજવું જરૂરી છે. જે નીચે મુજબ છે,

### 1.5.1 જરૂરિયાતોની અગ્રતા અનુસાર યાદી બનાવવી

સામાન્ય રીતે લોકોની જરૂરિયાતો અમર્યાદિત હોય છે; પરંતુ, તેમની પાસે તે જરૂરિયાત પૂરી કરવાના સાધનો પ્રમાણમાં મર્યાદિત હોય છે, જેથી જરૂરિયાતોનો પસંદગીક્રમ નક્કી કરવો જરૂરી બને છે. અર્થતંત્રમાં મૂડીવાદ, સામ્યવાદ કે મિશ્ર અર્થતંત્રની આર્થિક પદ્ધતિ સ્વીકારવામાં આવી હોય તેમાં અગ્રતાક્રમ અનુસાર જરૂરિયાતોને સંતોષવામાં આવે તો મળતો સંતોષ મહત્તમ બનાવી શકાય છે. વાસ્તવમાં જરૂરિયાતોનો સાચો અગ્રતાક્રમ નક્કી કરવો મુશ્કેલ છે; પરંતુ, અનુભવ આધારિત તેનો ઉકેલ મેળવી શકાય છે.

### 1.5.2 ઉત્પાદન સાધનોની યોગ્ય ફાળવણી કરવી

દરેક આર્થિક પદ્ધતિનું એક અગત્યનું કાર્ય ઉત્પાદનના સાધનોની યોગ્ય ફાળવણી કરવી પણ છે. ઉપલબ્ધ ઉત્પાદનના સાધનોની જરૂરિયાત અનુસાર યોગ્ય ફાળવણી કરવાની અર્થતંત્રમાં મહત્તમ ઉત્પાદન મેળવી શકાય અને તે દ્વારા મહત્તમ સંતોષની પ્રાપ્તિ શક્ય બને જયારે એવું જોવામાં આવ્યું છે, કે મૂડીવાદી અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોની ફાળવણી અર્થ સભર હોય છે અને સામ્યવાદી અર્થતંત્રમાં ઘણીવાર ઉત્પાદનના સાધનોની ફાળવણી અયોગ્ય હોય તે અર્થ સભર બનતી નથી.

### 1.5.3 ઉત્પાદનનું પ્રમાણ નક્કી કરવું

આર્થિક પદ્ધતિની પસંદગી પર ઉત્પાદનના પ્રમાણના નિર્ણયો આધારિત હોય છે. વાસ્તવમાં ઉત્પાદન પાછળનો મૂળ હેતુ મહત્તમ સંતોષનો હોય છે તેમ છતાં મૂડીવાદ અને સામ્યવાદમાં ઉત્પાદનના પ્રમાણ અંગેના નિર્ણયો જુદી-જુદી રીતે લેવામાં આવે છે. મૂડીવાદ એ બજારતંત્ર આધારિત હોવાથી જરૂરિયાત કરતાં ઓછું ઉત્પાદન રાખી મહત્તમ નફો મેળવવાનો પ્રયત્ન થાય છે. જયારે સામ્યવાદમાં આયોજન આધારિત હોવાથી જરૂરિયાત અનુસારનું ઉત્પાદન કરવામાં અને તે દ્વારા મહત્તમ સંતોષ અને મહત્તમ સેવા પૂરી પડાય છે.

### 1.5.4 ઉત્પાદન પદ્ધતિની પસંદગી

કયા પ્રકારની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ થશે તેનો આધાર પણ આર્થિક પદ્ધતિ ઉપર હોય છે. મૂડીવાદ એ બજાર આધારિત હોઈ હરીફાઈનું તત્ત્વ આ આર્થિક પદ્ધતિમાં જોવા મળે છે. જે

પ્રતિસ્પર્ધીકરતાં વધુ પ્રમાણનું ઉત્પાદન અને વધુ ગુણવત્તા સભર ઉત્પાદન મેળવવા મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ સ્વીકારવા તરફ વધુ આકર્ષાય છે. જયારે સામ્યવાદી અર્થતંત્રમાં વસ્તી અને બેકારીના પ્રમાણ આધારિત મૂડીપ્રધાન અથવા શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિની પસંદગી કરવામાં આવે છે.

### 1.5.5 ઉત્પાદિત વસ્તુઓ અને સેવાઓની વહેંચણી

આર્થિક પદ્ધતિના આધાર પર અર્થતંત્રમાં લોકોને વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે અથવા એવી ગોઠવણ કરવામાં આવે છે. આ ઉપરાંત, ઉત્પાદનના સાધનો જેવા કે શ્રમ, મૂડી, નિયોજક અને જમીનના માલિકોને પોતાની વસ્તુઓ અને સેવાઓ ઉત્પાદનકાર્યમાં આપવા બદલ વેતન, વ્યાજ, નફો અને ભાડું ચુકવવામાં આવે છે. મૂડીવાદી અર્થતંત્રમાં આ પ્રમાણો કેટલાં રહેશે(વળતર કે કિંમત કેટલી રહેશે) તે બજાર નક્કી કરે છે જયારે સામ્યવાદમાં આ નિર્ણયો સરકાર હસ્તક હોય છે.

### 1.5.6 પરિવર્તન અને વિકાસની ક્ષમતા

દરેક આર્થિક પદ્ધતિમાં પરિવર્તન અને વિકાસની ક્ષમતા હોવી આવશ્યક છે. વસ્તીનું કદ, લોકોની વસ્તુઓની પસંદગી, આવશ્યકતા, ગમો-અણગમો, ફેશન વગેરે આધાર પર અર્થતંત્રમાં યોગ્ય પરિવર્તનો આવશ્યક બને છે અને તે દ્વારા લોકોના સંતોષમાં વૃદ્ધિ કરી વિકાસ હાંસલ કરી શકાય છે. આર્થિક પદ્ધતિ અનુસાર નવી શોધખોળો, નવા સંજોગો, વિદેશ વ્યાપાર સંબંધો, જોખમ ઉપાડવાની વૃત્તિ વગેરે પરિબળો અર્થતંત્રને અસર કરે છે અને વિકાસની ક્ષમતા નક્કી કરે છે.

## 1.6 ઉપસંહાર

આમ, ઉપરોક્ત માહિતી પરથી જાણી શકાય છે કે વિશ્વના વિવિધ દેશોને આર્થિક પદ્ધતિનો ઉપયોગ કરવો પડે છે. આ આર્થિક પદ્ધતિ તે દેશની વિચારસરણી રજૂ કરે છે. ઉપરાંત દરેક દેશ માટે આર્થિક પદ્ધતિ એ અર્થતંત્રની કાર્યપ્રણાલીને સરળ અને સુચારૂ બનાવવા ખૂબ જરૂરી છે તે જાણી શકાય છે. અહીં આપણે આર્થિક પદ્ધતિનો અર્થ, તેની વ્યાખ્યા,લક્ષણો અને મહત્ત્વ જેવા વિવિધ પાસાંઓ પર અભ્યાસ કર્યો જે આપણને દુનિયામાં ઉપયોગમાં લેવાતી વિવિધ આર્થિક પદ્ધતિઓને સમજવા ઉપયોગી થશે.

## 1.7 તમારી પ્રગતિ ચકાસો

1. આર્થિક પદ્ધતિ ........... હોય છે.

   (A) કુદરત સર્જિત (B) માનવસર્જિત

   (C) આકસ્મિક (D) ભયાનક

2. આર્થિક પદ્ધતિ નક્કી કરવામાં કોનું યોગદાન હોય છે ?

   (A) ધારાસભા (B) સંસદ

   (C) ન્યાયાલયો (D) ઉપરોક્ત બધા

3. આર્થિક પદ્ધતિઓ કેવી હોય છે ?

   (A) જડ (B) પરિવર્તનશીલ

   (C) મિશ્ર (D) કુદરતી

4. આર્થિક પદ્ધતિની પસંદગી કોના ઉપર આધારિત છે ?

   (A) ઉત્પાદનના પ્રમાણના નિર્ણયો (B) ગુણવત્તા

   (C) બજારની માંગ (D) સેવાઓની જરૂરિયાત

5. સામ્યવાદ એ .......... આધારિત છે.

(A) બજાર આધારિત (B) આયોજન આધારિત

(C) માંગ આધારિત (D) જરૂરિયાત આધારિત

6. આર્થિક પદ્ધતિ જે-તે દેશની કઈ બાબત રજૂ કરે છે ?

(A) વિચારસરણી (B) તત્ત્વજ્ઞાન

(C) જરૂરિયાત (D) પુરવઠા વિશેની બાબત

◆ **ટૂંકમાં જવાબ આપો.**

1. વિશ્વમાં આજે બે કઈ-કઈ પરસ્પર વિરોધી પદ્ધતિઓ જોવા મળે છે ?

..................................................................

..................................................................

..................................................................

2. આર્થિક પદ્ધતિ નક્કી કરવામાં કોનું યોગદાન હોય છે ?

..................................................................

..................................................................

..................................................................

3. આર્થિક પદ્ધતિનું એક અગત્યનું કાર્ય જણાવો.

..................................................................

..................................................................

..................................................................

4. મૂડીવાદ શેના ઉપર આધારિત છે ?

..................................................................

..................................................................

..................................................................

5. ઉત્પાદનના મુખ્ય સાધનો કયા છે ?

..................................................................

..................................................................

..................................................................

6. દરેક આર્થિક પદ્ધતિમાં શેની આવશ્યકતા છે ?

..................................................................

..................................................................

..................................................................

7. આર્થિક પદ્ધતિમાં મુખ્યત્વે કઈ બાબતો રજૂ થાય છે ?

..................................................................

..................................................................

..................................................................

## 1.8 તમારી પ્રગતિ ચકાસો

1. (B) માનવસર્જિત
2. (D) ઉપરોક્ત બધા
3. (B) પરિવર્તનશીલ
4. (A) ઉત્પાદનના પ્રમાણના નિર્ણયો
5. (B) આયોજન આધારિત
6. (A) વિચારસરણી

- **ટૂંકમાં જવાબ આપોના જવાબો :**

1. મૂડીવાદી પદ્ધતિ અને સમાજવાદી પદ્ધતિ
2. ધારાસભા, સંસદ અને ન્યાયાલયો
3. ઉત્પાદનના સાધનોની યોગ્ય ફાળવણી
4. બજારતંત્ર
5. શ્રમ, મૂડી, નિયોજક અને જમીન
6. પરિવર્તન અને વિકાસની ક્ષમતા
7. દેશની વિચારસરણી

## 1.9 ચાવીરૂપ શબ્દોની સમજ

1. **ઉત્પાદન :** ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારાં જેટલાં પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય તેને ઉત્પાદન કહેવાય.
2. **વિનિયમ :** વિનિયમ એટલે વસ્તુઓની આપ-લે. આ આપણી વર્ષો જૂની પદ્ધતિ છે. પરસ્પર એકબીજા સાથે વસ્તુઓની આપ-લે કરવામાં આવે છે.
3. **આર્થિક પ્રવૃત્તિ :** જરૂરિયાતોના સંતોષ માટે માણસ દ્વારાં થતી પ્રવૃત્તિ જેમાં આવક-ખર્ચ અને વિનિમય સંકળાયેલા છે.
4. **વિશ્લેષણ :** માહિતીનું વર્ગીકરણ કરી તેના કાર્યકારણના સબંધને તપાસવાની પ્રક્રિયાને વિશ્લેષણ કહેવામાં આવે છે.
5. **વૈજ્ઞાનિક પદ્ધતિ :** કાર્યકારણના સબંધને તપાસીને તારણો મેળવવાના અને તેને વારંવારના પ્રયોગો દ્વારા તપાસવાની પદ્ધતિ એટલે વૈજ્ઞાનિક પદ્ધતિ.

## 1.10 સ્વાધ્યાય લેખન

**1. આર્થિક પદ્ધતિની કોઈપણ બે વ્યાખ્યાઓ આપો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**2. આર્થિક પદ્ધતિને અસર કરતાં ચાર પરિબળો જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**3. આર્થિક પદ્ધતિના ત્રણ લક્ષણોની ચર્ચા કરો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**4. આર્થિક પદ્ધતિનું મહત્ત્વ ટૂંકમાં સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 1.1 વૈયક્તિક અધ્યયન

**ગામડાંઓએ સ્વાવલંબી બનવું જરૂરી છે ?**

આજે ગામડાંઓ તૂટી રહ્યાં છે અને શહેરો ફૂલી-ફાલી રહ્યાં છે ? ગામડાંમાંથી લોકો શહેર તરફ વળી રહ્યાં છે ? પરંપરાગત ધંધા કે વ્યવસાય કરવા આજે કોઈપણ વ્યક્તિ તૈયાર નથી. ખેડૂત નથી ઇચ્છતો કે મારો દિકરો ખેતી કરે ? કુંભાર નથી ઇચ્છતો મારો દિકરો કુંભારી કામ કરે. વર્ષો પહેલાંની કહેવત ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને નફ્ફટ નોકરીની વિચારધારા આજે બદલાઈ રહી છે. આજે નોકરીને ઉત્તમ ગણવામાં આવે છે અને તેમાં પણ 'વ્હાઇટ કૉલર જૉબ' ને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે આવું કેમ ?

ગાંધીજીએ આઝાદી મેળવવાના આંદોલન દરમ્યાન એક બાબત ઉપર સવિશેષ ભાર મૂક્યો હતો તે ગ્રામ્ય સ્વાવલંબન અંગેનો હતો. તેઓ કહેતા કે દરેક ગામ પોતાની જરૂરિયાતના આધારથી તે સ્વાવલંબી હોવું જોઈએ. ગામની જરૂરિયાત મુજબની જુદી-જુદી વસ્તુઓ મોટાભાગે દરેક ગામમાં ઉત્પન્ન થવી જોઈએ. કારણ કે ઉત્પાદનનાં સાધનો ગ્રામ્ય સમાજની પાસે છે. ગામડાંની પ્રજા ખમીરવંતી અને મહેનતું છે. માટે ગામડાંએ શહેર ઉપર નિર્ભર રહેવાની બિલકુલ જરૂર નથી. શહેરની ગુલામી કરતાં ગામડાની સ્વતંત્રતા અને સ્વાવલંબન સારું. જો હિન્દુસ્તાનનું દરેક ગામ આવી વિચારસરણીમાં માનવા લાગે તો ગ્રામિણ ક્ષેત્રના તમામ પ્રશ્નોનું સમાધાન આવી શકે તેમ છે. આ બાબત આજે પણ એટલી જ સાર્થક છે. એવા કેટલાયે ગામો છે કે જેણે સાબિત કર્યું છે કે, 'મારું ગામ... એ જ મારું વિશ્વ છે.' ગામડાં તરફ પાછાં વળવું એ સમાજ અને દેશના હિત માટે જરૂરી છે.

## 1.12 પ્રવૃત્તિ (Activity) કરો.

1. સમાચારપત્રોમાં આવતા આર્થિક ક્ષેત્રને લગતાં સમાચારોનો અભ્યાસ કરવો. આર્થિક સમાચારોનું કતરણ કરવું.
2. તમે જે વિસ્તારમાં રહો છો તે ગામ, નગર, શહેરની આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો. લોકો આર્થિક ઉપાર્જન માટે કઈ-કઈ પ્રવૃત્તિ કરે છે તેની યાદી તૈયાર કરવી.
3. આર્થિક સર્વે અંગેના અભ્યાસો, ઈન્ટરનેટના માધ્યમથી અભ્યાસ કરવો.

## 1.13 સંદર્ભગ્રંથ


1. A guide book to the comparative of the economic systems - by Frederic L. Pryor
2. Comparative economic systems - by Ralph H. Blodgett
3. Capitalism, Market Socialism and central planning, Reading in comparative economic systems - by Wayne A. Leema

# એકમ–2 પરંપરાગત આર્થિક પદ્ધતિઓ અને વર્તમાન આર્થિક પદ્ધતિ

## : એકમનું માળખું :

2.1 એકમ પરિચય

2.2 મૂડીવાદ

2.3 સમાજવાદ

2.4 મિશ્ર અર્થતંત્ર

2.5 ભારતમાં મિશ્ર અર્થતંત્ર

2.6 ઉપસંહાર

2.7 તમારી પ્રગતિ ચકાસો

2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

2.9 ચાવીરૂપ શબ્દો

2.10 સ્વાધ્યાય લેખન

2.11 વૈયક્તિક અધ્યયન

2.12 પ્રવૃત્તિ

2.13 સંદર્ભગ્રંથ

## 2.1 એકમ પરિચય

વિશ્વમાં વિવિધ આર્થિક પદ્ધતિઓનો ઉપયોગ થાય છે. જેમાં મૂડીવાદ, સમાજવાદ અને મિશ્ર અર્થતંત્રનો સમાવેશ થાય છે.આ આર્થિક પદ્ધતિઓના અર્થ, લક્ષણો ઉપરાંત તેના ઐતિહાસિક સ્વરૂપ વિશે આપણે આ એકમમાં જાણકારી મેળવીશું. તદ્ઉપરાંત ભારતમાં વપરાતી વર્તમાન આર્થિક પદ્ધતિ મિશ્ર અર્થતંત્ર વિશે પણ માહિતી મેળવીશું અને ભારતમાં મિશ્ર અર્થતંત્ર વિષય પર માહિતી મેળવીશું.

**એકમના ઉદ્દેશો**

આ એકમના અભ્યાસથી તમે નીચે મુજબની જાણકારી મેળવશો.

1. મૂડીવાદનો અર્થ અને લક્ષણો

2. મૂડીવાદનું ઐતિહાસિક સ્વરૂપ

3. સમાજવાદનો અર્થ અને લક્ષણો

4. સમાજવાદનું ઐતિહાસિક સ્વરૂપ

5. મિશ્ર અર્થતંત્રનો અર્થ અને લક્ષણો

6. ભારતમાં મિશ્ર અર્થતંત્રનો અનુભવ

## 2.2 મૂડીવાદ

### 2.2.1 પ્રસ્તાવના

મૂડીવાદમાં મૂડી ઉપર નફા માટે આર્થિક પ્રવૃત્તિઓ કરતી ખાનગી વ્યક્તિઓનો કાબૂ હોય છે. જ્યારે સમાજવાદમાં આવો કાબૂ રાજ્ય કે સમાજના હાથમાં હોય છે. આમ, મૂડીવાદ એ એક એવી આર્થિક

પદ્ધતિ છે કે, જેમાં તમામ ખેતરો, કારખાનાં, ખાણો, ઉત્પાદનના સાધનો, ઉત્પાદકીય પ્રવૃત્તિઓ ઉપર ખાનગી વ્યક્તિઓ કે તેમના સમૂહનો કાબૂહોય છે. મૂડીવાદ આર્થિક પદ્ધતિમાં કેન્દ્ર સ્થાને ખાનગી આયોજન અને ખાનગી નફો હોય છે. આ આર્થિક પદ્ધતિમાં ખાનગી વ્યક્તિઓ કે સમૂહ અર્થતંત્રમાં ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરવો કે નહીં તે બાબતે સ્વતંત્ર હોય છે. આ આર્થિક પદ્ધતિમાં નફો જ બધી આર્થિક પ્રવૃતિઓ માટેનું માર્ગદર્શક અને કારણભૂત બળ હોય છે. આમ, મૂડીવાદ એ મુક્ત સાહસની પદ્ધતિ છે. જેમાં દરેક મૂડીદાર(મૂડીના માલિક)ને પોતાના હિત મુજબ મૂડી રોકાણ કરવાની સત્તા હોય છે. મૂડીવાદમાં કિંમત નિર્ધારણ તે માત્રમાંગ અને પુરવઠા દ્વારા સ્વતંત્રપણે થાય છેઅને લોકો આ કિંમત નિર્ધારણ મુજબ આર્થિક નિર્ણયો લે છે. જેથી અર્થતંત્રમાં શ્રેષ્ઠ અનુકૂલન(સમતુલા) સધાય છે.

### 2.2.2 મૂડી અને મૂડીવાદનો તફાવત

અહીં એક વાત સ્પષ્ટ રીતે સમજી લેવી જરૂરી છે કે માત્ર મૂડીનું અસ્તિત્ત્વ હોવાથી કોઈ આર્થિક પદ્ધતિ મૂડીવાદ બની જતી નથી. વાસ્તવમાંસમાજવાદવાળી આર્થિક પદ્ધતિમાં પણ મૂડીનો ઉપયોગ તો થાય છે પણ અહીં મૂડીના માલિક તરીકે ખાનગી વ્યક્તિઓના બદલે સરકાર હોય છે. આમ, કોઈપણ આર્થિક પદ્ધતિમાં કુદરતી મૂડી અને માનવમૂડીના ઉપયોગ વગર ઉત્પાદન કાર્ય શક્ય બનતું નથી. જેથી આર્થિક પદ્ધતિના અભ્યાસમાં મૂડી અને મૂડીના માલિક(મૂડીદાર અથવા મૂડીપતિ) વચ્ચેનો તફાવત સમજવો આવશ્યક છે.

મૂડી:-'મૂડી'(Capital) અને મૂડીવાદ (Capitalism) બન્ને શબ્દોનો અર્થ એકસરખો હોતો નથી. અર્થશાસ્ત્રમાં 'મૂડી' એટલે'ઉત્પાદનનું ઉત્પાદિત સાધન' એવો અર્થ થાય છે. કોઈપણ ભૌતિક વસ્તુ કે જે કુદરતીસર્જિત અથવા માનવસર્જિત હોય જેનો ઉપયોગ લોકો સીધે-સીધા વપરાશ માટે ન કરતાં હોય પણ કાચામાલ તરીકે વસ્તુઓના ઉત્પાદન માટે કરતાં હોય તે મૂડી છે. રોકડિયા પાક, અન્ય કાચો માલ, યંત્રો, ઓજારો, ખાણો-ખનીજો, અર્ધ તૈયાર વસ્તુઓ વગેરે મૂડી તરીકે ઓળખાય છે. સરવાળે એમ કહી શકાય કે "મૂડી એટલે ઉત્પાદન કાર્યમાં વપરાતી ચીજ-વસ્તુઓ."

મૂડીવાદ:-'મૂડીવાદ એટલે ઉત્પાદકીય સાધનોની માલિકી અને ઉપયોગ માટેની એક આર્થિક પદ્ધતિ' જયારેમૂડી ઉપર ખાનગી વ્યક્તિઓની કે સમૂહની માલિકી હોય ત્યારે તે મૂડીવાદ છે તેમ કહેવાય.મૂડીવાદમાં ઉત્પાદનના સાધનોનો કેવી રીતે ઉપયોગ કરવો તેનો અંતિમ નિર્ણય ગ્રાહક લે છે. તેથી મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં ગ્રાહકો સર્વોપરી છે એટલે કે રાજ છે. મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં ગ્રાહકોને વસ્તુઓ કે સેવાઓની પસંદગીની સ્વતંત્રતા હોય છે. બજારમાંથી મળતી ચીજ વસ્તુઓમાંથી કઈ વસ્તુ કેટલાં પ્રમાણમાં ખરીદવી તે વિશેના નિર્ણય કરવા ગ્રાહકો સ્વતંત્ર હોય છે. વળી, ગ્રાહકોની ચીજ વસ્તુઓની માંગ દ્વારા ઉત્પાદન વિશેના નિર્ણયો લેવાય છે. આમ, ગ્રાહકોની માંગને આધારે મૂડી તથા ઉત્પાદનમાં સાધનોના ઉપયોગ વિશે નિર્ણયો લેવાય છે. તેથી કહી શકાય કે, મૂડીવાદમાં ગ્રાહકોની ચીજવસ્તુઓ વપરાશની મુક્ત પસંદગી એટલે જ ગ્રાહકોનું સર્વોપરીપણું.

### 2.2.3 મૂડીવાદની વ્યાખ્યાઓ

"મૂડીવાદ એક એવી આર્થિક પદ્ધતિ છે, જેમાં તમામ ભૌતિક સાધનો ખાનગી માલિકી હેઠળ હોય છે અને મહત્તમ નફાના હેતુથી પ્રેરાઈને આ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે."

- **મેક્સ વેબરના** મતે:- "બુદ્ધિપૂર્વક અને પદ્ધતિસર નફો મેળવવાની વૃત્તિ એટલે મૂડીવાદ."
- **જ્હોન સ્ટેશીના** મતે:- "મૂડીવાદ એ એવી આર્થિક પદ્ધતિ છે, જેમાં ખેતરો, કારખાના અને ખાણોની માલિકી વ્યક્તિઓની અથવા તેમના સમૂહોની હોય છે."
- **જી.ડી.એચ.કોલ**ના મતે:-"મૂડીવાદ એ એક પ્રકારનું વિશિષ્ટ વળતર પ્રાપ્ત કરવાની ઉત્પાદનની રીત છે. જેમાં ઉત્પાદનના બધા સાધનો ખાનગી માલિકીના હોય છે."

- **મોરીસ ડોબના** મતે:- "મૂડીવાદ એક એવી પદ્ધતિ છે કે, જેમાં મુખ્યત્વે મૂડી ખાનગી અથવા વ્યક્તિગત માલિકીની હોય છે અને તેને ખાનગી સાહસની પદ્ધતિ તરીકે પણ ઓળખવામાં આવે છે."

### 2.2.4 મૂડીવાદના લક્ષણો

મૂડીવાદને સમજવા તેના લક્ષણો કે ઘટકોનો અભ્યાસ કરવો જરૂરી બને છે. જેને ઘણીવાર મૂડીવાદની સંસ્થાઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. વાસ્તવમાં, મૂડીવાદ આ લક્ષણો, અથવા સંસ્થાઓના આધાર સ્તંભ ઉપર જ ઊભો છે. જો આધાર સ્તંભો તૂટે અથવા નબળા પડે તો તેટલાં જ અંશે મૂડીવાદના અસ્તિત્ત્વ ઉપર ખતરો જન્મે છે.

**(1) આર્થિક માનવી**

મૂડીવાદી આથિક પદ્ધતિમાં એક પાયાની માન્યતા એ છે કે, અર્થતંત્રનો દરેક વ્યક્તિ 'આર્થિક માનવી' છે. એનો અર્થ એ થાય કે મૂડીવાદી આર્થિક પદ્ધતિમાં દરેક વ્યક્તિ માત્ર પોતાના નફા અથવા લાભના હેતુએ પામવા આર્થિક પ્રવૃત્તિ કરે છે. જે માટેનું કારણ એ તેની મહત્તમ સંતોષ પ્રાપ્ત કરવાની ઈચ્છા છે.ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદી તેમજ તેમના ઉપયોગ કરતી વખતે આર્થિક માનવી ઓછામાં ઓછો ત્યાગ અથવા ખર્ચ થાય અને તેની સામે મહત્તમ સંતોષની પ્રાપ્તિ થાય તેવા પ્રયત્નો કરે છે. ઉત્પાદનના સાધનોમાં માલિક તરીકે વ્યક્તિઓ પોતાને વધુમાં વધુ વળતર(સાધન કિંમત) મળે તે રીતે સાધનોનો ઉપયોગ કરે છે. જમીનના માલિકને મળતું ભાડું, શ્રમના માલિક(શ્રમિક)ને મળતું વેતન, મૂડીના માલિક(મૂડીદાર)ને મળતું વ્યાજ અને ઉત્પાદકીય પ્રવૃત્તિનો માલિક(નિયોજક)ને મળતો નફો કેવી રીતે મહત્તમ બનાવી શકાય તે જ તેનો મુખ્ય હોય છે, જેથી તે આર્થિક માનવી તરીકે ઓળખાય છે. આમ, આર્થિક માનવીની ધારણાં અને તેનું અસ્તિત્ત્વ મૂડીવાદી આર્થિક પદ્ધતિને સંપૂર્ણ બનાવે છે. મૂડીવાદી અર્થતંત્રમાં ભવિષ્યના ખર્ચના અંદાજો, ત્યાગનું પ્રમાણ, સંતોષનું પ્રમાણ વગેરે જાણવા વ્યક્તિ આર્થિક માનવી તરીકે વર્તે છે. તેનું આવું વર્તન દેશની સંપત્તિમાં વધારો કરવા માટે પણ આવશ્યક છે. તેથી જ એડમસ્મિથે અર્થશાસ્ત્રને સંપતિના શાસ્ત્ર તરીકે ઓળખાવી માનવીના આર્થિક વર્તનને મહત્ત્વ આપ્યું છે.

**(2) નફાનો હેતુ**

આર્થિક માનવી મૂડીવાદી અર્થતંત્રમાં સર્વવ્યાપી છે. જયારે નફાના હેતુનું કાર્યક્ષેત્ર ખૂબ જ સંકુચિત અને મર્યાદિત પ્રકારનું હોય છે, તેમ છતાં એ સમજવું જરૂરી છે કે નફાના હેતુની અગત્યતા તે આર્થિક માનવીની અગત્યતા કરતાં ઓછી હોતી નથી. મૂડીવાદી અર્થતંત્રની આર્થિક પ્રવૃત્તિઓ માટેના નિયોજનના જે નિર્ણયો લેવાય છે તેમાં નફાનો હેતુ ખૂબ અગત્યતા ધરાવે છે. નફાનો હેતુ એટલે આવક અને ખર્ચ વચ્ચેનો નાણાંકીય તફાવત જે વ્યક્તિને મૂડીવાદમાં કાર્ય કરવા માટેનો હેતુ બને છે. સામ્યવાદી અર્થતંત્રમાં નિયોજક તરીકે સરકાર આર્થિક પ્રવૃત્તિ દ્વારા નફો કરે તેવું બની શકે પણ, મોટા-ભાગે આર્થિક પ્રવૃત્તિનો હેતુ નફો ન હોઈ લોકોનું કલ્યાણ(સુખાકારી) હોય છે. આમ, મૂડીવાદમાં જ નફાનો હેતુ મુખ્ય હોય છે.

મૂડીવાદમાં નફાનો હેતુ નિયોજકના નિર્ણયો દ્વારા ઉત્પાદન સાધનોનું શ્રેષ્ઠ સંયોજન રચી ઉત્પાદન પ્રક્રિયાને ગતિશીલ બનાવ્યો છે. નફાનો હેતુ ઉત્પાદન પ્રક્રિયાને પ્રોત્સાહક બનાવી ઉત્પાદન વધારવામાં સંશોધનો કરવામાં અને નવી વસ્તુ અથવા ઉત્પાદન પ્રક્રિયાની શોધ કરવામાં ઉપયોગી બને છે. આ ઉપરાંત નફાના હેતુથી નવા ઉદ્યોગો શક્ય બનતાં રોજગારી વધે છે, તેમજ બચત, મૂડીરોકાણ, માથાદીઠ આવક, રાષ્ટ્રીય આવક અને આર્થિક વિકાસમાં વધારો થાય છે.

**(3) હરીફાઈ**

મૂડીવાદનું મૂળભૂત લક્ષણ હરીફાઈનું અસ્તિત્ત્વ છે. આર્થિક માનવી નફાના હેતુને પ્રાપ્ત કરવા વિભિન્ન પ્રકારની હરીફાઈ કરતો મૂડીવાદમાં જોવા મળે છે. મૂડીવાદમાં દરેક માનવીને પોતાની પસંદગીની આર્થિક પ્રવૃત્તિ કરવાની સ્વતંત્રતા હોય છે, જેથી એક જ પ્રકારની પસંદગીહોવાથી વૈકલ્પિક સ્વરૂપની પ્રવૃત્તિઓ કરવામાં એકબીજાં સાથે હરીફાઈ કરતાં હોય છે. મૂડીવાદમાં હરીફાઈ એટલે 'આર્થિક સ્પર્ધા' આવી સ્પર્ધાઓ જુદાં-જુદાં નિયોજકો, મૂડીરોકાણકારો, બચતકારો, ગ્રાહકો, શ્રમિકો વગેરે વચ્ચે જુદાં-જુદાં હેતુને અનુલક્ષીને રચાય છે.

જયારે બજારો તમામ ગ્રાહકો અને વેપારીઓ માટે ખુલ્લા અને તેમને વસ્તુ કે સેવા ખરીદવાની અથવા વેચવાની ઈચ્છા હોય તો તે વસ્તુ કે સેવા ખરીદવાની અથવા વેચવાની સ્વતંત્રતામાં બજારો બહુ મોટા પ્રમાણમાં હરીફાઈયુક્ત બને છે. આવા હરીફાઈયુક્ત બજારોને 'મુક્ત બજાર' તરીકે ઓળખવામાં આવે છે. જેથી જ તો મૂડીવાદને 'મુક્ત બજાર અર્થતંત્ર'ના નામથી પણ ઓળખાય છે. મૂડીવાદી અર્થવ્યવસ્થાના સંચાલન માટે હરીફાઈનું લક્ષણ અનિવાર્ય રીતે જરૂરી છે. મૂડીવાદમાં વ્યક્તિગત પ્રેરણાશક્તિને સતત જાગૃત રાખવા, શોષણ સામે ગ્રાહકોનું રક્ષણ કરવા, સતત જાગૃત રાખવા, શોષણ સામે ગ્રાહકોનું રક્ષણ કરવા, ઉત્પાદન અને વહેંચણીની પ્રક્રિયાને બજાર પરિબળો દ્વારા અંકુશિત કરવા તેમજ કિંમત નિર્ધારણને પૂરતા પ્રમાણમાં ગતિશીલ રાખવા હરીફાઈ અનિવાર્ય છે.

**(4) વ્યક્તિગત અને પેઢીગત સ્વતંત્રતા**

મૂડીવાદનો એક અગત્યનો સ્તંભ વ્યક્તિગત અને પેઢીગત સ્વતંત્રતાનો ઉપયોગ કરવાનો છે. આર્થિક માનવીનો નફાનો હેતુ પૂર્ણ અર્થમાં આ રીતે જ પ્રવર્તમાન બને છે. જયારે દરેક વ્યક્તિને પોતાની પસંદગી પ્રમાણે પોતાની મિલકતનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા અને પોતાને નફો લાગે તે આર્થિક પ્રવૃત્તિ કરવાની સ્વતંત્રતા હોય. દરેક વ્યક્તિ પોતાનું જીવન પોતાની આવક પોતાની પસંદગી પ્રમાણે વાપરવાની સ્વતંત્રતા ધરાવે છે. ગ્રાહક તરીકે પોતાને જે વસ્તુઓ કે સેવાઓની માંગ કરવી હોય તેની પાછળ પોતાની આવક ખર્ચ કરવાની અને પોતાને પસંદ હોય તે રીતે તેનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા હોય છે. ઉત્પાદનના સાથીદાર તરીકે પોતાને જ્યાં, જયારે અને જેવી રીતે જીવવું હોય ત્યાં, ત્યારે અને તેવી રીતે તેને જીવન જીવવાની સ્વતંત્રતા હોય છે. તે પોતે એકલો પોતાની શક્તિ અનુસાર કામ કરે અથવા અન્ય કોઈની સાથે જોડાઈ જઈ શકે છે.

**(5) ખાનગીસંપત્તિ**

મૂડીવાદમાં સંપત્તિ ઉપરખાનગી વ્યક્તિઓની માલિકી અને અંકુશ હોય છે. મૂડીવાદમાં દરેક વ્યક્તિને ખાનગી સંપત્તિ પ્રાપ્ત કરવાનો, તેને જાળવવાનો અને યોગ્ય લાગે તે રીતે ઉપયોગમાં લેવાનો અધિકાર હોય છે. માલિકી અને અંકુશનો આવો અધિકાર એટલે વસ્તુઓ ખરીદવાનો,જાળવણી કરવાનો અને પોતાના માટે જ વાપરવાનો તેમજ તેને વેચવાનો અધિકાર, વાસ્તવમાં, ખાનગી સંપત્તિનો અધિકાર એ વિભિન્ન અધિકારોનો સમૂહ છે. ખાનગી સંપત્તિના અધિકારમાં સંપત્તિ એકઠી કરવાનો, વધારવાનો, ગમે તે રીતે સંપત્તિનો ઉપયોગ કરવાનો તથા તેને ભાડે આપવાનો, વેચવાનો કે ગીરવે મુકવાના અધિકારોનો સમાવેશ થાય છે. વ્યક્તિ પોતાની સંપત્તિનું દાન પણ આપી શકે છે. આ ઉપરાંત તે પોતાના વારસદારોને વારસામાં પણ સંપત્તિ આપે છે. આ અધિકારમાં પોતાની સંપત્તિનો અન્યો દ્વારા કેવી રીતે ઉપયોગ કરી શકાય તેની શરતો નક્કી કરવાના અધિકારનો પણ સમાવેશ થાય છે.

### (6) વારસાનો અધિકાર

ખાનગી સંપત્તિ પ્રાપ્ત કરવા ઉપરાંત સંપત્તિનો વારસો મેળવવાનો અધિકાર ખાનગી સંપત્તિના અધિકારમાં વધુ ઉમેરો કરે છે. જેથી તેને ખાનગી સંપત્તિના અધિકારના એક પાસાં તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમાં માલિકના પોતાના મૃત્યુ વખતે પોતાની સંપત્તિની માલિકી પોતાના વારસદારોને આપવાનો અધિકાર તરીકે ઓળખાય છે. જ્યારે પોતે મૃત્યુ પામેલ માલિકના અમુક સગપણમાં છે એ આધારે તેની સંપત્તિ પર માલિકી મેળવવાનો વ્યક્તિનો અધિકાર એ વારસો મેળવવાના અધિકાર તરીકે ઓળખાય છેઅને આ બન્ને અધિકારો વારસા અધિકાર કહેવાય છે. કાનૂની રીતે વારસા હક્કની રચના કરી શકાય છેઅને તેમાં સુધારા-વધારા થઈ શકે છે અથવા તો તેને સંપૂર્ણ પણે નાબૂદ પણ કરી શકાય છે.

## 2.2.5 મૂડીવાદનો ઈતિહાસ અને વિવિધ સ્વરૂપો

### 2.2.5.1 મૂડીવાદનો ઉદ્ભવ

મૂડીવાદી અર્થતંત્રમાં અછતનો પ્રશ્ન, સાધનોના વૈકલ્પિક ઉપયોગનો પ્રશ્ન, ઉત્પાદન અને વપરાશનો પ્રશ્ન એવા કેટલાંક પાયાના પ્રશ્નો છે. આ પ્રશ્નોના ઉકેલ માટે મૂડીવાદમાં કિંમત નિર્ધારણ પ્રક્રિયાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

**પ્રોહામ**ના મતે"મુક્ત બજાર વ્યવસ્થા કોઈ પ્રકારના સામાજિક સંકલનની માંગણી કરવાને બદલે કેવળ 'અદશ્ય હાથ' વડે સજાગ સરકારને બદલે, હરીફાઈ દ્વારા સામાજિક અર્થતંત્રની સમસ્યાઓ ઉકેલે છે." આમ, મૂડીવાદી અર્થતંત્રમાં વિવિધ ઉત્પાદકો, વેપારીઓ અથવા ગ્રાહકો વચ્ચે કોઈપણ પ્રકારની જાગૃત સરકાર આવશ્યકતા નથી.કિંમત નિર્ધારણ પ્રક્રિયા જ આવું સંકલન પેદા કરે છે. તેથી જ **પ્રો.સેમ્યુઅલસન** પણ કહે છે કે, "મૂડીવાદ એ એવી આર્થિક પદ્ધતિ છે કે જેમાં કિંમત નિર્ધારણ પ્રક્રિયા જ બધી બાબતો નક્કી કરે છે." પોતાના પુસ્તકમાં પ્રો.હાયેક જણાવે છે કે,'મૂડીવાદની વિકેન્દ્રિત અને સ્વયં સંચાલિત મધ્યસ્થ નિયંત્રણવાળી (સમાજવાદી) પદ્ધતિ બેજવાબદાર, જૂની અને મર્યાદિત ક્ષેત્રવાળી લાગે છે.' સમાજવાદી પદ્ધતિ કરતાં મૂડીવાદી પદ્ધતિ વધુ વ્યવસ્થિત અને સ્વયં સંચાલિત છે. જી.પી.એડમ્સ તેમના પુસ્તકમાં મૂડીવાદમાં કિંમતોનું મહત્ત્વ સમજાવતા કહે છે કે,"મૂડીવાદમાં ભાવો માર્ગદર્શક છે." આર્થિક નિર્ણયો લેવામાં કિંમત પદ્ધતિ વ્યક્તિઓ અને પેઢીઓ માટે હોકાયંત્રની જરૂરિયાતને પૂર્ણ કરે છે.

પરંતુ મૂડીવાદના ઉદયનો ખ્યાલ સૈદ્ધાંતિક અને પ્રાથમિક છે. એક આર્થિક પદ્ધતિ તરીકે મૂડીવાદના ઉદય અને વિકાસની કથા ઈતિહાસને અનુલક્ષીને જાણવી જોઈએ. વાસ્તવમાં, વિશ્વના વિવિધ દેશોમાં મૂડીવાદનો જન્મ અને વિકાસ વિવિધ તબક્કાઓ દ્વારા થયો છે. આપણે આ ઈતિહાસ તપાસીએ.

### 2.2.5.2 સામંતશાહીનો અંત અને મૂડીવાદનો ઉદ્ભવ

મૂડીવાદ અર્થતંત્ર પહેલાં વિશ્વમાં સામંતશાહી અર્થતંત્ર પ્રવર્તમાન હતું. સામંતશાહી અર્થતંત્રમાં જમીનની માલિકી સામંતો અને ઉમરાવોના હાથમાં હતી. તેમનીજમીન પર શ્રમિકો ખેતી કરતાં. આ શ્રમિકોની સ્થિતિ તદ્દન ગુલામો જેવી હતી. તેઓ પોતાની માલિકીના સાધનો વડે ખેતી કરતાં, પરંતુ આ સાધનો તદ્દન પ્રાથમિક કક્ષાના અને સસ્તા હોવાથી તથા શ્રમવિભાજન અને ઉત્પાદન પદ્ધતિ પણ સાદી હોવાથી ઉત્પાદન ઘણું નીચું રહેતું; પરંતુ, જે કંઈ ઉત્પાદન થતું તેનો મોટો ભાગ સામંતો લઈ જતાં અને તેની મદદ વડે ખૂબ આરામ અને મોજશોખ કરતાં, લગભગ બારમી સદીમાં ઉમરાવોની મોજશોખની અને આરામની વસ્તુઓ માટેની માંગ ખૂબવધી અને તેને પરિણામે આવી વસ્તુઓ વેચનાર વેપારીનો મોટો વર્ગ અસ્તિત્ત્વમાં આવ્યો.

આ સમય કિંમતી ધાતુઓનો પુરવઠો વધતાં નાણાંતંત્ર અસ્તિત્ત્વમાં આવ્યું અને સામંતશાહી અર્થતંત્રમાં

નાણાં વ્યવસ્થા દાખલથઈ. વળી, એ સમય ધર્મયુદ્ધો થયા હતાં તેના ખર્ચ માટે ઉમરાવો ખેડૂતો પાસેથી વધુ ને વધુ નાણાંની માંગ કરવાલાગ્યાં. આથી ખેડૂતોના ઉત્પાદનના ભાગનો ખૂબ ઓછો ભાગ રહેવા લાગ્યો. પરિણામે તેમને ખેતીના કાર્યમાંથી રસ ઊડી ગયો. ઉમરાવો જુલ્મ કરવાલાગ્યાં. તેથી થાકીને ગણોતિયાઓ(ખેત શ્રમિકો) શહેરો તરફ ભાગવા લાગ્યાં. જેના કારણે વિવિધ રાષ્ટ્રોમાં નગરો(શહેરો)નો વિકાસ થયો અને ધીમે ધીમે સામંતશાહીની પડતી થવા લાગી. જેનો અંત ઈ.સ.1646માં ક્રોમવેલે આણ્યો.

વાસ્તવમાં અર્થતંત્રની એક પદ્ધતિ તરીકે સામંતશાહીપદ્ધતિમાં ઘણી જ ખામીઓ હતી. ઉમરાવો અને સામંતો દ્વારા ગણોતિયાંઓનું મોટા પ્રમાણમાં શોષણ થતું હતું. ગણોતિયાંઓની સ્થિતિ વેઠિયા એટલે કે ગુલામ કરતાં પણ ખરાબ બની હતી. તેમના ઉપર ખૂબ અત્યાચાર થતો હતો. આખી પ્રથા જાણે સડી ગઈ હતી અને ગણોતિયાંઓની સહન શક્તિનો અંત આવી ગયો હતો. તેથી જ સામંતશાહીનો અંત અનિવાર્ય જ બન્યો હતો.

### 2.2.5.3 મૂડીવાદના વિકાસનાં વિવિધ તબક્કાઓ

સામંતશાહીના અંત પછી મૂડીવાદનો ઉદય થયો. અને ત્યારબાદ મૂડીવાદનો વિકાસ તબક્કાવાર થયો હતો. આ તબક્કાઓ મુખ્યત્વે નીચે મુજબના હતાં.

(1) વેપારી મૂડીવાદ

(2) ઔદ્યોગિક મૂડીવાદ

(3) અર્વાચીન મૂડીવાદ

(4) ઈજારાશાહી મૂડીવાદ

(5) નાણાંકીય મૂડીવાદ

(6) સામ્રાજ્યવાદ

આ તબક્કાઓને હવે વિગતવાર સમજીએ.

**(1) વેપારી મૂડીવાદ**

સામંતશાહીના અંત પછી વેપારી સંગઠનો ઊભા થવા લાગ્યાં. 14મી અને 15મી સદીમાં વેપારીઓના હાથમાં સંપત્તિ કેન્દ્રિત થવા લાગી સામંતશાહીના નાશ સાથે ખેતશ્રમિકો અને ખેડૂતો શહેરો તરફ વળ્યાં શહેરોમાં વસ્યા બાદ તેઓએ પોતાના સાદા અને કૌટુંબિક સાધનોથી ઘરમાં જ ઉત્પાદન પ્રક્રિયા શરૂ કરીઅથવા પોતાનું ઉત્પાદન સામંત એવા ઔદ્યોગિક માલિકો માટે કરતાં હતાં. આ તમામ પ્રકારે ઉત્પાદિત થયેલ વસ્તુઓ તેઓ વેચાણ અર્થે વેપારીઓને આપતાં હતાં. જેથી વેપારી વર્ગને ખૂબ લાભ થતો અને તેઓ ખૂબ સંપત્તિવાન બન્યાં. જે સંપત્તિ ઉત્પાદકોને મળવી જોઈતી હતી તે વેપારી પાસે આવી. વેપારીઓઉત્પાદકો તેમજ ગ્રાહક વર્ગનું શોષણ કરી વધુને વધુ સંપત્તિવાન બની શક્યાં. અને આમ, મૂડીવાદનો પાયોનંખાયો.

વેપારી વર્ગએ મૂડીસંચય કરવા માટે વિદેશ વેપારનો પણ ઉપયોગ કર્યો, જેમાં તેઓએ વિદેશોનું પણ શોષણ કર્યું. આમ, વેપારીઓ એક બાજુથી ઓછી કિંમત આથી ઉત્પાદકોનું શોષણ કરતાં જયારે બીજી બાજુ વધુ કિંમત લઈને ગ્રાહકોનું શોષણ કરતાંહતાં. વેપારી વર્ગ જેમ-જેમ આર્થિક રીતે મજબૂત (સદ્ધર) બનતો ગયો તેમ તેમ તેનો પ્રભાવ રાજ્યસત્તા પણ પડવા લાગ્યો. વેપારી વર્ગે આ પરિસ્થિતિનો લાભ લઈ એકહથ્થુ પેઢીઓ શરૂ કરી. તેઓએ આગળ વધતાં નિયત્રિત પેઢીઓ અને સંયુક્ત મૂડીની પેઢીઓની પણ શરૂઆત કરી. આ તબક્કાને વેપારી મૂડીવાદના તબક્કા તરીકે ઓળખવામાં આવે છે.

**(2) ઔદ્યોગિક મૂડીવાદ**

વેપારીઓ ધીમે-ધીમે સંગ્રહિત નાણાંનો ઉપયોગ ઉત્પાદન પ્રક્રિયામાં કરવા લાગ્યાં. જ્યારથી વેપારીઓ ઉદ્યોગોમાં પડ્યાં ત્યારથી ઔદ્યોગિક મૂડીવાદનો તબક્કો શરૂ થયો. 16મી સદીના મધ્યભાગથી, વેપારમાંથી મળતા નફા ઉપરાંત સંગ્રહ કરેલી (એકઠી કરેલી) મૂડી ઉદ્યોગોમાં રોકે તો વધારે નફો મળે તેમ છે તેની બાહેંધરી મળતા વેપારીઓએ ઉત્પાદન ક્ષેત્રે હરણફાળ ભરી અને તેઓ વેપારીઓમાંથી ઉદ્યોગપતિ બન્યાં.

16મી સદીના અંતમાં વિવિધ વસ્તુઓ જેમકે કાગળ, સાબુ, ખાણપેદાશો, ધાતુ વગેરે ઉદ્યોગોમાં નવી શોધખોળો થઈ. આ શોધ અનુસારના ઉદ્યોગો શરૂ કરવા મોટાપ્રમાણમાં મૂડીની જરૂર ઊભીથઈ. તેથી વેપારીઓ અને સંયુક્ત મૂડીની પેઢીઓએ આ પ્રકારનું ઉત્પાદન કાર્ય શરૂ કર્યું. આ સાથે શ્રમવિભાજનની પણ શરૂઆત થઈ. જેના કારણે નીચા વેતનોએ ઉત્પાદન ખર્ચ ઘટ્યાં અને ઉદ્યોગોનો નફો ઉત્તરોત્તર વધ્યો અને મૂડીદારોનું વર્ચસ્વ વધતું ગયું. જેથી સમાજ બે વર્ગ મૂડીદાર વર્ગ અને શ્રમિક વર્ગમાં વહેંચાયો.

**(3) આધુનિક મૂડીવાદ**

1760માં ઔદ્યોગિક ક્રાંતિ થઈ. નવા-નવા યંત્રોની શોધ થઈ. ઉત્પાદનની પદ્ધતિઓમાં ક્રાંતિકારી ફેરફારો થયા. જેના કારણે શ્રમિકોની કાર્યક્ષમતામાં ખૂબ વધારો થયો. ઔદ્યોગિક માળખામાં પરિવર્તન આવ્યું. જેના કારણે મૂડી અને ઉત્પાદનના સાધનોનું કેન્દ્રીકરણ વધ્યું. ઔદ્યોગિક ક્રાંતિ દરમ્યાન ઔદ્યોગિક સાહસો વધુને વધુ નફાકારક બન્યાં. મૂડીસંચયમાં વધારો થવાને કારણે મૂડીરોકાણની તકો અને શ્રમિકોની ઉત્પાદકતામાં વધારો થયો, જ્યારે ખર્ચ ઘટ્યું. તેના લીધે આ સાહસો વધુને વધુ નફાકારક સાબિત થયાં.

આમ, આધુનિક મૂડીવાદનો જન્મ થયો. સમાજ બે મોટા વર્ગોમાં વહેંચાઈ ગયો. ઉત્પાદનના મોટાભાગના સાધનો પર ધનિકવર્ગનો અંકુશ અને માલિકી સ્થપાઈ. જ્યારે શ્રમિકો પોતાનો શ્રમ વેંચી ગુજરાન ચલાવવા લાગ્યાં. શ્રમિક વર્ગ પર મૂડીપતિઓનું શાસન શરૂ થયું. પરિણામે બન્ને વર્ગો વચ્ચે સંઘર્ષ શરૂ થયો. હડતાળ અને તાળાબંધી જેવા વિરોધ વ્યક્ત કરવાનાં પ્રયત્નો શરૂ થયા.

આવા પ્રકારના મૂડીવાદમાં રાજ્યની બિનહસ્તક્ષેપની નીતિ અપનાવી. ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રે મુક્ત અર્થનીતિ અપનાવવામાં આવી. જેથી, અઢળક સંપત્તિનું સર્જન થયું. આવી પરિસ્થિતિમાં ટકી રહેવા માટે હરીફાઈ દબાવી દઈ ઉદ્યોગોની માલિકી અને અંકુશ કેન્દ્રિત કરવા ચળવળ શરૂ થઈ અને આમ, એકાધિકારી મૂડીવાદનો જન્મ થયો.

**(4) એકાધિકારી મૂડીવાદ**

આધુનિક મૂડીવાદમાં, ઉત્પાદનનો જથ્થો માંગ કરતાં વધી જતા ગળાકાપ હરીફાઈ શરૂ થઈ હતી. જ્યાં સુધી ઉત્પાદનના કદના વિસ્તાર સાથે બજારોનો પણ વિસ્તાર થતો રહે ત્યાં સુધી હરીફાઈ મૂડીવાદનું સામાન્ય લક્ષણ બની રહે છે. પરંતુ તે સમયે મોટાભાગના ઉધોગોમાં જે ઝડપથી ઉત્પાદન વધ્યું એટલી ઝડપથી બજારોનો પણ વિકાસ થયો નહીં. વિદેશ વેપારમાં પણ ગળાકાપ હરીફાઈ શરૂ થઈ હતી. જેના કારણે કિંમતો અને નફામાં અતિશય ઘટાડો થયો અને દેશ-વિદેશમાં મૂડીરોકાણ અનાકર્ષક બન્યું. ધીમે-ધીમે હરીફોની સંખ્યા ઘટવા લાગી. જેથી પ્રવર્તમાન સાહસોને એકાધિકારી સ્વરૂપમાં સંગઠિત કરવાનું વલણ ઊભું થયું.

તીવ્ર હરીફાઈને લીધે મોટા સાહસો ઘણાં નાના સાહસો માટે પ્રતિકૂળતા ઊભી કરી તેમને બજારની ધકેલી દે છે. એટલું જ નહીં પણ પોતાના હિતોનું રક્ષણ કરવા અને યોગ્ય નફો જાળવવા કરારો કરે છે. જે ઈજારામાં પરિણમે છે તેને જ એકાધિકારી મૂડીવાદ તરીકે ઓળખવામાં આવે છે.

### (5) નાણાંકીય મૂડીવાદ

મૂડીવાદના વિકાસનાં તબક્કોમાંથી એક નાણાંકીય મૂડીવાદ છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી ઉત્પાદનની પદ્ધતિમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. ઉત્પાદન મોટા પાયા પર થવા લાગ્યું; પરંતુ, એ માટે નાણાંધીરનારાઓ(મૂડીપતિઓ) અને નિયોજકોના કાર્યોમાં ઘણો ફેરફાર થયો. અત્યાર સુધી આ બન્ને કાર્યો એક જ વ્યક્તિ કરતી હતી. પરંતુ હવે નિયોજકો હવે પોતાની જ મૂડી રોકે એવું અનિવાર્ય ન હતું. તેઓ જરૂરી મૂડી શેરભંડોળ દ્વારા અથવા નાણાંકીય સંસ્થાઓ પાસેથી લઈને ઉદ્યોગનું સંચાલન કરવાનું અને સાહસ ખેડવાનું કાર્ય કરવાનું હતું. ઔદ્યોગિક ક્રાંતિ પછી મોટા પાયા પરના ઉદ્યોગો ચલાવવા મોટા પ્રમાણમાં અને સતત પ્રવાહના સ્વરૂપમાં મૂડીની જરૂર ઊભીથઈ. મૂડીવાદમાં નિયોજક આટલા મોટા પ્રમાણમાં મૂડી પૂરી પાડી શકે નહીં તેથી, જુદાં-જુદાં મૂડી રોકાણ કરનારાઓ પાસેથી મોટા પ્રમાણમાં મૂડી મેળવવા સંયુક્ત મૂડીની પેઢીઓ ઊભી કરવામાં આવી અને સાહસિક નિયોજકોને મૂડી અપાવા લાગી, આ રીતે મૂડીવાદના વિકાસનાં આ તબક્કામાં મૂડીની માલિકી અને સાહસની વ્યવસ્થા ભિન્ન ભિન્ન રીતે થવા લાગી. શાખ(લોન) એનો મુખ્ય પાયો બન્યો. મોટી પેઢીઓ, બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી શાખ વડે પોતાનો રોજબરોજનો વહીવટ ચલાવતી થઈ. જેમાં ત્રણ વર્ગોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો (1) મૂડી રોકાણ કરનારાઓ (2) બચત અથવા થાપણોઊભી કરનારાઓ (3) મૂડી ઉપયોગમાં લેનાર(નિયોજક).

### (6) સામ્રાજ્યવાદ

સામ્રાજ્યવાદ એ મૂડીવાદનો આખરી તબક્કો છે. લેનિન તેને મૂડીવાદના સર્વોચ્ચ તબક્કા તરીકે ઉલ્લેખે છે. તેમના મત મુજબ "સામ્રાજ્યવાદ એ મૂડીવાદના વિકાસનો એ તબક્કો છે કે જેમાં એકાધિકાર અને નાણાંકીય મૂડીનું પ્રભુત્વ હોય છે. મૂડીની નિકાસ મહત્ત્વની બની હોય છે. આંતરરાષ્ટ્રીય ટ્રસ્ટો વચ્ચે જગત વહેંચાયેલું હોય છે અને વિશ્વના બધા પ્રદેશોનું મોટી મૂડીવાદી સત્તાઓ વચ્ચે સંપૂર્ણ વિભાગીકરણ થઈ ચૂક્યું હોય છે."

સામ્રાજ્યવાદમાંનાણાંતંત્રમાં અને ઉત્પાદન ક્ષેત્રે એટલી હદ સુધી એકાધિકાર વિકસે છે કે આ એકાધિકાર વર્તુળો દેશના આર્થિક જીવન પણ પ્રભુત્વ પ્રાપ્ત કરે છે. બેંક મૂડી અને ઔદ્યોગિક મૂડી ભેગી થતાં નાણાંકીય મૂડીના પાયા પર નાણાંકીય જૂથશાહી રચાય છે. જ્યાં માલસામાન અને સેવાઓની નિકાસની અપેક્ષાએ મૂડીની નિકાસ વધુ મહત્ત્વની બને છે. અહીં સમગ્ર વિશ્વનું બજાર થોડાં આંતરરાષ્ટ્રીય ટ્રસ્ટો વચ્ચે વહેચાઈ જાય છે. મૂડીવાદી રાષ્ટ્રો ભિન્ન ભિન્ન પછાત દેશો પર રાજકીય અને આર્થિક શોષણ માટે રાજકીય અંકુશો પ્રાપ્ત કરે છે. આ બાબતો પરથી સાબિત થાય છે કે સામ્રાજ્યવાદ એ એકાધિકાર અને નાણાંકીય મૂડીવાદનું સ્વાભાવિક પરિણામ છે.

## 2.3 સમાજવાદ

### 2.3.1 પ્રસ્તાવના

19મી સદીના મધ્ય સુધી સમાજવાદની માત્ર કલ્પના જ કરવામાં આવતી હતી. પરંતુ, વિવિધ અનુભવો બાદ સમાજવાદના જુદાં-જુદાં સપનાઓને યોજનાપૂર્વક રજૂ કરવામાં આવ્યા. આધુનિક સમાજવાદના કેટલાંક અણસારો સર થોમસ મૂરેના 'યુટોપિયા' નામના ગ્રંથમાં સૌ પ્રથમ જોવા મળ્યા. સર થોમસ મૂરેએ યુટોપિયામાં આદર્શ સમાજ રચવાનું સ્વપ્ન સેવ્યું. પણ, મૂરે પછી ચાર્લ્સ ફુરિયર, રોબર્ટ ઓવન

અને સેઇન્ટ સાયમન જેવાં તત્ત્વ ચિંતકોએ સમાજવાદની પરિકલ્પના વધુ સ્પષ્ટ કરવાનું કાર્ય કર્યું. તેમના મતે સમાજવાદી સમાજમાં સમાનતાનો કાર્યક્રમ અમલમાં મૂકવા માટે ક્રાંતિ નહીં પણ, ઉચ્ચ વર્ગનો સહકાર જરૂરી છે. તેઓ એવો પણ મત ધરાવે છે કે સમાજવાદનો વિકાસ થતાં મૂડીવાદી પ્રથા આપોઆપ સમાપ્ત થઈ જશે. પરંતુ, આ લોકો જણાવેલ સમાજવાદી આર્થિક યોજના નિષ્ફળ નીવડી. જેનું મુખ્ય કારણ એ હતું કે, તેઓએ આપેલ યોજનામાં આર્થિક પરિવર્તન સાથે રાજકીય પરિવર્તન જરૂરી ગણવામાં આવ્યું ન હતું. તેઓ સામાજિક પરિવર્તન માટે શ્રમિક વર્ગ અગત્યનો ભાગ ભજવી શકે છે તેવું માનતા ન હતાં. તેવામાંબેબુફ નામના તત્ત્વચિંતકે વર્ગવિગ્રહ દ્વારા સમાજવાદના ઉદયની વાત કહી. જેકાર્લ માર્ક્સ અને એન્જલ્સના વિચારો માટે પાયારૂપ સાબિત થયાં. કાર્લ માર્ક્સ પોતાની વિચારસરણીને સમજાવવા શ્રમિક વર્ગની સરમુખત્યારશાહીનો બેબ્રુફનો ખ્યાલ તેમજ રાજ્ય પલટા માટે ક્રાંતિ એ જ સાચો ઉપાય છે એવો ખ્યાલ હેગલ પાસેથી લીધો અને શ્રમિકોના શોષણનો વિચાર રોબર્ટ ઓવન ના વિચારોમાંથી લઈ રજૂઆત કરી. તેઓના મતે સમાજવાદનું ધ્યેય સંપત્તિની ઉત્પાદનના અનેવહેંચણીઓની પદ્ધતિઓની પુનઃરચના કરવાનું છે. તે ઉત્પાદનના સાધનો પર ખાનગી વ્યક્તિઓનો અંકુશ અને ખાનગી નફાનો હેતુ દૂર કરી અનિષ્ટો નાબૂદ કરવા માંગે છે. તેના મતે એકબાજુથી ઉત્પાદનના સાધનો ઉપર સમાજની માલિકી સ્થાપીને અને બીજી બાજુથી સંપત્તિનું ઉત્પાદન અને વહેંચણી લોકોના કલ્યાણને દ્રષ્ટિમાં રાખી સમાજવાદનો હેતુ સિદ્ધ થઈ શકે છે.

### 2.3.2 સમાજવાદની વ્યાખ્યા

1. **પ્રો.એચ.ડી.ડીકિન્સન:-** "સમાજવાદએ સમાજની એવી આર્થિક વ્યવસ્થા છે કે જેમાં એક સામાન્ય આર્થિક આયોજન મુજબ ઉત્પાદનનાં બધા ભૌતિક સાધનો સમગ્ર સમાજની માલિકીના હોય અને કરેલ આયોજિત ઉત્પાદન વ્યવસ્થામાંથી પરિણમતા લાભ મેળવવાનો બધા જ સભ્યોને સમાન ઢોરને અધિકાર હોય."

2. **પ્રો.મોરીસન:-** "સમાજવાદ એક એવી આર્થિક વ્યવસ્થા છે જેમાં તમામ ઉદ્યોગો અને જમીન પર સામુહિક માલિકી હોય અને તેનો ઉપયોગ સામાજિક હિત માટે કરવામાં આવતો હોય છે."

3. **પ્રો.સીડની વેબ:-** "સમાજવાદનું મહત્ત્વનું લક્ષણ એ છે કે ઉદ્યોગો, સેવાઓ અને તેના ઉત્પાદનમાં જે ઉત્પાદનના સાધનોની જરૂર પડે છે તે બધા ઉપર વ્યક્તિઓની માલિકી ન હોવી જોઈએ અને ઔદ્યોગિક અને વહીવટીતંત્રનું સ્વરૂપ ખાનગી નફો પ્રાપ્ત કરવા માટે ચલાવવામાં આવતું ન હોવું જોઈએ."

4. **પ્રો.લુક્સ અને દુથ્સ:-** "સમાજવાદ એટલે એવી આર્થિક પદ્ધતિ કે જેનું ધ્યેય મોટા પાયા પરના ઉત્પાદનમાં વપરાતા બધા જ કુદરતી અને માનવસર્જિત ઉત્પાદકીય સાધનોની માલિકી અને વ્યવસ્થા વ્યક્તિઓ પાસે ન રહેવા દઈ સમગ્ર સમાજના હાથમાં મૂકવાનું છે કે જેથી વ્યક્તિઓમાં આર્થિક પ્રોત્સાહનો કે વ્યવસ્થા તથા વપરાશ સંબંધિ પસંદગીઓની સ્વતંત્રતાનો મૂળભૂત રીતે નાશ કર્યા વગર વધેલી રાષ્ટ્રીય આવકની સમાન રીતે વહેંચણી કરી શકાય."

5. **પ્રો.જે.એ.શુમ્પિટર:-** "સમાજવાળી સમાજ એટલે એવી સંસ્થાકીય વ્યવસ્થા કે જેમાં ઉત્પાદનના સાધનો અને ઉત્પાદન પ્રક્રિયા પર મધ્યસ્થ સંસ્થા(સમાજ)નો અંકુશ હોય."

### 2.3.3 સમાજવાદના લક્ષણો

#### 2.3.3.1 ઉત્પાદનનાં સાધનો પર સમાજની માલિકી

સમાજવાદમાં ઉત્પાદનના સાધનો પર સામૂહિક કે સામાજિક માલિકી હોય છે. સમાજવાદ મૂડીવાદને

દૂર કરી તેનું સ્થાન લેવા માંગે છે. કારણ કે મૂડીવાદમાં ઉત્પાદનના સાધનો વ્યક્તિગત માલિકીના હોય છે. સમાજવાદમાં ઉત્પાદનના સાધનો પર સમાજની માલિકીનો હેતુ મૂડીવાદના નફાના હેતુને દૂર કરવામાં આવે અને આર્થિક પ્રવૃત્તિ ખાનગી લાભની દ્રષ્ટિથી આકર્ષાઈને નહીં પણ સામાજિક લાભની દ્રષ્ટિએ થાય છે. આ પદ્ધતિમાં સાધનોની વ્યવસ્થા સીધે સીધી સરકાર વડે કરવામાં આવે છે. અથવા તો ખાસ ઊભા કરેલા બોર્ડ કે નિગમ દ્વારા કરવામાં આવે છે. આમ, સાધનોનો ઉપયોગ, ઉત્પાદન, વસ્તુઓની કિંમત વગેરે અંગે સરકાર નિર્ણયો લે છે. સમાજની માલિકી નીચે સાધનોને મૂકવાથી તેમનું શોષણ થતું નથી અને નફાનો હેતુ કે સ્વહિતની આર્થિક પ્રવૃત્તિઓ વાળા માર્ગદર્શક પરિબળો રહેતાં નથી. અને આમ, સમાજનાં સાધનોનો ઉપયોગ અમુક નિશ્ચિત આર્થિક -સામાજિક ધ્યેયો પ્રાપ્ત કરવા માટે થાય છે.

**2.3.3.2 કેન્દ્રિય આર્થિક આયોજન**

આર્થિક આયોજન એટલે ઉપલબ્ધ સાધનોના ઉપયોગ વડે પૂર્વ નિર્ણિત ઉદ્દેશો સિદ્ધ કરવાના સુસંકલિત અને હેતુપૂર્વકના કેન્દ્રિય પ્રયાસો. સમાજવાદી અર્થતંત્રને કેન્દ્રિય આયોજીત અર્થતંત્ર બનવું જરૂરી હોય છે; કારણ કે, તેમાં નફાનો હેતુ અને સ્વયંસંચાલિત ભાવતંત્રની પ્રક્રિયા નાબૂદ કરવામાં આવે છે. આયોજિત અર્થતંત્ર એટલે સમગ્ર અર્થતંત્રની સર્વાંગી મોજણીના આધારે અમુક નિશ્ચિત અધિકારી કે આયોજન પંચ દ્વારા મહત્ત્વના આર્થિક નિર્ણયો લેવાનું કાર્ય. અહીં આયોજન પંચ ઉત્પાદન અંગેના નિર્ણયો જેવા કે કઈ વસ્તુ, કેવી રીતે, ક્યારે અને ક્યાં ઉત્પાદન કરવું અને તેની વહેંચણી કોને અને કેવી રીતે કરવી તે વિશેના બધા જ નિર્ણયો લે છે. સમાજવાદમાં એક કેન્દ્રિય આયોજન સત્તામાંથી ઉદ્દભવતી એક જ યોજના હોવી જોઈએ એટલે કે આયોજિત અર્થવ્યવસ્થામાં આયોજન પંચ કેન્દ્રસ્થાને હોય છે. તે દેશના સાધનોની ગણતરી કરે છે, તેમની ગુણવત્તા ચકાસે છે અને તેના આધારે લક્ષ્યાંકો નક્કી કરે છે અને તે લક્ષ્યાંકો સિદ્ધ કરવાની કાર્યપદ્ધતિ નક્કી કરે છે. સમાજવાદમાં મૂડીવાદની જેમ નફાની પ્રેરણા અને સ્વયંસંચાલિત મૂલ્ય પદ્ધતિ દ્વારા કરતું અર્થતંત્ર પર સંપૂર્ણ આધાર રાખવામાં આવતો નથી. જેથી અગાઉથી ચોક્કસ નિર્ણયો લેવા જરૂરી બને છે. આયોજન પંચ અર્થતંત્રના વિકાસનો સમગ્ર પણે ખ્યાલ રાખીને પુખ્ત વિચારણા બાદ યોગ્ય નિર્ણયો લે છે. ટૂંકમાં, જયારે નફાના હેતુ પર આધારિત પ્રવૃત્તિઓની ગેરહાજરી હોય ત્યારે આર્થિક જીવનના સમગ્રક્ષેત્ર ઉપર આર્થિક આયોજન જરૂરી બને છે.

**2.3.3.3 આર્થિક સમાનતા**

આર્થિક સમાનતા એટલે તકની સમાનતા સમાજવાદમાં આર્થિક સમાનતાની સ્થાપના એટલે માત્ર આવક અને સંપત્તિની વધુ સમાન વહેંચણી એટલો જ અર્થ થતો નથી. સમાન વહેંચણી એટલે માત્ર ઉત્પાદન અંગેના પ્રયાસો જ નહીં પણ જરૂરિયાત પ્રમાણે વહેંચણી કરવી એવો અર્થ થાય છે. વાસ્તવમાં, આવક અને સંપત્તિની સંપૂર્ણ સમાન વહેંચણી કરવી શક્ય પણ નથી અને ઈચ્છનીય પણ નથી. વર્તમાન મૂડીવાદી સમાજમાં ગરીબો અને ધનિકો વચ્ચે જે ભયંકર વિષમતા છે તે ઘટાડવાનો સમાજવાદી અર્થતંત્રનો હેતુ છે. સમાજવાદી અર્થતંત્રમાં પણ અમુકે પ્રમાણમાં અસમાનતા હોય છે અને તે જરૂરી પણ છે. સમાજવાદમાં પણ ઉદ્યમી, કાર્યદક્ષ શ્રમિકોને વધુ કાર્ય માટે પ્રોત્સાહન આપવા બોનસ કે ઇનામો આપવાની પ્રથા પણ હોય જ છે. સમાજવાદમાં કુટુંબોને વ્યવસાય પસંદગીનો હક્ક હોવાથી જુદાં જુદાં વ્યવસાયોમાં શ્રમશક્તિની વહેંચણી કરવા માટે વેતન દરોમાં તફાવત જાળવવો જરૂરી બને છે. આમ, સમાજવાદમાં અમુક પ્રમાણમાં તો આવકની

અસમાનતા રહેવાની જ આર્થિક અસમાનતા ઘટાડવા રાજ્ય આવકવેરો, સંપત્તિવેરો, વારસાવેરો વગેરે જેવાં પ્રગતિશીલ કરવેરા નાંખીને સામાજીક સલામતીની યોજનાઓ, શિક્ષણની સગવડો, ઉત્પાદનના સાધનો પર રાજ્યની માલિકી સ્થાપે છે.

### 2.3.4 સમાજવાદના ઐતિહાસિક સ્વરૂપો

#### 2.3.4.1 માર્ક્સવાદ

આ પ્રકારના સમાજવાદના પિતા કાર્લ માર્ક્સ છે. તેને ઈ.સ.1867માં સમાજવાદનું બાઈબલ એવું 'દાસ કેપીટલ' નામના પુસ્તકમાં સમાજવાદ વિશેની વિસ્તૃત સમજ આપી. અન્ય સમાજવાદીઓ કરતાં જુદી રીતે કાર્લ માર્કસે સમાજ ઉત્ક્રાંતિનો અભ્યાસ કરી તેની પ્રગતિ સમજાવતી રજૂઆત કરી. તેમની સમજુતી મુજબ એક દિવસ મૂડીવાદનો નાશ થવાનો જ છે. મૂડીવાદમાં ખાનગી માલિકી હોવાથી સમાજ બે ભાગમાં વહેંચાઇ જાય છે. જેના પરિણામે શ્રમિકો સંગઠન કરી ક્રાંતિ લાવશે અને અંતે શ્રમિકોની સરકાર રચાશે જેથી સમાજ બે ભાગ માંથી એક ભાગમાં સંગઠિત થઈ જશે. જેના કારણે સમાજનો દરેક વ્યક્તિ પોતાનો વિકાસ સાધી શકશે.

#### 2.3.4.2 રાજ્ય સમાજવાદ

મૂડીવાદ સમાજમાં શ્રમિકોની સ્થિતિ દારુણ ગરીબીમાં પરિવર્તન પામે છે. જેથી એક તરફ વસ્તુઓની માંગ ઘટે છે જયારે બીજી તરફ મૂડીવાદીઓ વધુ નફાના આશયથી મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવે છે. જેથી ચીજવસ્તુઓનો પુરવઠો વધે છે અને અર્થતંત્રમાં તેજી-મંદીના વમળો પેદાથાય છે. જેથી શ્રમ સંગઠનોના હડતાળ, બહિષ્કાર વગેરે દ્વારા શ્રમિકોમાં વર્ગ વિગ્રહ મજબૂત બને છે. અને શ્રમિકો બહુમતીમાં હોવાથી તેઓ ક્રાંતિ લાવે છે અને રાજ્ય સત્તા હાથમાં લે છે. સમાજવાદમાં 'શક્તિ અનુસાર કાર્ય' અને'કાર્ય અનુસાર વેતન'ના સિદ્ધાંત પર આર્થિક સંબંધો રચાય છે. માર્કસના સમાજવાદમાં રાજ્યને શ્રમિક વર્ગે યોજેલ ધનિક વર્ગના શોષણની વ્યવસ્થા ગણવામાં આવે છે. સમાજવાદમાં શ્રમિકોની સરમુખત્યારશાહી રચાય છે. માર્ક્સવાદીઓ માને છે કે મૂડીવાદીઓની ક્રાંતિ રોકવી જરૂરી છે. તેમજ ઉત્પાદન પદ્ધતિઓના વિકાસ સાથે સામ્યવાદની રચના થવી જરૂરી છે. જ્યાં'શક્તિ અનુસાર કાર્ય' અને'જરૂરિયાત અનુસાર વહેંચણી'નોસિદ્ધાંત સ્વીકારાશે,જયારે સમાજ આ સ્થિતિએ પહોંચશે ત્યારે સૌને જરૂરિયાત અનુસાર મળી રહેતું હોવાથી તેમજ વર્ગવિહીન સમાજની સ્થાપના થઈ હોવાથી રાજ્ય સમાજવાદની પૂર્ણરૂપે સ્થાપના થશે.

#### 2.3.4.3 શ્રેણી સમાજવાદ

રાજ્યઅહીં સમાજવાદમાં સમર્થકો બધી જ આર્થિક સત્તા રાજ્યને સોંપી દેવાની તરફેણ કરે છે. જયારેઅહીં શ્રેણી સમાજવાદ રાજ્યતંત્રનો વિરોધ કરે છે. આ પ્રકારના સમાજવાદમાં ઉદ્યોગોનું સંચાલન રાજ્યને નહીં પરંતુ શ્રમિક સંગઠનોને સોંપવું જોઈએ તેમ માને છે. આ પ્રકારના સમાજવાદીઓ ઉત્પાદનમાં સાધનોની માલિકી ભલે રાજ્ય પાસે હોય પરંતુ તેનું સંચાલન શ્રમિક સંગઠનો દ્વારા જ થવું જોઈએ એમ માને છે. શ્રેણી સમાજવાદનું જન્મસ્થાન પણ ઇંગ્લેન્ડ છે. અને ફ્રાન્સમાં પણ તે પ્રચલિત બન્યો હતો. કાર્લ માર્ક્સના મત મુજબ અધિશેષનો અધિકાર શ્રમિકોનો છે. તેથી ઉદ્યોગોનું સમગ્ર સંચાલન શ્રમિકોને સોપવું જોઈએ. અત્યારના મોટાપાયા પરના ઉદ્યોગોની માલિકી ભલે રાજ્ય પાસે હોય પણ વ્યવસ્થા શ્રમિક સંગઠનો પાસે જ હોય છે. એમ આ સમાજવાદ માને છે.આમ, કેટલાંક સમાજવાદીઓ વ્યવસાયિક લોકશાહીમાં માને છે. તેથી

વ્યવસાયના પાયા પર સમાજની પુનઃવ્યવસ્થા કરવા માંગે છે. આમાં રાજ્યને સત્તાનો કરવાનો ઉદ્દેશ નથી પરંતુ, ઉદ્યોગોના સંચાલનમાં શ્રમિકોની સ્વતંત્રતા મેળવવાનો છે. જેથી શ્રમિકો પોતાનું કાર્ય બરાબર કરી શકે તે માટે એને પૂરતી સ્વાયત્તતા મળવી જોઈએ એમ તેઓ માને છે. આ પ્રકારના વાદમાં શ્રમિકો અને ગ્રાહકો એમ બે શ્રેણીઓનું પ્રતિનિધિત્વ રહેવું જોઈએ એ ખ્યાલ રજૂ કરવામાં આવે છે તેથી તેને શ્રેણી સમાજવાદ કહે છે.

**2.3.4.4 ફેબિયન સમાજવાદ**

આ સમાજવાદીઓ સાહિત્યના માણસો છે. તેઓ એમ માને છે કે સમાજવાદ એ માત્ર સમજણનો પ્રશ્ન છે. તેથી કોઈ ક્રાંતિની જરૂર નથી. જો લોકોને સમાજવાદના ફાયદાઓની ખાતરી કરાવવામાં આવે તો દુનિયાની કોઈ સત્તા તેને અટકાવી શકશે નહીં. ફેબિયનોના મત મુજબ જમીન અને ઉત્પાદનના સાધનોની માલિકી ખૂબ ઓછા લોકોના હાથમાં કેન્દ્રિત થવાને કારણે સમાજના ગરીબોનું શોષણ થાય છે. તેથી તેમનું ધીમે-ધીમે રાષ્ટ્રીયકરણ કરી સમાજની માલિકી સ્થાપવી જોઈએ. ભાડું અને વ્યાજ જેવી અનુપાર્જિત આવક રાજ્યે લઈ લેવી જોઈએ અને ગરીબોનું જીવનધોરણ ઊંચું આવે તે રીતે રાજ્ય એ પ્રયાસો કરવા જોઈએ. ફેબિયનોના મત મુજબ આ પ્રકારના ફેરફારો કરવા માર્કસની ક્રાંતિકારી સામ્યવાદની નીતિ જરૂરી નથી. શિક્ષણ, કેળવણીનો પ્રચાર, નાટકો, વાર્તાઓ, નવલકથાઓ વગેરે સાહિત્ય પ્રચાર દ્વારા મૂડીવાદના દૂષણો લોકો સમક્ષ ખૂલ્લા મૂકી લોકોમાં સમાજવાદી વિચારો પ્રચલિત કરવાથી પ્રજા તે માટે જાગૃત થશે અને ધીમે ધીમે ફેબિયન સમાજવાદની સ્થાપના થશે.

**2.3.4.5 અરાજકતાવાદ**

અરાજકતાવાદ ખાનગી મિલકત અને મૂડીવાદનો વિરોધ કરે છે. અરાજકતાવાદીઓના મત પ્રમાણે મૂડીવાદના અંતની સાથે વ્યક્તિઓના સહકારની ભાવના જાગૃત થશે જેથી રાજ્ય જેવી સંસ્થાની જરૂર રહેશે નહીં. માર્ક્સવાદની જેમ આ પણ સમાજવાદનો અંતિમ અને ઉગ્ર ખ્યાલ છે. આ વાદ મુજબ સમાજમાં રાજ્ય અથવા કોઇપણ પ્રકારના શાસનની જરૂર નથી. અરાજકતાવાદીઓ માને છે કે વ્યક્તિ ત્રણ પ્રકારના બંધનોથી જકડાયેલ છે. આ બંધનો છે સંપત્તિ, રાજ્ય અને ધર્મ તે ઉત્પાદક તરીકે મૂડીધારકના અંકુશ હેઠળ, નાગરિક તરીકે રાજ્યના નિયંત્રણ હેઠળ અને મનુષ્ય તરીકે દેવસ્થાનોની જોહુકમીથી દબાયેલો છે. અરાજકતાવાદનો ઉદ્દેશ વ્યક્તિને આ ત્રણે પ્રકારના બંધનોમાંથી મુક્તિ અપાવવાનો છે. રાજ્ય ખાનગી મિલકત અને સ્થાપિત હક્કોનું રક્ષણ કરે છે. તે સમાજના ખૂબ ઓછા લોકોને મોટા ભાગના લોકોથી જુદાં પાડી તેમને વિશિષ્ટ અધિકારો આપે છે. તેથી તેને દૂર કરવાથી સમાજમાં આપ સહકાર સ્થપાય છે. ઉત્પાદકોને મૂડીપતિઓના શોષણમાંથી મુક્ત કરી સહકારી મંડળીમાં સ્વૈચ્છિક રીતે સંગઠીત કરવામાં આવે તો અશાંતિ જન્માવનાર ધનવાન અને ગરીબ વચ્ચેની વિષમતા દૂર થશે, એમ થતાં ખૂબ ઓછા એવા મૂડીપતિઓનું મોટાભાગના લોકો પર અંકુશ સ્થાપવાનું સાધન એવા રાજ્યની જરૂર રહેશે નહીં. રાજ્ય વ્યક્તિનું કલ્યાણ કરી શકતું નથી. પોતાનો દંભ છુપાવવા માટે જ લોકશાહી સ્વરૂપ ધારણ કરે છે; પરંતુ, વાસ્તવમાં ખૂબ ઓછા એવા લોકોનાં હાથમાં સત્તા કેન્દ્રિત થાય છે. આ સ્થિતિમાંથી વ્યક્તિને મુક્ત કરવી જોઈએ. પ્રવર્તમાન વ્યવસ્થાને બદલવા તેમજ સમાજવાદની સ્થાપના કરવા હિંસક ક્રાંતિની જરૂર પડે તો તેનો પણ ઉપયોગ કરવો જોઈએ તેવું તેઓ માને છે. જો સમાજવાદમાંથી સંપત્તિ, રાજ્ય અને ધર્મની દખલગીરી દૂર કરવામાં આવે તો વ્યક્તિ સ્વતંત્ર

બને છે. તેનામાં સહકારની ભાવના જાગૃત થાય છે અને ઉત્પાદનના સાધનો અને ગ્રાહકોની વસ્તુઓ રાજ્યના હસ્તક્ષેપ વગર સમાજની માલિકીના બને છે.

#### 2.3.4.6 લોકશાહી સમાજવાદ

મૂડીવાદી અને સામ્યવાદી પદ્ધતિઓના સારા તત્ત્વોનો લોકશાહી સમાજવાદમાં સમાવેશ થાય છે. આવા સમાજમાં મહત્ત્વના ઉત્પાદનના સાધનો સરકારની માલિકીના હશે. સરકાર સંપૂર્ણ લોકશાહી પદ્ધતિથી ચાલે છે. તેના પુરસ્કર્તા ફેબિયનોની માફક લોકોમાં સમાજવાદના આદર્શો પ્રત્યે સહાનુભૂતિ પેદા કરી તેમની સહાય વડે વૈજ્ઞાનિક રાહે રાજ્યસત્તા હાથમાં લઈ સામ્યવાદી અર્થતંત્ર સ્થાપવા માંગે છે. આમ, સામ્યવાદ અને અરાજકતાવાદની માફક રાજ્યનો અંત કરને નહીં પણ અર્થતંત્રમાં સુધારો લાવી રાજ્યની સહાય વડે જ સ્વતંત્રતા અને સહકારની સ્થાપના કરવા માંગે છે. લોકશાહી સમાજવાદનો પ્રયોગ સૌ પ્રથમ ઈંગ્લેંડમાં થયો. ભારતમાં પણ લોકશાહી સમાજવાદની દિશામાં ઘણાં શિખરો હાંસલ કરવામાં આવ્યા છે.

## 2.4 મિશ્ર અર્થતંત્ર

### 2.4.1 પ્રસ્તાવના

મૂડીવાદી આર્થિક પદ્ધતિ અને સમાજવાદી આર્થિક પદ્ધતિના લાભો અને કેટલાંક ગેરલાભો પણ છે. જેના પરથી એવું તારણ નીકળે છે, કે કોઈએક આર્થિક પદ્ધતિ ઉપર આધારિત રહેવું યોગ્ય નથી. આ આર્થિક પદ્ધતિઓનો સ્વીકારએ તેમની મર્યાદાઓનો પણ સ્વીકાર બને છે. જેથી બન્ને આર્થિક પદ્ધતિ વચ્ચેનો માર્ગ એટલે મિશ્ર આર્થિક પદ્ધતિનો સ્વીકાર થવો જોઈએ. આમ, બજાર હસ્તક્ષેપવાળા મૂડીવાદ અને રાજ્ય હસ્તક્ષેપવાળા સમાજવાદ, એવી બે ભિન્ન વિચારસરણીઓના ગેરલાભો દૂર કરી માત્ર તેમના લાભોનો સ્વીકાર કરવામાં આવે છે. મિશ્ર અર્થતંત્રમાંકેટલાંક ઉદ્યોગો સંપૂર્ણપણે રાજ્યની માલિકીના હોય છે. જ્યારે કેટલાંક ઉદ્યોગો રાજ્ય અને ખાનગીક્ષેત્રનું સંયુક્ત રીતે સંચાલન અને માલિકીનાં હોય છે. આ રીતે મિશ્ર અર્થતંત્રમાં દેશની સમગ્ર અર્થવ્યવસ્થા ત્રણ ભાગમાં વહેંચાયેલી હોય છે.

(1) **રાજ્યના અંકુશ હેઠળનું ક્ષેત્ર :** આ ક્ષેત્રમાં ઉત્પાદન તથા વહેંચણી સંપૂર્ણતયે રાજ્યના અંકુશ હેઠળ હોય છે. આ વિભાગમાં ખાનગી ક્ષેત્રનો પ્રવેશ નિષેધ(બંધ) હોયછે. સામાન્ય રીતે સંરક્ષણ, ખૂબ અગત્યના અને ચાવીરૂપ ઉદ્યોગોનો આ વિભાગમાં સમાવેશ થાય છે.

(2) **સંયુક્ત અંકુશ હેઠળનું ક્ષેત્ર :** આ ક્ષેત્રમાં ઉત્પાદન અને વહેંચણી રાજ્ય તેમજ ખાનગીક્ષેત્ર એમ બન્નેના અંકુશ હેઠળ હોય છે. જેમાં રાજ્યનું મહત્ત્વ અગત્યનું ગણવામાં આવે છે. સામાન્ય રીતે સંદેશાવ્યવહાર, બેંક, વીમા, વાહનવ્યવહાર વગેરેમાં આવો અંકુશ જોવા મળે છે.

(3) **ખાનગી અંકુશ હેઠળનું ક્ષેત્ર :** આ ક્ષેત્રમાં ઉત્પાદન અને વહેંચણી માત્ર ખાનગી ક્ષેત્રના અંકુશ હેઠળ હોય છે. આ વિભાગમાં રાજ્ય પ્રવેશ કરતું નથી. સામાન્ય રીતે ખેતી અને નાના ઉદ્યોગો, ટી.વી., ફ્રીજ, એ.સી., કાર, બાઈક વગેરેમાં માત્ર ખાનગી ક્ષેત્રનો અંકુશ જોવા મળે છે.

વર્તમાન સમયમાં અમેરિકા, જાપાન, જર્મની વગેરે દેશો મૂડીવાદી દેશો તરીકે ઓળખાય છે; પરંતુ, વાસ્તવમાં આ દેશોમાં મિશ્ર અર્થતંત્રનું તત્ત્વ જોવા મળે છે. તેવી જ રીતે, ચીન,ક્યુબા અને વિયેતનામ વગેરે સામાન્ય રીતે સમાજવાદી દેશો તરીકે ઓળખાય છે; પરંતુ, વાસ્તવમાં આ દેશોમાં પણ મિશ્ર અર્થતંત્રનું તત્ત્વ જોવા મળે છે. જ્યારે ભારત અને ઇંગ્લેન્ડ શુદ્ધ સ્વરૂપમાં મિશ્ર અર્થતંત્રનો સ્વીકાર કર્યો હોય તેવા રાષ્ટ્રો છે.

### 2.4.2 મિશ્ર અર્થતંત્રના લક્ષણો

#### 2.4.2.1 મૂડીવાદ અને સમાજવાદનું સહઅસ્તિત્વ

મિશ્ર અર્થતંત્રમાં મૂડીવાદ અને સમાજવાદનું મિશ્રણ ઉપયોગમાં લેવાય છે. જેથી આ આર્થિક પદ્ધતિ મિશ્ર આર્થિક પદ્ધતિના નામે ઓળખાય છે. આ આર્થિક પદ્ધતિમાં એક તરફ ખાનગી ક્ષેત્ર એટલે કે મૂડીવાદને મોકળાશ આપવામાં આવે છે. આ અર્થતંત્રમાં ખેતી, નાના ઉદ્યોગો, વેપાર વગેરેમાં ખાનગી ક્ષેત્રનો અંકુશ મુખ્યત્વે જોવા મળે છે. ઘણીવાર રાજ્ય પણ તેમાં ભાગીદારી લે છે;પરંતુ, મોટાભાગે ખાનગીક્ષેત્રના અંકુશ હેઠળ ઉત્પાદન અને વહેંચણીની પ્રક્રિયા હોય છે. જેમાં ખાનગી ક્ષેત્રને આવક અથવા નફો મેળવવાનો પૂરેપૂરો અધિકાર અપાય છે છતાં રાજ્ય દ્વારા અમુક નિયંત્રણો અમલમાં મૂકાયેલ હોય છે. આમ, ખાનગી ક્ષેત્રને સંપૂર્ણ સત્તા હોતી નથી.

જયારે બીજી તરફ જાહેર ક્ષેત્ર (સરકારી ક્ષેત્ર) એટલે કે સમાજવાદ ને જ પ્રાધાન્ય આપવામાં આવે છે. આ ક્ષેત્રમાં સંરક્ષણ, રેલ્વે જેવા ખૂબ અગત્યના તેમજ અન્ય ખૂબ મોટા અને ચાવીરૂપ ઉધોગો પરનો અંકુશ રાજ્ય હસ્તક હોય છે. રાજ્ય આ ક્ષેત્રમાંથી આવક અને નફો મેળવે છે જે સરકારની તિજોરીમાં જમા થાય છે. જે સામાન્ય રીતે પ્રજાના હિત માટે ઉપયોગમાં લેવાય છે.

#### 2.4.2.2 વ્યક્તિ સ્વાતંર્ત્ય

આ અર્થતંત્રમાં મુક્ત કે બિનહસ્તક્ષેપવાળો મૂડીવાદ નથી. તે અંકુશિત મૂડીવાદ છે. મુક્ત સંચાલન અને સ્વહિત તેમજ નફાના હેતુના બળોનું અસ્તિત્ત્વ તથા ખાનગી મિલકત અને આવકની પદ્ધતિ તથા ભાવપદ્ધતિ સમાજના હિતને અનુલક્ષીને મર્યાદિત કરવામાં આવ્યા હોય છે. અહીં અધિકારો અપાય છે પણ તે અબાધિત હોતા નથી. તેથી તેઓ એકબાજુથી સમાજવાદની મર્યાદાઓ દૂર કરે છે તો બીજી બાજુથી મૂડીવાદની સ્વતંત્રતાઓ મર્યાદિત રૂપે આપે છે. મિશ્ર અર્થતંત્રનું સમગ્ર માળખું લોકશાહીની પદ્ધતિથી ઉપયોગમાં લેવાય છે. ખાનગીક્ષેત્રનાં ઉદ્યોગો સ્વહિત અને નફાના હેતુ પર આધારિત હોય છે. વ્યક્તિગત સ્વતંત્રતાને સંપૂર્ણ તક આપવામાં આવે છે. દરેક ગ્રાહક પોતાની આવક પોતાની ઈચ્છા મુજબ ખર્ચ કરી શકે છે. અને વ્યક્તિ સ્વતંત્ર રીતે પોતાને ગમતો વ્યવસાય પસંદ કરી શકે છે. ખાનગી મિલકત અને વ્યક્તિ સ્વાતંર્ત્યનો અધિકાર વ્યક્તિને આપવામાં આવે છે. અર્થતંત્રમાં ભાવતંત્ર અસ્તિત્ત્વ ધરાવે છે. બજારમાં હરીફાઈની છૂટ આપવામાં આવે છે. ખાનગી ઉદ્યોગોનું ભાવતંત્ર મૂડીવાદ જેવું હોય છે. પરંતુ ભાવતંત્ર આયોજિત વિકાસને મદદરૂપ થાય તે પ્રકારનું હોય છે.

#### 2.4.2.3 આર્થિક આયોજન

મિશ્ર અર્થતંત્રએ આયોજિત અર્થતંત્ર હોય છે. જયારે મૂડીવાદી અર્થતંત્ર આયોજિત હોતું નથી. મિશ્ર અર્થતંત્રમાં સરકાર વ્યક્તિના આર્થિક જીવનમાં વ્યવસ્થિત, સ્પષ્ટ અને નિશ્ચિત યોજના અનુસરી હસ્તક્ષેપ કરે છે. મૂડીવાદમાં સરકાર આર્થિક જીવનના વિવિધ પાસાંઓમાં ખૂબ નાના-નાના અને અસંકલિત પગલાં ભરે છે. મૂડીવાદમાં સમગ્ર અર્થતંત્રને આવરી લઈ શકાય તેવી કોઈ નિશ્ચિત યોજના ઉપયોગમાં લેવાતી નથી. આવા અર્થતંત્રમાં સરકારી માલિકીની કે ખાનગી માલિકીના તમામ ઉદ્યોગોનું એક સંકલિત યોજનામાં નિશ્ચિત સ્થાન હોય છે. જાહેર ક્ષેત્રને પણ અમુક ચોક્કસ સામાજિક અને આર્થિક ધ્યેયો સિદ્ધ કરવાના હોય છે. તે ક્ષેત્રના વિકાસ પર દેશના અન્ય ક્ષેત્રોનો એક અથવા બીજી રીતે આધાર હોય છે. જેથી આયોજન અને અંકુશો

અનિવાર્ય હોય છે. તેવી જ રીતે સરકાર ખાનગી ક્ષેત્રને પણ અવ્યવસ્થિત સ્વરૂપમાં વિકાસ કરવાની છૂટ આપી શકે નહીં. તેથી, એવી સંકલિત યોજના તૈયાર કરવી પડે છે કે જેમાં ખાનગીક્ષેત્રનું પણ નિર્ધારીત સ્થાન હોય. આમ, અર્થતંત્રના બન્ને ક્ષેત્રો એવા જાહેર અને ખાનગી ક્ષેત્ર ઉપર યોજના પ્રમાણે નિયમનો મૂકવામાં આવે છે.

### 2.4.2.4 જાહેરક્ષેત્ર અને ખાનગીક્ષેત્ર એકબીજાંના પૂરક

મિશ્રઅર્થતંત્રમાં ખાનગી અને જાહેર એમ બન્ને ક્ષેત્રોના ઉદ્યોગો એકબીજાંના પૂરક બની, એક બીજાને સહાય કરી દેશના આર્થિક વિકાસને મદદ કરે છે. ભારતની ઔદ્યોગિક નીતિમાં આ પ્રકારની પરિસ્થિતિ જોવા મળે છે. આ અર્થતંત્રમાં બન્ને ક્ષેત્રો એકબીજાંના હરીફ નથી પણ એકબીજાંના પૂરક હોય છે. સરકાર સંચાલિત ઉદ્યોગો ખાનગીક્ષેત્રના ઉદ્યોગો સાથે હરીફાઈ કરતાં નથી પરંતુ, તેઓ ખાનગીક્ષેત્રના ઉદ્યોગોને મદદરૂપ બની, પૂરક બનવાનો પ્રયાસ કરે છે. તેવી જ રીતે ખાનગીક્ષેત્રના ઉદ્યોગો જાહેર ઉદ્યોગો માટે કાચો માલ, યંત્રના વિવિધ ભાગો, સાધનો વગેરે તૈયાર કરી તેમને સહાય કરે છે.

## 2.5 ભારતમાં મિશ્ર અર્થતંત્ર

1950માં ભારતનું બંધારણ અમલમાં આવ્યું. બંધારણમાં આપવામાં આવેલ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં રાજ્ય પર લોકશાહી સરકાર સ્થાપવાની અને લોકશાહી માળખામાં રહી જનતાનું જીવનધોરણ સુધારવા અને રાષ્ટ્રીય આવકમાં વધારો કરવા દેશના અર્થતંત્રનો ઝડપી વિકાસ કરવાની ફરજ લાદવામાં આવી છે. રાજ્ય સામાજિક અને આર્થિક ન્યાયવાળી સમાજ વ્યવસ્થાની સ્થાપના કરી દેશના બધા જ લોકોનું કલ્યાણ વધારવા પ્રયાસ કરે અને પોતાની આર્થિક નીતિ એવી રીતે ઘડે કે જેથી સમાજના ભૌતિક સાધનોની માલિકી અને અંકુશની વધુ સારી રીતે વહેંચણી થાય અને થોડાં લોકોના હાથમાં સંપત્તિનું કેન્દ્રીકરણ તથા શ્રમિકોનું શોષણ અટકે એઈ અપેક્ષા રાજ્ય પાસેથી રાખવામાં આવી છે. માર્ગદર્શન સિદ્ધાંતોમાં નિર્દેશિત આ હેતુઓને હાંસલ કરવા માટે રાજ્યના પોતાને માટે ઉત્પાદન અને વહેંચણીના ક્ષેત્રમાં પ્રવેશવું અનિવાર્ય છે. આ રીતે ભારતમાં સમાજવાદી સ્વરૂપની સમાજરચનાની સ્થાપના માટે તથા આવક અને સંપત્તિની અસમાનતા ઓછી કરવા માટે બંધાયેલ છે. આમ છતાં, તે ખાનગી સાહસની પદ્ધતિ નાબૂદ કરી શકે નહીં, કારણ કે ખાનગીક્ષેત્રએ ઘણી ભૂલો કરી હોવા છતાં ઉત્પાદન અને વહેંચણીના ક્ષેત્રે તેણે સારું કામ કર્યું છે. આ રીતે લોકશાહી તથા સમાજવાદ તરફની આપણી નીતિના ફળ સ્વરૂપે મિશ્ર અર્થતંત્રનો જન્મ થયો છે. મૂડીવાદ અને સામ્યવાદના માર્ગ દ્વારા રાજ્ય આર્થિક વિકાસમાં સક્રિય રસ લઈ શકે તેવી પરિસ્થિતિનું સર્જન કરવામાં આવ્યું છે.

## 2.6 ઉપસંહાર

ઉપરોક્ત મુજબની આર્થિક પદ્ધતિઓના લક્ષણો તેમજ ઐતિહાસિક સ્વરૂપો જોવા મળે છે. આર્થિક પદ્ધતિઓમાં મૂડીવાદ, સમાજવાદ અને મિશ્ર અર્થતંત્ર વિશેની ભૂતકાળની તેમજ વર્તમાન માહિતી આપણે ઉપરની ચર્ચામાંથી મેળવી. આ ઉપરાંત ભારત અને મિશ્ર અર્થતંત્રના અનુભવો વિશે પણ સમજૂતી મેળવી. જે આપણને આ આર્થિક પદ્ધતિઓના સારાં અને નરસાં પાસાં વિશેની સમાજ કેળવવા ઉપયોગી થશે.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો

1. ભારતમાં વપરાતી વર્તમાન આર્થિક પદ્ધતિ એ કયા પ્રકારની પદ્ધતિ છે ?

   (A) મૂડીવાદ (B) સમાજવાદ

   (C) મિશ્ર અર્થતંત્ર (D) લોકશાહી

2. મૂડીવાદી પદ્ધતિમાં સર્વોપરી કોણ હોય છે ?

   (A) વ્યક્તિ (B) મૂડીપતિઓ

   (C) સમાજ (D) ગ્રાહકો

3. 'બુદ્ધિપૂર્વક અને પદ્ધતિસર નફો મેળવવાની વૃત્તિ એટલે મૂડીવાદ' આ વ્યાખ્યા કયા વિદ્વાને આપી છે ?

   (A) મેક્સવેબર (B) જી. ડી. એચ. કોલ

   (C) મોરિસ ડૉબ (D) જ્હોન સ્ટેસી

4. મૂડીવાદના વિકાસના કુલ કેટલા તબક્કા છે ?

   (A) બે (B) ત્રણ

   (C) ચાર (D) છ

5. ઔદ્યોગિક ક્રાંતિ ક્યારે થઈ હતી ?

   (A) 1760 (B) 1750

   (C) 1701 (D) 1705

6. કયા પુસ્તકને 'સમાજવાદના બાઈબલ' તરીકે ઓળખવામાં આવે છે ?

   (A) કેપિટાલિઝમ એન્ડ ફ્રિડમ (B) દાસ કેપિટલ

   (C) ડાયનેમિક ઑફ ધ મિક્સ ઈકોનોમી (D) કમ્પરેટિવ ઈકોનોમિક સિસ્ટમ

◆ **ટૂંકમાં જવાબ આપો.**

1. મૂડીવાદ આર્થિક પદ્ધિતમાં કેન્દ્રસ્થાને શું હોય છે ?

   ............................................................................

   ............................................................................

   ............................................................................

2. મૂડીવાદ એ શું છે ?

   ............................................................................

   ............................................................................

   ............................................................................

3. મૂડી એટલે શું ?

   ............................................................................

   ............................................................................

   ............................................................................

4. મૂડીવાદ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

5. કોના અંત પછી મૂડીવાદનો ઉદય થયો ?

..................................................................

..................................................................

..................................................................

6. સમાજવાદના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે ?

..................................................................

..................................................................

..................................................................

7. કાર્લમાર્ક્સે 'દાસ કેપિટલ' નામનું પુસ્તક કયા વર્ષમાં લખ્યું હતું ?

..................................................................

..................................................................

..................................................................

8. ભારતમાં પંચવર્ષીય યોજનાઓની શરૂઆત ક્યારે થઈ હતી ?

..................................................................

..................................................................

..................................................................

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) મિશ્ર અર્થતંત્ર
2. (D) ગ્રાહકો
3. (A) મેક્સવેબર
4. (D) છ
5. (A) 1760
6. (B) દાસ કેપિટલ

**ટૂંકમાં જવાબ આપોના જવાબો :**

1. ખાનગી આયોજન અને ખાનગી નફો.
2. મૂડીવાદ એ મુક્ત સાહસની પદ્ધતિ છે.
3. મૂડી એટલે ઉત્પાદન કાર્યમાં વપરાતી ચીજ વસ્તુઓ.
4. મૂડીવાદ એટલે ઉત્પાદકીય સાધનોની માલિકી અને ઉપયોગ માટેની એક આર્થિક પદ્ધતિ.
5. સામંતશાહી
6. કાર્લ માર્ક્સ

7. ઈ.સ. 1867

8. ઈ.સ. 1951

## 2.9 ચાવીરૂપ શબ્દોની સમજ

1. **અંત્યોદય :** અંત્યોદય એટલે સમાજના છેવાડાના વ્યક્તિનો વિકાસ.
2. **અપરિગ્રહ :** માનવીએ જરૂરિયાતથી વધારે ના વાપરવું અને વધારે ના રાખવું તેવો નિયમ. મહાત્મા ગાંધીએ આ શબ્દને વધારે પ્રચલિત કર્યો હતો.
3. **સર્વોદય :** ગાંધીજીએ હિંસાથી મુક્ત સમાજવાદની કલ્પના કરી જેમાં નિરાધાર, દીન, હીન, સર્વનો ઉદય થાય તેને સર્વોદય નામ આપ્યું હતું. ટૂંકમાં સર્વનો ઉદય એટલે સર્વોદય.
4. **ટ્રસ્ટીશીપ (વાલીપણાનો)નો ખ્યાલ :** કોઈ વ્યક્તિને વારસામાં કે વેપાર ઉદ્યોગ દ્વારાં વિપુલ સંપત્તિની માલિકી મળી હોય તો પણ તે સંપત્તિના માલિકો તે સંપત્તિના માલિકના બદલે તેના ટ્રસ્ટી (વાલી) તરીકે વર્તે અને સંપત્તિનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરે, ટ્રસ્ટીશીપના સિદ્ધાંતને વાલીપણાના સિદ્ધાંત તરીકે પણ ઓળખવામાં આવે છે.
5. **મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ :** ઉત્પાદનકાર્યમાં શ્રમના પ્રમાણ કરતાં મૂડીનું પ્રમાણ વધારે હોય તેવી ઉત્પાદન પદ્ધતિ એટલે મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ.

## 2.10 સ્વાધ્યાય લેખન

**(1) મૂડી અને મૂડીવાદનો તફાવત સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(2) વેપારી મૂડીવાદ અને એકાધિકારી મૂડીવાદની સમજૂતી આપો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

..................................................................

..................................................................

**(3) સમાજવાદની કોઈપણ બે વ્યાખ્યાઓ આપો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(4) માર્કસવાદ અને લોકશાહી સમાજવાદની સમજૂતી આપો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 2.11 વૈયક્તિક અધ્યયન

### 1. વર્તમાન આર્થિક પદ્ધતિ સમાજને પોષક છે ?

કોઈપણ આર્થિક વ્યવસ્થાનું અંતિમ ધ્યેય સમાજના સર્વાંગી વિકાસનું હોય છે. આર્થિક વિચારસરણીના વિચારમાં હંમેશા સમાજના વંચિત, ગરીબ, દલિત અને છેવાડાના સમુદાયને કેન્દ્રસ્થાને રાખવામાં આવે છે. પરંતુ આવી એકમાત્ર વિચારસરણીથી સમાજનો વિકાસ થઈ શકે ખરો ? આ વિચારધારાનું વાસ્તવમાં અમલીકરણ થવું જરૂરી છે.

આજે આપણાં સમાજમાં ગ્રામિણ ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા છે. તેના સ્થાને વિશાળકાય યંત્રો આવ્યા છે. જેમાં સો માણસના સ્થાને માંડ બે પાંચ માણસોને રોજગારી મળે છે અને તેની સામે ઘણાં લોકોને બેકારીનો સામનો કરવો પડે છે. આ સંતુલિત અર્થ વ્યવસ્થા ગણાય ખરી ? આજે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં ગરીબ વ્યક્તિઓ માટે બે ટંકનો રોટલો મેળવવો મુશ્કેલ બન્યો છે. આજે ગરીબીના કારણે હજારો લોકોને ભૂખમરાની સ્થિતિનો સામનો કરવો પડે છે. દેશમાં કુપોષણનું પ્રમાણ વધતું જાય છે. આ બધા પ્રશ્નો ઉપસ્થિત થવાના કારણો અંગેની તપાસ કરવી જોઈએ. હંમેશા આપણી આર્થિક

વ્યવસ્થા ટકાઉ અને મજબૂત હોવી જોઈએ. સમાજના ટકાઉ વિકાસમાં હંમેશા ગરીબી અને વંચિતોને કેન્દ્ર સ્થાને રાખવાની વાત પૂજ્ય મહાત્મા ગાંધીએ કરી હતી. તેમણે જ્યાં સુધી સમાજના છેવાડાના સમુદાયનો વિકાસ ન થાય ત્યાં સુધી દેશનો સર્વાંગી વિકાસ ન થઈ શકે. સર્વોદયનો એક નવો વિચાર સમાજને આપ્યો હતો. દરેક વ્યક્તિએ ખપ (જરૂરિયાત) પૂરતું વાપરવાની વાત ઉપર તેમણે વિશેષ ભાર મૂક્યો હતો. ટ્રસ્ટીશીપના સિદ્ધાંત થકી સમાજની કાયાપલટ કરવાની વાત કરી હતી. ગાંધીજીના વિચારોનું આપણી વર્તમાન આર્થિક વ્યવસ્થામાં પ્રતિબિંબ જો પડે તો સમાજનો સંતુલિત વિકાસ ચોક્કસ થઈ શકે.

### 2. કરસનભાઈએ શું કરવું જોઈએ ?

સૌરાષ્ટ્ર વિસ્તારનું એક અંતરિયાળ ગામ. કરશનભાઈ આ ગામના જ રહીશ. વર્ષોથી અહીં રહીને જ ખેતી કરતાં હતાં. તેમની પાસે ચાળીસ વીઘા જેટલી જમીન હતી. છેલ્લાં એકાદ દશકાથી પાણીના સ્તર ઊંડા જવાને કારણે તેમને ખેતીમાં મુશ્કેલી પડે છે. ક્યારેક વરસાદ ઓછો હોય તો ચોમાસું સીઝન પકવવામાં પણ તેમને ખાસ્સી મુશ્કેલી પડે છે.

છેલ્લા છ એક મહિનાથી આ વિસ્તારમાં કેટલાંક જમીનના દલાલો ખેડૂતોને મળી ઉદ્યોગો સ્થાપવા માટે જમીન ખરીદી રહ્યાં છે. ઘણાં ખેડૂતોએ જમીનના સારાં ભાવો મળવાના કારણે જમીનો વેચી રહ્યાં છે. આ ખેડૂતોને આજે ખેતી કરવામાં રસ રહ્યો નથી. કરશનભાઈ પણ જમીન બાબતે શું કરવું તે વિચારી રહ્યાં છે. એવું કાર્યકર તરીકે તમે શું માનો છો ? કરશનભાઈએ જમીન વેચવી જોઈએ કે નહીં ?

## 2.12 પ્રવૃત્તિ (Activity) કરો.

### પ્રવૃત્તિ-01

આપણી પરંપરાગત આર્થિક પદ્ધતિઓ કઈ હતી ? તેની યાદી કરો. પરંપરાગત અને વર્તમાન આર્થિક પદ્ધતિઓમાં શું તફાવત છે ? તેની તુલના કરો.

### પ્રવૃત્તિ-02

તમારાં કુટુંબમાં વડીલો, દાદા, દાદી પાસે બેસી તેમની પરંપરાગત આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિઓ વિશેની ચર્ચા કરો. તેઓની સાથેના મહત્ત્વના ચર્ચાના મુદ્દાઓની નોંધ કરો.

### પ્રવૃત્તિ-03

આપણી વર્તમાન આર્થિક પદ્ધતિ આપણી સમાજ વ્યવસ્થાને પોષક છે ? તે અંગે તમે શું માનો છો ? તમારાં સ્વાનુભવો જણાવો.

## 2.13 સંદર્ભગ્રંથ


1. Das Kapital - by Karl Marx
2. Capitalism and freedom - by Milton Friedman
3. Dynamics of the mixed economy - by Sanford Ikeda

# એકમ–3 ભારતમાં વૃદ્ધિ અને વિકાસ માટેનો મૂડીવાદ, સમાજવાદ અને ગાંધીવાદી વિચારનો અભિગમ

## : એકમનું માળખું :


3.1 એકમ પરિચય

3.2 મૂડીવાદની સિદ્ધિઓ

3.3 સમાજવાદની સિદ્ધિઓ

3.4 મિશ્ર અર્થતંત્રની સિદ્ધિઓ

3.5 ગાંધીવાદી આર્થિક વિચારો

3.6 ઉપસંહાર

3.7 તમારી પ્રગતિ ચકાસો

3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

3.9 ચાવીરૂપ શબ્દો

3.10 સ્વાધ્યાય લેખન

3.11 વૈયક્તિક અધ્યયન

3.12 પ્રવૃત્તિ

3.13 સંદર્ભગ્રંથ


## 3.1 એકમ પરિચય

ભારતમાં વૃદ્ધિ માટેના વિવિધ પ્રયત્નો થયાં છે. ભારતમાં મૂડીવાદ, સમાજવાદ, ગાંધીવાદી આર્થિક વિચારો જેવા અભિગમોનો ઉપયોગ વિકાસ અર્થે કરવામાં આવ્યો છે. મૂડીવાદ તેમજ સમાજવાદ હેઠળ પ્રાપ્ત થતી સિદ્ધિઓનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. જ્યારે ગાંધીજીના આર્થિક વિચારો વિશે બૃહદ ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે.

### 3.1.1 એકમના ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે નીચે મુજબની જાણકારી મેળવશો.

1. મૂડીવાદની સિદ્ધિઓ

2. સમાજવાદની સિદ્ધિઓ

3. મિશ્ર અર્થતંત્રની સિદ્ધિઓ

4. ગાંધીવાદી આર્થિક વિચારો

## 3.2 મૂડીવાદની સિદ્ધિઓ

### 3.2.1 સાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ

મૂડીવાદમાં દરેક વ્યક્તિને આર્થિક સ્વાતંર્ત્ય હોય છે. મૂડીવાદમાં જ્યારે વ્યક્તિ સ્વહિતને ધ્યાનમાં રાખી કાર્ય કરે છે ત્યારે પોતાની પાસે રહેલ સાધનોના પ્રત્યેક એકમનો એવો યોગ્ય ઉપયોગ કરે

છે કે જેથી તેનો નફો મહત્તમ થાય. નફાને મહત્તમ બનાવવા વ્યક્તિ સાધનોના શ્રેષ્ઠ ઉપયોગ, સંયોજન અને સંકલન નવીનવી રીતે કરવા માટે તત્પર રહે છે અને ઉત્પાદન પ્રક્રિયામાં કોઈ પ્રકારનો બગાડ ન થાય તેની કાળજી રાખે છે. સમાજવાદી અર્થતંત્રમાં મૂડીવાદી અર્થતંત્રની માફક આ પ્રકારના બગાડ અટકાવવા માટે કોઈ પ્રકારનું હરીફાઈ કે નફાના હેતુનું પ્રોત્સાહન હોતું નથી. આમ, મૂડીવાદમાં સાધનોના વધુ નફાકારક, કાર્યક્ષમ અને અસરકારક ઉપયોગો આ આર્થિક પદ્ધતિને વધુ કારગર બનાવે છે.

### 3.2.2 મહત્તમ કાર્યક્ષમતા

મૂડીવાદમાં નફો કેન્દ્ર સ્થાને હોઈ વ્યક્તિઓ એકબીજાં સાથે ઉચ્ચ સ્તરની હરીફાઈ કરતાં જોવા મળે છે. આ હરીફાઈમાં પોતાની ઉચ્ચ કક્ષાની કાર્યક્ષમતાને અનુરૂપ સફળતા પ્રાપ્ત થાય તો તે આર્થિક નુકસાન પહોંચાડે છે. સફળતા અને નિષ્ફળતા એટલો મોટો તફાવત હોય છે કે, જેના કારણે દરેક વ્યક્તિને મહત્તમ કાર્યક્ષમતાએ કામ કરવાની ફરજ પડે છે. વ્યક્તિઓ જો આળસ, અવગણના, બેદરકારી કરે તો આપો-આપ બજારના માધ્યમથી તેઓને શિક્ષા થાય છે. આમ, દરેક સ્પર્ધા કરનાર મૂડીવાદમાં પોતાની મહત્તમ કાર્યક્ષમતાએ કાર્ય કરી સફળતા પ્રાપ્ત કરવાની કોશિશ કરે છે.

### 3.2.3 ટેકનોલોજી કલપ્રગતિ

વિશ્વની વર્તમાન ટેકનોલોજીકલ પ્રગતિ મૂડીવાદને આભારી છે. મૂડીવાદમાં યંત્રો અને ટેકનોલોજીકલ જ્ઞાનમાંખૂબ જ ઝડપથી વિકાસ થયો છે. મૂડીવાદમાં નવા પ્રકારના યંત્રો અને ઔદ્યોગિક પ્રક્રિયાઓના જ્ઞાનનું સર્જન થાય છે. હરીફ ઉત્પાદકો વચ્ચે હરીફાઈ પ્રવર્તતી હોવાથી તેઓને હરીફાઈમાં સફળતા મેળવવા અને વધુ નફો મેળવવા નવી ઉત્પાદન પદ્ધતિ શોધી પોતાને વધુ સક્ષમ બનાવવા વધુ નાણાં ખર્ચવા પડે છે. જેના દ્વારા ઉત્પાદન ખર્ચમાં ઘડાડો કરી વધુ નફો મેળવી શકાય. જે ઉત્પાદન જૂની અને નકામી બનેલી ઉત્પાદન પદ્ધતિઓને સહારે રહે છે તેઓ કરતાં વધુ નફો અને ઉત્પાદન પ્રગતિશીલ અને કાર્યક્ષમ પેઢીઓ મેળવે છે.

### 3.2.4 પરિવર્તનશીલતા

મૂડીવાદમાં બદલાતી પરિસ્થિતિઓ અને સંજોગો પ્રમાણે અનુકૂળ થવાની એટલે કે પરિવર્તનશીલ થવાની શક્તિ આ અર્થતંત્રમાં હોય છે. પરિવર્તનશીલતા મૂડીવાદનું અનિવાર્ય લક્ષણ છે. નફાનો હેતુ, વ્યક્તિગત ઉપક્રમશીલતા અને હરીફાઈ ઉપર આધારિત અર્થતંત્ર પરિવર્તનશીલ અર્થતંત્ર હોય છે. નફાની શોધ માટે અર્થતંત્રમાં વારંવાર પરિવર્તન આવે છે. આવી પરિવર્તનશીલતા વેપારી, ઉત્પાદકો, શ્રમિકો, ગ્રાહકો,મૂડીપતિઓ અને અન્ય ઉત્પાદન સાધનના માલિકો વગેરેમાં નિર્ણયો દ્વારા ઊભી થાય છે. મૂડીવાદી અર્થતંત્રએ આવે નિર્ણયો કરવા માટે જરૂરી સ્વતંત્રબળો ઊભાં કરેલ હોય છે.

### 3.2.5 વ્યુહાત્મક નિયોજન શક્તિ

કુદરતી સાધનોનું ઉત્પાદન કુદરત દ્વારા થાય છે. દરેક જન્મ પામતી વ્યક્તિ ભવિષ્યની શ્રમિક છે અને વ્યક્તિની બચત કરવાની મૂળભૂત ઈચ્છાઓમાંથી મૂડી પેદા થાય છે. આમ છતાં આ તમામને પદ્ધતિસરના એકમોમાં સંયોજન કરવાના કાર્યમાં નિયોજનશક્તિ વ્યૂહાત્મક રીતે સર્વોચ્ચ ભાગ ભજવે છે. સમગ્ર દેશનું ઉત્પાદનતંત્ર તેમના અંકુશ હેઠળ હોય છે. તેઓ ઉત્પાદનના સાધનોને ઉપયોગમાં લે છે, માંગ વિશેની આગાહી કરે છે અને ઘણી વખત માંગને અસર પણ કરે છે. તેઓ

વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે. તેઓ નવીન પ્રકારની શોધ અને પરિવર્તનોની શરૂઆત કરે છે. જેના કારણે મૂડીવાદ પરિવર્તનશીલ અર્થતંત્ર બને છે. બદલાતી પરિસ્થિતિ પ્રમાણે આર્થિક પ્રવૃત્તિની સતત દેખરેખ, વ્યવસ્થા અને સંકલનનો આધાર નિયોજનશક્તિની ગુણવત્તા અને પ્રમાણ ઉપર રહેલો છે. મૂડીવાદમાં સૌથી વધુ વળતર વ્યુહાત્મક નિયોજકને તેની સાહસિક અને ગણતરી પૂર્વકની નિયોજન શક્તિને કારણે મળે છે. તે પોતાની વિશિષ્ટ બુદ્ધિ અને દ્રષ્ટિને કારણે વધુ નફો પ્રાપ્ત કરે છે.

### 3.2.6 વ્યક્તિગત સ્વતંત્રતા

વ્યક્તિગત સ્વતંત્રતાએ મૂડીવાદનું પાયાનું લક્ષણ છે અને મૂડીવાદની તાકાત માટેનું એક અગત્યનું પરિબળ છે. નફાનો હેતુ અને પોતાના હિતને પ્રાપ્ત કરવા માટેનીસ્વતંત્રતાને કારણે કુદરતી સાધનો, શ્રમ અને મૂડીભંડોળના ઉત્પાદકીય રોકાણ માટેના પ્રયાસો વધુ સફળ થાય છે.મૂડીવાદનો એક મહત્ત્વનો લાભ એ પણ છે કે તેના કારણે વ્યક્તિને માત્ર આર્થિક સ્વાતંર્ત્ય જ નહીં પણ રાજકીય સ્વાતંર્ત્યપણ મળે છે. આ વ્યવસ્થામાં આર્થિક જીવનમાં સરકારનો હસ્તક્ષેપ અને અંકુશ ઓછામાં ઓછો રાખવામાં આવે છે. મૂડીવાદમાં વ્યક્તિને સામાજિક ન્યાય અને સલામતી મળે તે માટે તેના કાર્યમાં કોઈપણ પ્રકારની દાખલગીરી કર્યા વિના તેને ફાવે તે કરવાની રાજ્ય છૂટ આપે છે. આથી જ સામાન્ય રીતે મૂડીવાદને લોકશાહીના સમાન શબ્દ તરીકે ઓળખવામાં આવે છે.

### 3.2.7 ઊંચું જીવનધોરણ

અર્થતંત્રમાં ઉત્પાદનમાં તમામ સાધનો ઉપયોગમાં લેવાતા હોય અને વધુમાં વધુ ઉત્પાદન અને મહત્તમ કલ્યાણ પ્રાપ્ત થતું હોય એ ઉત્પાદનની પદ્ધતિ શ્રેષ્ઠ ગણાય છે. મૂડીવાદનો મોટો ફાયદો એ છે કે તે માનવીના જીવનધોરણમાં વધારો કરે છે. મૂડીવાદમાં મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિના ઉપયોગથી ઉત્પાદનમાં મોટો વધારો થાય છે અને તેથી વસ્તુઓની કિંમતમાં ઘટાડો થાય છે. આમ, ઉત્પાદનમાં વધારો થવાથી અને ટેકનોલોજીકલ પ્રગતિને કારણે લોકોનું જીવનધોરણ નોંધપાત્ર રીતે ઊંચું જાય છે. મૂડીવાદને કારણે મોટરો, પુસ્તકો, ટી.વી., ફ્રીઝ અને અન્ય વપરાશી વસ્તુઓ તથા રહેઠાણની જગ્યા જેવી વપરાશી વસ્તુઓનો માથાદીઠ ઉપયોગ વધે છે. જેઓ પહેલા અમુક વસ્તુઓનો સ્વપ્નમાં પણ વિચાર ન કરી શકતા હોય તેઓ તે સહેલાઈથી પ્રાપ્ત કરી શકે છે. મૂડીવાદની શરૂઆત પહેલાં ઉત્પાદનના ઓછા પ્રમાણને કારણેકિંમતો ખૂબ ઊંચી રહેતી હોવાથી અમુક ચીજ-વસ્તુઓ માત્ર સમાજનો ઉચ્ચ વર્ગ જ મેળવી શકતો હતો તે હવે, વસ્તુઓના વિશાળ ઉત્પાદન અને ઘટતી કિંમતોને કારણે સામાન્ય વ્યક્તિઓ પણ મેળવી શકે છે.

## 3.3 સમાજવાદની સિદ્ધિઓ

### 3.3.1 ગ્રાહકોની સાચી સ્વતંત્રતા

સમાજવાદમાં ગ્રાહકોને વસ્તુઓની પસંદગી કરવાની અને વ્યવસાય પસંદગી કરવામાં સાચી સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. મૂડીવાદમાં ગ્રાહકોને સર્વોપરી ગણી માત્ર વાસ્તવિક રીતે ધનિકો જ સ્વતંત્રતા પ્રાપ્ત કરે છે. સમાજવાદમાં રાજ્ય ગ્રાહકોની પસંદગી વિશેની સંપૂર્ણ માહિતી મેળવ્યા બાદ તે મુજબ ઉત્પાદન કરે છે. મૂડીવાદમાં ધનવાનો ઊંચા ભાવો અને નફાવૃત્તિ દ્વારા ગ્રાહકોનું શોષણ કરે છે. જયારે સમાજવાદમાં રાજ્ય લોકોની પ્રાથમિક અને મોજશોખની જરૂરિયાતો તરફ ધ્યાન આપે છેઅને લોકોનું વધુમાં વધુ કલ્યાણ થાય તે માટે પ્રયાસો કરે છે. મૂડીવાદમાં જાહેરાતો અને વિવિધ વેચાણ માધ્યમો દ્વારા ગ્રાહકોને ગેરમાર્ગે દોરવામાં આવે છે. જયારે સમાજવાદમાં

રાજ્ય ગ્રાહકોને ઉપયોગી માર્ગદર્શન દ્વારા સાચા માર્ગે દોરે છે. મૂડીવાદમાં ગ્રાહક સર્વોપરી છે અને ઉત્પાદનને દોરે છે એવો માત્ર દાવો બની રહે છે. વાસ્તવમાં રાજ્ય લોકોની જરૂરિયાતોને સમજીને તે પ્રમાણે ઉત્પાદન કરે છે અને એ રીતે ગ્રાહકોની જરૂરિયાતો મોટા પ્રમાણમાં સંતોષાય છે. આમ, સમાજવાદમાં ખરેખર ગ્રાહકની સાચી સ્વતંત્રતા જોવા મળે છે.

### 3.3.2 આર્થિક સમાનતા

મૂડીવાદમાં આર્થિક અસમાનતાને લીધે સમાજમાં અનેક સામાજિક અને રાજકીય અનિષ્ટો પેદા થાય છે. આ આર્થિક અસમાનતાને લીધે તકની અસમાનતા પણ સર્જાય છે. ગરીબોને તેમની શક્તિનો પૂરો વિકાસ કરવાની તક મળતી નથી તેના કારણે ગરીબો વધુ ગરીબ અને ધનિકો વધુ ધનવાન બને છે. જ્યારે સમાજવાદ કુદરતી રીતે જ વર્ગ વિહીન સમાજ છે. તેથી તેમાં ધનિક અને ગરીબ અથવા ઉચ્ચ અને નિમ્ન પ્રકારનો તફાવત પેદા થતો નથી. સમાજવાદ ખાનગી મિલકત અને વારસા હક્કની છૂટ આપતો નહીં હોવાથી તેમાં ગરીબ અને ધનિક જેવા ભેદભાવો હોતા નથી.

સમાજવાદમાં અર્થતંત્ર પરનો અંકુશ રાજ્યના હાથમાં હોય છે. આ ઉપરાંત ખાનગી મિલકત, વારસા, હક્ક અને નફાના હેતુની ગેરહાજરીને કારણે સમાજવાદમાંવધુ પ્રમાણમાં સમાનતા સ્થાપવાના પ્રયાસો કરાય છે. આર્થિક સમાનતાને લીધે સાચી સ્વતંત્રતા મળે છે. મૂડીવાદમાં કહેવાતી સ્વતંત્રતા મોટાભાગે માત્ર ધનિકો પૂરતી મર્યાદિત હોય છે, જ્યારે સમાજવાદ બધા જ વર્ગો માટે સ્વતંત્રતા પૂરી પાડે છે.

### 3.3.3 શોષણનો અંત

સમાજવાદમાં સમાજ ઉત્પાદનના સાધનોનું માલિક હોય છેઅને સમાજ પોતે જ ઉત્પાદક હોય છે. તેથી શ્રમિકો કે ગ્રાહકોનું શોષણ થવાની કોઈ શક્યતા રહેતી નથી. સમાજવાદમાં નફાને બદલે સામાજિક કલ્યાણ આર્થિક પ્રવૃત્તિનું ધ્યેય હોવાથી એવી વસ્તુઓનું જ ઉત્પાદન થાય છે જેની લોકોને ખૂબ જરૂરિયાત હોય. આ પ્રકારના અર્થતંત્રમાં દરેક નાગરિકનો તેની શક્તિ અને સ્થાન પ્રમાણે ઉપયોગ કરવામાં આવે છે. તેથી કોઈ સંજોગોમાં આળસુ અને બીજા પર આશ્રિત લોકોને નિભાવી લેવાતા નથી. તેનાથી વિરુદ્ધ મૂડીવાદમાં આર્થિક રીતે ધનિકો દ્વારા ગરીબોનું શોષણ કરવામાં આવે છે. મૂડીવાદ જમીનદારો, ભાડું લેનારા અને મધ્યસ્થીઓ વગેરે જેવા વર્ગોને જન્મ આપે છે, જેઓ કોઈ પણ પ્રકારનો શ્રમ કર્યા વિના બીજાની મહેનત ઉપર જીવે છે. જ્યારે સમાજવાદમાં આવા કોઇપણ પ્રકારના શોષણને સ્થાન નથી.

### 3.3.4 બેકારી અવરોધક

મૂડીવાદમાં ટેકનોલોજીકલ પરિવર્તનોને કારણે આવતી બેકારી વ્યાપક પ્રમાણમાં હોય છે જ્યારે આયોજિત અર્થતંત્રમાં ઉત્પાદનની પદ્ધતિમાં આવતા આવા પરિવર્તનો એવી રીતે ગોઠવવામાં આવે છે કે જેના કારણે આવી બેકારી ઘણી ઓછી થાય. વિશ્વ આજે સ્વતંત્રતા કરતાં રોજગારીને આપવામાં સફળ થાય છે. આમ, સમાજવાદ દરેક વ્યક્તિને રોજગારીની ખાતરી આપે છે અને એ રીતે મોટા પાયા પર બેકારી અટકાવે છે. સમાજવાદમાં સમગ્ર આર્થિક જીવન આયોજિત હોય છે તેથી મૂડીવાદની માફક આર્થિક સાધનોનો બગાડ અને અસંકલન થતું નથી. સમાજવાદની સૌથી મોટી મૂડી એ છે કે તે પૂર્ણ રોજગારી પૂરી પાડે છે.

### 3.3.5 સામાજિક સલામતી

સમાજવાદી અર્થતંત્રમાં રોજિંદા જોખમોને પહોંચી વળવા તથા કુટુંબ અને બાળકો માટે વળતર મોટા પ્રમાણમાં આપવામાં આવે છે. નાગરિકોના લાભ માટે તબીબી સહાય માટે મુક્ત રીતે વિવિધ જોગવાઈઓ કરવામાં આવે છે. વૃદ્ધો અને અપંગ માટે વૃદ્ધાવસ્થાનું નિવૃત્તિ પેન્શન આપવામાં આવે છે. આમ, સમાજવાદમાં રાજ્ય દેશના બધા જ નાગરિકોને સામાજિક સલામતી પૂરી પાડે છે.

### 3.3.6 વર્ગવિગ્રહ દૂર કરે છે

સમાજવાદી અર્થતંત્રમાં વર્ગવિગ્રહોને સ્થાન હોતું નથી. સમાજવાદમાં માલિકો અને શ્રમિકો વચ્ચેના ઘર્ષણને કારણે મૂડીવાદની જેમ હડતાળો અને તાળાબંધી જેવી ઘટનાઓ સર્જાતી નથી અને ઉત્પાદન ઘટતું નથી. સરવાળે સમાજને નુકસાન થતું નથી. આમ, સમાજવાદમાં ઔદ્યોગિક ઘર્ષણો દૂર થાય છે. અને સમાજના લાભ માટે ઉત્પાદનનો પ્રવાહ વિના અવરોધ સતત જાળવી રાખવામાં આવે છે.

### 3.3.7 આર્થિક સ્થિરતા

મૂડીવાદમાં મૂડી આધારિત સક્રિય ઉથલપાથલો સર્જાયા કરે છે જેમાં સજાગ પ્રયત્નો દ્વારા આ ચક્રીય ઉથલપાથલોને ઘટાડી શકાય છે; પરંતુ,નાબૂદ કરી શકાતી નથી જયારે સમાજવાદ તેનાથી સંપૂર્ણ વિરુદ્ધ ચક્રીય ઉથલપાથલોથી મુક્ત હોય છે. વર્તમાન મૂડીવાદ પણ આ ચક્રીય ઉથલપાથલોથી પીડાય છે ત્યારે સમાજવાદ તેજી-મંદીના વંટોળ વિના વિકાસ કરતું જાય છે. સમાજવાદમાં આર્થિક જીવન વ્યાપક રીતે આયોજિત હોય છે તેથી તેમાં વ્યાપાર ચક્રોના તેજી-મંદીના વંટોળ પેદા કરતાં પરિબળોની શક્તિ ઘટી જાય છે.

### 3.3.8 સાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ

સમાજવાદી અર્થતંત્રમાં મૂડીવાદી અર્થતંત્રની અનિશ્ચિતતા, સટ્ટાખોરી, આર્થિક બગાડ, વધુ પ્રમાણનું ઉત્પાદન કે અલ્પ ઉત્પાદન તથા હરીફાઈયુક્ત જાહેરાતો જોવા મળતી નથી. તેમાં ઉત્પાદનનો મુખ્ય ઉદ્દેશ ગ્રાહકોનો સંતોષ મહત્તમ કરવાનો હોવાથી દેશના સાધનોનો સંતુલિત અને સંકલિત ઉપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. મૂડીવાદમાં લાખો ઉત્પાદકો એકબીજાંથી સ્વતંત્ર રીતે નિર્ણયો લેતા હોય છે. તેથીસાધનો સાધનોનો દુર્વ્યય થવાની શક્યતા છે. જયારે સમાજવાદમાં સર્વશક્તિશાળી કેન્દ્રિય આયોજન કરનારી સત્તા હોય છે. તેની પાસે રાષ્ટ્રના આર્થિક જીવનના તમામપાસાંઓનું સંપૂર્ણ જ્ઞાન અને માહિતી હોય છે. અસંખ્ય સ્વતંત્ર વ્યક્તિગત નિયોજકો કરતાં આયોજન પંચ માંગ અને પુરવઠાનો વિશેષ ખ્યાલ હોય છે. આથી મૂડીવાદ હેઠળ લાખો ઉત્પાદકો આર્થિક વિકાસ સંકલિત રીતે કરી શકે. તેના કરતાં આયોજન દ્વારા રાજ્ય વધુ સારી રીતે કરી શકે છે.

સમાજવાદી અર્થતંત્રમાં નફો નહીં પણ સમગ્ર સમાજની સલામતી અને કલ્યાણને ધ્યાનમાં રાખીને ઉત્પાદન કરવામાં આવે છે. તેથી જે વસ્તુનું ઉત્પાદન સામાજિક દૃષ્ટીએ તેમજ આર્થિક વિકાસની દૃષ્ટીએ જરૂરી હોય તે ઉત્પાદનની પાછળ જ વધુ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. બિનજરૂરી ઉત્પાદન પાછળ સાધનો વેડફી નાખવામાં આવતાં નથી સમાજવાદમાં સમગ્ર અર્થતંત્રની મોજણી કરીને આયોજન કરવામાં આવ્યું હોય છે. તેથી સામાન્ય માનવીને ઉપયોગી હોય એવી જ

વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે છે. આમ, સમાજવાદી અર્થતંત્રમાં ઉત્પાદનના બધા જ સાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં આવે છે.

## 3.4 મિશ્ર અર્થતંત્રની સિદ્ધિઓ (લાભ)

મિશ્ર અર્થતંત્ર સમાજવાદ અને મૂડીવાદનું મિશ્રણ છે ત્યારે બન્ને દ્વારા મળતા લાભ નીચે મુજબ છે.

### 3.4.1 સમાજવાદી સમાજરચના બનાવવા

સમાજવાદી સમાજરચનાની સ્થાપના માટે મિશ્રઅર્થતંત્ર જરૂરી છે. સામાજિક ન્યાય અને આર્થિક સમાનતાના આદર્શો સિદ્ધ કરવા માટે મિશ્ર અર્થતંત્ર ઇચ્છનીય છે. કારણ કે આવા ઉદ્યોગો ઓછો નફો અને વધુ સંતોષ આપે છે. મૂડીવાદી અર્થતંત્રમાં સમૃદ્ધિની સાથે ગરીબાઈ જોવા મળે છે. મૂડીની ખાનગી માલિકી તેના માલિકને વિશાળ પ્રમાણમાં સત્તા આપે છે. વળી, મૂડીવાદી અર્થતંત્રમાં સહકારને બદલે તીવ્ર હરીફાઈની સ્થિતિ હોય છે. આ અનિષ્ટોને માત્ર મિશ્રઅર્થતંત્ર દ્વારા દૂર કરી શકાય છે. વિત્તીય પગલાંઓ, સામાજિક સેવાઓ અને શ્રમિકોને સારા વેતનો દ્વારા વહેંચણીની સમાનતા સ્થાપી શકાય છે. આમ, ખાનગી ક્ષેત્ર અને રાજ્યના પ્રયાસો દ્વારા સમાજવાદી સમાજરચનાની સ્થાપના કરી શકાય છે.

### 3.4.2 આર્થિક વિકાસની ઝડપમાંવૃદ્ધિકરવા

અર્થતંત્રમાં આર્થિક વિકાસનો વેગ ઝડપી બનાવવા મિશ્રઅર્થતંત્ર જરૂરી છે. ભારત જેવા વિકાસમાન દેશમાં આર્થિક વિકાસની વૃદ્ધિને અવરોધતા પરિબળોને મિશ્રઅર્થતંત્ર દ્વારા જ દૂર કરી શકાય છે. દેશમાં ખાનગી ક્ષેત્રના ઉદ્યોગોની સાથે ખૂબ જ મહત્ત્વના એવા પાયાના અને ચાવીરૂપ ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવાથી આર્થિક વિકાસને વેગ મળે છે. આમ, મિશ્ર અર્થતંત્ર દ્વારા ખાનગી ક્ષેત્ર સાથે જાહેરક્ષેત્રના યોગદાન દ્વારા દેશના આર્થિક વિકાસનાં કાર્યક્રમનો વૃદ્ધિદર ઊંચોલઈ જઈ શકાય છે. વિકસતા દેશમાં સાહસિક નિયોજકોનો અભાવ હોય છે. તેથી અર્થતંત્રના જુદાં-જુદાં વિભાગોમાં થતી નવી શોધખોળોનોઉપયોગ કરવા ખાનગીક્ષેત્ર નાના પાયે રોકાણ કરવા તૈયાર થાય છે. જયારે મોટા પાયે મૂડીરોકાણ રાજ્યના ભાગે આવે છે આમ, મિશ્રઅર્થતંત્ર વિકાસમાં સૂચક ફાળો આપે છે. આ ઉપરાંત જ્યારે ખાનગી સાહસને નફો ન મળતો હોય અથવા ઓછો નફો મળતો હોય તેવા ઉદ્યોગોનો વિકાસ તેઓ કરતાં નથી. અથવા તો એવા ઉદ્યોગો કે જેમાં પ્રારંભથી જ મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરવું પડે છે અને તેનું વળતર ઘણું મોડું મળે છે. ખાનગી નિયોજકો આવા સંજોગોમાં સાહસ શરૂ કરવા ખચકાતા હોય છે. આથી રાજ્યએ આ જવાબદારી લેવી પડે છે. અને અર્થતંત્રના વિકાસ માટે આવા ઉદ્યોગો શરૂ કરવા પડે છે.

### 3.4.3 સામૂહિક ચીજ-વસ્તુઓ પૂરી પાડવા

કેટલાંક ઉદ્યોગોની ચીજ-વસ્તુઓ અને સેવાઓ સામૂહિક જરૂરિયાતો પૂરી પાડે છે. એવી ચીજ-વસ્તુઓ કે સેવાઓ માટે વ્યક્તિએ નાણાં આપ્યા હોય કે ન આપ્યાં હોય તો પણ દરેકને તેમાંથી લાભ મળે છે. આ સેવાઓનું સ્વરૂપ જ એવા પ્રકારનું છે કે તેના યોગ્ય એકમો પૂરા પાડી બજાર દ્વારા વ્યક્તિગત ગ્રાહકોને એમની જરૂરિયાત પ્રમાણે વેચવાનું શક્ય બનતું નથી. વળી, આવી ચીજ વસ્તુઓ અને સેવાઓ ગરીબ અને ધનવાન દરેકને સમાન રીતે મળી રહે એ સામાજિક કલ્યાણની દૃષ્ટિએ ઇચ્છનીય છે. જેમકે રાષ્ટ્રીય સંરક્ષણ, કાયદો અને વ્યવસ્થા, તબીબી સેવાઓ, જાહેર સુખાકારી, રોડ-રસ્તા અને વાહન વ્યવહારોની સેવાઓ આ પ્રકારની સેવાઓ છે કે જે પૂરી

પાડનાર ઉદ્યોગો ખૂબ જ ઇચ્છનીય છે. આવી ચીજ વસ્તુઓ અને સેવાઓ રાજ્ય પૂરી પાડે તો જ કલ્યાણકારી બની શકે. તેથી આવા ઉદ્યોગો ખાનગી તેમજ જાહેર ક્ષેત્રમાં રાખી લોકોની સુખાકારી વધારવી જોઈએ.

### 3.4.4 જાહેર ઈજારાઓ સ્થાપવા

કેટલાંક ઉદ્યોગોનો પ્રકાર એવો હોય છે કે જેમાં આર્થિક દુર્વ્યયો અટકાવવા તથા કાર્યક્ષમતા વધારવા ઈજારાશાહી અનિવાર્ય હોય છે. જેમ કે રેલ્વે, વીજળી, ગેસ વગેરે. ઉદ્યોગોમાં એક હથ્થુ સંચાલન અને નિયંત્રણ હોય તો ઘણાં લાભ થાય છે. આવા ઉદ્યોગોમાં હરીફાઈનું તત્ત્વ ગેરહાજર હોય છે તેથી તેમાં ઈજારાશાહી દ્વારા મોટા પાયા પર ઉત્પાદન થઈ શકે છે. અને તેથી કેટલીક આંતરિક અને બાહ્ય કરકસરો પણથઈશકે છે. આ ઉપરાંત મર્યાદિત કુદરતી સાધનોનો બગાડ ન થાય તે માટે પણ ઈજારો જરૂરી બને છે. પેટ્રોલિયમ અને ખનીજો જેવા કુદરતી સાધનોનો પૂરવઠો નિશ્ચિત પ્રમાણમાં પ્રાપ્ત થતો હોય છે. તેથી દેશના લાંબાગાળાના હિતની દ્રષ્ટીએ આવા સાધનોનો દુર્વ્યય અટકાવવો જરૂરી છે માટે તેમાં ઈજારાશાહી હોવી જોઈએ.

### 3.4.5 અર્થતંત્ર પર અંકુશ જાળવવા

અર્થતંત્ર પર અસરકારક અંકુશ દ્વારા તેજી-મંદીના આરોહ-અવરોહ દૂર કરી શકાય છે. કરવેરાની ઉઘરાણી અને અન્ય આર્થિક પ્રશ્નો સરળ બને છે. અર્થતંત્ર પર અસરકારક અંકુશો દ્વારા કુલ ખર્ચ, મૂડીરોકાણ વગેરે પર રાજ્ય અસર કરે છે. જાહેર ઉદ્યોગોના મૂડીરોકાણમાં ફેરફાર કરી રાજ્ય સમગ્ર મૂડીરોકાણના માળખાનું નિયમન કરે છે. અર્થતંત્રમાં મંદી પ્રવર્તતી હોય ત્યારે ખાનગી નિયોજક મૂડીરોકાણ કરવાની અનિચ્છા ધરાવતો હોય છે. તેમને ઉત્તેજન આપવા વિત્તીય પગલા પણ કેટલીક વખત નિષ્ફળ જાય છે. આવા સંજોગોમાં જાહેર ઉદ્યોગોમાં મૂડીરોકાણ વધારી સરકાર સહેલાઈથી મૂડીરોકાણના દરમાં વધારો કરી શકે છે. આ રીતે જાહેરક્ષેત્ર દ્વારા રાજ્ય અર્થતંત્રના મુખ્ય પ્રવાહોને નિયંત્રિત કરી શકે છે અને સમગ્ર અર્થતંત્ર ઉપર મજબૂત પકડ મેળવી શકે છે.

### 3.4.6 ગ્રાહકો અને શ્રમિકોનું શોષણ અટકાવવા

કેટલાંક ઉદ્યોગોમાં સ્વાભાવિક રીતે જ ઈજારાનું તત્ત્વ અસ્તિત્ત્વ ધરાવતું હોય છે. ખાસ કરીને જાહેર સેવાઓ અને બીજા જરૂરી ઉદ્યોગોમાં આવા ઈજારાઓ ખૂબ જ નુકસાનકારક હોય છે. ઈજારદાર પોતાના નફા સિવાય બીજો કોઈ હેતુ ધ્યાનમાં રાખતો નથી. પોતાની ભાવનીતિ, ઉત્પાદન નીતિ વગેરે દ્વારા છૂપી કે જાહેર રીતે તે ગ્રાહકો પાસેથી ઊંચી કિમતો વસુલે છે અનેઓછું ઉત્પાદન કરે છે. જેથી તે અઢળક નફો કમાય છે. સંપત્તિ અને આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થાય છે. જેના અત્યંત નુકસાનકારક આર્થિક અને સામાજિક પરિણામો આવે છે. અલબત્ત, આમાંના કેટલાંક અનિષ્ટો પર રાજ્ય દ્વારા જાહેર નિયમનો મૂકીને દૂર કરી શકાય છે. ખાનગી ઈજારાની કિંમત, ઉત્પાદન, નફો, વ્યવસ્થા, કાર્યશૈલી પર રાજ્ય વિભિન્ન શરતોરૂપી અંકુશો નાંખી નિયમન કરી શકે છે. આમ, મિશ્ર અર્થતંત્ર ગ્રાહકો અને શ્રમિકોને રોકવામાં કારગર નીવડે છે.

### 3.4.7 પ્રાદેશિક સમાનતા લાવવા

ખાનગીક્ષેત્રની એક મોટી મર્યાદા એ છે કે જે પ્રદેશ આર્થિક રીતે વિકસિત હોય ત્યાં જ તે વધુ વિકસે છે અથવા વિસ્તરે છે. પરિણામે વિકસિત પ્રદેશ વધુ વિકાસ પામે છે. જયારે પછાત પ્રદેશ પછાત જ રહે છે. આવી પ્રાદેશિક અસમાનતા નિવારવા માટે રાજ્યે ચાવીરૂપ ઉદ્યોગોનું

રાષ્ટ્રીયકરણ કરવું જોઈએ અને તેવા ઉદ્યોગોની સેવાઓનો વિકાસ પછાત પ્રદેશોમાં કરવો જોઈએ. આ ઉપરાંત, વિભિન્ન કરવેરા નાંખી અથવા સબસીડીનો લાભ આપી રાજ્ય અતિ ગરીબ કે પછાત એવા વિસ્તારોમાં વિકસીત વિસ્તારો જેવી સગવડો અથવા લાભ પૂરાં પાડી પ્રાદેશિક સમતુલા લાવી શકે છે.

## 3.5 ગાંધીવાદી આર્થિક વિચારો

### 3.5.1 પ્રસ્તાવના

ગાંધીજીએ કાર્લ માર્ક્સની જેમ વિશ્વનો ઇતિહાસ તપાસીને તથા કાર્યકારણની પરંપરા સમજવી ચોક્કસ અર્થતંત્ર પછી ચોક્કસ પ્રકારનું જ અર્થતંત્ર ઉદ્ભવ પામવું જોઈએ. અથવા ઉદ્ભવ થશે એવો કોઈ વાળ ઊભો કર્યો નથી. તેમ છતાં તેમના વિચારોમાં અમુક નિશ્ચિત વિચારોની એકસૂત્રતા રહેલી હોવાથી તેમના આર્થિક વિચારોને 'ગાંધીવાદ' અથવા 'ગાંધીવાદી આર્થિક વિચારો' તરીકે ઓળખાવી શકાય. આ વિચારો ભારતના આર્થિક પ્રશ્નોના નિરાકરણના સંદર્ભમાં સૂચવવામાં આવ્યાં છે. છતાં તેમ દેશ અને કાળ પ્રમાણે જરૂરી ફેરફાર કરી એક સર્વમાન્ય પદ્ધતિ તરીકે તેનો અમલ કરી શકાય છે. 'ગાંધીવાદ' સૈદ્ધાંતિક રીતે બીજા વાદો જેટલી જ વ્યાપકતા ધરાવે છે. કારણ કે ગાંધીજીના આર્થિક વિચારો આર્થિક ન્યાય અને આર્થિક સમાનતા જેવા પાયાના સિદ્ધાંતો ઉપર રચાયેલ છે. ગાંધીજી પોતાના વિચારોને કોઈ 'વાદ'નું નામ આપવાની વિરુદ્ધ હતા.

### 3.5.2 ગાંધીવાદનો અર્થ

જેમ મૂડીવાદ, સમાજવાદ અને મિશ્ર અર્થતંત્રની સ્પષ્ટ વ્યાખ્યા મળવી મુશ્કેલ છે. તેમ ગાંધીવાદની પણ સ્પષ્ટ વ્યાખ્યા મળવી મુશ્કેલ છે. તેમ છતાં ગાંધીજીના લખાણો ઉપરથી 'ગાંધીવાદ' વિશે જાણી શકાય છે. ગાંધીવાદ સાદાઈ અને સ્વાવલંબન પર વધુ ભાર મૂકે છે. તેથી તેને 'સ્વાવલંબી આર્થિક વિચારો' તરીકે પણ ઓળખવામાં આવે છે. ગાંધીવાદ આર્થિક અવસ્થાને અટકાવી ઉત્પાદનને સમાજની જરૂરિયાત પ્રમાણે નિયંત્રિત કરવા પર ભાર મૂકે છે. ગાંધીજીના વિચારો મુજબ આધુનિક સમાજનું મુખ્ય લક્ષણ જરૂરિયાતો ઉપરકાપ મૂકવાનું છે અને તેને અંકુશમાં લેવાનું છે. ગાંધીવાદમાં નાના પાયા પરનું ઉત્પાદન, સ્વદેશી, સાદાઈ, સ્વાવલંબન, જરૂરિયાતો પર અંકુશ વગેરેને ખૂબ મહત્ત્વનાં ગણવામાં આવ્યાં છે. ગાંધીવાદ અસત્ય, હિંસા, મોજશોખ, અગત્યના શોષણ વગેરેનો સખ્ત વિરોધ કરે છે. તેઓની મતે જ્યાં વ્યક્તિની સાથે છેતરપીંડી, શોષણ, અસમાનતા અને અન્યાય થતો હોય તે આર્થિક પદ્ધતિ ગણી શકાય જ નહીં. આ રીતે 'ગાંધીવાદ' સમાજવાદથી પણ વધુ ચિંતન કરે છે.

'ગાંધીવાદ' સમાજના દરેક વર્ગને પોષણયુક્ત આહાર, રહેઠાણ, કપડાં, શિક્ષણ અને તબીબી સેવાઓ જેવી ખૂબ જરૂરી એવી પાયાની જરૂરિયાતો મળી રહેવી જોઈએ. તે માટે રાષ્ટ્રની આર્થિક સમૃદ્ધિ વધારવી જ જોઈએ એમ તેઓ માને છે; પરંતુ, આર્થિક સમૃદ્ધિ વધારતી વખતે આર્થિક પરિબળોની સાથે સાથે પ્રજાનું ચારિત્ર્ય અને નૈતિક ધોરણ જળવાવું જોઈએ. વાસ્તવમાં,'ગાંધીવાદ' અને અન્ય આર્થિક પદ્ધતિઓ વચ્ચે તેના પરિણામો અંગે બહુ મતભેદ નથી પણ તેને અમલમાં મૂકવાના માર્ગો અને સાધનો જુદાં-જુદાં છે. ગાંધીવાદમાં વર્ગવિગ્રહ, સ્પર્ધા અને શોષણ વિના સમાનતા સાથે આર્થિક વિકાસ કરવાનો માર્ગ સૂચવવામાં આવ્યો છે.

### 3.5.3 ગાંધીવાદના લક્ષણો

વિવિધ લેખકોએ ગાંધીજીએ આપેલાં વિવિધ આર્થિક વિચારોને પોતાની રીતે મહત્ત્વ આપ્યું છે. તેથી સ્વાભાવિક રીતે કોઈ એક લેખકે જણાવેલાં લક્ષણો સર્વ સ્વીકૃત હોઈ શકે નહીં. પરંતુ, એ બધા લેખકોએ

જણાવેલ લક્ષણોમાંથી મહત્ત્વના અને મુખ્ય એવા લક્ષણો જુદાં તારવીને તેની ચર્ચા કરવી યોગ્ય ગણી શકાય.

### 3.5.3.1 મર્યાદિત જરૂરિયાતો

ગાંધીજી સાદગીભર્યા જીવન જીવવામાં માનતા હતાં. તેઓ સ્વયં અને બીજા માટે જરૂરિયાતો બને તેટલી ઓછી કરવાનો આગ્રહ રાખતા હતાં. તેઓ'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'ને પોતાના જીવનનો ઉદ્દેશ્ય માનતા હતાં. તેઓ કહેતા કે સાચી શાંતિ માટે મનુષ્યે પોતાની જરૂરિયાતો અમર્યાદિત રીતે વધાર્યા કરવી અને તે સંતોષવા મર્યાદિત સાધનોનો મહત્તમ ઉપયોગ કરવો એ આદર્શ વિચારસરણી નથી. માણસ ધનિક છે માટે તે સુખી છે અને ગરીબ છે માટે તે દુઃખી છે એવું હોતું નથી, વાસ્તવમાં, જરૂરિયાતો વધારતા રહેવું અને યંત્રનો ઉપયોગ વધારતા જવું એ પરિસ્થિતિ સુખ વધારનારી નથી પણ, જો મનુષ્ય સાદાઈથી જીવે અને જરૂરિયાત કરતાં વધારે ન વાપરે એ પરિસ્થિતિ વધુ સુખ આપનારી છે.

### 3.5.3.2 નૈતિકતા

ગાંધીજીના આર્થિક વિચારો પર **રસ્કિન**ના 'Unto the Last' પુસ્તકની ખૂબ અસર હતી. કાર્લ માર્કસની જેમ ગાંધીજી હંમેશા ભૌતિક વિચારોની રચનાઓ અને તેના માપને સ્વીકારતા નથી. તેઓ આર્થિક ક્ષેત્રે નૈતિકતા અને આધ્યાત્મિકતા પર વિશેષ ભાર મૂકે છે. ગાંધીજી નીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચે ગાઢ સંબંધ બાંધતા કહે છે કે,"મારે કબુલ કરવું જોઈએ કે અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર વચ્ચે હું ભેદ પાડતો નથી. જે અર્થશાસ્ત્ર વ્યક્તિ કે સમાજના હિતને નુકસાન કરે તે નીતિ વિરુદ્ધ છે અને પાપ સમાન છે. તેથી એક દેશ બીજા દેશને નુકસાન પહોંચાડવા અર્થશાસ્ત્રનો પ્રયોગ કરે તેને હું અનીતિ ગણું છુ." આમ, ગાંધીજી માને છે કે આર્થિક વિચારો રાષ્ટ્રના પાયાના મૂલ્યોની અવગણના કરતાં હોવા જોઈએ નહીં કોઇપણ રાષ્ટ્રનો વિકાસ માત્ર ભૌતિક ચીજ વસ્તુઓના પ્રમાણ પરથી નહીં પરંતુ લોકોના ઉત્તમ રાષ્ટ્રીય ચારિર્ત્ય પરથી મપાય છે.

### 3.5.3.3 આત્મનિર્ભરતા(સ્વાવલંબીપણું)

ગાંધીવાદ આત્મનિર્ભરતા અને સ્વાવલંબીપણા ઉપર પણ ભાર મૂકે છે. ગાંધીજી શોષક અને શોષિત વચ્ચેનો વ્યવહાર સ્વીકારતા નથી. ખોરાક અને વસ્ત્રો જેવી પોતાની પ્રાથમિક જરૂરિયાતો જાતે જ સંતોષવી જોઈએ અને જો એવી વસ્તુ હોય કે જે જાતે જ સંતોષવી જોઈએ અને જો એવી વસ્તુ હોય કે જે જાતે ઉત્પાદિત ન કરી શકાય તો તેવા સંજોગોમાં તેવી વસ્તુઓનું ઉત્પાદન નજીકનાગામડા કે રાષ્ટ્રીય બજારો દ્વારા થવું જોઈએ. આજે રાષ્ટ્ર પોતાની પ્રાથમિક જરૂરિયાતો માટે અન્ય દેશો પર આધારિત છે તે બાબત વાસ્તવમાં સ્વીકાર્ય નથી. તેમના મતે એક ગામ અથવા સમાન પરિસ્થિતિ વાળો પ્રદેશ અર્થતંત્રનું એક ઘટક બને અને દરેક ઘટક મુખ્યત્વે પોતાના રાષ્ટ્ર માટે ઉત્પાદન કરે. એટલે કે અત્યારે જે આયાત-નિકાસના વેપારની બિનજરૂરી વૃદ્ધિ થઈ છે. તેને વિભિન્ન દેશો વચ્ચે બિનજરૂરી તુલના અને ઉદ્વેગનું સર્જન કર્યુ છે. જેથી આત્મનિર્ભરતા અને સ્વાલંબનનો ઉપયોગ વાસ્તવમાં જરૂરી છે.

### 3.5.3.4 આર્થિક સ્વતંત્રતા

ગાંધીજીના મત મુજબ અર્થતંત્રને આદર્શ બનાવવા આર્થિક સ્વતંત્રતા અને સમાનતાનું ધ્યેય સ્વીકારવું પડશે. સરખા જન્મેલાને સરખી તક મળવી જ જોઈએ એ બાબતને પ્રાધાન્યતા મળવી જોઈએ. અર્થતંત્રના તમામ લોકોને પોતાના નિભાવ પૂરતો શ્રમ મળી રહે અને અનાજ કપડાં

વગેરે જેવી પ્રાથમિક જરૂરિયાતો સંતોષી શકે તેવી આર્થિક સ્વતંત્રતા તો તેને મળવી જ જોઈએ. જેમહવા, પાણી ઉપર સૌનો સરખો હક્ક છે તેમજ આ પ્રાથમિક જરૂરિયાતોનું પણ હોવું જોઈએ. વ્યક્તિને ઓછામાં ઓછું તેનું જીવન સરળતાપૂર્વક જીવી શકે તેવી આર્થિક સ્વતંત્રતા તો તેને મળવી જ જોઈએ. ગાંધીજી માનતા હતાં કે સાચી સ્વતંત્રતા, આર્થિક સ્વતંત્રતા સિવાય ટકી શકે નહીં. લોકશાહીની જાળવણી માટે આર્થિક સ્વતંત્રતા અનિવાર્ય છે.

**3.5.3.5 વાલીપણાનો ખ્યાલ**

ગાંધીજી માનતા હતાં કે સમાજ એ કુટુંબનું વિસ્તૃત સ્વરૂપ છે. તેથી ધનિકોને પોતાની જરૂરિયાત સંતોષાય બાદ વધતી મૂડી કે જે વધારાની મૂડી કહી શકાય તેને સમાજ હિત માટે વાપરવી જોઈએ અને મૂડીપતિઓએ મૂડીના વાલી તરીકે કામ કરવું જોઈએ. તેઓના મતે મૂડી ખરાબ છે, મૂડીવાદીખરાબ નથી. મૂડી દૂર કરી શકાય પણ, વ્યક્તિ દૂર ન કરી શકાય. સંપત્તિના માલિકને પોતાની વધારાની સંપત્તિના રખેવાળ એટલે કે વાલી બનવું જોઈએ અને તેનો ઉપયોગ પ્રજાની સેવા કાર્યમાં તેમનું હિત થાય તે અનુસાર ઉપયોગ કરવો જોઈએ. ગાંધીજી એવું સ્પષ્ટ પણે માનતા હતાં કે “વેપાર કે ઉદ્યોગ વડે મળેલ બધા ધનનો હું માલિક નથી. મારો અધિકાર તો આજીવિકા મળી રહે અને મારી જરૂરિયાતો પરિપૂર્ણ થાય તેટલા જ ધનના વપરાશનો છે. મારી બાકીની સંપત્તિની માલિકી સમાજની છે અને તેનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે થવો જોઈએ.”

**3.5.3.6 શ્રમનું મહત્ત્વ**

જીવનની આવશ્યક વસ્તુઓનું ઉત્પાદન કરવા માટે જો દરેક વ્યક્તિ જાગૃત પણે શ્રમ કરતો થઈ જાય તો વર્તમાન સમયના આર્થિક પ્રશ્નોની સાથે કેટલાંક અન્ય સામાજિક પ્રશ્નોનો પણ આપો આપ ઉકેલ આવી જાય છે. ગાંધીજીએ શ્રમ અને શ્રમના મહત્ત્વને ખૂબ અગત્યનું ગણ્યું છે. શારીરિક શ્રમ એ બુદ્ધિપૂર્વકના કાર્યો જેટલા જ મહત્ત્વના છે. ગાંધીજી એવું માનતા હતાં કે વ્યક્તિએ શારીરિક શ્રમ કરવો જ જોઈએ. કોઈપણ વ્યક્તિ શારીરિક શ્રમ કરવાની ફરજમાંથી મુક્ત હોઈ શકે નહીં. ગાંધીજીના મતે વ્યક્તિ ગમે તેટલો મહાન હોય તેમ છતાં તેણે શારીરિક શ્રમ તો કરવો જ જોઈએ. વ્યક્તિને આળસુ અને બેઠાડું જીવન જીવવાનો અધિકાર નથી. તેઓ કહેતા કે “એ એક દુઃખદ ઘટના છે કે લાખો વ્યક્તિઓ પોતાના હાથનો ઉપયોગ હાથ તરીકે કરતાં બંધ થયા છે.”

**3.5.3.7 ગ્રામોદ્યોગ**

ગાંધીજીએ ગ્રામોદ્યોગ પર પણ ભાર મૂક્યો છે. તેમના મતે ગ્રામોદ્યોગના કારણે વ્યક્તિઓના આર્થિક વ્યવહારનું વર્તુળ ખૂબ મર્યાદિત રહે છે. જેથી આવા આર્થિક વ્યવહારો ઉપર સામાન્ય વ્યક્તિ કાબૂ મેળવી આર્થિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરે છે. આમ, ગ્રામોદ્યોગ દ્વારા ઉત્પાદન, ઉત્પાદન વ્યવસ્થા, સંપત્તિની વહેંચણી અને વિનિમયને સ્પર્શતાં પ્રશ્નો ઊભા થતાં નથી. ગાંધીજી મોટા પાયા પરના ઉદ્યોગો અને ઉદ્યોગીકરણના વિરોધી હતાં. આ મોટા પાયા પરના ઉદ્યોગના કારણે શોષણ અને ઉદ્‌વેગો વધે છે. ગ્રામ્યજીવન નષ્ટ થાય છે, બેકારી વધે છે, ગરીબી વધે છે, સંપત્તિનું કેન્દ્રીકરણ થાય છે. જેથી આવા દૂષણોથી બચવા માટે એવી અર્થવ્યવસ્થા સર્જવી જોઈએ કે જેમાં દરેક વ્યક્તિને સમુદાય પોતાની જરૂરિયાતોનું ઉત્પાદન કરે અને દેશને આત્મનિર્ભર અને સ્વાવલંબી બનાવે. આમ, ગાંધીજીના મત મુજબ ભારત માટે ઉદ્યોગીકરણ શાપરૂપ છે અને ગ્રામોદ્યોગ એ આશીર્વાદરૂપ છે.

### 3.5.3.8 વિકેન્દ્રીકરણ

ભારતમાં પાંચ લાખથી વધુ ગામડાં છે. જેથી, ગાંધીજી એવું માનતા હતાં કે ભારત ગામડામાં વસે છે. જો ગામડા હરીફાઈમુક્ત અને ઉત્પાદિત વસ્તુઓના વેચાણથી થતાં શોષણથી મુક્ત થશે તો ગ્રામ ઉદ્ધાર થશે અને સાચા અર્થમાં સ્વરાજ આવશે. જેથી કેન્દ્રીકરણ થી વિરુદ્ધ એવું વિકેન્દ્રીકરણ કે જે બધા ગ્રામ્ય ક્ષેત્રોને વિકાસ તેવું સ્વપ્ન સેવવામાં આવ્યું છે. વિકેન્દ્રિત અર્થતંત્રમાં ઉત્પાદનના એકમો નાના હોવાને કારણે તેઓનો ઉપયોગ મોટાભાગના ગ્રામ્ય ક્ષેત્રો દ્વારા કરી રોજગારી પૂરી પાડી શકાય છે. વ્યક્તિ સ્વાવલંબી બને અને તેની જરૂરિયાતો મેળવી શકે એ માટે ગાંધીજી તેમના વિચારોમાં ગૃહઉદ્યોગો અને કુટિર ઉદ્યોગોને ખૂબ મહત્ત્વ આપતાં હતાં. ખાદી ગ્રામોદ્યોગ વડે ઊભા થતાં સ્વાયત્ત ગામડાં એ વિકેન્દ્રિત અર્થતંત્રનું જ પરિણામ છે.

### 3.5.3.9 યંત્રોનો મર્યાદિત ઉપયોગ

ગાંધીજી યંત્રોના વિરોધી નહતાં પરંતુ જો યંત્રોથી લોકોનું શોષણ થતું હોય તો તેવા યંત્રોનો ઉપયોગ અર્થહીન છે તેમ તેઓ માનતા. યંત્ર માનવોનું સેવક બને તે ઇચ્છનીય નથી પણ જો તે ગુલામ બનાવે તો તેનો ઉપયોગ ઇચ્છનીય નથી. યંત્રો વડે વ્યક્તિગત ઈજારાશાહી જન્મે છે. અને મૂડીનું કેન્દ્રીકરણ મૂડીપતિઓ પાસે થાય છે. માટે યંત્રોના ઉપયોગ પર મર્યાદા હોવી જોઈએ. યંત્રોનો અમર્યાદિત ઉપયોગ વ્યક્તિઓની કુશળતા, કાર્યક્ષમતા અને યોગ્યતાને અંકુશિત કરી પોતાના ગુલામ બનાવે છે. તેથી જ્યાં સુધી યંત્ર વિના ચાલી શકતું હોય અને લોકો સુખી જીવન જીવી શકતા હોય તો ત્યાં સુધી યંત્રોનો ઉપયોગકરવો જોઈએ નહીં. પરંતુ, જે ઉદ્યોગો ચલાવવા વ્યક્તિઓને ખૂબ શ્રમ કરવો પડતો હોય ત્યાં યંત્રો ઉપયોગ કરી શકાય છે તેમ ગાંધીજી જણાવે છે. આમ, ગાંધીજી માનતા હતાં કે યંત્રો નડતરરૂપ થવાને બદલે મદદરૂપ થવા જોઈએ. યંત્ર માણસ માટે છે માણસ યંત્ર માટે નથી. ગાંધીજીના મતે યંત્રોની જરૂરિયાત શ્રમ બચાવવા માટે છે. પરંતુ, શ્રમની આ બચત હજારો લોકોને કામ વિહોણા કરવાથી બેકારીમાં વધારો થશે તદઉપરાંત ગરીબી વધતાં ભૂખથી ઝઝૂમતો એક વર્ગ ઊભો થાય છે. સમય અને શ્રમની બચત માનવોના એક નાના વર્ગ માટે ન હોઈ સમગ્ર માનવજાત માટેહોવી જોઈએ. તેમના મતે સંપત્તિ અને ધનનું કેન્દ્રીકરણ અમુક લોકોના હાથમાં નહીં પણ સમગ્ર લોકોના હાથમાં થવું જોઈએ. ઉપરાંત યંત્રો સંસ્કૃતિ કે વિકાસની નિશાની નથી. તેનાથી તો માણસોનું  માણસ તરીકે મૂલ્ય રહેતું નથી અને માણસો યંત્રોનોએક ભાગ બની જઈ યંત્રોના ગુલામ બને છે. તેથી ગાંધીજીએ યંત્રોના અતિરેક તરફ સૂગ અને નફરત સેવી છે.

## 3.6 ઉપસંહાર

ભારતમાં વૃદ્ધિ અને વિકાસ માટેના વિવિધ પ્રયત્નો થયો છે. ઉપરોક્ત સમગ્ર ચર્ચા પરથી વિવિધ વિકાસ માટેનો મૂડીવાદ, સમાજવાદ અને ગાંધીવાદી વિચારના અભિગમો વિશે સ્પષ્ટતા કરવામાં આવી છે.

## 3.7 તમારી પ્રગતિ ચકાસો

1. ગ્રાહકોનું શોષણ થવાની શક્યતા કયા પ્રકારની અર્થવ્યવસ્થામાં રહેતી નથી ?

(A) મૂડીવાદ (B) સમાજવાદ

(C) લોકશાહી શાસન વ્યવસ્થા (D) મિશ્ર અર્થતંત્ર

2. કયા પ્રકારની વ્યવસ્થામાં વર્ગવિગ્રહને સ્થાન હોતું નથી ?

(A) સમાજવાદ (B) લોકશાહી

(C) મૂડીવાદ (D) મિશ્રઅર્થતંત્ર

3. સામાજિક ન્યાય અને આર્થિક સમાનતાના આદર્શને સિદ્ધ કરવા માટે કઈ વ્યવસ્થા ઇચ્છનીય છે ?

(A) સમાજવાદ (B) મૂડીવાદ

(C) મિશ્રઅર્થતંત્ર (D) લોકશાહી શાસન વ્યવસ્થા

4. ગાંધીજીના આર્થિક વિચારો ઉપર કયા પુસ્તકની ખૂબ અસર હતી ?

(A) અન ટુ ધ લાસ્ટ (B) ધ દાસ કેપિટલ

(C) સર્વોદયની વિચારધારા (D) ધ હિસ્ટ્રી ઑફ ઈન્ડિયા

5. 'અન ટુ ધ લાસ્ટ' પુસ્તક કોણે લખ્યું છે ?

(A) જહૉન રસ્કિન (B) કાર્લમાર્ક્સ

(C) મેક્સ વેબર (D) જહૉન વિલિયમ્સ

6. 'પ્રકૃતિ દરેક માણસની જરૂરિયાત સંતોષી શકે, તેના લોભને નહીં' આ વિધાન કોનું છે ?

(A) મેક્સ વેબર (B) કાર્લમાર્ક્સ

(C) જહૉન રસ્કિન (D) ગાંધીજી

◆ **ટૂંકમાં જવાબ આપો**

1. ભારતમાં વિકાસ અર્થે કયા-કયા અભિગમોનો ઉપયોગ કરવામાં આવે છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

2. વિશ્વની વર્તમાન ટેકનોલોજીકલ પ્રગતિ કોને આભારી છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

3. અર્થતંત્રમાં આર્થિક વિકાસનો વેગ ઝડપી બનાવવા કયા પ્રકારની વ્યવસ્થા જરૂરી છે.

.....................................................................

.....................................................................

.....................................................................

4. ગાંધીજીના આર્થિક વિચારો કયા નામે જાણીતા છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

5. ગાંધીવાદ કઈ બાબતો ઉપર વિશેષ ભાર મૂકે છે ?

..................................................................

..................................................................

..................................................................

6. ગાંધીજીનો જીવનમંત્ર કયો હતો ?

..................................................................

..................................................................

..................................................................

7. 'વ્યક્તિ ગમે તેટલો મહાન હોય છતાં તેણે શારીરિક શ્રમ કરવો જ જોઈએ' એમ કોણે કહ્યું છે ?

..................................................................

..................................................................

..................................................................

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (B) સમાજવાદ
2. (A) સમાજવાદ
3. (C) મિશ્રઅર્થતંત્ર
4. (A) અન ટુ ધ લાસ્ટ
5. (A) જહૉન રસ્કિન
6. (D) ગાંધીજી

◆ **ટૂંકમાં જવાબ આપોના જવાબો :**

1. મૂડીવાદ, સમાજવાદ અને ગાંધીવાદી આર્થિક વિચારો.
2. મૂડીવાદને
3. મિશ્રઅર્થતંત્ર
4. ગાંધીવાદ અથવા ગાંધીવાદી આર્થિક વિચારો
5. સાદાઈ અને સ્વાવલંબન
6. સાદું જીવન અને ઉચ્ચ વિચાર
7. ગાંધીજીએ

## 3.9 ચાવીરૂપ શબ્દોની સમજ

1. **કલ્યાણ (Welfare) :** કલ્યાણ માટે Werlfare શબ્દ વધું પ્રચલિત છે. કલ્યાણ એટલે અગાઉ કરતાં વધારે સારી સ્થિતિનો અનુભવ.
2. **સેવાઓ :** સેવાઓ માટે 'Service' શબ્દ વધારે પ્રયોજાય છે. માનવ જરૂરિયાત સંતોષનારી અભૌતિક બાબતોને સેવા કહેવામાં આવે છે.
3. **ઉદ્યોગ (Industry) :** ઉદ્યોગ એટલે એક સરખી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓનો સમૂહ.

4. **આર્થિક શોષણ :** કોઈ એક વ્યક્તિ કે અર્થતંત્ર દ્વારા અન્ય અર્થતંત્રનાં સંસાધનો કે સંપત્તિનો પોતાના માટે થતા ઉપયોગને આર્થિક શોષણ કહે છે.

5. **અંદાજપત્ર :** સરકાર દ્વારા આવનારા નાણાંકીય વર્ષ માટે રજૂ કરવામાં આવનાર ખર્ચ અને આવકના અંદાજો.

6. **શ્રમનું ગૌરવ :** જેની પાસે કામશક્તિ છે તેને ગૌરવશાળી જીવન જીવવાની તક મળવી જોઈએ અને તેને યોગ્ય રોજગારી અને વેતન આપવું. ગાંધીજી શ્રમના ગૌરવ ઉપર વિશેષ ભાર આપતા હતા.

## 3.10 સ્વાધ્યાય લેખન

**(1) મૂડીવાદની કોઈ પણ ત્રણ સિદ્ધિઓ સમજાવો.**

**(2) સમાજવાદની કોઈપણ ત્રણ સિદ્ધિઓ સમજાવો.**

**(3) ગાંધીજીનો વાલીપણાનો સિદ્ધાંત સમજાવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**(4) યંત્રોના ઉપયોગ વિશે ગાંધીજીના વિચારો જણાવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**(5) શ્રમના ગૌરવ વિશેના ગાંધીજીનો ખ્યાલ રજૂ કરો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 3.11 વૈયક્તિક અધ્યયન

**હું મારી આસપાસ પેદા થતી વસ્તુઓનો વપરાશ કરીશ.**

આજકાલ વિદેશી અને મોંઘી વસ્તુઓની વપરાશ વધી રહી છે. તેમાં ખાસ કરીને જાણીતી બ્રાન્ડની વસ્તુઓ વાપરવા માટે લોકો મોં માંગી કિંમત આપે છે. આ કંપનીઓ જાહેરાત પાછળ કરોડો રૂપિયા ખર્ચીને લોકોના દિમાગ ઉપર છવાઈ ગઈ છે. વપરાશકારો પણ આવી મોંઘી વસ્તુઓ વાપરવાને ફેશનમાં ખપાવે છે. જેના પરિણામે આપણાં દેશનું અર્થતંત્ર બગડી રહ્યું છે અને ગામડાંઓ તૂટી રહ્યાં છે. આ તૂટતી આપણી અર્થવ્યવસ્થાને બચાવવા માટે શું કરવું જોઈએ તે અંગે વિચારણા કરવી ખૂબ જરૂરી છે.

પ્રાચીન સમયમાં ગામડાંઓમાં દરેક વસ્તુઓનું ઉત્પાદન થતું હતું. અનાજ, દૂધ, શાકભાજી વગેરે ચીજવસ્તુઓનું ખૂબ મોટાપાયે ઉત્પાદન થતું હતું. દરેક ગામમાં મોચી, દરજી, કુંભાર, સોની, લુહાર એમ દરેક જ્ઞાતિની વસ્તી વસવાટ કરતી હતી. લગભગ ગામમાં બહું ઓછી ચીજવસ્તુઓ માટે બહાર જવું પડતું હતું. ગામડાંઓ પોતાની જરૂરિયાતનાં આધારે સ્વાવલંબી હતા. ગામડાની રોનક એકદમ જુદાં પ્રકારની હતી. વહેલી સવારે ખેડૂત પરિવાર પોતાના કુટુંબના સભ્યો સાથે પોતાની વાડી ઉપર જતા રહે, માલધારીઓ પોતાના પશુઓ સાથે પશુઓને ચરાવવા કોતર, જંગલ અને ગૌચર વિસ્તારમાં જાય અને સાંજે પરત ફરે. ગામડું વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓથી ધમધમતું હતું. પરંતુ આજે ગામડાંની સ્થિતિ જુદી છે. આજે શહેરીકરણના પ્રભાવ હેઠળ ગામડાંઓ તૂટી રહ્યાં છે. ગામડાના લોકોનું શહેર તરફનું પ્રયાણ વધી રહ્યું છે. જેના પરિણામે આજે ખેતીની દુર્દશા છે. પશુપાલન કરતાં માલધારીઓનું પ્રમાણ ઘટી રહ્યું છે. આ તૂટતાં ગામડાને બચાવવા માટે શું કરી શકાય તે અંગે વિચારણાં કરવી જરૂરી છે. હાલ પણ ગ્રામીણક્ષેત્રે નાની-મોટી ઘણી પ્રવૃત્તિઓ થઈ રહી છે. આ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું જરૂરી છે. મારી આસપાસ ઉત્પન્ન થતી નાની-મોટી ચીજવસ્તુઓનો જ વપરાશ કરવાનો આગ્રહ રાખીશ તો ગ્રામ્ય ક્ષેત્રે નાના-મોટાં જે કંઇ ઉદ્યોગધંધા ચાલી રહ્યાં છે તેને સ્થાનિક સ્તરે રોજગારી મળી રહેશે. જેથી સમુદાયનાં આ વર્ગને રોજગારી માટે અન્ય જગ્યાએ નહીં ભટકવું પડે અને તે રીતે આપણાં ગામડાનાં અર્થતંત્રને ટકાવી શકાશે.

## 3.12 પ્રવૃત્તિ (Activity) કરો.

### પ્રવૃત્તિ-01

ગ્રામોદ્યોગની ઉપયોગિતા અંગે ગાંધીજીના વિચારો સમજવાં. આ અંગે જરૂરી સાહિત્યનું અધ્યયન કરી ગ્રામોદ્યોગની ઉપયોગિતા અંગેની નોંધ તૈયાર કરો.

### પ્રવૃત્તિ-02

'ગૃહ ઉદ્યોગો અને ગ્રામોદ્યોગોની ઉપયોગિતા સમાજમાં આજે પણ છે' - ગાંધીજીના આ વિધાનની વર્તમાન સમયમાં યથાર્થતા ચકાશો. એક સામાજિક કાર્યકર તરીકે તમે શું માનો છો ? સ્પષ્ટ કરો.

### પ્રવૃત્તિ-03

આપણાં ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં જાણીતા અર્થશાસ્ત્રીઓના વિચારો ઈન્ટરનેટના માધ્યમથી જાણકારી પ્રાપ્ત કરો.

## 3.13 સંદર્ભગ્રંથ

1. Das Kapital - by Karl Marx
2. Capitalism and freedom - by Milton Friedman
3. Dynamics of the mixed economy - by Sanford Ikeda

# એકમ–4 આર્થિક પદ્ધતિઓ સાથે સંકળાયેલ સમસ્યાઓ

## : એકમનું માળખું :


**4.1 એકમ પરિચય**

**4.2 મૂડીવાદની મર્યાદાઓ**

**4.3 સમાજવાદની મર્યાદાઓ**

**4.4 મિશ્ર અર્થતંત્રની મર્યાદાઓ**

**4.5 ઉપસંહાર**

**4.6 તમારી પ્રગતિ ચકાસો**

**4.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**4.8 ચાવીરૂપ શબ્દો**

**4.9 સ્વાધ્યાય લેખન**

**4.10 વૈયક્તિક અધ્યયન**

**4.11 પ્રવૃત્તિ**

**4.12 સંદર્ભગ્રંથ**


## 4.1 એકમ પરિચય

વિવિધ આર્થિક પદ્ધતિઓ વિભિન્ન પ્રકારની ત્રુટીઓ(સમસ્યાઓ) ધરાવે છે. આ એકમમાં આપણે મૂડીવાદ, સમાજવાદ અને મિશ્ર અર્થતંત્રની જુદાં જુદાં પ્રકારની સમસ્યાઓ વિશે જાણકારી મેળવીશું.

### 4.1.1 એકમના ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે નીચે મુજબની જાણકારી મેળવશો.

1. મૂડીવાદી અર્થતંત્રની સમસ્યાઓ

2. સમાજવાદી અર્થતંત્રની સમસ્યાઓ

3. મિશ્ર અર્થતંત્રની સમસ્યાઓ

## 4.2 મૂડીવાદની મર્યાદાઓ

મૂડીવાદી અર્થતંત્રની અનેક સિદ્ધિઓ છે તેમ તેની અનેક ગણી મર્યાદાઓ પણ છે. આ દૂષણરૂપી મર્યાદાઓ એટલી ભયંકર છે કે દૂષણોમાં જ બધી સિદ્ધિઓ નિર્મૂલ થઈ જાય છે. મૂડીવાદી અર્થતંત્રની આવી નબળાઈઓ નીચે મુજબ છે.

### 4.2.1 હરીફાઈને કારણે સાધનોનો બગાડ

વાસ્તવમાં દરેક પ્રકારના અર્થતંત્રમાં અમુક પ્રમાણમાં બગાડ થતો જ હોય છે; પરંતુ, મૂડીવાદમાં હરીફાઈને કારણે સાધનોનો વિશેષ બગાડ(દુર્વ્યય) થાય છે. કોઈપણ અર્થતંત્રમાં દેશના બધા જ સાધનોનો સંપૂર્ણ ઉપયોગ શક્ય નથી પણ, મૂડીવાદમાં આવો બગાડ મોટા પ્રમાણમાં હરીફાઈના બળોના અસ્તિત્વને કારણે થાય છે. મૂડીવાદમાં ભાવતંત્ર ઉત્પાદન પ્રક્રિયાને પ્રોત્સાહન પૂરું પાડે છે, તેથી ઉત્પાદકો એવી વસ્તુઓનું ઉત્પાદન થાય છે. આમ, સાધનોનો યોગ્ય ઉપયોગ ન થતાં

બગાડ થાય છે. મૂડીવાદમાં હરીફ ઉત્પાદકો પોતાના ગ્રાહકોને આકર્ષવા જાહેરાતો અને વિવિધ વેચાણ પદ્ધતિઓ પાછળ મોટા પ્રમાણમાં ખર્ચ કરે છે. જેમાંથી ઘણી જાહેરાતો ગ્રાહકોને ખોટી રીતે અને ગેરમાર્ગે દોરનારી હોય છે. તેથી તે અનુત્પાદકીય છે તેમ કહી શકાય. આવો ખર્ચ સામાજિક દુર્વ્યય બની રહે છે. જો ઉત્પાદકો વચ્ચે હરીફાઈ ન થતી હોત તો આ બધાં ખર્ચા બચાવી બચત ઊભી કરી શકાઈ હોત; પરંતુ, મૂડીવાદમાં આવી હરીફાઈ થવી પણ અનિવાર્ય જ હોય છે.

### 4.2.2 ઓછી કાર્યક્ષમતા

અર્થતંત્રમાં જયારે ઉત્પાદનનાં સાધનોનો મહત્તમ ઉપયોગ થતો હોય ત્યારે જ તે અર્થતંત્ર સંપૂર્ણ કાર્યક્ષમ ઉપયોગ થતો હોય ત્યારે જ તે અર્થતંત્ર સંપૂર્ણ કાર્યક્ષમ છે તેમ કહેવાય; પરંતુ, મૂડીવાદી અર્થતંત્રમાં આવી કાર્યક્ષમતા શક્ય બનતી નથી; કારણ કે, મૂડીવાદી અર્થતંત્રમાં દરેક ઉત્પાદક પોતાના ક્ષેત્રમાં સ્વતંત્ર હોવાથી વધુને વધુ નફો મેળવવા કોશિશ કરે છે. હજારો સ્વતંત્ર ઉત્પાદકો વચ્ચે કોઈપણ જાતના સંકલનના અભાવે ઉત્પાદન ઈષ્ટકક્ષા કરતાં ઘણું વધી જાય છે. પરિણામે દરેક ઉત્પાદક ઉત્પાદનનું વિપુલ પ્રમાણ સર્જે છે. જેનો ભરાવો બજારોમાં થાય છે. અને છેવટે કિમતો ઘટવા લાગે છે. ક્યારેક તો કિંમતો એટલા હદે ઘટી જાય છે કે પેઢીઓને નુકસાનના કારણે ઉત્પાદન કાર્ય બંધ કરવું પડે છે; પરંતુ જો, આ પેઢીઓનું પહેલેથી જ આયોજન કરવામાં આવ્યું હોય તો આવી નિષ્ફળતાઓ ટાળી શકાય છે. મૂડીવાદ એ બિન આયોજિત અર્થતંત્ર હોવાથી આવી સમસ્યા ટાળી શકાતી નથી.

### 4.2.3 વ્યક્તિગત હિત

મૂડીવાદમાં દરેક વ્યક્તિ પોતાના વ્યક્તિગત હિતને ધ્યાનમાં રાખીને જ પ્રવૃત્તિ કરે છે. સામાજિક કલ્યાણની કોઈ ચિંતા કરતું નથી. ઉત્પાદકો સામાજિક દ્રષ્ટિએ ઇચ્છનીય હોય કેન હોય પણ વ્યક્તિગત રીતે અમુક ધંધાકીય પ્રવૃત્તિઓ લાભકારક હોય તો તેવી પ્રવૃત્તિઓ અચૂક કરે છે. અર્થતંત્રમાં બેકારીનું પ્રમાણ કેટલું છે તેની દરકાર કર્યા વિના પોતાને ફાયદો થાય તેમ હોય તો તેવાં યંત્રો કે ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ પેઢી કરે છે. જેના કારણે બેકારીમાં વધારો થાય છે. વસ્તુની અછત ઊભી કરીને પણ જો પોતાનું હિત જળવાતું હોય તો તેમ કરવાની વ્યક્તિને મૂડીવાદ છૂટ આપે છે.

### 4.2.4 માનવકલ્યાણ વિરુદ્ધ આર્થિક કલ્યાણ

આર્થિક પ્રવૃત્તિનો મુખ્ય હેતુ માનવ કલ્યાણનો હોય છે. પરંતુ, મૂડીવાદમાં નિયોજકો જે નિર્ણયો લે છે તે મુખ્યત્વે આર્થિક અંદાજો તેમજ વર્તમાન ગણતરીઓ પર આધાર રાખે છે. મૂડીવાદમાં દરેક વસ્તુનું અને વ્યક્તિનું મૂલ્ય નાણાંના પ્રમાણથી જ માપવામાં આવે છે. દરેક ઉત્પાદન પ્રક્રિયા કિંમત, ખર્ચ, આવક, નફો વગેરે સ્વરૂપમાં માપવામાં આવે છે. આ બધી બાબતો નાણાંકીય કે આર્થિક છે જેનો માનવકલ્યાણ સાથેખૂબ ઓછો સંબંધ હોય છે. મૂડીવાદી અર્થતંત્રમાં ઉત્પાદન નફાના હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવતું હોવાથી તમામ પ્રવૃત્તિઓ એવી કરવામાં આવે છે જેમાં નફો મળે. આ નફાની ગણતરીમાં માનવ હિત કે કલ્યાણને ધ્યાનમાં લેવામાં આવતું નથી. જો ઉત્પાદકોને એમ લાગે કે મોજશોખની વસ્તુઓનું ઉત્પાદન કરવું વધારે નફાકારક છે તો તેઓ એવી વસ્તુઓનું ઉત્પાદન કરશે પછી ભલે જીવન જરૂરિયાતની વસ્તુઓની તીવ્ર અછત પ્રવર્તતી હોય.

આવા અર્થતંત્રમાં નાણાંકીય ખર્ચ લઘુત્તમ થાય તેવી ઉત્પાદન પ્રક્રિયા કે યંત્રો તથા સીમિત કુદરતી સાધનોનો જ ઉપયોગ કરવામાં આવે છે નિયોજકોના નિર્ણયો વખતે નાણાંકીય નફાની

સરખામણીમાં ગ્રાહકોને શું લાભ-ગેરલાભ થશે તેની કોઈ ગણતરી કરવામાં આવતી નથી. શું ઉત્પાદન કરવું, કેટલું ઉત્પાદન કરવું, કેવી રીતે ઉત્પાદન કરવું એ વિશેના નિર્ણયો કરતી વખતે લોકકલ્યાણના ખ્યાલોની અવગણના કરવામાં આવે છે, દરેક ઉત્પાદક કે નિયોજક મહત્તમ નફાને જ દ્રષ્ટિમાં રાખે છે અને સમાજકલ્યાણની ચિંતા કરવામાં આવતી નથી. આ અર્થતંત્રમાં નફો મહત્તમ કરવા ગ્રાહકોનું જ નહીં પણ શ્રમિકોનું પણ શોષણ કરવામાં આવે છે. ઓછું વેતન, વધુ કામના કલાકો, અમાનવીય પરિસ્થિતિઓ, અસલામતી વગેરે મૂડીવાદી અર્થતંત્રમાં શ્રમિકોની સ્થિતિને વિકટ બનાવે છે.

### 4.2.5 આર્થિક અસમાનતા

મૂડીવાદમાં આર્થિક અસમાનતા સ્વાભાવિક છે. ખાનગી મિકાત, આર્થિક સ્વતંત્રતા, વારસા હક્ક, મુક્ત હરીફાઈ અને બજારતંત્ર જેવી મૂડીવાદી સંરચનાઓ ને કારણે આવતી અસમાનતા આ પ્રકારની હોય છે. આવી સંરચનાઓથી ધનવાન વધુ ધનવાન બને છે અને ગરીબો વધુ ગરીબ બને છે. તેમની વચ્ચેનો ગાળો મોટો થયા કરે છે. મૂડીવાદ સંપત્તિની સમાન વહેંચણી કરવામાં નિષ્ફળ ગયેલ છે. પરિણામે સમાજમાં ધન કુબેરો અને ભૂખમરાથી લાગણીથી જીવતા લોકો અસ્તિત્ત્વ ધરાવે છે. બજારનું અસ્તિત્ત્વ એ તો અસમાનતા માટે સીધે સીધું જવાબદાર પરિબળ છે. તેમાં સીમિત વસ્તુઓ કે સાધનોના માલિક હોય તેમને પ્રમાણમાં વધુ આવક મળે છે. અને આવે સાધનો બહુ ઓછા લોકો પાસે હોય છે તેથી આર્થિક અસમાનતા પેદા થાય છે. આવી અસમાનતા નૈતિક, રાજકીય તથા આર્થિક દ્રષ્ટિએ અનિચ્છનીય છે; કારણ કે, તેના ઘણાં ભયંકર પરિણામો આવે છે.

મૂડીવાદમાં ખાનગી મિલકત અને વારસા હક્કની પદ્ધતિને લીધે આવી અસમાનતા ઘેરી બને છે અને પેઢી દર પેઢી ચાલ્યા કરે છે. ધનવાન કુટુંબમાંથી આવતી વ્યક્તિને પ્રારંભથી જ પ્રમાણમાં ઓછી આવકવાળા કુટુંબની વ્યક્તિ કરતાં વધુ લાભ મળે છે. શ્રીમંત લોકો પોતાના સંતાનોને વારસામાં જ અઢળક સંપત્તિ આપે છે. જેના કારણે સમાજનો એક વર્ગ કોઇપણ જાતની કાર્યક્ષમતા ધરાવતો ન હોવા છતાં પણ માત્ર શ્રીમંત કુટુંબમાં જન્મ પામવાને કારણે જ શ્રીમંત બની જાય છે. જયારે એ જ સમાજનો બીજો વર્ગ ગમે તેટલી કાર્યક્ષમતા ધરાવતો હોવા છતાં કેવળ એક અંધારી ઓરડીમાં જન્મ પામવાને કારણે મૃત્યુ સુધી ગરીબ જ રહે છે. વારસા હક્કની આ પ્રણાલી જ આવકની અસમાનતાના મૂળમાં રહેલી છે અને તેમાંથી તકની અસમાનતા પેદા થાય છે. જ્યાં સુધી ઉત્પાદનના સાધનોની માલિકી અને વ્યવસ્થા ખૂબ ઓછા એવા મૂડીપતિઓના હાથમાં રહેશે અથવા જ્યાં સુધી મુક્ત બજારો, ખાનગી મિલકત અને વારસા અધિકાર મૂડીવાદના અભિન્ન અંગો રહેશે ત્યાં સુધી ધનવાન અને ગરીબ વચ્ચેનું અંતર કદાપિ ઓછું થઇ શકશે નહીં.

### 4.2.6 અપૂરતી રોજગારી

મૂડીવાદમાં દેશના સાધનો, મૂડી તથા શ્રમનો મોટા પાયે બગાડ થાય છે અને રાષ્ટ્રીય આવક મહત્તમ ધોરણ કરતાં નીચી રહે છે. મોટા પ્રમાણમાં બેકારીને લીધે નૈતિક, સામાજિક, રાજકીય અને આર્થિક એવા માઠાં પરિણામો આવે છે. લોકોને ફરજિયાત બેકાર રહેવું પડે છે અને બેકારી સામે કોઇપણ પ્રકારનું રક્ષણ મળતું નથી. મૂડીવાદમાં વિવિધ પ્રકારની બેકારીનું સ્વરૂપ બિનઆયોજિત અર્થતંત્રને કારણે જોવા મળે છે. મૂડીવાદમાં વપરાશ, બચત, મૂડીરોકાણ વગેરેને અસર કરતાં લાખો નિર્ણયો સ્વતંત્ર વ્યક્તિઓ અને પેઢીઓ દ્વારા મુક્ત રીતે લેવામાં આવે છે. આ નિર્ણયો લેવામાં ભાવ પદ્ધતિ તેમને સહાય કરે છે. પરંતુ, વાસ્તવમાં ભાવ પદ્ધતિ આ બધી દિશાઓમાં પગલાં લેવામાં અને તેમની બરાબર ગોઠવણ કરવામાં યોગ્ય માર્ગદર્શક સાબિત થતી

નથી. વળી, નિર્ણયોમાં અસંખ્ય ગંભીર ખોટી ગણતરીઓ થવાની શક્યતા છે કારણ કે સમગ્ર યોજના લાખોવ્યક્તિગત એકમોના નિર્ણયો પર આધારિત છે.

### 4.2.7 ઈજારાશાહી

મૂડીવાદની કાર્યક્ષમતાનો આધાર મુક્ત હરીફાઈ અને ઉત્પાદનના સાધનોની ગતિશીલતાના અસ્તિત્ત્વ પર રહેલો છે. પરંતુ વ્યવહારમાં ઇજારાશાહીનો વિકાસ થયો છે. પોતાનો નફો વધારવાની ઇચ્છાને લીધે હરીફાઈ કરતી આ પેઢીઓ હરીફાઈને નાબૂદ કરવા તનતોડ પ્રયાસકરે છે. ઈજારો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એમ બે પ્રકારે પસંદગીના ક્ષેત્રોમાં સ્થપાય છે. મોટા એકમો દ્વારા નાના એકમોને ક્રમશઃ અને સતત રીતે હરાવવાનું વલણ એ આ આર્થિક પદ્ધતિનું એક વિશિષ્ટ લક્ષણ છે. ઈજારાશાહીને કારણે વ્યક્તિની સ્વતંત્રતાનો અંત આવે છે અને સમગ્ર અર્થતંત્ર પરખૂબઓછા લોકોનો અંકુશ આવે છે. જેના કારણે આર્થિક અસમાનતામાં વધારો થાય છે. બેકારી વધે છે અને શ્રમિકો તથા ગ્રાહકોનું શોષણ થાય છે. ઈજારદાર મહત્તમ નફો મેળવવા પ્રયાસ કરે છે અને તે માટે તે પુરવઠા ઉપર કૃત્રિમ અંકુશો લાવે છે. અને તે દ્વારા ભાવ વધારવાના પ્રયાસો કરે છે. ઇજારશાહીમાં નફાકારકતા અને ઉત્પાદકતા વચ્ચેનો સંબંધ જળવાતો નથી, આવી પદ્ધતિ ખૂબ જ ખર્ચાળ અને દેશના સાધનોનો શક્ય તેટલા પ્રમાણમાં ઉપયોગ કરવામાં નિષ્ફળ જાય છે.

## 4.3 સમાજવાદની મર્યાદાઓ

સમાજવાદના ઘણાં લાભ સાથે મર્યાદાઓ પણ સંકળાયેલ છે. આ મર્યાદાઓ નીચે મુજબ છે.

### 4.3.1 અમલદારશાહી

સમાજવાદી અર્થતંત્રમાં યોજનાના ઘડતર અને અમલના કાર્યમાં કર્મચારીઓને રોકવા પડે છે. આવા કર્મચારીઓના પગાર અને શક્તિનો મોટા પ્રમાણમાં દુર્વ્યય થાય છે. જ્યારે મૂડીવાદી અર્થતંત્રમાં આ બધું આપો આપ નફાના આશયથી થયા કરે છે. તેની બીજી તરફ અમલદારો એવું માને છે કે પોતાની પાસે બહુ શક્તિશાળી મગજ છે અને કલ્પના શક્તિ છે. તેથી તેઓ પોતાને બજાર અને લોકશાહીના અંકુશોથી મુક્ત ગણે છે. આ ઉપરાંત અમલદાર શાહી હંમેશા સરમુખત્યારશાહી પ્રકારની હોય છે અને તે આર્થિક યોજનાઓના અમલમાં ઘણી શિથિલ હોય છે.

સમાજવાદમાં બધા ઉદ્યોગો સરકારી હોય છે તેથી તેના વ્યવસ્થાપકો અને સંચાલકો પણ સરકારી હોય છે. આ અર્થતંત્રમાં ઉદ્યોગોનો મુખ્ય ઉદ્દેશ નફો મેળવવાનો હોતો નથી. મૂડીવાદમાં નિયોજકનો મુખ્ય હેતુ નફો મેળવવાનો હોય છે. તેથી તેને મળતા નફાનો આધાર તેની કાર્યક્ષમતા, શ્રમ, દીર્ઘદ્રષ્ટિ અને કુશળતા પર રહેલો છે. જ્યારે સમાજવાદમાં તો નફાનો હેતુ નહીં હોવાથી કાર્યક્ષમતા સાથે તે સંકળાયેલ હોતું નથી. પરિણામે અમલદારો અને કર્મચારીઓને પોતાના વેતનો નિશ્ચિત અને નિયમિત પણે મળી રહે છે. અને સમયાનુસાર તેમાં વધારો પણ થાય છે. ઉત્પાદનકાર્યમાં કાર્યક્ષમતા અને કુશળતા નહીં પણ સિનિયોરિટીને આધારે બઢતી થાય છે. જાહેરક્ષેત્રમાં કામ કરતાં કર્મચારીઓ અને અમલદારો જાહેર ટીકાઓથી બચવા કદી પણ હિંમતભર્યાઅને સાહસિક પગલાં લેતાં નથી. જેના પરિણામે જ્યાં ઝડપી નિર્ણયો જરૂરીપણે લેવાના હોય તેવા વ્યવસાયોમાં તેઓ નિષ્ફળ જાય છે.

### 4.3.2 ઉત્પાદનમાં નિરુત્સાહપણું

સમાજવાદમાં ખાનગી નફાનો આશય હોતો નથી. અને ખાનગી મિલકતની સ્વતંત્રતા હોતી નથી. સરકારી ઉદ્યોગોનું સંચાલન કરનાર અધિકારો પણ વેતનધારક હોય છે. જેથી વધુમાં વધુ

નફો મળે એ માટે વધુ પ્રયત્ન કરવાનું ઉત્તેજન રહેતું નથી. પરિણામે સમાજવાદમાં રાષ્ટ્રીય ઉત્પાદન મહત્તમ કરવા માટે ન તો શ્રમિકોને કોઈ પ્રેરણા હોય છે કે ન કોઈ પ્રોત્સાહન, સહકારી એકમોમાં કાર્યક્ષમતા, પ્રારંભવૃત્તિ, સાધન સભરતા અને જોખમ લેવાની વૃત્તિનો અભાવ હોય છે. જ્યારે મૂડીવાદમાં ખાનગી મિલકતનો અધિકાર હોવાથી વ્યક્તિને આર્થિક બાબતોમાં પોતાની ઈચ્છા મુજબ નિર્ણયો લેવાની સ્વતંત્રતા મળે છે. પરિણામે તેને વ્યક્તિગત સાહસ અને મૌલિક્તાના વિકાસ માટેની વધુ તક મળે છે. ટૂંકમાં, મૂડીવાદમાં માલિકો અને શ્રમિકોને વિવિધ પ્રકારના પ્રોત્સાહનો મળતા હોવાથી સમાજ પ્રગતિશીલ અને વિકસિત બને છે જ્યારે સમાજવાદમાં આ પ્રકારના પ્રોત્સાહનોનો અભાવ હોય છે. તેથી સમાજ સ્થગિત થઈ જાય છે અને મૌલિક્તાનો અંત આવે છે.

### 4.3.3 રાજકીય અને આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ

સમાજવાદમાં ગ્રાહકનું સાર્વભૌમત્વ, વ્યવસાયનું સ્વાતંત્ર્ય અને રોજગારીની પસંદગીની સ્વતંત્રતાનો ભોગ લેવામાં આવેછે. પણ એ વાત પણ સાચી છે કે સમાજવાદમાં એક વ્યક્તિ દ્વારા બીજી વ્યક્તિનું શોષણ કરવામાં આવતું નથી અને રાજ્ય દ્વારા વ્યક્તિનું મોટા પ્રમાણમાં શોષણ થાય છે. સમાજવાદી અર્થતંત્ર આયોજિત હોવાથી તેમજ આર્થિક પ્રવૃત્તિઓ ઉપર રાજ્યનો અંકુશ અને માર્ગદર્શન હોવાથી સમાજવાદી અર્થતંત્રમાં રાજ્યના હાથમાં ઘણી સત્તા કેન્દ્રિત થાય છે. વ્યક્તિની પસંદગીની અને વ્યવસાય પસંદગીની સ્વતંત્રતા નાશ પામે છે. ઉત્પાદનના સાધનો અને શ્રમિકોને માર્ગદર્શન આપવાનું અને ચોક્કસ કાર્યમાં વાળવાનું કામ રાજ્ય કરે છે. શ્રમિકોને આયોજન સત્તાવાળાઓએ સોંપેલ કાર્યમાં તેમની મંજૂરી વિના કોઈ ફેરફાર થઈ શકતો નથી.

સમાજવાદમાં રાજ્યનો વિરોધ અશક્ય હોય છે તેમજ રાજ્ય સામે અસહકાર પણ કરી શકતો નથી; કારણ કે, તેમ કરવું એટલે સરકારને પડકારવું, પોતાના અસ્તિત્ત્વ માટે રાજ્ય તરફની વફાદારી વ્યક્તિ માટે અગત્યની શરત છે. આમ, સમાજવાદનો સૌથી મોટો ગેરલાભ એ છે કે, રાજ્યના હાથમાં આર્થિક અને રાજકીય સત્તાઓના કેન્દ્રીકરણને લીધે સ્વતંત્રતા અને આઝાદીનો નાશ થાય છે. માટે જ પ્રો.હાયકે કહે છે કે, "સમાજવાદ એટલે ગુલામીનો માર્ગ."

### 4.3.4 ભાવતંત્રની ગેરહાજરી

સમાજવાદી અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનો ઉપર સમાજની માલિકી હોવાથી તેમની ખરીદી અને વેચાણ માટેનું બજાર હોતું નથી. જેથી તેની કિંમત નક્કી થઈ શકતી નથી. મુક્ત અને સ્પર્ધાત્મક ભાવોની ગેરહાજરીમાં વસ્તુના ઉત્પાદન અને ખર્ચની ગણતરી થઈશકતી નથી. પરિણામે કઈ-કઈ વસ્તુઓનું ઉત્પાદન કરવું અને કેટલાં પ્રમાણમાં ઉત્પાદન કરવું તે નક્કી કરવું મુશ્કેલ બને છે. સમાજવાદી અર્થતંત્રમાં ભાવતંત્રની ગેરહાજરીના કારણે આર્થિક ગણતરીઓ થઈ શકતી નથી અને ઉત્પાદનના સાધનોની બુદ્ધિયુક્ત ફાળવણી થઇ શકતી નથી જેના પરિણામે સાધનોનો દુર્વ્યય થાય છે.

## 4.4 મિશ્ર અર્થતંત્રની મર્યાદાઓ(ખામીઓ)

મૂડીવાદ અને સમાજવાદની જેમ મિશ્ર અર્થતંત્રને પણ ઘણી મર્યાદાઓ નડે છે. આ મર્યાદાઓનું વર્ણન નીચે મુજબ છે.

### 4.4.1 આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ

રાષ્ટ્રીયકરણ દ્વારા સર્જાતા જાહેરક્ષેત્રો રાજ્યની ઈજારાશાહી પેદા કરે છે. આવા રાષ્ટ્રીયકરણથી આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ થાય છે અને એક પ્રકારની સરમુખત્યારશાહી આકાર લે છે. અર્થતંત્રનો મોટો ભાગ રાજ્યની માલિકી અને અંકુશ હેઠળ આવે ત્યારે ગ્રાહકને કોઈ સ્વતંત્રતા કે પસંદગી

મળતાં નથી. રાજ્ય જે પ્રકારની અને જેટલી વસ્તુઓનું ઉત્પાદન કરે છે તે પ્રકારની અને તેટલી જ વસ્તુઓ ગ્રાહકને ખરીદવી પડે છે. આમ, ગ્રાહકની સર્વોપરિતાનો અંત આવે છે.

### 4.4.2 અમલદારશાહી

ઉદ્યોગોના સંચાલનની જવાબદારી વેતનધારી અમલદારોના હાથમાં આવે છે. આવા અમલદારો કોઈ સંચાલન શક્તિ કે તાલીમ પામેલા હોતા નથી. તેઓ કોઈ પ્રકારના ધંધાકીય સિદ્ધાંતો અગર જાણતા નથી કે પાલતા નથી. તેમને ઉદ્યોગના સંચાલન કરતાં પોતાના વેતન અને બઢતીમાં જ વધુ રસ હોય છે. ખાનગી નિયોજકોની જેમ ઉત્પાદન વધારવા કે દુર્વ્યય અટકાવવા તેઓ તત્પરતા દાખવતા નથી. જેનું કારણ એ છે કે ઉદ્યોગ નફો કરે કે ખોટ તેઓને તેમનું વેતન, ઈજાફો, બઢતી સમયાનુસાર મળ્યા કરે છે. આવા વલણને પરિણામે જાહેરક્ષેત્રના ઉદ્યોગો બિનકાર્યક્ષમ, લાગવગ ભર્યા અને માત્ર અમલદારશાહીને વરેલાં જોવા મળે છે જેથી સમાજને ખૂબ નુકસાન વેઠવું પડે છે.

### 4.4.3 ઈજારાશાહીનાકારણો

જાહેરક્ષેત્રના ઉદ્યોગોમાં નફાનો હેતુ નહીં હોવાથી તેની કાર્યક્ષમતા મુલવવી ઘણી મુશ્કેલ છે. રાષ્ટ્રીયકરણ થી રાજ્યની ઈજારાશાહી અસ્તિત્ત્વમાં આવે છે. પરિણામે તેને કોઈ ઉદ્યોગ સાથે હરીફાઈમાં ઉતરવું પડતું નથી. જેના કારણે તેને આધુનિક ઉત્પાદન પદ્ધતિઓ અમલમાં મૂકવાની જરૂરી ઊભી થતી નથી આ ઉપરાંત તે નવીન પ્રયોગો અને સંશોધનો પર ખાસ ધ્યાન આપતું નથી. અને મોટા ભાગે જૂની-પુરાણી જડ પદ્ધતિ પ્રમાણે ઉત્પાદન થાય છે. એટલું જ નહીં, જે લાભ ખાનગી એકમોને નથી મળતા તેવા લાભ આ એકમો મેળવે છે. દા.ત. કેટલીક વખત તેઓને જમીન મફત કે ઓછા ભાવે મળે છે. સરકારનો સાથ હોવાથી તેઓ સારી શરતોએ બજારમાંથી નાણાં ઉપાડી શકે છે. જેથી તેઓનું ખર્ચ ઓછું આવે છે. આમ, આવા પ્રકારના દૂષણોને કારણે ખાનગી ક્ષેત્ર નિરૂત્સાહી બને છે.

### 4.4.4 જાહેરક્ષેત્રના એકમોનું સંચાલન

જાહેરક્ષેત્રના ઉદ્યોગોના સંચાલન અને ભાવનીતિમાં ખાનગીક્ષેત્રની સરખામણીમાં મોટો તફાવત જોવામાં આવે છે. ઘણીવાર આવા ઉદ્યોગોનું સંચાલન રાજકીય મતોને આધારે ચૂંટાયેલા મંડળો દ્વારા થાય છે. આ ચુંટણીના મતદારોમાં ઉદ્યોગના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. જેનું પરિણામ એ આવે છે કે સંચાલક મંડળને પોતાનું કાર્ય માત્ર ધંધાકીય ગણતરીઓ ઉપરાંત રાજકીય બાબતોને અનુલક્ષીને કરવું પડે છે. આવી કોઈ પરિસ્થિતિ ખાનગી ક્ષેત્રના સંચાલનમાં જોવા મળતી નથી.

### 4.4.5 નિર્ણયમાં વિલંબ

કોઇપણઉદ્યોગની કાર્યક્ષમતાનો આધાર તેના ત્વરીત નિર્ણયો પર રહેલો છે. જાહેરક્ષેત્રના અમલદારો ત્વરીત અને સ્વતંત્ર નિર્ણયો લઇ શકતા નથી. જેના પરિણામે ઉદ્યોગની કાર્યક્ષમતા જોખમાય છે. જાહેરક્ષેત્રના સંચાલનમાં અમલદારો કોઈ જોખમ લેવા તૈયાર હોતા નથી કારણ કે જો જોખમ ઉપાડતા નિષ્ફળતા મળે તો ઘણાં રાજકીય પ્રત્યાઘાતોનો સામનો કરવો પડી શકે છે અને આવા ઉદ્યોગો રાજકીય પક્ષોની ટીકાને પાત્ર બને છે. આમ, જાહેરક્ષેત્રોમાં જરૂરી નિર્ણયો લેવામાં થતાં વિલંબને કારણે નીચી નફાકારકતા જોવા મળે છે.

## 4.5 ઉપસંહાર :

ઉપરોક્ત સમગ્ર ચર્ચા પરથી વિવિધ આર્થિક પદ્ધતિઓ વિશે સમગ્ર હકીકત સ્પષ્ટ થાય છે. જેમાં આપણે મૂડીવાદ, સમાજવાદ, મિશ્ર અર્થતંત્ર અને ગાંધીવાદી આર્થિક વિચારોની વૈવિધ્યતા જાણવા મળે છે. આ તમામ અર્થતંત્રોના લક્ષણો, ઐતિહાસિક સ્વરૂપો ઉપરાંત તેમની સિદ્ધિઓ અને મર્યાદાઓ

વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. જે દેશની વિચારસરણી અનુસાર અર્થતંત્રની પદ્ધતિની પસંદગીમાં ખૂબ ઉપયોગી સાબિત થાય છે. આર્થિક પદ્ધતિની યોગ્ય પસંદગીના આધારે દેશના વિકાસની ગતિ નભે છે. આ ઊંડા અભ્યાસ બાદ જ કોઈ આર્થિક પદ્ધતિની પસંદગી કરવી યોગ્ય ગણાય છે. જેના માટે ઉપરોક્ત ચર્ચા ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

## 4.6 તમારી પ્રગતિ ચકાસો

1. મૂડીવાદમાં દરેક વ્યક્તિ .......... ને ધ્યાનમાં રાખીને પ્રવૃત્તિઓ કરે છે ?

   (A) સમાજનું હિત (B) દેશનું હિત

   (C) વ્યક્તિગત હિત (D) વિશ્વનું હિત

2. કયા પ્રકારની અર્થવ્યવસ્થામાં બધા ઉદ્યોગો સરકાર હસ્તક હોય છે ?

   (A) મૂડીવાદી (B) સમાજવાદી

   (C) મિશ્ર અર્થતંત્રમાં (D) લોકશાહી શાસનમાં

3. 'સમાજવાદ એટલે ગુલામીનો માર્ગ' એમ કયા વિદ્વાને કહ્યું છે ?

   (A) પ્રો. હાયકે (B) પ્રો. બોહેમ

   (C) જ્યોર્જ વિલીયમ (D) જહોન લેક્સી

4. ........... થી રાજ્યની ઈજારાશાહી અસ્તિત્વમાં આવે છે ?

   (A) રાષ્ટ્રીયકરણ (B) બજારીકરણ

   (C) શહેરીકરણ (D) ઉદ્યોગીકરણ

5. દેશના વિકાસની ગતિ કોના ઉપર નિર્ભર છે ?

   (A) આર્થિક મંદી (B) આર્થિક પદ્ધતિ

   (C) આર્થિક વિકાસ (D) આર્થિક વ્યવસ્થા

- **ટૂંકમાં જવાબ આપો.**

1. આર્થિક પ્રવૃત્તિનો મુખ્ય હેતુ શું છે ?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. મૂડીવાદમાં શેનો બગાડ થાય છે ?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

3. ઈજારાશાહીના કારણે કોનો અંત આવે છે ?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

4. સમાજવાદી અર્થતંત્રમાં ઉત્પાદનના સાધનોની માલિકી કોની હોય છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

5. 'દાસ કેપિટલ' નામનો ગ્રંથ કોણે લખ્યો છે ?

..............................................................................

..............................................................................

..............................................................................

6. મિશ્ર અર્થતંત્રની કોઈપણ બે મર્યાદા જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

7. સમાજવાદની કોઈપણ બે મર્યાદાઓ જણાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

## 4.7 તમારી પ્રગતિ ચકાસો

1. (C) વ્યક્તિગત હિત
2. (B) સમાજવાદી
3. (A) પ્રો. હાયકે
4. (A) રાષ્ટ્રીયકરણ
5. (B) આર્થિક પદ્ધતિ

- **ટૂંકમાં જવાબ આપોના જવાબો :**

1. માનવકલ્યાણ
2. મૂડી તથા શ્રમનો બગાડ
3. વ્યક્તિની સ્વતંત્રતાનો અંત
4. સમાજની માલિકી
5. કાર્લ માર્ક્સ
6. (1) આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ (2) અમલદાર શાહી (3) ઈજારાશાહી (4) જાહેર ક્ષેત્રના એકમોનું સંચાલન (5) નિર્ણય લેવામાં વિલંબ
7. (1) અમલદારશાહી (2) ઉત્પાદનમાં નિરુત્સાહપણું (3) રાજકીય અને આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ (4) ભાવતંત્રની ગેરહાજરી.

## 4.8 ચાવીરૂપ શબ્દોની સમજ

1. **કલ્યાણ :** આ શબ્દ સેવાભાવના હેતુ માટે વધારે વપરાય છે. અગાઉ કરતાં વધારે સારી સ્થિતિનો અનુભવ એટલે કલ્યાણ. વિશાળ અર્થમાં આ શબ્દનું પ્રયોજન થાય છે. દા.ત. માનવ કલ્યાણ, સમાજ કલ્યાણ.
2. **કિંમત :** વસ્તુ કે સેવાના બદલામાં ચૂકવાતા નાણાંકીય એકમનું પ્રમાણ એટલે કિંમત.
3. **મૂલ્ય :** વસ્તુ કે સેવાનું અન્ય વસ્તુ કે સેવાના પ્રમાણમાં વિનિમય મૂલ્ય.
4. **વસ્તુઓ :** માનવીની જરૂરિયાત સંતોષનાર ભૌતિક બાબતો.
5. **સંપત્તિ :** જે વસ્તુ ઉપયોગી હોય, અછતવાળી, વિનિમયપાત્ર હોય અને જેના પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે.
6. **ઈજારાશાહી :** વસ્તુનો એક જ વિક્રેતા હોય તેવું બજાર. અંગ્રેજીમાં તેને Monopoly કહેવામાં આવે છે.

## 4.9 સ્વાધ્યાય લેખન

**1. અપૂરતી રોજગારી અને ઈજારાશાહી જેવી મૂડીવાદની મર્યાદાઓ સમજાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**2. અમલદારશાહી અને ભાવતંત્રની સમાજવાદી સમસ્યાઓ સમજાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અને નિર્ણયમાં વિલંબ એવી મિશ્ર અર્થતંત્રની સમસ્યાઓ સમજાવો.

4. મૂડીવાદ વિશેના તમારા મંતવ્યો જણાવો.

5. સમાજવાદ વિશેના તમારા મંતવ્યો જણાવો.

**6. મિશ્ર અર્થતંત્ર વિશેના તમારા મંતવ્યો જણાવો.**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

**7. તમારા માટે ભારત માટેની યોગ્ય આર્થિક પદ્ધતિ કઈ છે ? શા માટે ?**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## 4.10 વૈયક્તિક અધ્યયન

### 1. આર્થિક વ્યવસ્થા થકી દેશનો સમતોલ વિકાસ.

આજકાલ વિકાસના વિવિધ મુદ્દાઓમાં સમતોલ વિકાસની વાત ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. સમતોલ વિકાસ એટલે એવો વિકાસ કે જેમાં સમાજના છેવાડાના સમુદાયનો વિકાસ થાય. સમાજનો છેવાડાનો વર્ગ વિકાસના ફળોથી વંચિત ન રહેવો જોઈએ. સમાજમાં મુઠ્ઠીભર લોકોનો વિકાસ થાય અને તેની સામે સમાજના વંચિતો, દલિતો અને ગરીબ વર્ગને ભૂખમરાની સ્થિતિનો સામનો કરવો પડે તે બરાબર નથી.

અહીં સવાલ એ થાય કે સમાજમાં વિકાસની આવી અસમાનતા કેમ ઊભી થાય છે ? તેની પાછળના કારણો દેખીતા છે. સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઓછું અને અજ્ઞાનતા વધારે છે જેના પરિણામે સમાજનો આ છેવાડાનો વર્ગ શોષણનો ભોગ બને છે તેમને પોતાના હક અને અધિકાર વિશેની સભાનતા ઓછી હોય છે. આ પ્રકારની પરિસ્થિતિનાં પરિણામે સમાજનો એક વર્ગ આર્થિક રીતે વધુને વધુ સદ્ધર બને છે અને સમાજનો એક વર્ગ આર્થિક રીતે નબળો બને છે. આમ, વિકાસની અસમતોલ સ્થિતિનું નિર્માણ થાય છે. સમાજમાં એક વર્ગ પાસે એટલી બધી સંપત્તિ છે કે તેના માટે કઈ-કઈ

વસ્તુઓની વપરાશ કરવી તે પ્રશ્ન છે. દા.ત. ભોજનની થાળી બધા જ પ્રકારના પકવાનથી ભરેલી છે. તેમાંથી કઈ વસ્તુ ખાવી તેની પસંદગીનો પ્રશ્ન છે. જ્યારે, સમાજનો એક વર્ગ એવો છે કે જેની પાસે ખાવા માટે અન્ન નથી કે પહેરવા માટે કપડાં નથી. આજે બપોરે થોડું ખાવા મળ્યું છે. તેઓ સાંજે શું ખાશે ? અથવા એક ચિંતા એ પણ છે કે તેમને સાંજનું ખાવાનું મળશે કે નહિ ? આ બરાબર નથી.

સમતોલ વિકાસમાં સમાનતાના મુદ્દા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. સમાજના છેવાડાના સમુદાયનો વિકાસ થાય તેમની પ્રાથમિક જરૂરિયાતોની પૂર્તિ થાય તે જ સાચો વિકાસ. સમતોલ વિકાસ અંગે તમે શું માનો છો ? આવો વિકાસ કઈ રીતે થઈ શકે ?

**2. રોજગારી અર્થે શહેરો તરફનું સ્થળાંતર કેટલું વ્યાજબી છે ?**

લીલાપુર નામનું એક સુંદર ગામ. ગામના નામ પ્રમાણે ના જ ગુણ. ગામમાં ચારેબાજું લીલોતરી. પૂરતાં પાણીની વ્યવસ્થા હતી પણ, ચિંતા અને દુઃખનું કારણ એ હતું કે ગામનાં કેટલાક ભણેલા યુવાનોએ નોકરી અર્થે શહેરમાં જવાની શરૂઆત કરી. શહેરમાં ઉદ્યોગોમાં નોકરી કરતા કેટલાંક યુવાનો પોતાના સાથી મિત્રોને શહેરમાં નોકરી માટે લઈ જવા લાગ્યા. પછી તો સમય જતાં એવું થયું કે ગામનાં મોટાભાગના યુવાનો ગામની બહાર. વડીલો કહેતા કે ગામમાં કોઈ સારું ભણેલો યુવાન નોકરી અર્થે બહાર જાય તે વ્યાજબી છે પરંતુ, જેઓ પાંચ-સાત ચોપડી ભણ્યાં હોય, જે લોકોને શહેરની નોકરીમાં સારો પગાર ન મળતો હોય તે લોકો પણ એકબીજાંની દેખા-દેખીથી શહેરમાં જાય છે તે બરાબર નથી. કેટલાંક યુવાનોને તો શહેરની આવકમાંથી ઘરનું ભરણપોષણ કરવું પણ મુશ્કેલ બની જાય છે. ગામની ખેતી કરવા કોઈ તૈયાર નથી અને બીજીબાજુ યુવાનો શહેર તરફ વધુને વધુ જઈ રહ્યૉં છે. તમે શું માનો છો ?

## 4.11 પ્રવૃત્તિ (Activity) કરો.

**પ્રવૃત્તિ-01**

આપણી ભારતીય અર્થવ્યવસ્થા મિશ્ર અર્થવ્યવસ્થા છે. આ અર્થવ્યવસ્થાના સંદર્ભે તમે શું માનો છો ? તમારાં વિચારોની નોંધ તૈયાર કરો.

**પ્રવૃત્તિ-02**

દુનિયાના વિવિધ દેશોમાં કયા પ્રકારની અર્થ વ્યવસ્થા છે તે અંગેની જાણકારી મેળવો અને તમારાં જૂથમાં વિવિધ અર્થ વ્યવસ્થા સંદર્ભે વિગતે ચર્ચા કરી નોંધ તૈયાર કરો.

**પ્રવૃત્તિ-03**

આપણે આર્થિક પદ્ધતિઓ અંગેની વિવિધ ચર્ચાઓમાં જુદાં-જુદાં પ્રકારની અર્થ વ્યવસ્થાઓનો અભ્યાસ કરેલ છે. આ વિવિધ અર્થવ્યવસ્થઆઓ પૈકી દુનિયાની શ્રેષ્ઠ અર્થ વ્યવસ્થા કઈ છે ? શા માટે ? તે અંગેના કારણોની નોંધ તૈયાર કરો.

## 4.12 સંદર્ભગ્રંથ


1. Das Kapital - by Karl Marx
2. Capitalism and freedom - by Milton Friedman
3. Dynamics of the mixed economy - by Sanford Ikeda

डॉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-103
# સામાજિક વિજ્ઞાનોનો પરિચય

વિભાગ

# 4

## ભારતીય રાજકીય પ્રથા


એકમ-1 પાયાના અને મહત્ત્વનાં રાજકીય ખ્યાલો

એકમ-2 લોકશાહીનો ખ્યાલ અને પ્રકારો

એકમ-3 લોકમત અને અસરકારક લોકમતના ઘડતર માટે જરૂરી બાબતો

**ISBN : 978-81-937666-2-0**


| **લેખક** | |
|---|---|
| **શ્રી મુકેશ ખટીક** | આસિસ્ટન્ટ પ્રોફેસર અને વિભાગીય વડા, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ. |
| **ડૉ. વિપીન મકવાણા** | આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. સી. જી. સાનન** | નિવૃત પ્રોફેસર અને વિભાગીય અધ્યક્ષ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

**ઘટક પરિચય :**

ભારતમાં નાગરિક તરીકે ભારતીય રાજકીય વ્યવસ્થા અથવા તો પ્રથાના પાયાના તેમજ મહત્ત્વના ખ્યાલો સમજવા જરૂરી છે. એટલે ભારતીય રાજકારણને સમજવું આપણા માટે ખૂબજ જરૂરી છે, જે આપણે આ ઘટકમાં સમજવાનો પ્રયત્ન કરીશું.

જેમાં આપ ભારતીય સરકારનો પ્રકાર, મૂળભૂત અધિકારો, સમવાયતંત્ર, પક્ષપ્રથા, ફરજો, રાજયનીતિમાં માર્ગદર્શક સિદ્ધાંતો, પ્રદેશવાદ, જ્ઞાતિવાદ વગેરે વિશે વિગતે જાણીશું.

ભારતીય રાજકારણની સામાન્ય સમજ મેળવીએ તો ભારત એ લોકશાહીને વરેલો દેશ છે. ભારતીય રાજકારણમાં સંસદીય પ્રકારની સરકાર છે. જેમાં ધારાસભા, કારોબારી, ન્યાયતંત્ર એકબીજાં સાથે જોડાયેલો છે તેમજ આઝાદ થયા પછી આપણે સંસદીય લોકશાહીનો સ્વીકાર કરેલ છે.

આધુનિક વિશ્વની અંદર જે વિચારસરણી તેમજ સરકારનો પ્રકાર વધુ પ્રચલિત છે તે લોકશાહીને સમજવી ખૂબ જ જરૂરી છે. તેથી આપણ માટે આ ખ્યાલને સમજવું ખૂબ જ જરૂરી છે. આ ઘટકમાં આપણે લોકશાહી તેમજ તેની સાથે સંકળાયેલી તમામ બાબતોને સમજવાનો પ્રયત્ન કરીશું.

જેમાં આપ લોકશાહીના ખ્યાલની ઉત્પત્તિ તેમજ તેના જુદાં-જુદાં લક્ષણો અને લોકશાહી વ્યવસ્થાના પ્રકારો સાથોસાથ તેના ગુણ-દોષ અને ભાવિની સાથે તેની સફળતા માટેના સૂચનો વગેરે જાણશો.

લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકમતનું વિશેષ મહત્ત્વ છે. લોકમતને ઘડવા અને વ્યક્ત કરવા માટે જુદાં-જુદાં માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે. જેના વિશે જાણીશું.

આમ, આપણે આ ઘટકમાં કુલ ત્રણ એકમોનો અભ્યાસ કરીશું.

## ઘટકના હેતુઓ :

આ વિષયના કુલ ત્રણ ઘટકો પૈકી અહીં આપણે પ્રથમ ઘટકમાં પાયાના અને મહત્ત્વના રાજકીય ખ્યાલો વિશે વિસ્તૃત માહિતી મેળવીશું તથા બીજા ઘટકમાં લોકશાહીનો ખ્યાલ અને પ્રકાર વિશેની માહિતી મેળવીશું. જેના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે :

પ્રથમ એકમના અભ્યાસ બાદ આપ ભારતની રાજકીય વ્યવસ્થાને સમજવા સક્ષમ બનશો.

- ભારતીય રાજકીય વ્યવસ્થાના જુદાં-જુદાં પાયાના ખ્યાલો.
- આ ખ્યાલોનું ભારતીય રાજકારણમાં અમલ
- ભારતીય રાજકીય વ્યવસ્થામાં તેમનું પ્રદાન
- ભારતીય રાજકારણની જુદી-જુદી વિશેષતાઓ તેમજ તેની સામેના પડકારો.

બીજા એકમના અભ્યાસ બાદ આપ લોકશાહી વ્યવસ્થા તેમજ તેની સાથે જોડાયેલી અગત્યની બાબતો સમજવા સક્ષમ બનશો.

- લોકશાહીનો ખ્યાલ
- લોકશાહીના લક્ષણો
- લોકશાહીના પ્રકારો
- લોકશાહીના ગુણદોષ તેમજ સફળતા માટેના સૂચનો

ત્રીજા એકમના લોકમત અને અસરકારક લોકમતના ઘડતર માટે જરૂરી બાબતો વિશે માહિતી મેળવીશું.

- લોકમત એટલે શું ? તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.
- લોકમત સ્વરૂપ વિશેની સમજણ મળશે.
- લોકમતના ઘડતર વિશેની બાબતો જાણવા મળશે.
- લોકમતની સમાજકાર્યમાં શું ઉપયોગિતા છે ? તે જાણવા મળશે.

# એકમ–1 પાયાના અને મહત્ત્વનાં રાજકીય ખ્યાલો

## : એકમનું માળખું :

1.0 ઉદ્દેશો

1.1 પ્રસ્તાવના

1.2 પાયાના રાજકીય ખ્યાલો

1.3 ભારતીય રાજકારણના મહત્ત્વના રાજકીય ખ્યાલો

1.4 ઉપસંહાર

1.5 તમારી પ્રગતિ ચકાસો

1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1.7 ચાવીરૂપ શબ્દો

1.8 સ્વાધ્યાય લેખન

1.9 વૈયક્તિક અધ્યયન

1.10 પ્રવૃત્તિ

1.11 સંદર્ભગ્રંથ

## 1.0 ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ બાદ આપ ભારતની રાજકીય વ્યવસ્થાને સમજવા સક્ષમ બનશો.

- ભારતીય રાજકીય તંત્રના જુદાં-જુદાં પાયાના ખ્યાલો.
- આ ખ્યાલોનું ભારતીય રાજકારણમાં અમલ
- ભારતીય રાજકીય તંત્રમાં તેમનું પ્રદાન
- ભારતીય રાજકારણની જુદી-જુદી વિશેષતાઓ તેમજ તેની સામેના પડકારો.

## 1.1 પ્રસ્તાવના

ભારતીય રાજકારણને સમજવું આપણ માટે ખૂબજ જરૂરી છે; કારણ કે, ભારતમાં નાગરિક તરીકે ભારતીય રાજકીય વ્યવસ્થા અથવા તો તંત્રના પાયાના તેમજ મહત્ત્વના ખ્યાલો સમજવા જરૂરી છે. જે આપ આ એકમમાં સમજશો.

જેમાં આપ ભારતીય રાજ્યનો પ્રકાર મૂળભૂત અધિકારો, સમવાયતંત્ર, પક્ષપ્રથા, ફરજો રાજ્યનીતિમાં માર્ગદર્શક સિદ્ધાંતો, પ્રદેશવાદ, જ્ઞાતિવાદ વગેરે વિશે વિગતે જણાશે.

આપણે એકમનો ઊંડાણમાં જતાં પહેલાં ભારતીય રાજકારણની સામાન્ય સમજ મેળવી લઈએ. ભારતીય રાજકારણમાં સંસદીય પ્રકારની વ્યવસ્થા છે. જેમાં ધારાસભા, કારોબારી, ન્યાયતંત્ર એકબીજાં સાથે જોડાયેલો છે તેમજ ભારત એ લોકશાહીને વરેલો દેશ છે. આઝાદ થયા પછી આપણે સંસદીય લોકશાહીનો સ્વીકાર કરેલ છે.

## 1.2 પાયાના રાજકીય ખ્યાલો :

### 1.2.1 (A) સંસદીય સરકાર/વ્યવસ્થા

ભારતની ધારાસભાને બંધારણ મુજબ સંસદ કહેવામાં આવે છે. તેમજ સમવાયતંત્રના સિદ્ધાંત અનુસાર આ સંસદના બે ગૃહો છે સંસદના નીચલા ગૃહને લોકસભા તરીકે ઓળખવામાં આવે છે. જેમાં પુખ્તવય મતાધિકાર મેળવેલ લોકો દ્વારા ચૂંટવામાં આવેલા લોકોના પ્રતિનિધિઓનો સમાવેશ છે.

દા.ત. અમદાવાદ પૂર્વના વિસ્તારના લોકો એ પોતાના પ્રતિનિધિ તરીકે શ્રી પરેશ રાવલને ચૂંટીને લોકસભામાં મોકલ્યાં છે.

સંસદના ઉપલા ગૃહને રાજ્યસભા તરીકે ઓળખવામાં આવે છે. આ ગૃહમાં રાજ્યોમાં ચૂંટાઈને આવેલાં પ્રતિનિધિઓ બેસે છે. જેમની ચૂંટણી વિધાનસભાના સભ્યો દ્વારા કરવામાં આવે છે. જેઓ એ રમત-ગમત કળા, વિજ્ઞાન તેમજ અન્ય ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કરેલ હોય તેમની વરણી થતી હોય છે.

દા.ત. સચિન તેંદુલકર, રેખા

બંધારણમાં જણાવ્યા મુજબ રાષ્ટ્રપતિ સંસદના મહત્ત્વના અંગ તરીકે ગણાય છે.

### (B) લોકસભાની રચના :

લોકસભાના સભ્યો સમગ્ર દેશોમાંથી પુખ્તવય મતાધિકાર દ્વારા 5 થી 7 લાખ સુધીની વસ્તીના આધારે એક પ્રતિનિધિ ચૂંટવામાં આવે છે. લોકસભાના કુલ સભ્યોની સંખ્યા 545 છે. જેમાં 543 ચૂંટાઈને આવે છે અને બે સભ્યોની નિમણૂક કરવામાં આવે છે. 20 જેટલા સભ્યો કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી ચૂંટાઈને આવે છે. જયારે રાષ્ટ્રપતિ એંગ્લો-ઇન્ડિયન કોમમાં વધુમાં વધુ બે પ્રતિનિધિઓ નિમણૂક કરી શકે છે.

### (C) રાજ્યસભાની રચના :

રાજ્યસભાની કુલ સંખ્યા 250 નક્કી કરવામાં આવેલા છે. બંધારણમુજબ જેમાં 12 સભ્યોની સીધી નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે, જેમાં જે લોકો એ દેશમાં રહીને અલગ-અલગ ક્ષેત્રોમાં પોતાનું બહુમૂલ્ય યોગદાન આપેલું હોય તેમની સેવા મેળવી શકાય તે માટે તેઓને સીધી નિમણૂક આપવામાં આવે છે.

દા.ત. ક્રિકેટર સચિન તેંદુલકર, અભિનેત્રી રેખા

રાજ્યસભાના સભ્યોની ચૂંટણી રાજ્યોની વિધાનસભાના ચૂંટાયેલા ધારાસભ્યો દ્વારા કરવામાં આવે છે. આ ગૃહે કાયમી ગૃહ છે.

દા.ત. જેમ અમેરિકામાં સેનેટ કાયમી ગૃહ છે. તેમ રાજ્યસભાના સભ્યોની ચૂંટણી 6 વર્ષ માટે થાય છે અને દર બે વર્ષે કુલ સભ્યોના 1/3 સભ્યો નિવૃત્ત થાય છે. આમ આ કારણોસર રાજ્યસભા સ્થાયી અને સ્થિર ગૃહ છે.

### (D) લોકસભાના સભ્યપદ માટેની લાયકાતો :

(1) ભારતનો નાગરિક હોવો જોઈએ.

(2) મતદાર યાદીમાં નામ હોવું જોઈએ એટલે કે, મતદાર હોવો જરૂરી છે.

(3) વય ઓછાંમાં ઓછી 25 વર્ષ હોવી જોઈએ.

(4) ઉપરાંત સંસદના વખતો વખતના કાયદા દ્વારા જે લાયકાતો નક્કી કરી હોય તે.

### (E) રાજ્યસભાના સભ્યપદ માટેની લાયકાતો. :

(1) ભારતનો નાગરિક હોવો જોઈએ.

(2) તેની વય ઓછાંમાં ઓછી ત્રીસ વર્ષ હોવી જોઈએ.

(3) જ્યાંથી ઉમેદવારી નોધવી હોય ત્યાની મતદાર યાદીમાં નામ હોવું જોઈએ.

**(F) લોકસભાના સભ્યપદનો અંત :**

નીચેના સંજોગોમાં લોકસભાના સભ્યપદનો અંત આવી શકે.

(1) એક કરતા બેઠકોમાંથી ચૂંટાઈને આવે તો તેને એકની પસંદગી કરી બીજી જગ્યાથી રાજીનામું આપવું પડે.

દા.ત. માનનીય વડાપ્રધાન વારાણસી અને વડોદરાથી જીત્યા હતાં પછીથી તેઓ એ વડોદરા બેઠકનું રાજીનામું આપ્યું.

(2) ચૂંટાયા પછી જો વ્યક્તિ સરકારી નોકરી મેળવે અથવા સ્વીકારે તો સભ્યપદ ગુમાવું પડે.

(3) પરવાનગી વગર લોકસભામાં કોઈપણ સદસ્ય 60 દિવસ સુધી સતત ગેરહાજર રહે તો પણ સભ્યપદ ગુમાવે છે.

**(બ) મતદાર માટેની લાયકાતો :**

(1) લોકસભાના પ્રતિનિધિને ચૂંટવા માટે કોઈપણ સ્ત્રી કે પુરુષ માટે મતદાર તરીકેની લાયકાત બંધારણમાં નીચે મુજબ નક્કી કરવામાં આવી છે.

(1) ભારતનો નાગરિક હોવો જોઈએ.

(2) 18 વર્ષની વય ઓછાંમાં ઓછી

(3) માનસિક રોગી તેમજ કોઈ કાયદા દ્વારા મતદાર તરીકે ગેરલાયક ઠેરવવામાં ન આવેલી હોય.

- **સંસદની સત્તાઓ :**

**ધારાકીય સત્તાઓ :** ભારતના બંધારણ અનુસાર સંસદને સંઘયાદી મુજબ 97 વિષયો તેમજ સંયુક્તયાદી અનુસાર 47 વિષયો એટલે કે કુલ 144 વિષયો પર નિર્ણય લેવાની સત્તા છે; જો કે, સંયુક્ત યાદીના વિષયો પર રાજ્યની વિધાનસભાઓ પણ કાયદો બનાવી શકે છે ઉપરાંત ભારતીય બંધારણની કલમ 249 મુજબ જો સંસદ 2/3 બહુમતીથી કોઇ પણ વિષયને રાષ્ટ્રીય મહત્ત્વનો કરાવે તો તે વિષય રાજ્યયાદીમાં હોવા છતાં સંઘ-સંસદને તેના પર કાયદો ઘડવાની સત્તા મળે છે.

**કારોબારી પર અંકુશ રાખવાની સત્તાઓ :** સંસદીય સરકારમાં કારોબારી ધારાસભાને જવાબદારી હોય છે. તેથી ધારાસભાની આ સત્તા મહત્ત્વની ગણાય છે; કારણ કે, ખરેખર શાસન કરવાની સત્તા પ્રધાનમંડળ પાસે હોય છે. પ્રધાનમંડળના સભ્યો સંસદને જવાબદાર હોય છે તેમજ સંસદની કામગીરીમાં ભાગ લેતા હોય છે. આમ ધારાસભ્યોનો વિશ્વાસ જળવાઈ રહે ત્યાં સુધી જ કારોબારી ટકી શકે છે. જો અવિશ્વાસની દરખાસ્ત પાસ થાય તો કારોબારીએ રાજીનામું આપવું પડે છે.

**નાણાંકીય સત્તા :** નાણાંકીય ખરડો સૌ પહેલા લોકસભામાં જ દાખલ કરવામાં આવે છે. લોકસભા પાસે નાણાંકીય બાબતનો વિશિષ્ટ અધિકાર છે. ખરડો પાસ કરવાની પ્રક્રિયામાં પહેલો લોકસભા અને પછી રાજ્યસભા વધુમાં વધુ 14 દિવસમાં પ્રક્રિયા પૂર્ણ કરી લોકસભાને નાણાંકીય ખરડો પાછો મોકલી આપે છે.

દર વર્ષે અંદાજપત્ર લોકસભામાં પહેલા મૂકવામાં આવે છે.

**ન્યાય વિષયક સત્તાઓ :** ભારતીય સંસદમાં રાષ્ટ્રપતિ માટે સત્તા છે. જેમાં એક ગૃહ રાષ્ટ્રપતિ પર આરોપ મૂકે અને બીજું ગૃહ તેની સુનાવણી કરે છે. આમ રાષ્ટ્રપતિને દૂર કરવાની બાબતમાં સત્તા હોય છે.

### 1.2.2 સમવાયતંત્ર

ભારતીય સમવાયતંત્રને કેટલાંકનિષ્ણાંતો શુદ્ધ સમવાયતંત્રને બદલે મજબૂત એકતંત્રી વલણો ધરાવતાં સમવાયતંત્ર તરીકે ઓળખાવવાનું વધારે પસંદ કરે છે. કેટલાંક નિષ્ણાંતો આને અર્ધ સમવાયતંત્ર તરીકે તો કેટલાંક આભાસી સમવાયતંત્ર તરીકે ઓળખે છે. બંધારણમાં ભારતને રાજ્યોમાં સંઘ તરીકે ઓળખવામાં આવે છે.

સમવાયતંત્રના મહત્ત્વના લક્ષણો જોવા મળે છે; જેમ કે, લિખિત બંધારણ, બંધારણની સર્વોપરિતા સત્તાનું સ્પષ્ટ વિભાજન, નિષ્પક્ષ અને તટસ્થ ન્યાયતંત્ર વગેરે. ભારતના બંધારણમાં પણ આ પ્રકારના કેટલાંક લક્ષણો જોવા મળે છે. આમ છતાં ભારતનું સમવાયતંત્ર બીજા દેશોના સમવાયતંત્ર કરતા જુદું પડે છે. ભારતીય સમવાયતંત્રની વિશિષ્ટતા જાળવી રાખવા માટે ભારતના બંધારણના ઘડવૈયાઓએ કેન્દ્રને વધુ મજબૂત બનાવી દીધું છે તેમજ કેન્દ્રને મજબૂત કરતી કેટલીક જોગવાઈઓ બંધારણમાં સામેલ કરેલ છે.

### 1.2.3 મૂળભૂત અધિકારોની વિશેષતાઓ અને ફરજો.

ભારતમાં બંધારણના ત્રીજા પ્રકરણમાં કલમ-14થી 35 સુધી ભારતમાં નાગરિકોને આપવામાં આવેલાં જુદાં-જુદાં મૂળભૂત અધિકારોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. આ અધિકારો સાથે કેટલીક પાયાની ફરજો પણ સાંકળવામાં આવી છે. આ મૂળભૂત અધિકારો નીચે મુજબ છે.

**(1) સમાનતાનો અધિકાર :**

(1) કલમ-16 મુજબ કાયદા આગળની સમાનતા

ભારતમાં કોઈપણ વ્યક્તિને કોઈપણ હોદ્દા પર હોય કે ગમે તે હોય તે બધાને કાયદા સમક્ષ સમાન ગણવામાં આવે છે.

દા.ત. ભારતના વડાપ્રધાન હોય કે સામાન્ય નાગરિક તેઓ એક સરખો કાયદાના ભંગ સામે સમાન સજા આપવામાં આવશે; તેમ વડાપ્રધાનને ઓછી સજાને સામાન્ય નાગરિકને વધુ સજા એવું શક્ય નથી.

(2) કલમ-15 : ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લિંગભેદ અને જન્મ સ્થળ કે અન્ય કારણોસર કોઈપણ પ્રકારનો ભેદભાવનો વિરોધ.

(3) કલમ-14 : જાહેર આરોગ્યની બાબતોમાં તકની સમાનતા તમામ પ્રકારની જાહેર નોકરીઓ તેમજ હોદ્દાઓ પર તમામ નાગરિકોને સમાન તક આપવાની રહેશે તેમજ તેઓ ને સમાનતક મેળવવા મળશે.

(4) કલમ-17 : અસ્પૃશ્યતા નાબૂદી કરવી.

(5) કલમ-18 : કોઈપણ પ્રકારના વિશિષ્ટ પ્રકારના ખિતાબ એનાયત કરી શક્ય નહીં.

**(2) સ્વતંત્રતાનો અધિકાર :**

કલમ-19 મુજબ ભારતનો બંધારણમાં ભારતના નાગરિકને વાણી-અભિવ્યક્તિ તેમજ અન્ય પ્રકારના અધિકારો આપવામાં આવેલા છે. જેમ કે..

(1) વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા

-વિચારો વ્યક્ત કરવાની સ્વતંત્રતા લોકશાહી રીતે

(2) શાંતિપૂર્વક તેમજ હથિયારો વિના ભેગા થવાની સ્વતંત્રતા

(3) મંડળો અને સંઘ રચવાની સ્વતંત્રતા

(4) ભારતભરમાં કોઈપણ જાહેર સ્થળ પર મુક્તપણે ફરવાનો અધિકાર

(5) કાશ્મીર સિવાય ભારતના ગમે તે ભાગમાં રહેવાનો તેમજ સ્થાયી થવાનો અધિકાર.

જમ્મુ-કાશ્મીર એટલા માટે નહીં કેમ કે ત્યાં કલમ-370 પ્રમાણે તે વિશિષ્ટ રાજ્યનો દરજ્જો ધરાવે છે.

(6) બંધારણ તેમજ રાજ્યના કાયદા પ્રમાણે વ્યવસાય કરવાનો તેમજ કામકાજ, વેપાર ધંધા કરવાનો અધિકાર

કલમ-20 મુજબ ગુનેગારને દોષિત ઠેરવતી વખતે રક્ષણ અંગેનો અધિકાર

કલમ-21 શિક્ષણ મેળવવાનો અધિકાર

કલમ-22 કેટલાંક કિસ્સાઓમાં ધરપકડ અને અટકાયત સામે રક્ષણનો અધિકાર.

**(3) શોષણ સામેનો અધિકાર :**

કલમ-23 વેઠ મજૂરી અને મનુષ્યોના વ્યાપાર પર પ્રતિબંધ

કલમ-24 નાની ઉંમરના બાળકોને કારખાના તેમજ અન્ય જગ્યાએ નોકરી ઉપર રાખવાનો પ્રતિબંધ

દા.ત. 15 વર્ષની નીચેના બાળકો જોડે કામ કરાવવું એ બાળમજૂરી ગણાય જે એક અપરાધ ગણાય છે.

**(4) ધાર્મિક સ્વાતંર્ત્યનો અધિકાર :**

(A) કલમ-24 પોતાની અંતરઆત્મા અને મુક્ત રીતે ધર્મની પાલન તેમજ કોઈપણ ધર્મ સ્વીકારવાનો અધિકાર તેમજ જે તે ધર્મનો પ્રચાર કરવાનો અધિકાર.

દા.ત. કોઈપણ વ્યક્તિ કોઈપણ ધર્મનું પાલન કરી શકે છે, સર્વધર્મ સમભાવ

(B) કલમ-26 મુજબ ધાર્મિક બાબતોમાં સંચાલનની સ્વતંત્રતા.

(C) કલમ-27 કોઈપણ ધર્મના પ્રોત્સાહન માટે કર ચૂકવણી સ્વતંત્રતા.

(D) કલમ-28 અમુક ધાર્મિક શિક્ષણ તેમજ ધાર્મિક સંસ્થા કે ધાર્મિક શિક્ષણ તેમજ પૂજાપાઠમાં ભાગ લેવાની સ્વતંત્રતા.

**(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર :**

(A) કલમ-29 મુજબ લઘુમતીઓને પોતાની સંસ્કૃતિ તેમજ પોતાના હિતોનું રક્ષણ કરવાનો અધિકાર.

(B) કલમ-30 મુજબ લઘુમતીઓ માટે શૈક્ષણિક સંસ્થાઓ સ્નપવાનો તેમજ તેમનો વહીવટ કરવાનો અધિકાર.

**(6) બંધારણીય ઈલાજનો અધિકાર :**

કલમ-32 મુજબ આપવામાં આવેલા અધિકારોના રક્ષણ તેમજ અમલ માટેના અધિકારો

આ માટે સર્વોચ્ચ અદાલત નીચે મુજબની અરજીઓ કે હુકમો તેમજ આદેશો જારી કરી શકે છે.

(A) બંદી પ્રત્યક્ષીકરણ (હેબીયર્સ કોપર્સ)

(B) પ્રતિરોધ (પ્રોહિબિશન)

(C) ઉત્પ્રેષણ

- **મૂળભૂત ફરજો**

(1) બંધારણને વફાદાર રહેવું અને તેના આદર્શો અને સંસ્થાઓનો રાષ્ટ્રધ્વજ તેમજ રાષ્ટ્રગીતનો આદર કરવો.

(2) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉચ્ચ આદર્શોને હ્યદયમાં પ્રતિષ્ઠિત કરવા અને અનુસરવા.

(3) ભારતમાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવું અને તેનું રક્ષણ કરવું.

(4) દેશનું રક્ષણ કરવું અને રાષ્ટ્રની સેવા બજાવવી હાકલ થાય તો તે બજાવવી.

(5) જંગલો, તળાવ, નદીઓ અને વન્ય પશુપંખીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવું અને તેની સુધારણાની પ્રકૃતિ કરવી તેમજ અન્ય જીવો પ્રત્યે સંવેદના રાખવી.

(6) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જીજ્ઞાસા અને સુધારણાની ભાવના કેળવવી.

(7) જાહેર મિલકતનું રક્ષણ કરવું અને હિંસાનો ત્યાગ કરવો.

(8) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિના વધુને વધુ સોપાનો સર કરવા તેમજ સતત પ્રગતિ કરતા રહેવું તે માટે વ્યક્તિગત અને સામુહિક પ્રવૃત્તિના તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવો.

(9) 6 થી 14 વર્ષના બાળકોના માતા-પિતા કે વાલીઓએ બાળકને શિક્ષણની તક પૂરી પાડવી.

### 1.2.4 રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ બંધારણના પાંચમાં ભાગમાં કરવામાં આવ્યો છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ બંધારણનું વિશિષ્ટ લક્ષણ છે દુનિયાના બહુ જ ઓછાં દેશોમાં આ લક્ષણ જોવા મળે છે તેમજ બહુ જ ઓછાં દેશોએ આ સ્વીકાર્યું છે. જેમાં સ્પેન, બ્રાઝિલ, ફ્રાંસ, ઇટાલી, બર્મા જેવા દેશો છે. ભારતે આર્યલેન્ડના બંધારણમાંથી પ્રેરણા લઈ આ સિદ્ધાંતને ભારતના બંધારણમાં સામેલ કરેલા હતા.

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને બંધારણમાં સમાવેશ કરવાનો મુખ્ય હેતુ વર્તમાન અને ભાવિ રાજ્ય સરકારોને જુદાં-જુદાં નીતિ વિષયક ક્ષેત્રોમાં કઈ કઈ નીતિઓ ઘડવી એ સંબંધે માર્ગદર્શન આપવાનું છે. તેના માટે તેને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો કહેવામાં આવે છે. નીતિ ઘડતર સમયે આ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને નીતિઓ ઘડવાની છે અને તેના અમલની અપેક્ષા રાખવામાં આવે છે.

પણ આ સિદ્ધાંતોનો સૌથી મહત્ત્વનો હેતુ તો સ્વતંત્રતા પછી આપણે કેવા પ્રકારનો સમાજ રચવા માંગીએ છીએ, આપણે કેવા પ્રકારના રાષ્ટ્રનું નિર્માણ કરવા માંગીએ છીએ, તેનું સ્પષ્ટ દર્શન રજૂ કરવાનું છે. આપણા હેતુ શું છે ? આપણી દિશા કઈ છે ? તેનું સૂચન કરવાનું તેમજ રાજ્ય પોતાની સત્તાને કયા હેતુઓ સિદ્ધ કરવા માટે ઉપયોગ કરશે તેની સતત યાદ અપાવવાનો છે.

આ સિદ્ધાંતનું નામ પોતે જ સૂચવે છે કે આ ફક્ત માર્ગદર્શક છે, સરકારે કેવી નીતિ ઘડવી, અમલ કરવો તેનું માર્ગદર્શન કરવાનો હેતુ છે તેનો ફરજિયાત અમલ એ સરકારો માટે બંધનકર્તા નથી જો કોઈ સરકાર આ સિદ્ધાંતોનો અમલ ન કરે તો તેને ફરજ પાડી શકાય નહીં.

### 1.2.5 ભારતમાં પક્ષવ્યવસ્થા

વર્તમાન સમયમાં રાજકીય પક્ષ પ્રથાની ઉપયોગિતાને કારણે લોકશાહી કે બિનલોકશાહી દેશો પણ તેનો સ્વીકાર કરી રહ્યાં છે. તેથી અભ્યાસીઓએ પક્ષપ્રથાના અલગ અલગ પ્રકારો આપ્યાં છે. જેની

સમજણ આપ મેળવશો.

(1) એકપક્ષ વ્યવસ્થા

(2) દ્વિપક્ષ વ્યવસ્થા

(3) બહુપક્ષ વ્યવસ્થા

**(1) એકપક્ષ પ્રથા :** જ્યાં એક જ પક્ષ હોય અને તે જ સત્તાના સૂત્રો સંભાળતો હોય તેવી વ્યવસ્થાને એકપક્ષ પ્રથા કહેવાય છે.

ઉ.દા. સો.રશિયામાં સામ્યવાદી પક્ષ, હિટલરનો જર્મનીમાં નાઝીપક્ષ, ઇટાલીમાં મુસોલિનનો ફાંસીવાદી પક્ષ

**એકપક્ષ પ્રભાવ પ્રથા :** ભારતમાં સ્વતંત્રતા પછી લગભગ 1975 સુધી એક જ પક્ષનો પ્રભાવ જોવા મળ્યો તેની તેને એક પક્ષ પ્રભાવપ્રથા કહેવામાં આવે છે.

1952થી લઈ 1975 સુધીની ચુટણીમાં કોંગ્રેસ જ રાજ્યોમાં અને કેન્દ્રમાં સરકારમાં હતી તેથી તેને એક પક્ષ પ્રભુત્વ વ્યવસ્થા કહેવામાં આવે છે.

**(2) દ્વિપક્ષ પ્રથા:** લોકશાહી દેશોમાં એક કરતા વધારે પક્ષો હોય અને એ સરખા પ્રમાણમાં પ્રભાવશાળી હોય તેમજ તેમની વચ્ચે રાજકીય સ્પર્ધા ચાલતી હોય તેમજ સતત સત્તા અને વિપક્ષમાં પરિવર્તન થતું હોય ત્યાં દ્વિપક્ષપ્રથા કહેવાય. એટલે કે બે પક્ષો સિવાયના બીજા પક્ષો જે નાના-નાના હોય તેની હાજરી હોય પણ તે નામમાત્રના બની રહે.

ઉ.દા. અમેરિકામાં ડેમોક્રેટિક અને રિપબ્લિક બ્રિટનમાં મજૂરપક્ષ અને રૂઢિચુસ્ત પક્ષ

**(3) બહુપક્ષ પ્રથા :** જો કોઈ રાજ્યમાં બે કે તેથી વધુ પક્ષોની હાજરી હોય અને કોઈ એક પક્ષ એકલા હાથે સત્તા પ્રાપ્ત કરવા શક્તિમાન હોતો નથી ત્યારે બે કે તેના કરતાં વધુ પક્ષો ભેગા મળીને સરકાર બનાવે છે તેને બહુપક્ષપ્રથા તરીકે ઓળખવામાં આવે છે.

દા.ત. ભારતમાં જોડાણ સરકારો આ પ્રકારના મુખ્ય ઉદાહરણ છે.

## 1.3 ભારતીય રાજકારણના મહત્ત્વના રાજકીય ખ્યાલો

### 1.3.1 ન્યાયતંત્રની સ્વતંત્રતા

ભારત જેવા લોકશાહી રાજ્યમાં તો ન્યાયતંત્રની સ્વતંત્રતા જરૂરી બની રહે છે. સામાન્ય ચૂંટણીઓનો પરિણામે બહુમતી પક્ષ સરકારની રચના કરે છે. પોતાની બહુમતીના જોરે આ સત્તાધારી પક્ષ લઘુમતીઓના વ્યાજબી હિતોને જોખમમાં મૂકે નહીં એ માટે સ્વતંત્ર ન્યાયતંત્ર ભારતમાં હાજર જ હોય છે. બહુમતીને અંકુશમાં રાખવાનું કામ ન્યાયતંત્ર કરે છે. ભારતમાં સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર જરૂરી બની રહે છે. કારણ કે ભારતને સમવાયતંત્રનો સ્વીકાર કરેલો છે. તેમાં કરાર કરવામાં આવેલા હોય છે. જેનાથી જો કોઈપણ પક્ષકાર વચ્ચે મતભેદો ઉભા થાય તો તેનો ઉકેલ લાવવાનું કાર્ય ન્યાયતંત્ર કરે છે તેમજ બંધારણનું અર્થઘટન કરવું એ પણ મુખ્ય કાર્ય ન્યાયતંત્રનું છે.

ન્યાયતંત્રની સ્વતંત્રતા, ન્યાયધીશોની નિમણૂક, સમયાવધિ, પગારભથ્થા, લાયકાતો વગેરે બાબતોની યોગ્ય કાળજી લેવામાં આવે છે, જેથી ન્યાયતંત્રની સ્વતંત્રતા જળવાઈ રહે છે.

### 1.3.2 હિતજૂથ ો/દાબજૂથો

સમાજ વિવિધ હિતોનો એક સમૂહ છે, જયારે કોઈ માનવસમૂહ એક સમાનહિત ધરાવતો હોય અને પોતાના હિતનું રક્ષણ કરવા અથવા તેને નુકસાન ન થાય એ માટે સંગઠિત થઈને સરકાર પર પ્રભાવ પાડવાનો પ્રયાસ કરે છે તેને હિતજૂથ તરીકે ઓળખવામાં આવે છે.

દા.ત. વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ખેડૂતો, વ્યવસાયિકો શ્રમિકો વગેરે.

હિતજૂથનો મુખ્ય હેતુ પોતાના સામૂહિક હિતોનું રક્ષણ કરવાનો હોય છે. તેમજ પોતાના હિતોને નુકસાન થાય તે જોવાનો હોય છે. આના માટે તેઓ રાજકીય પક્ષો સરકાર ધારાસભા, વહીવટીતંત્ર વગેરે પર દબાણ લાવે છે. તેમને દાબજૂથ તરીકે ઓળખવામાં આવે છે.

હિતજૂથ એટલે એવા લોકોનું ઔપચારિક સંગઠન છે જેમના સહિયારા હિતો હોય છે. આ હિતોનું રક્ષણ અને સંવર્ધન કરવા નીતિ નિર્માણ અને અમલ કરનારાઓને પ્રભાવિત કરવામાં આવે છે.

ભારતમાં કેટલાંક પ્રભાવશાળી દાબજૂથો નીચે મુજબ છે.

(1) ધી એસોસિયેટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ

(2) ધી ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિઝ(FICCI)

(3) સેન્ટ્રલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ

(4) ઓલ ઇન્ડિયા ટીચર્સ એસોસિયેશન

### 1.3.3 જ્ઞાતિવાદ

ભારતમાં સ્વતંત્રતા પહેલા વર્ણવ્યવસ્થા હતી જે મુખ્યત્વે જ્ઞાતિ પર આધારિત હોય તેમ જણાય છે. હાલમાં ભારતમાં અને જ્ઞાતિ, જાતિ, વર્ણના લોકો રહે છે. આ જ્ઞાતિ વ્યવસ્થામાં કોટીક્રમ જોવા મળે છે. એટલે ઉચ્ચજ્ઞાતિ અને નિમ્નજ્ઞાતિઓ જોવા મળે છે. જેમાં ખાસ કરીને ઉચ્ચજ્ઞાતિઓ મોટાભાગની સત્તા તેમજ વ્યવસ્થાનો લાભ લઇ શકે છે. ભારતમાં વર્તમાન સમયમાં રાજકારણમાં જ્ઞાતિનું મહત્ત્વ વધતું જઈ રહ્યું છે. તેમજ દિવસે-દિવસે જ્ઞાતિ વ્યવસ્થા મજબૂત બનતી જઈ રહી છે. સ્વતંત્રતા પછી ભારતના રાજકારણમાં જ્ઞાતિમાં રાજકારણ અને રાજકારણમાં જ્ઞાતિનો ખ્યાલ વિકસેલો જોવા મળે છે. જેના કારણે તમામ જ્ઞાતિઓ એ ઉચ્ચ હોય કે નિમ્ન વિકસિત હોય કે અવિકસિત તેમાં રાજકારણ ઘર કરી ગયું છે. તેમજ રાજકારણમાં ચાલકબળ તરીકે જ્ઞાતિ કામ કરતી જોવા મળે છે. તેમજ ચૂંટણીમાં જીતનું મુખ્ય પરિબળ પણ જ્ઞાતિ બની રહે છે. દરેક દરેક ક્ષેત્રમાં જ્ઞાતિનું વર્ચસ્વ જોવા મળે છે. ઉમેદવારની પસંદગી પણ જ્ઞાતિના આધારે કરવામાં આવે છે.

#### જ્ઞાતિવાદ અને ભારતીય રાજકારણ

જ્ઞાતિવાદ એટલે પોતાની જ્ઞાતિ માટેની નિષ્ઠા તેમજ કોઈપણ ભોગે પોતાની જ્ઞાતિના લાભની વાત કરવી અન્ય જ્ઞાતિઓ કરતા પોતાની જ્ઞાતિને વધુ ઉચ્ચ ગણવી અથવા તો લાભોથી વંચિત ગણવી.

જ્ઞાતિની બાબતમાં વ્યક્તિ સ્વાર્થી વર્તન કરતો જોવા મળે છે. જેના કારણે ભારતીય રાજકારણમાં બીજા કેટલાંક નવા ખ્યાલો જન્મ્યાં છે. જેમાં ધર્મવાદ તેમજ પ્રદેશવાદની ભાવના જન્મી છે.

કેટલીક વખતે એક જ્ઞાતિના લોકો અન્ય જ્ઞાતિના હિતોને નુકસાન પહોંચાડવાનું કામ કરે છે. ભારતીય રાજકારણમાં લોકશાહી વ્યવસ્થાને કારણે મતનું મહત્ત્વ વધારે છે. તેમજ મતની સંખ્યાની બાબત સવિશેષ જોવા મળે છે. જેના કારણે રાજ્ય શાસનકર્તા તરીકે મળતા લાભ પોતાને તેમજ પોતાની જ્ઞાતિને વધુ મળે તેવી લાગણી કે ભાવના પ્રવર્તતી જોવા મળે છે જેને આપણે જ્ઞાતિવાદ કહી શકીએ. આમ, જ્ઞાતિની ભૂમિકા સવિશેષ જોવા મળે છે. તેથી ભારતીય રાજકારણમાં જ્ઞાતિવાદ એ મહત્ત્વનું ખ્યાલ પાછલાં કેટલાંક વર્ષોથી બની રહેલ છે.

### 1.3.4 પ્રદેશવાદ

કેટલીક પ્રાકૃતિક અસમાનતાઓ અને કેટલીક માળખાગત અસમાનતાઓના લીધે પાછળ રહી ગયેલાં રાજ્યોમાં પ્રાદેશિક હિતને સાચવવા પ્રદેશવાદનો ઉદય થયેલો છે.

ચોક્કસ દેશમાં લાંબો સમય સાથે રહેવાથી તે પ્રદેશ માટે તે પ્રદેશના લોકોમાં સ્વપણાની ભાવના જન્મે છે. તેને પ્રદેશવાદ કહેવામાં આવે છે.

**પ્રદેશવાદના કારણો**

**(1) ભૌગોલિક :** ભૌગોલિક દષ્ટીએ ભારતના ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશ જેવા રાજ્યો અન્ય રાજ્યો કરતા વધુ ભૌગોલિક વિસ્તાર ધરાવે છે. તેના કારણે આ પ્રદેશની ભારતીય રાજકારણ પર મોટી અસર જોવા મળે છે. દક્ષિણભારત અને પૂર્વભારતના લોકોને વિકાસના લાભો મળી શક્ય નથી. આ સતત વંચિતતાની ભાવનાના કારણે પ્રદેશવાદ જાગૃત થાય છે.

**(2) સાંસ્કૃતિક :** પ્રાદેશિક અસ્મિતાની ભાવના પણ મારાપણાની લાગણીઓ ઊભી કરે છે. એક જ રાજ્યમાં જુદી-જુદી સાંસ્કૃતિક ઓળખ ધરાવતાં લોકો હોય છે.

દા.ત. ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોની પેટા સંસ્કૃતિ અલગ છે.

આ સાંસ્કૃતિક વિવિધતા પ્રદેશવાદને જન્મ આપે છે.

**(3) ઐતિહાસિક :** સ્વતંત્રતા પહેલા દેશની રાજા રજવાડાંઓ હતાં પાછળથી સ્વતંત્રતા મેળવતાની સાથે ભાષાના આધારે રાજ્યોની રચના કરવામાં આવી હતી. કેટલાંક દેશી રજવાડાંઓની આજે પણ પોતાની જુદી ઓળખ ટકી રહી છે. જેના કારણે તે અન્ય રાજ્યો કરતા જુદી ભાવના ધરાવે છે. જે આજે પોતાને અલગ રીતે જોવા માંગે છે. જેના કારણે પ્રદેશવાદ વધુ જોવા મળે છે.

દા.ત. ભાવનગર

**(4) આર્થિક :** ભારતના દરેક-દરેક રાજ્યમાં આર્થિક અસમાનતા જોવા મળે છે. જેમ કે મહારાષ્ટ્રનો વિદર્ભ, રાજસ્થાનનો દક્ષિણ અને પૂર્વભાગ,આંધ્રપ્રદેશમાં તેલંગાણા તેમજ અન્ય પૂર્વના રાજ્યોમાં સતત આર્થિક અન્યાયની લાગણી જોવા મળે છે. તેથી તેઓ અલગ રાજ્યની માંગણી કરી રહ્યાં છે. જે પ્રદેશવાદ ને ઉત્તેજન આપે છે.

**(5) ભાષા :** એક જ ભાષા બોલતા લોકોમાં સ્વપણાની લાગણી સવિશેષ હોય છે. આ બાબતને કારણે પ્રદેશવાદને બળ મળે છે.

**(6) ધર્મ :** ભારતના બંધારણમાં બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે, તેમ છતાં ધર્મ પ્રજાના જીવનનું મહત્ત્વનું તત્ત્વ છે જે રાજ્યના કોઈ વિસ્તારની પ્રજાનો મોટો વર્ગ એક જ ધર્મ પાળતો હોય તો તેના કારણે પણ પ્રદેશવાદની ભાવના જન્મે છે.

**(7) રાજકીય :** ભારતીય સંસ્કૃતિમાં વિવિધતામાં એકતા જોવા મળે છે. તેમજ આ પ્રકારનું બાબત એ ભારતીય સંસ્કૃતિનું લક્ષણ છે પણ રાજકારણ તેમજ રાજકીય નેતાઓ સત્તા મેળવવા પ્રદેશવાદની ભાવના ઊભી કરતા જોવા મળે છે.

દા.ત. ઉત્તરપદેશના ભાગ પાડવાની વાત હોય ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છ વગેરે.

**(8) જનજાતિ :** ભારતના કેટલાંક વિસ્તારો આદિવાસી પ્રજાની સંસ્કૃતિ ધરાવતા જોવા મળે છે. આ પ્રજા મોટે ભાગે અલગતમાં જીવતી જોવા મળે છે. તેના કારણે એટલે કે તેમના અલગથી રહેવાની પદ્ધતિના કારણે પણ પ્રદેશવાદ જન્મે છે. ખાસ કરીને આવા પ્રદેશોને આદિવાસી પ્રદેશો તરીકે ઓળખવામાં આવે છે.

દા.ત. ઝારખંડ, છત્તીસગઢ, નાગાલેંડ

## 1.4 ઉપસંહાર

આ યુનિટમાં આપણે મધ્યમ ચર્ચા ભારતીય રાજકારણના પાયાના ખ્યાલો તેમજ મહત્ત્વના રાજકીય ખ્યાલોની કરી છે. ભારતીય સરકાર, સંસદ, સમવાયતંત્ર, તેમજ નાગરિકોને આપવામાં આવેલા મૂળભૂત અધિકારો અને ફરજો તેમજ બંધારણના સંચાલનમાં મદદરૂપ થતાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ભારતમાં પક્ષપ્રથાનું સ્વરૂપ વગેરેની વિગતે માહિતી મેળવી તેમજ ભારતીય રાજકારણના મહત્ત્વના રાજકીય ખ્યાલો જેવા કે ન્યાયતંત્ર, હિતજૂથો દાબજૂથો અને પ્રદેશવાદ, જ્ઞાતિવાદ જેવા અસર કરતા ખ્યાલોની વિગતે ચર્ચા કરતા આપે જોયું. આમ, સમગ્ર ભારતીય રાજકારણનું ટૂંકમાં વર્ણન કરવામાં આવ્યું છે.

## 1.5 તમારી પ્રગતિ ચકાસો

1. સંસદના કેટલા ગૃહ છે ?

   (A) એક (B) બે

   (C) ત્રણ (D) ચાર

2. સંસદના નીચલા ગૃહને શું કહેવામાં આવે છે ?

   (A) વિધાનસભા (B) લોકસભા

   (C) રાજ્યસભા (D) ધારાસભા

3. સંસદના ઉપલા ગૃહને શું કહેવામાં આવે છે ?

   (A) રાજ્યસભા (B) વિધાનસભા

   (C) લોકસભા (D) ધારાસભા

4. લોકસભાના કુલ સભ્યોની સંખ્યા કેટલી છે ?

   (A) 525 (B) 530

   (C) 540 (D) 545

5. રાજ્યસભાના સભ્યોની ચૂંટણી કેટલા વર્ષ માટે થાય છે ?

   (A) 03 (B) 04

   (C) 05 (D) 06

6. લોકસભાના સભ્યપદ માટે ઓછામાં ઓછી કેટલી વય હોવી જોઈએ ?

   (A) 25 (B) 30

   (C) 35 (D) 40

7. ભારતના બંધારણ મુજબ સંસદને સંઘ યાદી મુજબ કેટલા વિષયો ઉપર નિર્ણય લેવાની સત્તા છે ?

   (A) 14 (B) 140

   (C) 144 (D) 145

8. ભારતના બંધારણની કઈ કલમમાં અસ્પૃશ્યતા નાબૂદીની વાત કરી છે ?

   (A) 17 (B) 19

   (C) 18 (D) 20

◆ **ટૂંકમાં જવાબ આપો**

1. ભારતની ધારાસભાને બંધારણ મુજબ શું કહેવામાં આવે છે ?

.........................................................................

.........................................................................

.........................................................................

2. સંસદના નીચલા ગૃહને શું કહેવામાં આવે છે ?

.........................................................................

.........................................................................

.........................................................................

3. સંસદના ઉપલા ગૃહને શું કહેવામાં આવે છે ?

.........................................................................

.........................................................................

.........................................................................

4. ગૃહમાં રાજ્યોમાંથી ચૂંટાઈને આવેલા પ્રતિનિધિઓને કોણ ચૂંટે છે ?

.........................................................................

.........................................................................

.........................................................................

5. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ બંધારણના કયા ભાગમાં કરવામાં આવેલ છે ?

.........................................................................

.........................................................................

.........................................................................

6. ભારતે કયા દેશના બંધારણમાંથી પ્રેરણા લઈને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને ભારતના બંધારણમાં સામેલ કરેલ છે.

.........................................................................

.........................................................................

.........................................................................

7. ભારતમાં સ્વતંત્રતા પછી કયા વર્ષ સુધી ફક્ત એક જ પક્ષનો પ્રભાવ જોવા મળ્યો હતો ?

.........................................................................

.........................................................................

.........................................................................

8. બંધારણની કઈ કલમ વેઠ મજૂરી અને મનુષ્યોના વ્યાપાર પર પ્રતિબંધ મૂકે છે ?

.........................................................................

.........................................................................

.........................................................................

## 1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (B) બે
2. (B) લોકસભા
3. (A) રાજ્યસભા
4. (D) 545
5. (D) 06
6. (A) 25
7. (B) 140
8. (A) 17

- **ટૂંકમાં જવાબ આપોના જવાબો :**

1. સંસદ
2. લોકસભા
3. રાજ્યસભા
4. વિધાનસભાના સભ્યો
5. પાંચમા ભાગમાં
6. આર્યલેન્ડ
7. 1975
8. કલમ-23

## 1.7 ચાવીરૂપ શબ્દોની સમજ

**1. અધિકાર :** પ્રચલિત મૂલ્યો, માન્યતાઓ, હોદ્દાઓ અથવા વ્યક્તિગત પ્રતિષ્ઠાના બળ પર આજ્ઞાપાલન કરાવવાની શક્તિ.

અધિકાર બે પ્રકારના હોય છે. જન્મદત અને પ્રાપ્ત. મુખીનો દિકરો મુખી તરીકેના અધિકાર ભોગવે તે જન્મદત્ત અધિકાર છે. જ્યારે, ન્યાય, પોલીસ, શિક્ષણ, વહીવટ વગેરે. આધુનિક તંત્રોમાં પ્રાપ્ત દરજ્જો સાથે મળતા અધિકારો વૈયક્તિક પ્રાપ્તિ પર આધારિત હોય છે.

**2. કલ્યાણ રાજ્ય :** કલ્યાણ રાજ્યનો ખ્યાલ બીજા વિશ્વયુદ્ધ પછી પ્રચલિત થયો માટે તેને અર્વાચીન ખ્યાલ કહેવામાં આવે છે. કલ્યાણ રાજ્યમાં સરકાર જ પ્રજાનું પુત્રની માફક પાલન કરે છે. કલ્યાણ રાજ્યમાં નાગરિકોનું કલ્યાણ કરવાની ભાવના મુખ્ય હોય છે.

**3. કાયદો :** જે સામાજિક ધોરણોની રચના, અમલ, અર્થઘટન અને ન્યાય તેમજ સુધારા કે પુનર્રચના માટે રાજ્યસત્તાનાં પીઠબળવાળાં ઔપચારિક તંત્રો અને પેટાતંત્રો હોય છે. તેમને કાયદા તરીકે ઓળખવામાં આવે છે.

**4. ક્રાંતિ :** ક્રાંતિ એટલે ઝાટકાભેર પરિવર્તન, વિવિધ ક્ષેત્રે ક્રાંતિના વિવિધ અર્થ થાય છે. કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ, ઉત્પાદન ક્ષેત્રે ઔદ્યોગિક ક્રાંતિ અને સામાજિક ક્ષેત્રે સામાજિકક્રાંતિ વગેરે શબ્દો જે-તે ક્ષેત્રમાં ધરમૂળથી આવેલાં પરિવર્તનને દર્શાવવા માટે પ્રચલિત બન્યાં છે.

**5. નાગરિક :** કોઈપણ રાજ્યનો સભ્ય જે તેના પ્રત્યે નિષ્ઠાથી બંધાયેલ છે તેના અધિકાર અને ફરજ તે રાજ્યના કાયદાથી નક્કી થાય છે.

## 1.8 સ્વાધ્યાય લેખન

(1) સંસદીય સરકાર વિશે તમારાં વિચારો જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(2) મૂળભૂત અધિકારો વિશે તમારાં વિચારો વ્યક્ત કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(3) સમવાયતંત્ર એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

(4) ભારતમાં પક્ષપ્રથાના પ્રકારો વર્ણવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

..............................................................

**(5) ન્યાયતંત્રની સ્વતંત્રતા માટેની જોગવાઈઓ સમજાવો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**(6) ભારતીય રાજકારણમાં જ્ઞાતિની ભૂમિકા વર્ણવો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**(7) પ્રદેશવાદનો ખ્યાલ સ્પષ્ટ કરો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 1.9 વૈયક્તિક અધ્યયન

### 1. ગ્રામજનોએ સંગઠિત બની વર્ષો જૂના પ્રશ્નોનું સમાધાન કર્યું.

લીલાપુર નામનું એક ગામ હતું. આ ગામ શહેરને અડીને આવેલું હતું. માટે શહેરીકરણની અસરનો પ્રભાવ ગામ ઉપર જોવા મળે. આ ગામની આજુબાજુ નાના-મોટાં ઉદ્યોગોની સ્થાપનાની શરૂઆત થઈ. ગામના યુવાનો પણ ખેતી છોડીને આ ઉદ્યોગોમાં નોકરી-ધંધા અર્થે જોડાવા લાગ્યાં. પહેલાં લોકો એકમાત્ર ખેતી ઉપર નિર્ભર હતા પરંતુ આ ઉદ્યોગોનાં પરિણામે ધીરે-ધીરે ઉદ્યોગો ઉપર નિર્ભર થવા લાગ્યાં. પહેલાં ગામનું પર્યાવરણ ખૂબ સારું હતું પણ ધીરે-ધીરે વાતાવરણ પ્રદૂષિત થવા લાગ્યું. લોકોના આરોગ્ય ઉપર પણ ગંભીર પ્રકારની અસરો ઊભી થવા લાગી. આ ઓછું હોય તેમ આ ઉદ્યોગો દ્વારા ગામની આજુબાજુની ખુલ્લી જગ્યામાં કચરાનાં ઢગલાં થવા લાગ્યાં. મોટાભાગે રાત્રિના સમયે ઉદ્યોગો પોતાનો નકામો કચરો ફેંકી જતાં હતાં. ગામનાં સરપંચશ્રીને ગામ લોકોએ આ અંગે

જાણ કરી પરંતુ તેનું કોઈ પરિણામ ન આવ્યું. ચોમાસાની સીઝનમાં આ ઢગલાં ઉપર વરસાદ પડતાં ઢગલામાંનું કેમિકલ વરસાદી પાણીનાં વહેણ સાથે જમીનમાં પણ જવા લાગ્યું. જેના પરિણામે સારી ફળદ્રુપ જમીનો પણ પ્રદૂષિત થવા લાગી. કેટલાંક ગ્રામ આગેવાનોએ ફરીથી સરપંચશ્રીનું ધ્યાન દોર્યું. સરપંચશ્રી આ વખતે ગ્રામજનોની રજૂઆતના સમયે મક્કમ હતા. બરાબર આ સમયગાળા દરમ્યાન વિધાનસભાની ચૂંટણી આવતી હતી. માટે કેટલાંક વડીલોએ આ ચૂંટણીના માહોલનો ઉપયોગ કરવાની વાત કરી. તેમાં ગામના એક વડીલે સૂચન કર્યું કે જ્યાં સુધી આપણાં ગામના કચરાના પ્રશ્નનું સમાધાન ન આવે ત્યાં સુધી ચૂંટણીનો બહિષ્કાર કરવો. કોઈએ મત ન આપવો. બધાને આ સૂચન યોગ્ય લાગ્યું. સરપંચશ્રી પણ આ ચર્ચામાં સામેલ હતા. પંચાયતના એક સભ્યએ આ નિર્ણયને ગ્રામસભા સમક્ષ મૂકવાનું સૂચન કર્યું. તાકિદે ગ્રામસભા બોલાવવામાં આવી. ગ્રામજનોના મત નહીં આપવાના નિર્ણયને ઠરાવના રૂપમાં લેવામાં આવ્યો. ગામના આ નિર્ણય અંગેની મીડિયાને જાણ થઈ. લીલાપુરના આ પ્રશ્ન અંગે ગ્રામજનોનાં સામૂહિક ચૂંટણી બહિષ્કારનાં નિર્ણય અંગેની વાત ટી.વી. ચેનલો અને સમાચારપત્રોમાં આવી. જેનાં પરિણામે તંત્ર દ્વારાં તાકિદે કચરાં ઢગલાના ઉઠાવવાની કામગીરી હાથ ધરવામાં આવી. આમ, ગ્રામજનોએ આ વર્ષો જૂના કચરાના ઢલગાની સમસ્યાનું નિવારણ યોગ્ય વ્યૂહરચના સાથે કર્યું. આ વર્ષો જૂના પ્રશ્નનો ઉકેલ કઈ રીતે આવ્યો ? તેની સમગ્ર પ્રક્રિયા સમાજકાર્યના દૃષ્ટિકોથી સમજો. તમારી આસપાસ કોઈ આ પ્રકારના પ્રશ્નો ખરા ? તેનો અભ્યાસ કરો.

**2. પંચાયત એ કંઈ પાંચ સભ્યો નથી ?**

ઈચ્છાપુર નામનું એક ગામ છે. ગામમાં અલગ-અલગ જ્ઞાતિઓનો વસવાટ છે. પરંતુ ગામમાં પહેલેથી જ એક હથ્થું શાસન લોકોને સામેલ કરવામાં આવતા નથી. ગ્રામ પંચાયતની મિટિંગો સમયસર મળતી નથી. ગ્રામસભા પણ બોલાવવામાં આવતી નથી. ગ્રામપંચાય અને ગામને કંઇ સંબંધ હોય તેવું લાગતું નથી. પંચાયત જાણે ગામના પાંચ આગેવાનોની જ હોય તેવું લાગે છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોનો જ લોપ થાય તે બરાબર છે ? ગ્રામપંચાયત એ ફક્ત ગામના પાંચ આગેવાનોની છે ? ગામમાં લોકશાહી શાસન વ્યવસ્થાના મૂલ્યો પ્રસ્થાપિત થાય તે માટે શું કરશો ?

## 1.10 પ્રવૃત્તિ (Activity) કરો.

**પ્રવૃત્તિ-01**

તમારા વિસ્તારના રાજ્યસભાના સાંસદની મુલાકાત લઈ તેમની સાથે તમારાં વિસ્તારના વિકાસ સબંધી પ્રશ્નો વિશેની ચર્ચા કરો.

**પ્રવૃત્તિ-02**

તમારાં વિસ્તારના ધારાસભ્યશ્રીને તમારાં વિસ્તારનાં વિકાસ સબંધી જુદાં-જુદાં મુદ્દાઓની છણાવટ કરતો પત્ર લખો.

**પ્રવૃત્તિ-03**

તમારાં વિસ્તારના ધારાસભ્યને મળી તેમને વિકાસલક્ષી કાર્યો માટે મળેલ ગ્રાન્ટનો કઈ-કઈ જગ્યાએ ઉપયોગ કર્યો તે અંગેની ચર્ચા કરો.

## 1.11 સંદર્ભગ્રંથ


(1) ભારતીય રાજકારણની રૂપરેખા : હસમુખ અમીન અને દિનેશ શુક્લ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

(2) ભારતીય રાજકારણ : ડૉ.ગજેન્દ્ર શુક્લ, પોપ્યુલર પ્રકાશન

(3) ભારતીય બંધારણ : પ્રો.હેમંત શાહ, નીરવ પ્રકાશન

# એકમ–2 લોકશાહીનો ખ્યાલ અને પ્રકારો

## : એકમનું માળખું :


**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 લોકશાહીનો મૂળભૂત ખ્યાલ**

**2.3 લોકશાહીના લક્ષણો અને ગુણદોષ**

**2.4 લોકશાહીના પ્રકારો અને સફળતા**

**2.5 ઉપસંહાર**

**2.6 તમારી પ્રગતિ ચકાસો**

**2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**2.8 ચાવીરૂપ શબ્દો**

**2.9 સ્વાધ્યાય લેખન**

**2.10 વૈયક્તિક અધ્યયન**

**2.11 પ્રવૃત્તિ**

**2.12 સંદર્ભગ્રંથ**


## 2.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ બાદ આપ લોકશાહી વ્યવસ્થા તેમજ તેની સાથે જોડાયેલી અગત્યની બાબતો સમજવા સક્ષમ બનશો.

- લોકશાહીનો ખ્યાલ
- લોકશાહીના લક્ષણો
- લોકશાહીના પ્રકારો
- લોકશાહીના ગુણદોષ તેમજ સફળતા માટેના સૂચનો

## 2.1 પ્રસ્તાવના

આધુનિક વિશ્વની અંદર જે વિચારસરણી તેમજ સરકારનો પ્રકાર વધુ પ્રચલિત છે તે લોકશાહી તે સમજવી ખૂબ જ જરૂરી છે. ભારતે પણ લોકશાહીનો સ્વીકાર કરેલો છે. તેથી આપણ માટે આ ખ્યાલને સમજવું ખૂબ જ જરૂરી છે. આ એકમમાં આપ લોકશાહી તેમજ તેની સાથે સંકળાયેલી તમામ બાબતો સમજશો.

જેમાં આપ લોકશાહીના ખ્યાલની ઉત્પત્તિ તેમજ તેના જુદાં-જુદાં લક્ષણો અને લોકશાહી વ્યવસ્થાના પ્રકારો સાથો-સાથ તેનો ગુણ-દોષ અને ભાવિ સફળતા માટેના સૂચનો વગેરે જાણશો.

એકમના ઊંડાણમાં જતાં પહેલાં આપણે લોકશાહી વ્યવસ્થાને ટૂંકમાં સમજી લઈએ. લોકશાહીમાં પ્રજા એ રાજા હોય છે. સર્વોપરી સત્તા લોકો પાસે હોય છે. લોકો પોતાની સત્તા પ્રતિનિધિને કે નેતાને પોતાના

વતી આપે છે. સાથો-સાથ તેના પર અંકુશ પણ ધરાવે છે. વર્તમાનમાં સૌથી વધુ લોકશાહીનો સ્વીકાર કરવામાં આવેલ છે. અમેરિકાએ 1776થી આજ સુધી લોકશાહીનો અમલ કરતો આવ્યો છે. એટલે કે દુનિયાની સૌથી સફળ લોકશાહી ગણાય છે. ભારતએ વિશ્વની સૌથી મોટી લોકશાહી ગણાય છે. લોકશાહીનો આધાર સ્તંભ સ્વતંત્રતા છે.

## 2.2 લોકશાહીના મૂળભૂત ખ્યાલો

પ્રાચીન સમયથી સરકારોના વર્ગીકરણના મુદ્દાએ રાજકીય ચિંતકોનું ધ્યાન ખેંચ્યું છે. રાજ્યશાસ્ત્રના પિતા ગણાતા એરિસ્ટૉટલે 158 જેટલા બંધારણોનો અભ્યાસ કર્યા પછી સરકારોનું વ્યવસ્થિત વર્ગીકરણ કરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાંનું એક સ્વરૂપ લોકશાહી છે. જેનો સ્વીકાર આધુનિક સમયમાં મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે.

**અર્થ અને વ્યાખ્યા :** લોકશાહી માટે અંગ્રેજી ભાષામાં(Democracy) ડેમોક્રેસી શબ્દ વપરાય છે. આ શબ્દ ગ્રીક ભાષામાં બે શબ્દો (Demos) ડીમોસ અને (Cretia) ક્રિટીયા પરથી બન્યો છે.

જેમાં Demosનો અર્થ પ્રજા અને Cretiaનો અર્થ શાસન થાય છે. આમ, Democretia એટલે પ્રજાનું શાસન આ અર્થમાં લોકશાહી એટલે પ્રજાનું શાસન/સત્તા લોકશાહી સરકારમાં પ્રજા સર્વોપરી હોય છે. તેમજ અંતિમ સત્તા પ્રજા પાસે હોય છે.

- **વ્યાખ્યા :**

**પ્રા.ડાઈસી :** લોકશાહી એટલે એવી સરકાર કે જેની સત્તા પ્રજાની બહુ મોટી સંખ્યાના હાથમાં હોય.

**અબ્રાહમ લિંકન :** લોકશાહી એટલે લોકોની, લોકો દ્વારા અને લોકો માટે ચાલતી સરકાર.

- **લોકશાહીના મૂળભૂત ખ્યાલો :**

લોકશાહી સરકાર જે રાજ્ય અપનાવે છે. તેઓ એ લોકશાહીના મૂળભૂત ખ્યાલોને આવરી લેવા પડે છે. આ ખ્યાલો લોકશાહી રાજ્યના વિકાસના પાયાના સ્વરૂપમાં જોવા મળે છે. લોકશાહીના પાયાના સિદ્ધાંત/ખ્યાલો નિમ્નલિખિત છે.

### (1) વ્યક્તિનું ગૌરવ

લોકશાહી સરકારમાં વ્યક્તિના ગૌરવ અને તેના માન સન્માનનો સ્વીકાર કરવામાં આવે છે. જેને લોકશાહીમાં પાયાની વાત ગણવામાં આવે છે. વ્યક્તિનું કલ્યાણ થાય તેનો સર્વાંગી વિકાસ થાય તે માટે સરકારે સતત પ્રયત્નો કરવાના હોય છે. અબ્રાહમ લિંકન આ ખ્યાલને ખૂબ સરળ અને સારી રીતે સમજાવતા જણાવે છે કે જેવી રીતે મને કોઈનો ગુલામ થવાનું ન ગમે તેવી જ રીતે મને કોઈના માલિક બનવું પણ ન ગમવું જોઈએ. આ વિચારની પાછળ વ્યક્તિના ગૌરવની જ ભાવના રહેલી છે. તે લોકશાહીના પાયામાં જોવા મળે છે.

સમાનતા જ માનવમાત્ર સમાન છે. આ જાતનો ખ્યાલ પણ લોકશાહી તંત્રમાં કેન્દ્ર સ્થાને રહેલો છે. લોકશાહીમાં જયારે, તમામ મનુષ્યો સમાન છે, એમ કહેવામાં આવે છે ત્યારે તેનો અર્થ એ છે કે તમામ મનુષ્યોને વિકાસ માટેની તક સમાન મળવી જોઈએ, દરેક નાગરિક પોતાની શકિત પ્રમાણે પોતાનો વિકાસ સાધી શકે, કેટલાંક મૂળભૂત અધિકારોની બાબતમાં તમામ મનુષ્ય જન્મથી જ સમાન હોય છે, તે દર્શાવે છે કે મનુષ્યો વચ્ચે અન્ય અસમાનતા કુદરતી હોવા છતાં મૂળભૂત સમાનતા અસ્તિત્વ ધરાવે છે.

લોકશાહીમાં સમાનતાની માન્યતાના પાયા પર જ લોકશાહીમાં સમાનતાની માન્યતાના પાયા પર જ લોકશાહીની ઈમારત ચણવામાં આવી છે. સમાનતાના ખ્યાલમાં બંધુત્વની ભાવના રહેલી છે.

### (2) સ્વતંત્રતા

લોકશાહી માટે સ્વતંત્રતા હોવી ખૂબ જ જરૂરી છે. આ ખ્યાલ લોકશાહી સાથે સંકળાયેલાં અગત્યના

ખ્યાલ છે. તેમજ અનિવાર્ય છે. દરેક વ્યક્તિને પોતપોતાની ઈચ્છા મુજબ તથા શક્તિ પ્રમાણે પોતાનો વિકાસ કરવા માટે માનવસમાજના કલ્યાણ સાથે સુસંગત હોય અને વધુમાં વધુ સ્વતંત્રતા હોય એવું હોવું જોઈએ.

વ્યક્તિ એ પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરતી વખતે માનવસમાજના કલ્યાણને ધ્યાનમાં રાખવું જોઈએ. એવું જ નહીં આ ઉપભોગમાં કોઈને નુકસાન ન્વું જોઈએ નહીં. લોકશાહીમાં સ્વતંત્રતા સંપૂર્ણ હોતી નથી, માનવસમાજના કલ્યાણની મર્યાદાઓની અંદર રહીને જ વ્યક્તિઓએ ઉપયોગ કરવાનું હોય છે. આમ, સ્વતંત્રતા કેટલાંક અંશે નિયંત્રિત છે. જેમાં જવાબદારીની ભાવના રહેલી છે.

**(3) બંધુત્વ-ભાતૃભાવ**

લોકશાહીનો પાયો છે બંધુત્વ, બંધુત્વની ભાવનાના કારણે લોકોમાં પોતે એક જ કુટુંબના સભ્યો છે. એવી લાગણી પ્રવર્તે છે. જેથી સાથે મળીને કુટુંબનો વિકાસ કરવાની લાગણી જન્મે છે. જેના કારણે તેમનામાં પરસ્પર પોતાના હિતોને ત્યાગ કરવાની વૃત્તિ ઊભી થાય છે. જો બંધુત્વની ભાવનાના હોય તો પ્રજામાં એકતાની ભાવના આવી શકે નહીં.

**(4) કાયદાનું શાસન**

કાયદાના શાસનનો ખ્યાલ લોકશાહી સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. કાયદાનું શાસન એટલે કાયદા સમક્ષ સૌને સમાન ગણે છે. સમાન કાયદાના ભંગ માટે સમાન શિક્ષા કરવામાં આવે છે. કાયદાના શાસનનો અમલ હોવાથી નાગરિકો પોતાના જીવન સ્વાતંત્ર્યને તેમજ અન્ય મૂળભૂત અધિકારો ભોગવી શકે છે જ્યાં કાયદાનું શાસનના હોય ત્યાં શાસનકર્તા મનસ્વી રીતે સત્તાનો ઉપયોગ કરે છે. લોકશાહી શાસનમાં અમુક જ વ્યક્તિઓ દ્વારા શાસન ચાલતું નથી; પરંતુ, પ્રજાએ પોતે જ ચૂંટેલાં પોતાના પ્રતિનિધિઓ દ્વારા ઘડેલાં કાયદાઓ પ્રમાણે શાસન ચાલે છે.

**(5) પ્રજામાં જવાબદારી અને ફરજની ભાવના**

લોકશાહીમાં પ્રજાએ પોતાની જવાબદારી અને ફરજ બજાવવાની હોય છે, લોકશાહી એ યાંત્રિક રચના નથી પરંતુ માનવસંબંધો પર રચાયેલી સમાજવ્યવસ્થા છે. પરિણામે તેમાં રહેતી દરેક વ્યક્તિ પોતાની જવાબદારીઓ સમજતી હોવી જોઈએ તેમજ પોતાની ફરજો માટે જાગૃત હોવી જોઈએ આવી ભાવના ધરાવતી વ્યક્તિઓ જ લોકશાહીમાં જરૂરી ગણાતી ફરજો જેમ કે વિચારોની મુક્ત આપલે, સરકારના કાર્યો તથા નીતિની ટીકા તેમજ મતાધિકારનો ઉપયોગ યોગ્ય રીતે કરી શકે છે.

## 2.3 લોકશાહીના લક્ષણો અને ગુણ-દોષો

લોકશાહીને સમજવા માટે તેમજ ઊંડાણથી અભ્યાસ માટે તેની લાક્ષણિકતાઓ સમજવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**(1) બંધારણીય સરકાર**

લોકશાહીમાં વ્યક્તિઓની ઈચ્છા પ્રમાણે નહીં; પરંતુ; કાયદા પ્રમાણે શાસન ચાલે છે. લોકશાહીમાં લિખિત બંધારણનો સ્વીકાર કરવામાં આવે છે. બ્રિટનમાં લિખિત બંધારણ છે, બંધારણમાં જણાવેલ જોગવાઈઓ પ્રમાણે જ શાસન કરવાનું હોય છે. બંધારણએ રાજ્યનો મૂળભૂત કાયદો ગણાય છે. બંધારણીય સરકારના કારણે સરકાર સત્તાનો દૂરઉપયોગ કરી શકતી નથી. ધારાસભાએ પણ બંધારણ દ્વારા નક્કી કરેલા કાર્યક્ષેત્રમાં રહીને જ કાર્ય કરવું પડે છે. આના કારણે બંધારણે નક્કી કરેલ મર્યાદાને સરકાર ઓળંગતી નથી, આ પગલાંના કારણે બંધારણ દ્વારા પ્રજાના હકોનો સ્વીકાર કરવામાં આવ્યો હોવાથી પ્રજાના સર્વાંગી વિકાસની ખાત્રી આપવામાં આવે છે. આ પ્રમાણે લોકશાહીતંત્રમાં બંધારણનો સ્વીકાર અનિવાર્યપણે કરવામાં આવે છે. અને આ લાક્ષણિકતા

લોકશાહી સાથે એટલી બધી ગાઢ રીતે સંકળાયેલી છે કે બંધારણ વગર લોકશાહીની કલ્પના કરવી મુશ્કેલ છે.

**(2) ચર્ચા વિચારણા દ્વારા ચાલતી સરકાર**

લોકશાહીમાં ચર્ચાને ખૂબજ મહત્ત્વ આપવામાં આવે છે સરકારની કોઈપણ નીતિ કે કાર્યક્રમ કે યોજના અંગે લોકો પ્રત્યેક તબક્કે-સ્તરે મુક્ત ચર્ચા કરે એ ખૂબ જ જરૂરી છે. આ માટે અખબારો, ટીવી, રેડિયો જેવા પ્રચાર પ્રસારના માધ્યમો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેના કારણે સરકાર લોકોની લાગણી, મત, અભિપ્રાયથી સુપેરે પરિચિત થાય છે અને જરૂર જણાય ત્યાં લોકમતનો સ્વીકાર કરીને સરકારનીતિમાં પણ પરિવર્તન કરે છે. તેમજ લોકો ચૂંટણીના માધ્યમથી પરિવર્તન કરે છે.

દા.ત. 1975ની કટોકટી પછી 1977ની સામાન્ય ચૂંટણીમાં શ્રીમતી ઇન્દિરાગાંધી સરકારની હાર થઈ હતી.

**(3) મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ**

ચૂંટણીએ લોકશાહીને રાષ્ટ્રીય ઉત્સવ ગણવામાં આવે છે. ચૂંટણી લોકશાહીનો આત્મા છે. તે પ્રતિપાદિત કરે છે કે લોકશાહીમાં લોકો જ સત્તાનું ઉદ્ભવ સ્થાન છે. ચૂંટણીએ અસરકારક સાધન છે. જેના દ્વારા મતદારો શાસનકર્તાને પસંદ કે ના પસંદ કરતા હોય છે અને આ પ્રક્રિયામાં પ્રત્યક્ષ રીતે ભાગીદાર બને છે. શાસકો પર લોકોનું પ્રભુત્વ સ્થાપિત થાય છે. તેમજ તેઓ સતત એ બાબતથી તેમને વાકેફ રાખે છે કે તેઓ નિયત સમય સુધી સત્તા ભોગવી શકે છે. લોકોની પુન:સંમતિ જરૂરી બની રહે છે. જો કદાચ લોકોને શાસકની નીતિઓ અથવા વહીવટ ન ગમ્યું હોય તો ચૂંટણી જેવા અહિંસક શસ્ત્રથી તેમને દૂર કરી શકે છે. માટે લોકશાહીમાં ચૂંટણીને શાંતક્રાંતિ કહેવામાં આવે છે. ચૂંટણી લોકોના મતને વ્યક્ત કરવાનું અસરકારક માધ્યમ છે. માટે લોકશાહીમાં ચૂંટણીને સેફ્ટી વાલ્વ તરીકે જોવામાં આવે છે. ચૂંટણી મુક્ત અને સ્વાયત્ત હોવી જોઈએ એટલે કે કોઈ જૂથ સરકારી તંત્રના અંકુશથી મુક્ત અને કોઈપણ પ્રકારના પ્રલોભનો લાલચથી દૂર હોવી જોઈએ.

**(4) સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર**

આધુનિક સમયમાં સાર્વત્રિક પુખ્તવય મતાધિકારનો સ્વીકાર કરવામાં આવ્યો છે, મતાધિકારનો ઇતિહાસ જોતા જણાય છે કે કેટલાંક રાષ્ટ્રોમાં મતાધિકાર માટે ક્રાંતિઓ કરવી પડી હતી; પરંતુ, આજે સાર્વત્રિક એટલે જાતિ, જ્ઞાતિ, ધર્મ, કોમ, સંપ્રદાય, ભાષા, લિંગ, જન્મસ્થળ કે અન્ય કોઈપણ પ્રકારનો આધાર લીધા વિના પુખ્તવય એટલે કે જે તે રાજ્યે મત આપવા માટે નક્કી કરેલી વયમર્યાદા કે તેથી ઉપરની વય ધરાવતા હોય તેને મતાધિકાર મળે છે. જર્મનીએ સૌ પ્રન્મ સાર્વત્રિક પુખ્તવય મતાધિકારની જોગવાઈ વર્ષ 1991માં કરી હતી.

દા.ત. ભારત, અમેરિકા અને બ્રિટનમાં મતાધિકાર માટેની વય 18 વર્ષ છે.

**(5) રાજકીય પક્ષો-દાબજૂથો**

રાજકીય પક્ષો લોકશાહીના ચાલકબળ છે. લોકશાહી ચર્ચા, વાદ-વિવાદથી ચાલતી સરકાર છે. તેથી તેમાં રાજકીય પક્ષો જરૂરી છે. તેઓ લોકમત ઘડવાનું તેમજ વ્યક્ત કરવાનું કામ કરે છે. સાથે-સાથે સરકારને તે પ્રમાણે વર્તવાની ફરજ પાડે છે. આધુનિક લોકશાહી પ્રતિનિધિક લોકશાહી હોવાથી લોકોને પોતાના પ્રતિનિધિને ચૂંટવાની સત્તા હોય છે. તેમજ તેઓ પોતાના પ્રતિનિધિને શાસનની દોર આપતા હોય છે. આ સંદર્ભમાં રાજકીય પક્ષો અનિવાર્ય છે. રાજકીય પક્ષો વિરોધપક્ષની ભૂમિકા અદા કરીને પણ લોકશાહીને સતત ધબકતી અને ચેતનવંતી રાખે છે.

**(6) લઘુમતીના હકોનો સ્વીકાર**

લોકશાહીમાં બહુમતીનું શાસન હોય છે અને ત્યાં જાત-જાતની લઘુમતીઓ પણ હોય છે. જેમ કે ધાર્મિક, આર્થિક, નાણાંકીય વગેરે, બહુમતી શાસનની સામે તેમનો અવાજ દબાઈ ન જાય તે માટે લઘુમતીઓને કેટલાંક અધિકાર બંધારણ દ્વારા આપવામાં આવેલા છે. જેનાથી લઘુમતીઓને પોતાના હિતો અને વિકાસની બાંહેધરી મળે છે. લઘુમતી બહુમતીએ તો લોકશાહીમાં પરિચાલકો છે તેમજ લોકશાહીના સાતત્ય માટે અત્યંત જરૂરી છે.

**(7) મુક્ત અને જવાબદાર અખબારો-પ્રચાર સાધનો**

મુક્ત અને જવાબદાર અખબારો લોકશાહીના સ્તંભ તેમજ ચોકીદાર તરીકે ઓળખાય છે. લોકશાહી લોકમત દ્વારા ચાલતી સરકાર છે લોકમત એ લોકશાહીનો પ્રાણવાયુ છે. લોવેલના મતે લોકશાહીમાં યોગ્ય બળ ગણાવવા માટે લોકમત ખરેખર લોકોનો અને બધાનો મત હોવો જોઈએ.સંગીન અને અસરકારક લોકમત ઘડતરમાં અખબારો, રેડિયો, ટીવી વગેરે પ્રચાર માધ્યમો સરકારના અંકુશથી મુક્ત હોવાં જોઈએ અખબાર તેમજ અન્ય પ્રચારના સાધનોથી લોકમત વધુ પરિપક્વ બને છે.

દા.ત. 1975ની કટોકટીના પરિણામ સ્વરૂપે ભારતમાં પ્રેસ સેન્સરશીપ દાખલ કરવામાં આવી અને લોકમતને ગૂંગળાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. અંતે લોકમત 1977ની સામાન્ય ચૂંટણીમાં જોવા મળ્યો.

**(8) સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયતંત્ર**

લોકશાહી સરકારનું ત્રીજું અંગ ન્યાયતંત્ર છે જે લોકશાહીમાં રખેવાળની ભૂમિકા ભજવે છે; પરંતુ, તે ધારાસભા અને કારોબારીથી સ્વતંત્ર હોવો જોઈએ, ન્યાયતંત્રની સ્વતંત્રતા અને નિષ્પક્ષતા લોકશાહીતંત્રના કસોટી પથ્થરની ગરજ સારે છે. ન્યાયતંત્ર બંધારણ અને મૂળભૂત અધિકારોના પથિક તરીકે પણ કાર્ય કરે છે. તેથી આ ન્યાયતંત્રની સ્વતંત્રતા માટેની જોગવાઈઓ જે તે બંધારણમાં સામેલ કરવામાં આવી છે. અદાલત સમીક્ષા વડે ન્યાયતંત્ર લોકશાહીમાં ખૂબ જ મહત્ત્વનું કાર્ય કર્યુ છે. આ સંદર્ભમાં અમેરિકા લોકશાહી સરકારને ક્યારેક ન્યાયધીશો દ્વારા ચાલતી સરકાર પણ કહેવામાં આવે છે. ભારતમાં પણ અદાલતી સમીક્ષાની જોગવાઈ છે.

- **લોકશાહીના ગુણ-દોષ**

લોકશાહી વ્યવસ્થા સફળ હોવાની સાથે-સાથે તે કેટલાંક અંશે આદર્શવાદી પણ જોવા મળે છે તેથી આપણે તેના ગુણ-દોષોને સમજવાનો પ્રયત્ન કરીશું

લોકશાહી વ્યવસ્થાના ગુણ-દોષ નીચે મુજબ છે.

- **લોકશાહીના ગુણ**

**(1) સ્વતંત્રતા માટે નિશ્ચિત બનાવે છે.**

લોકશાહીમાં કાયદાનું શાસન અમલમાં હોવાથી દરેકને એક બાબતમાંતો સંપૂર્ણ ખાત્રી હોય છે કે પોતાના જીવનમાં તેમજ પોતાની સ્વતંત્રતામાં રાજ્ય બિન-જરૂરી દરમ્યાનગીરી કરવાની હિમ્મત દાખવી શકે નહીં; કેમ કે, જયારે, સરકાર મનુષ્યના જીવનને અથવા તેની સ્વતંત્રતાને અયોગ્ય રીતે મર્યાદિત કરે છે ત્યારે વ્યક્તિ ન્યાયતંત્રનો આશરો લે છે અને ન્યાયતંત્ર વ્યક્તિને રક્ષણ પૂરું પાડે છે.

**(2) ક્રાંતિની શક્યતા ઓછી રહે છે.**

લોકશાહીમાં પ્રજા પાસે જ ઘેવરની સત્તા હોવાથી તેમજ પ્રજાની સંમતિને ધ્યાનમાં રાખીને

રાજકર્તાઓ મોટા ભાગે વર્તતા હોવાથી ક્રાંતિ દ્વારા રાજકીય ફેરફારોની શક્યતા નહિવત જ હોય છે. આપણે જાણીએ છીએ કે, જયારે, પ્રજાને તેની ઈચ્છા વ્યક્ત કરવા દેવામાં આવતી નથી. રૂંધાયેલી લાગણીઓને તે ક્રાંતિ દ્વારા વ્યક્ત કરે છે અને સત્તા કબજે કરી તે દ્વારા પોતાને જરૂરી લગતા ફેરફારો અમલમાં મૂકે છે.

**(3) સરકાર સત્તાનો દુરુપયોગ કરી શકતી નથી.**

સરકાર પાસે સત્તાનું પ્રમાણ ઘણું હોવા છતાં પણ તેને તેનો દુરુપયોગ કરતાં વિચારવું પડે છે, કારણ કે તે પ્રજાને જવાબદાર હોય છે. તેને કેટલા કાર્યો માટે પ્રજા તેની પાસેથી જવાબ માંગે છે. પ્રજાને જવાબદાર સરકાર હોય છે. આમ, લોકશાહીમાં સરકાર પ્રજાને જવાબદાર હોવાથી સત્તાનો દુરુપયોગ કરતા વિચારે છે.

**(4) વ્યક્તિ વિકાસ માટે સમાનતક**

મનુષ્ય પોતાના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે છે. લોકશાહી સરકાર જ એકમાત્ર એવી સરકાર છે. જેમાં તમામને કોઈપણ પ્રકારના ભેદભાવ કે મર્યાદા વગર સમાન તક આપવામાં આવે છે; કેમ કે, સમાનતાએ લોકશાહીનો અગત્યનો સિદ્ધાંત છે. પરિણામે, દરેક મનુષ્યે પોતાની ક્ષમતા પ્રમાણે પોતાનો વિકાસ કરવાનો હોય છે.

**(5) રાષ્ટ્રપ્રેમ મજબૂત કરે છે.**

લોકશાહીમાં પ્રજા સત્તા ધરાવતી હોવાથી તે રાજ્યની તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. જેના કારણે રાષ્ટ્ર પ્રત્યે એકતાની લાગણી પ્રજા અનુભવે છે અને આના કારણે આ લાગણી રાષ્ટ્રપ્રેમને વધુ મજબૂત કરે છે.

**(6) રાજકીય શિક્ષણ પૂરું પાડે છે.**

લોકશાહીમાં ચૂંટણી અનિવાર્ય છે તેમજ તે દ્વારા જ પ્રજા મહત્ત્વના નિર્ણયો લે છે આ પ્રમાણે નિર્ણયો લેવાના હોવાથી પ્રજા દરેક બાબતમાં રસ લે છે અને દરેક પ્રશ્નને સમજવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારની ક્રિયાઓ તેમજ રાજકીય પક્ષોની કાર્યવાહી પ્રજાને રાજકીય શિક્ષણ પૂરું પાડે છે.

- **લોકશાહીના દોષ**

**(1) એક વ્યક્તિ એક મતનો સિદ્ધાંત યોગ્ય નથી**

લોકશાહીમાં એક વ્યક્તિ એક મતના સિદ્ધાંત પ્રમાણે તમામને સમાન ગણીને મતાધિકાર આપવામાં આવે છે જેનો ઉપયોગ ચૂંટણીમાં મતદારો કરી સરકારની રચના કરે છે; પરંતુ, આ સિદ્ધાંતના કારણે કોઈપણ બે વ્યક્તિના મતદાન અંગેનો તફાવત જોઈ શકાતો નથી.

દા.ત. પટાવાળા અને અધિકારી મતદાન કરે તેના ચિંતન વિશે.

**(2) સારી સરકારની સ્થાપના થતી નથી.**

લોકશાહીમાં અને ખાસ કરીને ચૂંટણીમાં જે રીતે પ્રચાર થાય છે. જે રીતે ભાષાનો પ્રયોગ થાય છે. તેના કારણે સારાં લોકો તેમાં જોડતા નથી જેના કારણે સારા લોકોની સેવાનો લાભ દેશને મળતો નથી. આ કારણોસર સારી સરકારની રચના થઈ શકતી નથી. સંસદીય પ્રકારની સરકારમાં વિપક્ષમાં નિષ્ણાત તેમજ કુશળ વ્યક્તિઓ હોવા છતાં તેમનો લાભ સરકારને મળતો નથી. પરિણામે ધારાસભાના પ્રથમગૃહમાં બહુમતી મેળવેલ પક્ષમાં જેવા સભ્યો હોય તેવા સભ્યોમાંથી જ સરકારની રચના કરવી પડે છે. આમ, એ રીતે સારી સરકાર બનાવી શકાતી નથી.

**(3) બહુમતી સાચા અર્થમાં બહુમતી હોતી નથી.**

લોકશાહીમાં બહુમતી દ્વારા નિર્ણયો લેવામાં આવે છે; પરંતુ, ઘણી વખત રજૂ થયેલ બાબત પર

બહુમતીનું પ્રમાણ ખૂબજ ઓછું હોય છે. ઘણી વખતતો ફક્ત એક જ મતનો તફાવત હોય તો પણ તેને બહુમતી ગણીને નિર્ણય લેવાય છે. આ ઉપરાંત, બહુમતી મેળવવામાં, લાગવગ, લાંચ, દબાણ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. આમ, આ રીતે મેળવેલ બહુમતી સાચા અર્થમાં બહુમતી ગણાય નહીં.

**(4) બિન-કાર્યદક્ષતા વધવાની શક્યતા**

લોકશાહીમાં બહુમતી મેળવનાર પક્ષ સરકારની રચના કરે છે. પરિણામે પ્રજા દ્વારા ચૂંટાયેલ પ્રતિનિધિઓ સરકારી તંત્રને સંભાળે છે. જેમને રાજ્યના કાર્યનો ખાસ અનુભવ હોતા નથી. તેથી સરકારી કાર્યો યોગ્ય રીતે થઈ શકતા નથી. બહુમતીનો ટેકો મેળવનાર પક્ષ સરકાર રચે છે; પરંતુ, બહુમત લઘુમતીમાં ફેરવતા તેને સત્તા ત્યાગ કરવો પડે છે. જયારે, આ રીતે વારંવાર સરકારની ફેરબદલી થાય છે. ત્યારે કાર્યદક્ષતામાં ઘટાડો થાય છે.

**(5) રાજકીય પક્ષો દ્વારા ઉદ્‌ભવતી મુશ્કેલીઓ**

પરોક્ષ લોકશાહીમાં રાજકીય પક્ષો અનિવાર્ય બની ગયા છે. તેમની સેવાઓ અગત્યની હોવા છતાં પણ તેઓ જ મુશ્કેલીઓ ઊભી કરે છે, તે ચિંતાજનક હોય છે. રાજકીય પક્ષો અપ્રમાણિકતાને ઉત્તેજન આપે છે. ધારાસભા જ નહીં; પરંતુ, રાષ્ટ્રને પણ પ્રતિપક્ષી જૂથોમાં વહેંચી નાંખે છે. નૈતિક ધોરણોને નીચો લાવે છે. આ ઉપરાંત રાજકીય પક્ષોનું વર્ચસ્વ ખૂબ જ વધી જાય છે. તેમજ તેના કારણે પ્રતિનિધિઓ પોતાનું વ્યક્તિત્વ ગુમાવે છે. સાથો-સાથ નૈતિકતા, પ્રમાણિકતા અને સ્વતંત્રતા ગુમાવે છે.

**(6) લોકશાહી ભયકારક છે.**

લોકશાહી ભયકારક છે; કારણ કે, સર્વોપરિતા થોડી વ્યક્તિઓ પાસે જ હોય છે. ઘણા પાસે નહીં કુદરતના કાયદાના આ વિચારની તે અવગણના કરે છે. આ અંગે આપણે એમ પણ કહી શકીએ કે જ્યાં અશિક્ષિત પ્રજાનું પ્રમાણ વધુ હોય ત્યાં આવા મતદારો મતનો ઉપયોગ વિચારપૂર્વક ન કરે તેવી શક્યતા પૂરેપૂરી રહેલી છે.

## 2.4 લોકશાહીના પ્રકારો- સફળતા

- **લોકશાહીના પ્રકારો**

લોકશાહીના અમલની દ્રષ્ટિએ બે પ્રકારો છે. જે નીચે મુજબ છે

(1) પ્રત્યક્ષ લોકશાહી

(2) પરોક્ષ લોકશાહી

**(1) પ્રત્યક્ષ લોકશાહી**

જયારે, રાજ્યના કોઈપણ કાર્યોમાં પ્રજા પ્રત્યક્ષ રીતે ભાગ લે છે તેને પ્રત્યક્ષ લોકશાહી કહેવામાં આવે છે.

પ્રાચીન ભારતમાં ગણરાજ્યો તેમજ પ્રાચીન ભારતના નગર રાજ્યોમાં ત્યાંના નાગરિકો રાજ્યના કાર્યોમાં પ્રત્યક્ષ રીતે ભાગ લેતા હતાં.

હાલની વાત કરીએ તો સ્વિત્ઝરલૅન્ડ અને અમેરિકાના સમવાયતંત્રના કેટલાંક ઘટક રાજ્યોમાં પ્રત્યક્ષ લોકશાહી જોવા મળે છે.

**(2) પરોક્ષ લોકશાહી**

રાજયની પ્રજા પોતાના પ્રતિનિધિઓને ચૂંટીને તેમના દ્વારા પરોક્ષ રીતે રાજ્યના કાર્યોમાં ભાગ લઈને તેઓ રાજ્યમાં લોકશાહીની સ્થાપના કરે છે અને તેના સિદ્ધાંતો દ્વારા રાજ્યનું શાસન કરે

છે. આ માટે આધુનિક લોકશાહીને પરોક્ષ લોકશાહી અથવા તો પ્રતિનિધિક કે પ્રતિનિધિત્વયુક્ત લોકશાહી તરીકે ઓળખવામાં આવે છે. પરોક્ષ લોકશાહીમાં પણ છેવટની સત્તા તો પ્રજા પાસે જ હોય છે.

- **પ્રત્યક્ષ લોકશાહીની પદ્ધતિઓ**

પ્રત્યક્ષ લોકશાહીની અમુક પદ્ધતિઓ અને રીતિઓથી નાગરિકો રાજ્યના કાર્યોમાં પ્રત્યક્ષ રીતે ભાગ લઇ શકે છે.

**(1) પહેલ અધિકાર**

પહેલ અધિકાર એટલે લોકોને ધારાકીય કાર્યોમાં પહેલ કરવાનો અધિકાર મોટાભાગે ધારાસભા ધારાકીય કાર્યો કરતી હોય છે; પરંતુ, આ રીત પાછળ એવી ભાવના રહેલી છે કે લોકોને જરૂરી લાગતા હોય તેવા જ કાયદાને જ્યારે, ધારાસભામાં રજૂ કરવામાં નાગરિકો પહેલ કરે, તેવા કાયદા અંગેના ખરડાને રજૂ કરવાની પહેલ કરે તેને પહેલ અધિકાર કહેવાય છે.

દા.ત. સ્વિત્ઝરલેન્ડના સમવાય સરકારના બંધારણમાં ફેરફાર કરવા માટે 50,000 મતદારોની સહીની જરૂર હોય છે. આ રીતે બંધારણમાં સુધારા-વધારા કરવા નાગરિકો પોતે પહેલ કરે છે.

અમેરિકામાં તેના અમુક રાજ્યોમાં બંધારણમાં ફેરફાર કરવા માટે તેમજ અમુક ઘટક રાજ્યોમાં સામાન્ય કાયદાઓ માટે આવા અધિકારની જોગવાઈ છે. આ પદ્ધતિ દ્વારા લોકશાહીમાં લોકોની સર્વોપરિતા છે. તેના પુરાવા મળી રહે છે. લોકો થકી કાયદાનું ઘડતર થાય તો પરિણામે કાયદાનું પાલન થઈ શકે.

**(2) લોકપૃચ્છા**

ધારાસભાએ ઘડેલા કાયદા અંગે લોકોની સંમતિ કે અસંમતી જાણવાની પ્રક્રિયાથી નિર્ણય લેવો તેને લોક પૃચ્છા કહેવાય છે.

આ પ્રકારના પણ બે પેટા પ્રકાર છે.

(A) ફરજિયાત લોકપૃચ્છા

(B) મરજિયાત લોકપૃચ્છા

**(A) ફરજીયાત લોકપૃચ્છા**

જયારે, તમામ પ્રકારના સામાન્ય અને બંધારણીય કાયદાઓ લોકોની સંમતિ માટે રજૂ કરવા જ પડે છે. ત્યારે તેને ફરજીયાત લોકપૃચ્છા કહે છે. સ્વિત્ઝલેન્ડમાં સામાન્ય રીતે તમામ પરગણામાં દરેક અગત્યના કાયદાઓ વિશે અંતિમ નિર્ણયો લેવા માટે લોકો સમક્ષ રજૂ કરવા તેવી જોગવાઈ કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય કરારો તેમજ સંધિઓને લોકપૃચ્છા માટે રજૂ કરવી જ પડે છે.

**(B) મરજિયાત લોકપૃચ્છા**

જયારે, નિર્ધારિત કરેલી સંખ્યાના મતદારો અરજી કરીને લોકપૃચ્છા માટેની માંગણી કરે ત્યારે તેને મરજિયાત લોકપૃચ્છા કહે છે. આમાં તમામ કાયદાઓને ફરજિયાત પણે લોકો સમક્ષ રજૂ કરવાના હોતા નથી. સ્વિત્ઝરલેન્ડમાં સમવાય સરકારના કાયદાને લોકપૃચ્છા માટે રજૂ કરવા અંગે 30,000 મતદારો અરજી કરે અને આઠ કેન્ટોન તેને ટેકો આપે તો જ લોકપૃચ્છા માટે રજૂ કરવામાં આવે છે. અમેરિકામાં કેટલાંક ઘટક રાજ્યોમાં તેનો અમલ ન્યો છે; પરંતુ, સમવાયી બાબતોમાં લોકપૃચ્છાનો ઉપયોગ કરાતો નથી. મરજિયાત લોકપૃચ્છામાં લોકતંત્રના હાર્દનો પડઘો પડે છે. કાયદાપાલન સારી રીતે થાય છે. નાગરિકોની રાજકીય ભાગીદારી વધે છે. ધારાસભાની મનસ્વિતા પર લોકપૃચ્છા અંકુશ મૂકે છે.

**(3) લોકમત-પ્રજામત**

લોકમત પ્રજામત એટલે મત દ્વારા લોકોની વ્યક્ત થયેલી ઈચ્છા, સામાન્ય રીતે જે બાબતો લોકો ને અસર કરે છે અથવા તો જેમાં તેમને રસ પડે છે. તેમના વિશે જયારે, લોકો સમાન વિચારો ધરાવે છે ત્યારે તેને લોકમત કહે છે. લોકમત લોકશાહીમાં પરિવર્તનની ભૂમિકા ભજવે છે.

**(4) પ્રતિનિધિને પાછો બોલાવવાનો હક**

લોકશાહીમાં પ્રતિનિધિઓ થકી વહીવટ ચાલે છે તે સર્વસામાન્ય છે. પ્રતિનિધિઓને નાગરિકો નિયત સમય મર્યાદા માટે ચૂંટે છે. તેઓ પ્રજાને જવાબદાર હોય છે. જયારે, પ્રજાને એવું લાગે કે પોતે ચૂંટેલો પ્રતિનિધિ મતદારોની ઈચ્છા મુજબ વર્તતો નથી તો તેમને ધારાસભામાંથી પરત બોલાવવાનો હક છે. આમ કરવાથી તે બેઠક ખાલી પડે છે અને ત્યાં પુનઃચૂંટણી થાય છે અને બેઠક ભરાય છે. આ રીતિનો ખાસ સ્વીકાર થયો નથી પણ આ હક દ્વારા રાજ્યમાં લોકો સાર્વભૌમ સત્તા ધરાવે છે. તે પ્રતિપાદિત થાય છે. જોકે તેનો ઉપયોગ કાળજીપૂર્વક કરવામાં ન આવે તો તે લોકશાહી માટે હાનિકારક પુરવાર થાય છે.

- **લોકશાહીની સફળતા**

**(1) પ્રજામાં આવેલી જાગૃતિ**

20મી સદીમાં લોકશાહીમાં અમલ પરથી એ બાબત સ્પષ્ટ થાય છે કે તેને ખાસ કરીને પ્રજામાં જાગૃતિ આણીને સારા પ્રમાણમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. જે પ્રજા સંસ્થાનવાદની પકડમાં છે. તે પણ તેમાંથી મુક્ત થઈને લોકશાહી તંત્રની સ્થાપના માટે પ્રયાસ કરી રહી છે.

**(2) સરકાર સત્તાનો દુરુપયોગ કરી શકતી નથી.**

રાજકીય પક્ષો સત્તા પ્રાપ્ત કરવા માટે તેમજ સત્તા પર ટકી રહેવા માટે પ્રજાનો વિશ્વાસ સંપાદિત કરવો પડે છે. શાસક પક્ષ લોકમતની અવગણના કરી શકે નહિ. કેમ કે તેમ કરવાથી તેને સત્તા ગુમાવવી પડે છે. પ્રજા ચૂંટણી તથા પેટા-ચૂંટણીઓ દ્વારા સરકાર પાસે તેના કાર્યો તો જવાબ માંગે છે. ધારાસભામાં પણ વિપક્ષ સરકાર પર સારા પ્રમાણમાં નિયંત્રણ રાખે છે. આ બધાના કારણે સરકારને સત્તાનો દુરુપયોગ કરતા અટકાવે છે.

**(3) વ્યક્તિ સ્વાતંત્ર્યના રક્ષણની જોગવાઈ**

કાયદાના શાસનથી સરકારી અધિકારીઓ પણ સત્તાનો દુરુપયોગ કરવાની હિમ્મત કરી શકતા નથી. વ્યક્તિ સ્વતંત્રતાનો બંધારણ દ્વારા સ્વીકાર કરવામાં આવે છે. તેમજ તેના અમલની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.

**(4) અહિંસક રીતે સત્તાની ફેરબદલીને શક્ય બનાવે છે.**

લોકશાહી તંત્રમાં ચૂંટણીપ્રથા અનિવાર્ય બની ગઈ છે.તેના દુષણો હોવા છતાં પણ ચૂંટણી દ્વારા પ્રજાને એવું સાધન પૂરું પાડવામાં આવ્યું છે કે અહિંસક રીતે ક્રાંતિનો આશ્રય લીધા સિવાય પ્રજા સરકારની ફેરબદલી કરી શકે છે. લોકશાહીના આગમન તથા સ્વીકારે અહિંસક વાતાવરણ સર્જ્યું છે. અને પ્રજાને પણ અહિંસક માર્ગે નિર્ણયો લેતી કરી છે.

## 2.5 ઉપસંહાર

લોકશાહી એ ઘણા ઘણાં ક્ષેત્રોમાં સફળતા મેળવી છે; છતાં પણ, તે સંપૂર્ણ રીતે સફળ થઈ નથી કારણ કે હજુ મોટાભાગના લોકશાહી રાજ્યોમાં આર્થિક તેમજ સામાજિક અસમાનતા અસ્તિત્ત્વ ધરાવે છે. જ્યાં સુધી આર્થિક ભેદભાવ આર્થિક અસમાનતા અસ્તિત્ત્વ ધરાવે છે. તેમજ જ્યાં સુધી આર્થિક સ્વતંત્રતા

નથી. ત્યાં સુધી રાજકીય સ્વતંત્રતાનો અર્થ નથી લોકશાહી વ્યવસ્થાની સફળતા માટે હજી પ્રયત્નો કરવા પડશે.

## 2.6 તમારી પ્રગતિ ચકાસો

1. અમેરિકાએ કયા વર્ષથી લોકશાહી અમલી બનેલ છે ?

   (A) 1776 (B) 1766

   (C) 1778 (D) 1751

2. રાજ્યશાસ્ત્રના પિતા કોને કહેવામાં આવે છે ?

   (A) કાર્લમાર્ક્સ (B) જહૉન રસ્કિન

   (C) એરિસ્ટોટલ (D) જહૉન વિલિયમ

3. એરિસ્ટોટલે કેટલાં બંધારણનો અભ્યાસ કર્યો હતો ?

   (A) 158 (B) 168

   (C) 176 (D) 188

4. 'લોકશાહી એટલે લોકોની, લોકો દ્વારા અને લોકો માટે ચાલતી સરકાર' એમ કોણે કહ્યું છે ?

   (A) એરિસ્ટોટલ (B) અબ્રાહમ લિંકન

   (C) કાર્લમાર્ક્સ (D) જહૉન રસ્કિન

5. બ્રિટનનું બંધારણ કેવું બંધારણ છે ?

   (A) લિખિત (B) અલિખિત

   (C) મૌખિક (D) મિશ્ર

6. લોકશાહીમાં શાસન કઈ રીતે ચાલે છે ?

   (A) વ્યક્તિની ઇચ્છા પ્રમાણે (B) મનફાવે તેમ

   (C) લોકોની ઇચ્છા પ્રમાણે (D) કાયદા પ્રમાણે

7. ……… લોકશાહીનો આત્મા છે ?

   (A) લોકોની ભાગીદારી (B) ચૂંટણી

   (C) મતાધિકાર (D) ઉત્સવોની ઉજવણી

8. લોકશાહીના અમલની દૃષ્ટિએ લોકશાહીના કેટલા પ્રકાર છે ?

   (A) એક (B) બે

   (C) ત્રણ (D) ચાર

◆ **ટૂંકમાં જવાબ આપો.**

1. લોકશાહીનો આધારસ્તંભ કયો છે ?

   ……………………………………………………………………

   ……………………………………………………………………

   ……………………………………………………………………

2. 'લોકશાહી એટલે લોકોની, લોકો દ્વારા અને લોકો માટે ચાલતી સરકાર' આ લોકશાહીની વ્યાખ્યા કોણે આપેલી છે ?

..................................................................

..................................................................

..................................................................

3. રાજ્યનો મૂળભૂત કાયદો કયો છે ?

..................................................................

..................................................................

..................................................................

4. લોકશાહીનું રાષ્ટ્રીય ઉત્સવ કોને કહેવામાં આવે છે ?

..................................................................

..................................................................

..................................................................

5. ભારતમાં કટોકટી કયા વર્ષમાં લાદવામાં આવી હતી ?

..................................................................

..................................................................

..................................................................

6. લોકશાહીનાં કયા-કયા પ્રકારો છે ?

..................................................................

..................................................................

..................................................................

7. લોકપૃચ્છાના કયા-કયા પેટા પ્રકાર છે ?

..................................................................

..................................................................

..................................................................

8. લોકશાહીમાં લોકમતની ભૂમિકા શું છે ?

..................................................................

..................................................................

..................................................................

## 2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) 1776
2. (C) એરિસ્ટોટલ

3. (A) 158

4. (B) અબ્રાહમ લિંકન

5. (A) લિખિત

6. (D) કાયદા પ્રમાણે

7. (B) ચૂંટણી

8. (B) બે

- **ટૂંકમાં જવાબ આપોના સાચાં જવાબો :**

1. સ્વતંત્રતા
2. અબ્રાહમ લિંકન
3. બંધારણ
4. ચૂંટણીને
5. 1975
6. બે પ્રકારો (1) પ્રત્યક્ષ લોકશાહી (2) પરોક્ષ લોકશાહી
7. બે પેટા પ્રકાર (1) ફરજિયાત લોકપૃચ્છા (2) મરજિયાત લોકપૃચ્છા
8. લોકમત લોકશાહીમાં પરિવર્તનની ભૂમિકા ભજવે છે.

## 2.8 ચાવીરૂપ શબ્દોની સમજ

1. **લોકશાહી :** લોકશાહી માટે અંગ્રેજી ભાષામાં Democracy શબ્દ વપરાય છે. આ શબ્દ ગ્રીક ભાષાના બે શબ્દો Dems અને Cretia પરથી બન્યો છે. જેમાં Demos નો અર્થ પ્રજા અને Cretia નો અર્થ શાસન થાય છે. આમ, Democretia એટલે પ્રજાનું શાસન.

2. **કાયદાનું શાસન :** કાયદાનું શાસન એટલે કાયદા સમક્ષ સૌને સમાન ગણવા, સમાન કાયદાના ભંગ માટે સમાન શિક્ષા કરવામાં આવે છે.

3. **પહેલ અધિકાર :** પહેલ અધિકાર એટલે લોકોને ધારાકીય કાર્યોમાં પહેલ કરવાનો અધિકાર. મોટાભાગે ધારાસભા ધારાકીય કાર્યો કરતી હોય છે. પરંતુ આ રીતિ પાછળ એવી ભાવના રહેલી છે કે લોકોને જરૂરી લાગતા હોય તેવા જ કાયદાને જ્યારે ધારાસભામાં રજૂ કરવામાં નાગરિકો પહેલ કરે. તેવા કાયદા અંગેના ખરડાને રજૂ કરવાની પહેલ કરે તેને પહેલ અધિકાર કહેવાય છે.

4. **લોકપૃચ્છા :** ધારાસભાએ ઘડેલાં કાયદા અંગે લોકોની સંમતિ કે અસંમતિ જાણવાની પ્રક્રિયાથી નિર્ણય લેવો તેને લોકપૃચ્છા કહેવાય છે.

5. **પ્રજામત - લોકમત :** લોકમત-પ્રજામત એટલે મત દ્વારા લોકોની વ્યક્ત થયેલી ઇચ્છા સામાન્ય રીતે જે બાબતો લોકોને અસર કરે છે. અથવા તો જેમાં તેમને રસ પડે છે. તેમના વિશે જ્યારે લોકો સમાન વિચારો ધરાવે છે ત્યારે તેને લોકમત કહે છે.

## 2.9 સ્વાધ્યાય લેખન

**(1) લોકશાહી વિશે આપના વિચારો વર્ણવો.**

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

**(2) કાયદાનું શાસન એટલે શું ?**

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

**(3) સ્વતંત્રતા વિશે આપના મંતવ્યો જણાવો.**

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

**(4) લોકશાહીનાં લક્ષણો જણાવો.**

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

................................................................................

**(5) લોકશાહીનાં ગુણ-દોષ ચર્ચો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**(6) બહુમતીનો સિદ્ધાંત વિશે તમારો મત જણાવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**(7) લોકશાહીના પ્રકારો વર્ણવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**(8) લોકપૃચ્છા અંગે તમારા મંતવ્યો આપો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**(9) લોકશાહીની સરળતા ચર્ચો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 2.10 વૈયક્તિક અધ્યયન

### 1. જીવન જીવવાનો અધિકાર

આજે આપણાં સમાજમાં વિવિધ પ્રકારની પરિસ્થિતિ જોવા મળે છે. એક બાજુ આર્થિક રીતે સદ્ધર વર્ગ અને બીજીબાજુ આર્થિક રીતે ગરીબ વર્ગ. સમાજના એકવર્ગને જમવામાં એટલી વિવિધતા હોય છે કે તેમાંથી શું ખાવું ? તેની પસંદગીને પ્રશ્ન છે જ્યારે, સમાજના બીજા એક વર્ગને અત્યારે માંડ-માંડ ખાવાનું મળ્યું છે. સાંજે ખાવાનું મળશે કે કેમ ? તે એક સવાલ છે.

આજે આ વિકાસની ભૂલભરેલી નીતિના પરિણામે સમાજનો એક વર્ગ સદ્ધર બનતો જાય છે અને બીજો વર્ગ દિવસેને દિવસે ગરીબ બનતો જાય છે. કુપોષણ અને ભૂખમરાના પરિણામે કેટલાયે લોકોના મોત થાય છે. જે બરાબર નથી. ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોને જીવન જીવવું મુશ્કેલ છે. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ તરફથી સરકાર દ્વારા રાહતદરે અનાજ તો આપવામાં આવે છે. પરંતુ આપણી વ્યવસ્થામાં કેટલીક એવી ખામીઓ છે કે જેના પરિણામે લોકોને પૂરતો જથ્થો મળતો નથી જે બરાબર નથી.

બંધારણની કલમ-21 એ જીવન જીવવાના અધિકારના સંદર્ભે વાત કરે છે. બે ટંકનો રોટલો પુરો પાડવાની જવાબદારી સરકારની છે. ભૂખમરાના કારણે લોકોના મોત થાય તે બરાબર નથી. જીવન જીવવાનો અધિકાર આ દેશની દરેક વ્યક્તિને છે. આપણી વહીવટી સિસ્ટમ શું-શું ખામીઓ છે તે શોધીને દરેક વ્યક્તિને પાયાની જીવન જરૂરિયાતની વસ્તુઓ પુરી પાડવાની જવાબદારી છે. ખોરાક મેળવવાનો સૌને અધિકાર છે. આ અધિકારની પ્રાપ્તિ માટે એક કાર્યકર તરીકે તમે શું કરશો ?

### 2. વિકાસની તક દરેક વ્યક્તિને સમાન રીતે મળવી જોઈએ ?

ધરતીપુર નામનું એક સુંદર ગામ છે. આ ગામ શહેરને બિલકુલ અડીને આવેલું છે. પરંતુ આ ગામમાં શહેરીકરણની અસર ઓછી છે. ગામમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ગામમાં આજે પણ સમાજના છેવાડાના વ્યક્તિઓ સાથે ભેદભાવભર્યું વર્તન કરવામાં આવે છે. ગામમાં આજે પણ જ્ઞાતિગત ભેદભાવ રાખવામાં આવે છે. ગામની કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓ સમાજની પછાત જ્ઞાતિઓ સાથે ભેદભાવ રાખે છે. ગામની કેટલીક જ્ઞાતિઓને આજે પણ મંદિરમાં પ્રવેશ આપવામાં આવતો નથી. આ ઉપરાંત, નવરાત્રિ જેવા ઉત્સવોમાં પણ તેઓને સામેલ કરવામાં આવતા નથી. વિકાસલક્ષી કામો પણ ગામનાં કેટલાંક વિસ્તારોમાં કરવામાં આવતા નથી.

ગામની કેટલીક ચોક્કસ જ્ઞાતિઓ સાથે ભેદભાવ રાખવામાં આવે છે તે બરાબર છે ? વિકાસની દરેકને સમાન તક હોવી જોઈએ ? તમે શું માનો છો ?

## 2.11 પ્રવૃત્તિ (Activity) કરો.

### પ્રવૃત્તિ-01

સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે ભારતીય બંધારણનો અભ્યાસ કરો. વંચિતો અને ગરીબોના કલ્યાણને લગતી કઈ-કઈ કલમો છે તેની યાદી કરો.

### પ્રવૃત્તિ-02

ગુજરાતના વિરોધપક્ષના નેતા કોણ છે ? વિરોધપક્ષના નેતાની ગૃહમાં શું ભૂમિકા છે ? તે સમગ્ર પ્રક્રિયા સમજો.

### પ્રવૃત્તિ-03

ગુજરાતની વિધાનસભા ચાલું હોય ત્યારે તમે ગૃહની મુલાકાત લો અને ગૃહમાં વિકાસલક્ષી કયા-કયા મુદ્દાની ચર્ચા થાય છે ? તેમાં સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષની શું ભૂમિકા હોય છે તે સમગ્ર પ્રક્રિયાને સમજો.

## 2.12 સંદર્ભગ્રંથ


| | | |
|---|---|---|
| (1) રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-1-2 | : | લેખક-હસમુખ પંડ્યા, અનડા પ્રકાશન |
| (2) લોકશાહી તત્ત્વ વ્યવહાર અને સિદ્ધાંત | : | હસમુખ પંડ્યા, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ |
| (3) ભારતીય લોકશાહી | : | ડૉ.ગજેન્દ્ર શુક્લ, પોપ્યુલર પ્રકાશન |

# એકમ–3 લોકમત અને અસરકારક લોકમતના ઘડતર માટે જરૂરી બાબતો

**: એકમનું માળખું :**


**3.0 ઉદ્દેશો**

**3.1 પ્રસ્તાવના**

**3.2 લોકમત એટલે શું ?**

**3.3 લોકમત માટેની જરૂરિયાતો**

**3.4 લોકમતની અગત્યતા / મહત્ત્વ**

**3.5 લોકમત કેળવવા માટેના જરૂરી સાધનો**

**3.6 ઉપસંહાર**

**3.7 તમારી પ્રગતિ ચકાસો**

**3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**3.9 ચાવીરૂપ શબ્દો**

**3.10 સ્વાધ્યાય લેખન**

**3.11 વૈયક્તિક અધ્યયન**

**3.12 પ્રવૃત્તિ**

**3.13 સંદર્ભગ્રંથ**


## 3.0 ઉદ્દેશો

આ એકમમાં લોકમત અને અસરકારક લોકમતના ઘડતર માટે જરૂરી બાબતો વિશેની ચર્ચા કરવામાં આવી છે. એક સામાજિક કાર્યકર તરીકે આ એકમનો શા માટે અભ્યાસ કરવો જોઈએ. તે અંગેની કેટલીક નોંધપાત્ર બાબતોને આ એકમના અધ્યયનના હેતુઓમાં સમાવેશ કરવામાં આવેલ છે.

- લોકમત એટલે શું ? તે અંગેની જાણકારી પ્રાપ્ત થશે.
- લોકમતના સ્વરૂપ વિશેની સમજણ મળશે.
- લોકમત અને રાજકીય પક્ષો વચ્ચેનો સબંધ સ્પષ્ટ થશે.
- લોકમત વિશેની વૈજ્ઞાનિક સમજણ પ્રાપ્ત થશે.
- લોકમત સાચાં અર્થમાં લોકમત કઈ રીતે બની શકે તે અંગેની સમજણ પ્રાપ્ત થશે.
- સંગીન અને અસરકારક લોકમત માટેની જરૂરિયાતો વિશેનો ખ્યાલ પ્રાપ્ત થશે.
- લોકમતનું શું મહત્ત્વ છે ? શું અગત્યતા છે તે જાણવા મળશે.
- લોકમતના ઘડતર વિશેની મહત્ત્વની બાબતો જાણવા મળશે.
- લોકમતની સમાજકાર્યમાં શું ઉપયોગિતા છે ? તે જાણવા મળશે.

## 3.1 પ્રસ્તાવના

રાજ્યશાસ્ત્રમાં લોકમતનું વિશેષ મહત્ત્વ છે. લોકમત એ આપણી ગુજરાતી ભાષા અને તેની સંસ્કૃતિનો ખૂબ પવિત્ર શબ્દ છે. કારણ કે લોકમત શબ્દની જો સંધિને છુટી પાડવામાં આવે તો લોક + મત = લોકમત. એટલે કે સંચાલન. વ્યવસ્થાપન સબંધી બાબતોમાં લોકોનો મત વિચાર કે અભિપ્રાય જાણવો જરૂરી છે. જો આમ કરવામાં આવે તો જ લોકમત પાછળનો મૂળભૂત વિચાર સાર્થક થઈ શકે. રાજકીય ક્ષેત્રે લોકમતને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. રાજકારણ કે રાજકીય વિચારધારામાં લોકમતની ઘણી ઉપયોગિતા છે. લોકમતને જાહેરમત જનમત (Public Opinion) વગેરે જેવાં જુદાં-જુદાં નામે ઓળખવામાં આવે છે.

''લોકમત એ રાજકીય પક્ષોનો પ્રાણવાયુ ઓક્સિજન છે'' આ સંદર્ભમાં લોકમતના સ્વરૂપને સમજવું જરૂરી છે. લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકમતનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે આજે સરકારની ગણના રાજ્યના સાધન તરીકે થાય છે, જેના દ્વારાં પ્રજાના હિતનું રક્ષણ અને સંવર્ધન કરવામાં આવે છે. કારણ કે લોકશાહી શાસન વ્યવસ્થામાં પ્રજા સર્વોપરી છે. આ શાસન વ્યવસ્થામાં લોકો જ સર્વસ્વ હોવાના કારણે લોકો ઇચ્છે તે પક્ષને સત્તાનું સુકાન સોંપવામાં આવે છે. પ્રજાની ઇચ્છાના ઘડતરમાં અને તેને વ્યક્ત કરવામાં લોકમત ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**લોકમતનાં કેટલાંક ઉદાહરણો :**

– પ્રાથમિક શિક્ષણ તો માતૃભાષામાં જ હોવું જોઈએ ?
– દરેક રાજ્યની હાઈકોર્ટમાં માતૃભાષાનું ચલણ હોવું જોઈએ ?
– ખાનગી ટ્યૂશન ક્લાસીસ બંધ કરી દેવા જોઈએ.
– પ્રાથમિક શિક્ષણ અંગ્રેજી કે માતૃભાષામાં
– દરેક ખાનગી સ્કૂલોમાં ફીનું ધોરણ એક સમાન હોવું જોઈએ ?
– શિક્ષણનું ખાનગીકરણ થવું જોઈએ કે નહિ ?
– દરેક ક્ષેત્રે મહિલાઓને અનામત આપવી જોઈએ ?

આમ, ઉપરોક્ત મુજબના ઘણાં લોકમત વિકાસલક્ષી જુદી-જુદી બાબતોનાં સંદર્ભમાં લોકોના મત જોવા મળે છે. આ લોકમત સત્તાધારી પક્ષની તરફેણ અને વિરુદ્ધ બંનેની રીતે હોઈ શકે છે ? એક જ મુદ્દાઓ ઉપર જુદાં-જુદાં મતો પણ જોવા મળે છે. પરંતુ અહીં એક બાબત સ્પષ્ટ થાય છે કે લોકમત ઉપરથી પ્રજાનો મત કે વિચાર જાણી શકાય છે. લોકોની ઇચ્છાશક્તિને જાણી શકાય છે. જેના પરિણામે વિકાસ માટેનું અસરકારક આયોજન તૈયાર કરી શકાય છે. લોકમતના આધારે જે-તે મુદ્દા વિશેની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત થાય છે. જેના પરિણામે વિકાસની પ્રક્રિયામાં લોકભાગીદારી મેળવી શકાય છે. રાજકીય ક્ષેત્રે લોકમતને સૌથી વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે. જેમ કે, ચૂંટણીના સમયગાળા દરમ્યાન ચૂંટણી અંગેનો જે ચૂંટણી ઢંઢેરો તૈયાર થાય છે. જેમાં જે-તે સરકાર પોતાના પ્રતિનિધિઓ મારફતે પ્રજાની વચ્ચે જઈને પ્રજાના મત કે વિચાર જાણે છે. દરેક જ્ઞાતિ, જાતિ અને ધર્મના લોકોનો લોકમત મેળવી ચૂંટણી ઢંઢેરામાં દરેક પક્ષો લોકમતના આધારે ચૂંટણી પ્રચારનું આયોજન કરતાં હોય છે. જે પક્ષ વધારે તંદુરસ્ત રીતે લોકોની જરૂરિયાતોને પારખે છે તે પક્ષ બહુમતિ સાથે ચુંટાઈ આવે છે. આમ, લોકમતની વિકાસમાં ઘણી ઉપયોગિતા છે.

## 3.2 લોકમત એટલે શું ?

''લોકમત એટલે ઘણાં લોકો / માણસો કહે તે''

લોકમતનો માત્ર આટલો સીમિત અર્થ થતો નથી. લોકમતનો અર્થ વિસ્તૃત અને વિશાળ છે. આધુનિક

સમયમાં લોકમત શબ્દનો ઉચ્ચાર ખૂબ મોટાપાયે કરવામાં આવે છે. લોકમતનો અર્થ સમજવા માટે કેટલાંક વિદ્વાનોએ તેની જુદી-જુદી વ્યાખ્યાઓ આપેલ છે જે પૈકીની કેટલીક વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છે.

**વ્યાખ્યા : લૉર્ડ બ્રાઈસ** લોકમતની વ્યાખ્યા વિશે લખે છે કે, ''સામાન્ય રીતે જે બાબતો પ્રજાને અસર કરે છે અથવા તો જેમાં પ્રજાને રસ પડે છે તેમના વિશે જ્યારે લોકો સમાન વિચારો ધરાવે ત્યારે તેને લોકમત કહેવામાં આવે છે.''

(2) **લોવેલના** મંતવ્ય પ્રમાણે, ''લોકશાહીમાં યોગ્ય પ્રવર્તક બળ ગણાવવા માટે લોકમત ખરેખર લોકોનો હોવો જોઈએ. આ માટે તે બહુમતિના અભિપ્રાય કરતાં કંઈક વિશેષ હોવો જોઈએ. પરંતુ આ માટે એ જરૂરી નથી કે તે તમામનો અભિપ્રાય હોવો જોઈએ. અભિપ્રાય / મત એવો હોવો જોઈએ કે લઘુમતી તેમાં સૂર ન પુરાવતી હોવા છતાં પણ તે તેનો સ્વીકાર કરવાનું માન્ય રાખતી હોય.''

(3) **પ્રા. સેલ્ટો** - રાજકીય જીવનની વાસ્તવિક બાજુને નજર સમક્ષ રાખીને જણાવે છે કે, ''રાજકારણમાં પ્રજા (જે) વિચારે છે અથવા તેના અમુક વિચારને જાહેરમાં વ્યક્ત કરે છે તે લોકમત નથી, પણ તે જે વિચારને હકીકતમાં અસરકારક બનાવવા માંગતી હોય તે લોકમત ગણાય છે.''

આમ, ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી સ્પષ્ટ થાય છે કે બહુમતિના નિર્ણયોને લોકમત તરીકે ઓળખવામાં આવે છે. લોકમત એટલો તો ચોક્કસ હોવો જોઈએ કે જેથી તેને કાયદામાં અને રાજનીતિમાં ફેરવી શકાય. ભલે પછી પ્રજાના ટેકા પર આધાર રાખતી સરકાર તેનો સ્વીકાર કે અમલ કરે કે ન કરે. પરંતુ અહીં એક બાબત સ્પષ્ટ છે કે લોકમતને સાચા અર્થમાં લોકમત બનવું હોય તો તેમાં પ્રજાના સમુદાયે રસ લેવો જોઈએ તેમજ જે પ્રશ્નો તેમને સ્પર્શતા હોય છે તેમના વિશે ચિંતન કરીને પોતાનો મત અથવા અભિપ્રાય તૈયાર કરવો જોઈએ. તેમજ તેને સક્રિયપણે વ્યક્ત કરવો જોઈએ. જો આમ ન થાય તો, લોકમત લોકમત નહીં ગણાતા પ્રજામાં વહેંચાઈ ગયેલ 'અભિપ્રાય' તરીકે ઓળખાય છે. આમ, લોકમતની ચર્ચા જ્યારે, આપણે કરીએ છીએ ત્યારે તેમાં રજૂ થયેલ વિચાર કે નીતિના વિકલ્પ તરીકે અન્ય વિચારો અને નીતિઓ અસ્તિત્વ ધરાવે છે અને તેમના પરત્વે દરેક દૃષ્ટિકોણથી તાર્કિક રીતે લોકો દ્વારા વિચારવામાં આવે છે અને ત્યારપછી જ તે અંગેનો મત રજૂ થાય છે. અસરકારક લોકમત માટેની જરૂરિયાત શું છે તે અંગેની ચર્ચા નીચે મુજબ છે.

## 3.3 લોકમત માટેની જરૂરિયાતો

લોકમત સાચા અર્થમાં લોકમત બની શકે તેમજ તેની અસર પણ વ્યાપક પ્રમાણમાં થઈ શકે તે માટેની વિવિધ જરૂરિયાતો વિશેની વિસ્તૃત ચર્ચા નીચે પ્રમાણે છે.

1. **શિક્ષણ :** લોકમતના ઘડતર માટે શિક્ષણ અતિ આવશ્યક છે. શિક્ષણ વગર લોકમતનું ઘડતર થઈ શકતું નથી. લોકમત માટે લોકોમાં શિક્ષણ હોવું જરૂરી છે. કારણ કે શિક્ષણથી લોકોનો બૌદ્ધિક વિકાસ થાય છે. શિક્ષણથી વ્યક્તિ વૈચારિક રીતે પરિપક્વ બને છે. શિક્ષણના માધ્યમથી વ્યક્તિ પોતાનો અભિપ્રાય ચિંતન દ્વારાં યોગ્ય રીતે તૈયાર કરે છે. આ કારણથી જ લોકશાહી શાસન વ્યવસ્થામાં શિક્ષણ ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવે છે. પ્રજા શિક્ષિત બને, તેમનામાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે પ્રયત્નો કરવામાં આવે છે. શિક્ષિત વ્યક્તિ સારાં-ખોટાનો ભેદ પારખી શકે છે. સામાન્ય રીતે શિક્ષિત વ્યક્તિ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા ધરાવે છે. આમ, સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં શિક્ષણ ખૂબ જરૂરી છે.

2. **પ્રજામાં જાગૃતિ :** પ્રજા શિક્ષિત હોય તેટલું પૂરતું નથી. જુદાં-જુદાં મુદ્દાઓમાં લોકો જાગૃત હોય

તે પણ એટલું જ જરૂરી છે. જાગૃતિના પરિણામે વ્યક્તિ શું સારું અને શું ખરાબ આ બંને વચ્ચેનો તે ભેદ પાડી શકે છે. આ વિવેક શક્તિ પ્રજામાં શિક્ષણના માધ્યમથી ઊભી થાય છે. ઘણી વખત અમુક બનાવો, ઘટના કે પરિસ્થિતિમાં વ્યક્તિનું વર્તન થોડું વિચિત્ર જોવા મળે છે. ઘણાં વ્યક્તિઓની માનસિકતા એવી હોય છે કે મારે શું ? આ પ્રકારની વિચારસરણી યોગ્ય નથી. લોકમતના ઘડતરમાં દરેક બાબતોમાં રસ લઈ જાગરૂકતા દર્શાવવી જોઈએ.

3. **સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ :** લોકઘડતર માટે જુદાં-જુદાં પ્રકારના સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. આ સાધનોના ઉપયોગ થકી પ્રજાને સાચી અને યોગ્ય માહિતી અને જાણકારી પ્રજાને આપવી જોઈએ. ઘણીવખત સાચી માહિતીથી લોકોને અજાણ રાખવામાં આવે છે તે બરાબર નથી. માહિતી હંમેશા પારદર્શક હોવી જોઈએ. લોકમતના ઘડતરમાં માહિતી પાયારૂપ છે. જો માહિતી પૂરતી ન હોય તો લોકો યોગ્ય લોકમત ન આપી શકે ? અને જે લોકમત ઘડાય છે તે પણ કેટલો યોગ્ય છે ? તેની વિશ્વસનીયતાના પ્રશ્નો ઊભા થાય છે. આમ, લોકમતના ઘડતર માટેના સાધનોનો પ્રામાણિકપણે ઉપયોગ થવો જોઈએ.

4. **પ્રમાણિક નેતાઓ :**

લોકમત એ રાજકીય પક્ષોનો પ્રાણવાયુ છે. આ લોકમતના ઘડતરમાં રાજકીય નેતાઓની મહત્ત્વની ભૂમિકા છે. નેતાઓ પોતાના ટેકેદારોને જાહેર બાબતોથી માહિતગાર રાખે તો જ સાચાં અર્થમાં લોકમત તૈયાર થાય છે. આ માટે રાજકીય પક્ષોએ પ્રજાના હિતમાં સાચી માહિતી બહાર લાવવી જોઈએ. જો સાચી અને વાસ્તવિત માહિતી બહાર ન આવે તો લોકમતનું ઘડતર ન થઈ શકે. ઘણીવખત કેટલાંક રાજકારણીઓ પોતાનો અંગત સ્વાર્થ સાધવા માટે ખોટી અને અધૂરી માહિતી પૂરી પાડે છે માટે સાચું લોકમતનું ઘડતર થઈ શકતું નથી.

5. **વિચારો / અભિપ્રાયો વ્યક્ત કરવાની સ્વતંત્રતા :** લોકમતના ઘડતરમાં પ્રજાનાં વિચારો ખૂબ જ મહત્ત્વના છે. લોકમત ત્યારે જ તૈયાર થઈ શકે જ્યારે, પ્રજાને દરેક બાબત ઉપર પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની તેમજ તે અંગેની ચર્ચા કરવાની છૂટ હોય. લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોને પોતાના વિચારો રજૂ કરવાનો બંધારણીય અધિકાર છે. કોઇપણ વ્યવસ્થાના સંદર્ભમાં દેશની દરેક વ્યક્તિ નિષ્પક્ષ રીતે પોતાના અભિપ્રાયો આપી શકે છે. લોકશાહી શાસન વ્યવસ્થાની ખરી મજા તો એ છે કે તેમાં વાણી સ્વતંત્રતાનો અધિકાર વ્યક્તિને પ્રાપ્ત થાય છે. સરમુખત્યારશાહીમાં વ્યક્તિને પોતાના અભિપ્રાયો રજૂ કરવાની છૂટ મળતી નથી.

6. **લઘુમતિઓના આગ્રહ સ્વીકાર :** લોકમત એટલે બહુમતિ નહીં.... લોકમત એટલે ઘણાં લોકો કહે તે નહીં પરંતુ લોકમતમાં લઘુમતીઓના આગ્રહનો પણ સ્વીકાર થવો જોઈએ. લોકમતને સાચાં અર્થમાં લોકમત બનાવવો હોય તો લઘુમતીઓને પણ તેમના અભિપ્રાયો કે વિચારોને વ્યક્ત કરવા દેવા જોઈએ. લોકમતમાં તેમને સમંત થવા ઉપર કોઈપણ પ્રકારનું દબાણ લાદવું જોઈએ નહિ.

7. **બહુમતિના વિચારનો સ્વીકાર :** લોકમતના ઘડતરમાં લઘુમતી અને બહુમતી પરસ્પર છે. જ્યારે, કોઈપણ બાબત ઉપર લોકમત વ્યક્ત થાય છે ત્યારે તેમાં બહુમતિનો ટેકો હોવાથી તેને લોકમત ગણવામાં આવે છે. પરંતુ બહુમતી હંમેશા સાચી હોતી નથી. લઘુમતીના વિચારને પણ મુક્ત રીતે વ્યક્ત કરવા દેવો જોઈએ. લોકોમાં સારું શું છે ? અને ખરાબ શું છે ? આ બંને વચ્ચેનો ભેદ પારખવાની તેમનામાં વિવેક શક્તિ છે માટે જે અભિપ્રાય સાચો અને યોગ્ય હશે

તેનો લાંબાગાળે સ્વીકાર થશે. જો બહુમતિનો અભિપ્રાય સ્પષ્ટ અને યોગ્ય રીતે રજૂ થયો છે તેમ જણાય તો લઘુમતિએ પણ તેનો સ્વીકાર કરી લેવો જોઈએ.

8. **માહિતી મેળવવાનો અધિકાર :** માહિતી એ એક શક્તિ છે. લોકો જ્યારે, અભિપ્રાય બાંધતા હોય છે ત્યારે તે જાણકારી મેળવવાનો લોકોને અધિકાર છે. બંધારણે પણ તેને વ્યક્તિના મૂળભૂત અધિકાર તરીકે સ્વીકારેલ છે. જુદાં-જુદાં પ્રકારનાં તંત્રોમાં માહિતીને છુપાવવાનું વલણ વધારે જોવા મળતું હતુ માટે કેન્દ્ર સરકાર દ્વારા માહિતી મેળવવાના અધિકારનો કાયદો પણ બનાવવામાં આવેલ છે. કારણ કે માહિતી વગર કોઈપણ કાર્ય શક્ય નથી. વિવિધ પ્રકારના સ્ત્રોતોમાંથી માહિતી મેળવી વ્યક્તિ પોતાના મતનું ઘડતર કરી શકે તે માટે માહિતી ખૂબ જરૂરી છે.

આમ, લોકમતનાં ઘડતર માટે માહિતી ખૂબ પાયારૂપ છે. માહિતી વગર બિલકુલ આગળ વધી શકાય નહિ. આમ, માહિતી સહિતના વિવિધ મુદ્દાઓ લોકમતના ઘડતર માટે ખૂબ જરૂરી છે. યોગ્ય લોકમતના ઘડતર માટે દરેક મુદ્દાને સરખું પ્રાધાન્ય આપવું જરૂરી છે. તેમાં એકપણ મુદ્દામાં જો બેદરકારી દાખવવામાં આવે તો લોકમતનું અસરકારક રીતે ઘડતર ન થઈ શકે. ઉપર જણાવેલી બધી જ બાબતો લોકમતના ઘડતર માટે જરૂરી છે. આ જરૂરિયાતોની ગેરહાજરી સ્વસ્થ લોકમત ઘડતરના માર્ગની મુશ્કેલી તરીકે ઓળખાવી શકાય. દરેક લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકમતના ઘડતર માટે જરૂરી બધી જ બાબતોનું પાલન થવું જરૂરી છે.

## 3.4 લોકમતની અગત્યતા / મહત્ત્વ

સરકારના મુખ્ય ત્રણેય પ્રકારો - રાજાશાહી, લોકશાહી અને સરમુખત્યાર શાહીમાં લોકમતનું સ્થાન ખૂબ જ અગત્યનું છે. લોકમત વગર શાસન વ્યવસ્થા સંભવી શકે નહિં. રાજાશાહીના યુગમાં પણ રાજા તમામ પ્રકારની સત્તાઓ ભોગવતા હતા પરંતુ તેમાં પ્રજાની ઇચ્છાને તેઓ ક્યારેય અવગણતા ન હતા. પ્રજાની હાડમારી શું છે ? તેની જુદાં-જુદાં પ્રકારની મુશ્કેલીઓ જુદાં-જુદાં માધ્યમથી રાજા પાસે તે વિગતો પહોંચતી હતી. રાજાશાહી વખતે તો કેટલાંક રાજાએ પ્રજાના પ્રશ્નો જાણવા માટે વેશપલટો કરી પ્રજાજીવનની વાસ્તવિક શું મુશ્કેલીઓ છે તેનાથી તેઓ વાકેફ થતા હતા. આ ઉપરાંત, રાજાશાહીમાં પણ તેના પ્રધાનમંડળ થકી લોકકલ્યાણના વિવિધ પ્રકારના કામો કરવામાં આવતા હતા. રાજાશાહીમાં પણ રાજાનું અંતિમ ધ્યેય પ્રજા કલ્યાણનું હતું.

કેટલીક શાસન વ્યવસ્થામાં જ્યારે, રાજાઓ પ્રજાના લોકમત, કે વિચારને પૂછ્યા વગર મનસ્વી રીતે રાજ્યશાસન ચલાવતા હતા તેવી રાજ્ય વ્યવસ્થા સામે પ્રજાએ પણ સ્વયં બળવો કરીને રાજ્ય શાસન સામે પ્રશ્નો ઊભા કરેલ છે. આ ઉપરાંત, ક્યાંક પ્રજા અન્ય રાજ્યમાં સ્થળાંતરિત થવાની ધમકી ઉચ્ચારે તેવા સંજોગોમાં પણ રાજાએ નમતું જોખવું પડતું હતું.

**લોકશાહીમાં લોકમત :**

લોકશાહી તંત્રમાં લોકમતનું વિશેષ મહત્ત્વ છે. લોકશાહી સરકાર તો લોકમત ઉપર ચાલતી સરકાર તરીકે ઓળખવામાં આવે છે. લોકશાહીનો અર્થ જ લોકોથી, લોકો દ્વારા, લોકો માટે ચાલતી સરકાર થાય છે. આધુનિક લોકશાહી પરોક્ષ લોકશાહી છે. જેમાં પ્રજા પ્રત્યક્ષ રીતે ભાગ નહીં લેતાં પોતાના પ્રતિનિધિઓ ચૂંટીને તેમના દ્વારાં રાજ્યનાં કાર્યોમાં ભાગ લે છે. લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો પોતાના પ્રતિનિધિઓને ચૂંટીને સત્તાનું સુકાન સોંપે છે. દરેક પક્ષ પોતાના જુદાં-જુદાં કાર્યક્રમો રજૂ કરીને લોકમતને પોતાની તરફ વાળવા માટે પ્રયત્ન કરે છે. ચૂંટણી ઢંઢેરામાં મોટાભાગે લોકોપયોગી

અને સમાજોપયોગી વાતો થકી જુદાં-જુદાં પક્ષો જાહેર જનતાને રીઝવવા માટેનાં પ્રયાસ કરે છે. જે પક્ષની વાતો લોકોને સારી લાગે છે તે પક્ષને મત આપી જનતા તેને વિજયી બનાવે છે. ચૂંટણી પછી બહુમતી મેળવેલ પક્ષ સરકારની રચના કરે છે અને લઘુમતી પક્ષ વિરોધપક્ષની ભૂમિકા અદા કરે છે. સત્તા પ્રાપ્ત કર્યા પછી પણ સત્તાધારીપક્ષે પોતાની કાર્યશૈલી કે વિચારધારામાં પરિવર્તન કરવાની જરૂરિયાત લાગે તો તે કરીને પણ સત્તાધારીપક્ષ પ્રજાને ખુશ રાખવા માટે પ્રયત્ન કરે છે. ક્યારેક સત્તામાં આવ્યા પછી પણ ચૂંટણી વખતે જાહેર કરેલી બાબતો ઉપર કામ ન કરતાં સત્તાધારી પક્ષે સત્તા ગુમાવવાનો પણ સમય આવે છે. આમ, પ્રજાને વિશ્વાસમાં લીધા પછી પણ તે વિશ્વાસ કાયમ માટે જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવા પડે છે. જ્યાં આમ, કરવામાં આવતું નથી ત્યાં વિરુદ્ધ પ્રકારના પરિણામોનો સામનો કરવો પડે છે.

**લોકમત ગુમાવવા અંગેની ઈતિહાસની કેટલીક નોંધપાત્ર ઘટનાઓ :**

**ઘટના-1** ઇજિપ્તે 1956માં જ્યારે સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું ત્યારે બ્રિટન, ફ્રાંસ અને ઇઝરાયેલે ઇજિપ્તે ઉપર આક્રમણ કર્યું હતુ. આ પગલાંને કારણે બ્રિટનમાં તે સમયના વડાપ્રધાન એન્થની ઇડનની વિરુદ્ધમાં લોકમત ગયો હતો અને વડાપ્રધાન તરીકે તેમણે રાજીનામું આપવું પડ્યું હતું.

**ઘટના-2** 1960માં જાપાને અમેરિકા સાથે સંરક્ષણ અંગેના કરાર કર્યા હતા. જાપાનના તે વખતના વડાપ્રધાન કીશીનું આ પગલું પ્રજાને અયોગ્ય લાગતાં વડાપ્રધાને લોકમત સામે નમતું જોખવું પડ્યું હતું અને વડાપ્રધાન પદનો ત્યાગ કરવો પડ્યો હતો.

**ઘટના-3** 1962ના વર્ષમાં ભારતના ચીન પરના આક્રમણ પછી તે લોકમત તે વખતના સંરક્ષણ પ્રધાન કૃષ્ણમેનનની વિરુદ્ધમાં જતાં તેમણે પણ રાજીનામું આપવું પડ્યું હતું.

**ઘટના-4** ગુજરાતમાં નવનિર્માણનું આંદોલન 1973-74 દરમ્યાન લોકમત સરકાર વિરુદ્ધ જતાં તે સમયની ચીમનભાઈ પટેલની સરકારે રાજીનામું આપવું પડ્યું હતું.

**ઘટના-5** અમેરિકામાં વિયેટનામના યુદ્ધની વિરુદ્ધમાં લોકમત એટલો બધો ઉગ્ર બન્યો કે પ્રમુખ જહોનસનને રાજીનામું આપવું પડ્યું હતું.

**ઘટના-6** અમેરિકન પ્રમુખ નિકસનને પણ વોટરગૅટ કૌભાંડમાં લોકમત તેમની વિરુદ્ધમાં જતાં તેમણે રાજીનામું આપવું પડ્યું હતું.

**ઘટના-7** 1986માં ફિલિપાઇન્સમાં પ્રમુખ માર્કો એ ચૂંટણીમાં ગેરરીતિઓ આચરતા લોકમત ઉગ્રપણે વિરોધમાં ગયો હતો અને માર્કોસને રાજીનામું આપવું પડ્યું હતું.


**ઘટના-8** 1997માં બ્રિટનમાં પાટલીપુત્રના પત્ની પ્રિન્સેસ ડાયેનાના મોટર અકસ્માતના કારણે થયેલ અવસાન પછી લોકમત પ્રિન્સેસ ડાયેનાની તરફેણમાં અને બ્રિટનના રાણી ઇલિઝાબેથની વિરુદ્ધમાં એટલો બધો ગયો કે રાણીની ઇચ્છા ન હોવા છતાં પણ તેમણે જાહેરમાં પ્રિન્સેસ ડાયેનાના અવસાન પર શોકની લાગણી વ્યક્ત કરવી પડી હતી. આ પ્રમાણે રાણીએ મૃત્યુ પામેલ ડાયેલા પ્રત્યે જે વ્યવહાર કર્યો હતો તેની વિરુદ્ધમાં લોકમત જતાં રાણીની લોકપ્રિયતામાં નોંધપાત્ર ઘટાડો થયો હતો.

**ઘટના-9** 6 સપ્ટે 2002ના રોજ અમેરિકા તથા બ્રિટને ઇરાક ઉપર આક્રમણ કર્યું હતું. પછી તેની ઉગ્રતામાં વધારો કર્યો. આ ઘટનાથી લોકમત અમેરિકા તથા બ્રિટનમાં અનુક્રમે પ્રમુખ બુશ તથા વડાપ્રધાન ટૉની બ્લેરની વિરુદ્ધમાં ગયો હતો.

આમ, વિશ્વનો ઈતિહાસ સાક્ષી પુરે છે કે લોકમતની વિરુદ્ધમાં જતા વહીવટીતંત્રે કેવા પ્રકારના પરિણામોનો સામનો કરવો પડે છે તેના વિશેનો ખ્યાલ આપણને આવી શકે છે. આ ઘટનાઓ આપણને લોકમતનું મહત્ત્વ શીખવે છે.


## 3.5 લોકમત કેળવવા માટેના જરૂરી સાધનો

લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકમતનું ઘણું મહત્ત્વ છે. લોકમતને કેળવવા માટે ઘણાં સાધનોનો ઉપયોગ થાય છે. જે અંગેની વિગત નીચે મુજબ છે.




1. **રાજકીય પક્ષો :** લોકમતના ઘડતરમાં રાજકીયપક્ષો સરકારમાં અનિવાર્ય છે. દરેક બાબત ઉપર રાજકીયપક્ષો પોતાના વિચારો નક્કી કરી લોકમતને તૈયાર કરવા માટે મોટાપાયે પ્રચાર કરે છે. ખાસ કરીને ચૂંટણીના સમય દરમ્યાન મતદારોને રીઝવવા માટે રાજકીયપક્ષો પોતાની ચૂંટણી ઢંઢેરામાંજ પોતાનો પક્ષ બહુમતિમાં આવે અને સરકાર બનાવે તો પોતે કયા કામો કરશે તે કામોની યાદી જાહેર કરે છે અને પછી પોતાના શાસનકાળ દરમ્યાન નક્કી કરેલ કામોનું આયોજન કરી કામગીરી હાથ ધરે છે. વિધાનસભાની બેઠક ચાલું હોય તે દરમ્યાન સત્તાધારી પક્ષ પોતે કરેલ કામોનો હિસાબ આપે છે અને તેની સામે વિરોધપક્ષ આ કામો ઉપર ટીકા-ટિપ્પણી કરે છે. આમ, ચર્ચા વિચારણાના માધ્યમથી રાજકીયપક્ષો લોકમતનું ઘડતર કરે છે અને લોકમતને વ્યાપકપણે વ્યક્ત કરવાનું કાર્ય પણ રાજકીયપક્ષો કરે છે.

2. **સાહિત્ય નિર્માણ :** લોકમતના ઘડતર માટે જુદાં-જુદાં પ્રકારનું સાહિત્ય નિર્માણ કરવામાં આવે છે. જેમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.



- **ભીંતપત્રો (Wall Posters) :** ભીંતપત્રોના માધ્યમથી રાજકીયપક્ષો પોતાના વિચારો પ્રજા સુધી પહોંચાડે છે. ભીંત ઉપર લખાણના માધ્યમથી રાજકીયપક્ષો પોતાની વિચારધારા જાહેરજનતા સુધી પહોંચાડે છે. વર્ષો સુધી ભીંતપત્રોનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ જુદાં-જુદાં રાજકીય પક્ષો કરતાં હતા. આજે પણ ગામડાંઓની દિવાલો ઉપર ક્યાંક-ક્યાંક જુદાં-જુદાં પક્ષોના રાજકીય વિચારો લખેલા આપણને વાંચવા મળે છે. હાલ, સમયની સાથે પ્રચાર-પ્રસારનાં માધ્યમો પણ બદલાયા છે માટે હવે ભીંતપત્રોનો ઉપયોગ લગભગ બંધ થઈ ગયેલ છે.
- **ચોપાનિયાં (Pamphlets) :** ચોપાનિયાં પણ લોકપ્રચારનું હાથવગું માધ્યમ છે. વર્ષોથી આ હાથવગા માધ્યમનો રાજકીયપક્ષ દ્વારાં ખૂબ વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. મોટાભાગે ચોપાનિયામાં રાજકીયપક્ષો પોતાના વિચારના ફેલાવવા માટેનાં ટૂંકા લખાણો અને ચૂંટણી સમયે પોતાને ટેકો આપવાની અપીલ કરવામાં આવે છે. મોટાભાગે જાહેર સભાઓમાં, સમાચારપત્રોના માધ્યમથી અને કેટલીક વખત કાર્યકરો લોકસંપર્ક દરમ્યાન પણ ચોપાનિયા રૂબરું આપીને પણ લોકમત પોતાની તરફેણમાં લેવા માટેનો પ્રયત્ન કરતા હોય છે.
- **સામયિકો (Journals) :** પોતાની રાજકીય વિચારધારાને આગળ ધપાવવા માટે ઘણાં રાજકીય પક્ષો સામયિકના માધ્યમનો ઉપયોગ કરે છે. આ પણ આપણું હાથવગું અને પરંપરાગત માધ્યમ છે. વર્ષોથી આ માધ્યમ વપરાય છે. લોકભોગ્ય છે, શિક્ષિત વર્ગ આ માધ્યમનો સારો ઉપયોગ કરે છે. જેમ કે, ભારતમાં કોંગ્રેસ પક્ષનું 'કોંગ્રેસ પત્રિકા' ભાજપ દ્વારા 'ઓર્ગેનાઈઝર' પંચધન્ય અને 'સાધના' જ્યારે, સામ્યવાદીપક્ષનું 'ધ ન્યૂ એઈઝ' જાણીતા સામયિકો છે.
- **પુસ્તકો (Books) :** પુસ્તકો દ્વારાં પણ લોકમત કેળવવા માટેનાં પ્રયત્નો કરવામાં આવે છે. પ્રથમ વિશ્વયુદ્ધ પછી મહાન અર્થશાસ્ત્રી લોર્ડ કેઈન્સે 'ઇકોનોમિક કોન્સિકવનસિક ઑફ ધ પીસ' નામનું પુસ્તક લખ્યું હતું. તેમાં પ્રગટ થયેલાં વિચારોએ લોકોને ઘણાં પ્રભાવિત કર્યા હતા. આ પ્રમાણે કાર્લમાર્ક્સ, ગાંધીજી, માઓ વગેરે ચિંતકોએ પણ પુસ્તકોમાં પોતાનું ચિંતન રજૂ કરીને પ્રજામતનું ઘડતર કરવામાં ખૂબ મહત્ત્વની કામગીરી કરી હતી.

3. **અખબારો (News Papers) :** અખબારો લોકમતનું ઘડતર કરવામાં ખૂબ મહત્ત્વનો ફાળો આપે છે. આ આપણું પરંપરાગત અને હાથવગું માધ્યમ છે. દેશનાં ઘણાં નાગરિકો ઉઠતાંવેંત આજે પણ સમાચારપત્ર વાંચે છે અને ચા પીતાં-પીતાં છાપું વાંચવાની તો આપણી વર્ષો જૂની પરંપરા છે. આજે અંતરિયાળ ગામો સુધી અખબારો પહોંચી ગયા છે. અને અખબારોમાં અવનવી માહિતી અને જાણકારી પ્રસિદ્ધિ થાય છે. જેના કારણે સ્થાનિક, રાષ્ટ્રીય અને કેટલાંક આંતરરાષ્ટ્રીય કક્ષાના અખબારોએ વાચકવર્ગ ઉપર ઘણી પક્કડ જમાવી છે. રાજકીયપક્ષો દ્વારાં લોકમતના ઘડતર માટે આ માધ્યમનો ખૂબ ઉપયોગ કરવામાં આવે છે. પક્ષ વિશેની વિવિધ વાતો, વિચારધારા અને વિવિધ યોજનાઓની જાહેરાતો થકી રાજકીયપક્ષો પ્રજામતને પોતાની તરફેણમાં લેવા માટે પ્રયત્ન કરે છે.

   બે જાણીતી ઘટનાઓ થકી આ બાબત વધારે સ્પષ્ટ થાય છે. 1945 પછી બ્રિટનમાં થયેલી સામાન્ય ચૂંટણીમાં મજૂરપક્ષના નેતા એટલીને સત્તા અપાવવામાં લંડનનાં અખબારોનો મહત્ત્વનો ફાળો હતો. ગુજરાતમાં પણ 1977ની સામાન્ય ચૂંટણીઓમાં અખબારો એ જ જનતા પક્ષની જીત માટે મહત્ત્વની કામગીરી કરી હતી. આમ, લોકમતના ઘડતરમાં અખબારોની નોંધપાત્ર ભૂમિકા રહી છે તેમ કહી શકાય.

4. **શૈક્ષણિક સંસ્થાઓ :** લોકમતના ઘડતરમાં શૈક્ષણિક સંસ્થાઓનું વિશેષ મહત્ત્વ છે અને તેમાં પણ લોકશાહી તંત્રમાં સામાન્ય જનતાને શિક્ષિત કરવા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. કારણ કે શિક્ષણથી વ્યક્તિનું વૈચારિક ઘડતર થાય છે. શાળા અને કૉલેજોમાં વિદ્યાર્થીઓને યોગ્ય નિર્ણય લેવાનું શિક્ષણ આપવામાં આવે તો વિદ્યાર્થીઓ સ્વતંત્ર રીતે વિચાર કરતાં થઈ શકે છે. રાજકીય પક્ષો ખાસ કરીને શિક્ષિત અને યુવાવર્ગને આકર્ષવા માટે વિશેષ પ્રયત્નો કરે છે. આમ, શિક્ષણ ક્ષેત્રે કાર્યરત જુદી-જુદી સંસ્થાઓની લોકમતના ઘડતરમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા છે.

5. **પરંપરાગત માધ્યમો.... ભવાઈ... શેરીનાટકો :** ભારતીય પરંપરા પ્રમાણેના આ બંને ખૂબ જૂના માધ્યમો છે. લોકમતને ઘડવા અને લોકમતને વ્યક્ત કરવાનું આ ખૂબ પ્રચલિત માધ્યમ છે. જેમાં અસરકારક રીતે સંદેશાવહન થઈ શકે છે. ભારતના ગ્રામિણ વિસ્તારોમાં આ માધ્યમનો ઉપયોગ થાય છે. હાલ આધુનિક સમયમાં સંદેશાવહનના માધ્યમો વધ્યા છે. માટે આ સાધનોનો પ્રમાણમાં ઓછો ઉપયોગ થાય છે. શહેરી વિસ્તારોમાં પણ આર્થિક, સામાજિક અને રાજકીય પ્રશ્નો અને સમસ્યાઓ ઉપર લોકમત ઘડવા માટે આ માધ્યમનો ઉપયોગ આજે પણ થાય છે.

6. **ધાર્મિક સ્થળો.... મંદિરો... દેવળો :** ભારતમાં ધાર્મિક શ્રદ્ધા અને લાગણીનો લાભ રાજકીય પક્ષો સારી રીતે લે છે. ચૂંટણીના સમયગાળા દરમ્યાન ઘણાં રાજકીય પક્ષો જુદાં-જુદાં મંદિરો અને દેવળોની મુલાકાત લે છે. ચૂંટણી સમયે કેટલાંક ભજનિકો, ડાયરા કલાકારોને પણ ઘણી જગ્યાએ લોકમત ઘડવા માટે ઉપયોગ કરવામાં આવે છે. આજે સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે માટે આ સાધનનું મહત્ત્વ થોડું ઘટ્યું છે.

7. **સિનેમા :** સિનેમા ચિત્રપટ એ પણ મનોરંજનની સાથે સમાજ શિક્ષણનું હાથવગું માધ્યમ છે. ચિત્રપટની અસર વધુ થતી હોવાને લીધે લોકમતના ઘડતર અને તેને વ્યક્ત કરવામાં ખૂબ મહત્ત્વનો ફાળો છે. ભારતમાં ચોથી અને પાંચમી સામાન્ય ચૂંટણી સમયે ખાસ કરીને સ્વતંત્ર પક્ષ કોંગ્રેસ પક્ષે પોતે પ્રચાર માટે ફિલ્મના માધ્યમનો ભરપૂર ઉપયોગ કર્યો હતો. પછીની ચૂંટણીઓના સમયમાં પણ લોકમતના ઘડતર માટે આ માધ્યમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આજે સમયનો પ્રવાહ બદલાઈ રહ્યો છે ત્યારે આ સાધનના ઉપયોગનું પ્રમાણ ઓછું થયું છે.

8. **સભાઓ અને સરઘસો :** ચૂંટણીના સમય દરમ્યાન જાહેર જનતાને પોતાના પક્ષે વાળવા માટે રાજકીય પક્ષો દ્વારા આ માધ્યમનો ઉપયોગ થાય છે. વિશાળ સંખ્યામાં લોકોને એકત્ર કરી પક્ષની નીતિઓ, કાર્યક્રમો અને વિચારધારાને ભાષણના દ્વારાં રજૂ કરવામાં આવે છે. જુદાં-જુદાં પ્રકારના કાર્યક્રમો દ્વારાં જાહેરજનતાને પોતાના પક્ષે મનાવવા માટે આ માધ્યમ ખૂબ સારું છે. ખાસ કરીને ચૂંટણીના સમય દરમ્યાન પ્રભાવી રીતે ભાષણ કરતાં નેતાઓની બોલબાલા વધારે હોય છે. ચૂંટણીની જાહેરાત પછી જ પક્ષના પ્રભાવી નેતાઓના ચૂંટણી પ્રચારના કાર્યક્રમો જાહેર થાય છે અને ચૂંટણીના છેલ્લા દિવસો સુધી આ પ્રચારની કામગીરી ચાલે છે. આમ, સભા અને સગઘસો એ લોકમત ઘડવાનું અસરકારક માધ્યમ છે.

9. **રૂબરું મુલાકાત :** રૂબરૂ મુલાકાત એ લોકમત ઘડવા માટેનું ઉત્તમ માધ્યમ છે. રૂબરૂ મળીને લોકમત મેળવવા માટેનાં રાજકીય પક્ષો દ્વારાં પ્રયત્ન કરવામાં આવે છે. મોટાભાગે મતદાર વિભાગના મતદારોની યાદીમાંથી પક્ષના જુદાં-જુદાં કાર્યકરો મતદારોને મળીને લોકમતને પોતાની તરફેણમાં લાવવા માટેનો પ્રયત્ન કરે છે.

**10. આકાશવાણી અને ટેલિવિઝન :** મનોરંજન સાથે માહિતી, જાણકારીની સાથોસાથ લોકજાગૃતિ અને લોકમત મેળવવા માટે આકાશવાણી અને ટેલિવિઝનની ખૂબ મહત્ત્વની ભૂમિકા છે. આજના વ્યવસાયી યુગમાં મોટાભાગે લોકો જાહેર સભાઓમાં ભીડના લીધે જવાનું ટાળતા હોય છે. આવા લોકોને પોતાના કાર્યક્રમો અને નીતિઓને સમજાવવા માટે પશ્ચિમના દેશોમાં આકાશવાણી (રેડિયો)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બ્રિટનમાં બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (BBC) ખૂબ પ્રચલિત છે. રેડિયોની સાથે પશ્ચિમના દેશોમાં દૂરદર્શનનો પણ વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થાય છે. આ સાધન દ્વારા પ્રજા રાજકીય નેતાઓને સાંભળે છે. 1960-61ના વર્ષમાં અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીના બે ઉમેદવારો નિક્સન અને કેનેડીએ દૂરદર્શનમાં મુલાકાતો આપી તેમાં કેનેડીથી લોકો વધારે પ્રભાવિત થયા હતા અને તે ચૂંટણીમાં કેનેડીની જીત થઈ હતી. આ ઉપરાંત, વિશ્વના દેશોની સાથે ભારતમાં પણ આ બંને માધ્યમો ખૂબ અસરકારક અને પ્રભાવી છે. ચૂંટણી પૂર્વે ખાસ કરીને જુદાં-જુદાં પક્ષના વડાઓ સાથેની ચર્ચા ખૂબ રસપ્રદ હોય છે. આમ, ચૂંટણી પહેલાના વિવિધ રાજકીય કાર્યક્રમોમાં ચૂંટણીલક્ષી વિશ્લેષણ પ્રજામત-લોકમત ઘડવામાં ખૂમ મહત્ત્વની ભૂમિકા રેડિયો અને દૂરદર્શનની રહી છે.

**11. ટેલિફોન-મોબાઈલ :**

લોકમતના ઘડતર માટે ટેલિફોન/મોબાઈલનો ઉપયોગ આધુનિક સમયમાં ખૂબ વધારે પ્રમાણમાં થાય છે. જ્યારે, રૂબરૂ મુલાકત શક્ય ન હોય ત્યારે ટેલિફોનના માધ્યમનો પણ ઘણાં રાજકીય પક્ષો ઉપયોગ કરે છે. મોબાઈલના માધ્યમથી પસંદગીના લોકો સાથે વાત કરી શકાય છે. આ ઉપરાંત, SMS (Short Message Service)નો મારો ચલાવીને લોકમતને પોતાના પક્ષે લાવવા માટે જુદાં-જુદાં પક્ષો દ્વારાં પ્રયત્નો કરવામાં આવે છે.

**12. ઈ-મેઈલ :** આજકાલ ટેકનોલૉજીનું ચલણ વધારે છે. લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરતાં થયા છે ત્યારે મતદારોને ઇ-મેઇલના માધ્યમથી પોતાના પક્ષના મતદારોને મત આપવા માટે દરેક મતદારને રાજકીય પક્ષ દ્વારાં અપીલ કરવામાં આવે છે. ભારતમાં 2004ની લોકસભાની ચૂંટણીમાં આ સાધનનો ખૂબ સારાં પ્રમાણમાં ઉપયોગ થયો હતો.

## 3.6 ઉપસંહાર

લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકમતનું વિશેષ મહત્ત્વ છે. લોકમતને ઘડવા અને વ્યક્ત કરવા માટે જુદાં-જુદાં માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે. આજે જ્યારે, લોકશાહીને જાળવવાની જવાબદારી વધી છે ત્યારે રાજકીય પક્ષોએ પોતાની ફરજો યોગ્ય રીતે બજાવવી જોઈએ. લોકમત અસરકારક રીતે થઈ શકે તેવા માધ્યમોનો પ્રજાના હિતમાં ઉપયોગ કરવો જરૂરી છે.

એક સામાજિક કાર્યકર તરીકે લોકમતને અસરકારક બનાવવા માટેનાં વિવિધ માધ્યમો વિશેની જાણકારી હોવી જરૂરી છે. કારણ કે સમાજજીવનના જુદાં-જુદાં પ્રશ્નોમાં રાજકીય પક્ષો સાથે લોકપેરવી કરવામાં આ તમામ માધ્યમોનો ઉપયોગ કરવો જરૂરી છે. લોકમત વગર અસરકારક લોકપેરવી શક્ય નથી. ચૂંટણી પૂર્વે મોટાભાગે જુદાં-જુદાં પ્રશ્નોના સંદર્ભે રાજકીય નેતાઓ સાથે ચર્ચા કરી પ્રજાના પ્રશ્નોનો અવાજ આ માધ્યમો સુધી પહોંચે તે જરૂરી છે. આ દૃષ્ટિએ લોકમત એ લોકશિક્ષણનું ઉત્તમ માધ્યમ છે. એટલા માટે જ લોકમતને રાજકીય પક્ષોનો પ્રાણવાયુ ગણવામાં આવે છે. રાજકીય પક્ષોને ઓક્સિજન પુરવાનું કામ લોકમત કરે છે. લોકમત વગર રાજકીય પક્ષોની કલ્પના કરવી મુશ્કેલ છે.

## 3.7 તમારી પ્રગતિ ચકાસો

1. લોકમત એ રાજકીય પક્ષો માટે શું છે ?

   (A) પ્રાણવાયુ (B) નાઈટ્રોજન ઓક્સાઈડ

   (C) અંગારવાયુ (D) ઝેરીવાયુ

2. 'લોકમત એટલે ઘણાં લોકો/માણસો કહે તે' વ્યાખ્યા પૂરતી છે ?

   (A) યોગ્ય છે. (B) સીમિત અર્થ છે.

   (C) લોકમતનું હાર્દ છે. (D) ઉપરોક્ત બધા

3. સરકારના મુખ્ય પ્રકાર જણાવો.

   (A) રાજાશાહી (B) લોકશાહી

   (C) સરમુખત્યારશાહી (D) ઉપરોક્ત બધા

4. ઈજિપ્તમાં કયા વર્ષમાં સુએઝ નહેરનું રાષ્ટ્રીકરણ થયું હતું ?

   (A) 1950 (B) 1952

   (C) 1954 (D) 1956

5. કયા વર્ષમાં જાપાને અમેરિકા સાથે સંરક્ષણ અંગેના કરાર કર્યા હતા ?

   (A) 1950 (B) 1960

   (C) 1970 (D) 1980

6. ગુજરાતમાં નવનિર્માણના આંદોલન વખતે કોની સરકાર હતી ?

   (A) શ્રી ચીમનભાઈ પટેલ (B) શ્રી માધવસિંહ સોલંકી

   (C) શ્રી ડૉ. જીવરાજભાઈ મહેતા (D) શ્રી કેશુભાઈ પટેલ

7. 'સાધના' કયા રાજકીય પક્ષનું સામયિક છે ?

   (A) ભાજપ (B) કોંગ્રેસ

   (C) રાજપા (D) સામ્યવાદી પક્ષ

8. રેડિયો ઉપર પ્રસારિત થતા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના લોકપ્રિય કાર્યક્રમનું નામ જણાવો.

   (A) મન કી બાત (B) હૃદય કી બાત

   (C) દિલ કી બાત (D) જનતા કી બાત

- **ટૂંકમાં જવાબ આપો**

1. લોકમતને બીજા કયા-કયા નામે ઓળખવામાં આવે છે ?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. સરકારના મુખ્ય પ્રકારો કયા-કયા છે ?

..................................................................

..................................................................

..................................................................

3. ભારતે ચીન ઉપર કયા વર્ષમાં આક્રમણ કર્યું હતું ?

..................................................................

..................................................................

..................................................................

4. ગુજરાતમાં નવનિર્માણ આંદોલન ક્યારે થયું હતું ?

..................................................................

..................................................................

..................................................................

5. અમેરિકામાં વિયેટનામના યુદ્ધ વખતે કયા પ્રમુખની વિરુદ્ધ લોકમત ગયો હતો ?

..................................................................

..................................................................

..................................................................

6. લોકમત માટે સાહિત્ય નિર્માણમાં કઈ-કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

..................................................................

..................................................................

..................................................................

7. સામ્યવાદી પક્ષના જાણીતા સામયિકનું નામ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

8. મહાન અર્થશાસ્ત્રી લોર્ડ કેઈન્સે લોકમત કેળવવા માટે કયું પુસ્તક લખ્યું હતું ?

..................................................................

..................................................................

..................................................................

9. BBC નું પૂરું નામ જણાવો.

..................................................................

..................................................................

..................................................................

10. SMS નું પૂરું નામ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) પ્રાણવાયુ
2. (B) સીમિત અર્થ છે.
3. (D) ઉપરોક્ત બધા
4. (D) 1956
5. (B) 1960
6. (A) શ્રી ચીમનભાઈ પટેલ
7. (A) ભાજપ
8. (A) મન કી બાત

◆ **ટૂંકમાં જવાબ આપોના જવાબો :**

1. લોકમતને જાહેરમત - જનમત - પ્રજામત વગેરે નામે ઓળખવામાં આવે છે.
2. ત્રણ પ્રકાર - રાજાશાહી, લોકશાહી અને સરમુખત્યારશાહી
3. 1962
4. 1973-74
5. જહોનસન
6. ભીંતપત્રો, ચોપાનિયાં, સામયિકો, પુસ્તકો
7. 'ધ ન્યુ એઈઝ'
8. 'ઈકોનોમિક કોન્સિકવનસીયુ ઑફ ધ પીસ'
9. બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (BBC)
10. Short Message Service (SMS)

## 3.9 ચાવીરૂપ શબ્દોની સમજ

**1. બંધારણ :** બંધારણ શબ્દનો પ્રયોગ આજના સમયમાં સર્વ સામાન્ય બની ગયો છે. પરંતુ જ્યારે આ શબ્દનો ઉપયોગ રાજ્યના સંદર્ભમાં કરવામાં આવે છે ત્યારે તે શબ્દ વિશિષ્ટ સ્થાન અને અર્થ ધરાવે છે. રાજ્યશાસ્ત્રની પરિભાષામાં બંધારણ એટલે એવા નિયમો, પ્રણાલિકાઓ, કાયદાઓ, રૂઢિઓ વગેરેનો સમૂહ જે સરકારની સ્થાપના કરીને તેને અંકુશમાં રાખે છે. બંધારણ માટે અંગ્રેજીમાં 'Constitution' શબ્દ વધારે પ્રચલિત છે.

**2. વિભાવના :** વિભાવના એટલે કોઈ એક વર્ગના બધા એકમોને અપાતું સમાન નામ. સમાનતા ધરાવતાં એકમો કે સબંધોનું વર્ણન કરવા માટે જ શબ્દ કે શબ્દસમૂહ વપરાય છે તે વિભાવના. વિભાવનાને Concept કહેવામાં આવે છે.

**3. લોકશાહી :** 'લોકશાહી એટલે લોકોની, લોકો દ્વારાં અને લોકો માટે ચાલતી સરકાર' અબ્રાહ્મમ લિંકનની લોકશાહીના હાર્દ સમી ખૂબ જાણીતી વ્યાખ્યા છે. લોકશાહી માટે અંગ્રેજીમાં Democracy શબ્દ વધારે પ્રચલિત છે.

4. **લોકમત :** પ્રજામત એટલે મત દ્વારા લોકોની વ્યક્ત થયેલી ઇચ્છા, સામાન્ય રીતે જે બાબતો લોકોને અસર કરે છે અથવા તો જેમાં તેમને રસ પડે છે. તેમના વિશે જ્યારે, લોકો સમાન વિચારો ધરાવે છે ત્યારે તેને લોકમત કહે છે. લોકમત લોકશાહીમાં પરિવર્તનની ભૂમિકા ભજવે છે.

5. **રાષ્ટ્ર (Nation) :** Nation લેટિન શબ્દ nation માંથી ઉતરી આવ્યો છે. તેનો અર્થ 'જન્મેલું' થાય છે. વ્યુત્પત્તિની દૃષ્ટિએ રાષ્ટ્ર એટલે એક જૂથમાંથી ઉતરી આવેલાં લોકો.

## 3.10 સ્વાધ્યાય લેખન

1. લોકમત એટલે શું ? વિવિધ ઉદાહરણો સાથે લોકમત વિશેની વિગતે ચર્ચા કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

2. લોકમતનો અર્થ સ્પષ્ટ કરી તેની વિસ્તૃત વિભાવના સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

3. 'લોકમત અને અસરકારક લોકમતના ઘડતર માટે જરૂરી બાબતો' એકમની અભ્યાસ અગત્યતા - અધ્યયનના હેતુઓ વિશે ચર્ચા કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

4. લોકમતની વ્યાખ્યા આપી લોકમત માટે જરૂરી બાબતો વિશેની ચર્ચા કરો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

5. લોકમતની અગત્યતા/મહત્ત્વ વિશે વિગતે ચર્ચા કરો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

6. લોકમત કેળવવાના વિવિધ સાધનો વિશે ટૂંકમાં રજૂઆત કરો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

7. લોકમત કેળવવાના જુદાં-જુદાં સાધનો પૈકી કોઈપણ ત્રણ સાધનો વિશેની ચર્ચા ઉદાહરણ સાથે કરો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

..................................................................

..................................................................

8. 'લોકમત એ રાજકીય પક્ષોનો પ્રાણવાયુ - ઓક્સિજન છે' — પ્રસ્તુત વિધાનની વિગતવાર ચર્ચા કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 3.11 વૈયક્તિક અધ્યયન

### 1. લોકભાગીદારી વગર ગ્રામવિકાસ શક્ય નથી.

ગ્રામ વિકાસ માટે સરકાર કરોડો રૂપિયાનું રોકાણ કરે છે. દર વર્ષે અંદાજપત્રમાં કરોડો રૂપિયાની જાહેરાત થાય છે અને તે પૈસા ગ્રામવિકાસને લગતી જુદી-જુદી યોજનાઓ પાછળ ખર્ચાય છે. પરંતુ કરોડો રૂપિયાના મૂડીરોકાણ પછી પણ તેનાં અસરકારક પરિણામો કેમ મળતા નથી ? આ પાછળ કયા કારણો જવાબદાર રહેલાં છે તેના વિશેની જાણકારી પ્રાપ્ત કરવી જરૂરી છે.

મોટાભાગે સરકારી યોજનાઓનું નિર્માણ સરકારી ઑફિસોમાં બેસી કરવામાં આવે છે. આ આયોજન કરવા વાળા લોકોને ગ્રાસરૂટ લેવલની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ હોતો નથી. જે બરાબર નથી. આ ઉપરાંત, યોજનાઓના નિર્માણની પ્રક્રિયામાં બીજી એક મહત્ત્વની બાબત એ જોવા મળે છે કે જેના માટે યોજના બનાવાય છે. તેવા લોકોની યોજનાના નિર્માણમાં ભાગીદારી લેવામાં આવતી નથી. ખરેખર, લોકો શું ઇચ્છે છે. લોકોને શું જરૂરી છે તે બાબત ધ્યાને લેવામાં આવતી નથી. જેના પરિણામે યોજનાઓ જુદી બને છે અને બીજી બાજું લોકોની વાસ્તવિક જરૂરિયાતો જુદી હોય છે. માટે યોજનાનું અમલીકરણ બરાબર થતું નથી. યોજનાના અસરકારક પરિણામો પ્રાપ્ત થતા નથી. લોકભાગીદારીના અભાવે લોકોને આ યોજના અમારી છે તેવો અહેસાસ બિલકુલ થતો નથી.

આ સમસ્યાના નિવારણ માટે સરકારે કેટલાક સમયથી લોકભાગીદારીનો ખ્યાલ યોજનાના અમલીકરણમાં દાખલ કરેલ છે. જેમ કે, ગામમાં પાણીની મુશ્કેલી છે તો સંપ ક્યાં બનાવવો ? તેની ક્ષમતા કેટલી રાખવી ? આ બધા મુદ્દાઓમાં સ્થાનિક સ્તરે પાણી સમિતિની રચના કરી, લોકભાગીદારી મેળવવાનો સુંદર પ્રયત્ન થયેલ છે. આજે વાસ્મો (વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન) પ્રોજેક્ટ ખૂબ સફળ રહ્યો છે. લોકભાગીદારી થકી વર્ષો જૂનાં પીવાના પાણીના પ્રશ્નોનું સમાધાન આવ્યું છે. સ્થાનિક સ્તરે લોકોની કોઠાસૂઝને મહત્ત્વ આપવામાં આવે તો ઘણાં પ્રશ્નોનું સમાધાન થઈ શકે છે. આમ, તમામ પ્રકારના યોજનાકીય અને ગ્રામવિકાસ સબંધી કામોમાં લોકભાગીદારી જરૂરી છે. લોકભાગીદારી થકી આદર્શ ગામો બન્યા હોય તેવા રાજસમઢીયાળા, પુંસરી વગેરે જેવાં કેટલાયે ગામોએ સમાજને દિશા ચીંધવાનું કામ કર્યું છે. તમારી જાણમાં આવા કોઈ ગામો હોય તો આ ગામની સફળતાના કારણો તપાસો.

## 2. પૈસા ક્યાં ગયા ?

ચંદાપુર નામનું ગામ. આ ગમ ખૂબ અંતરિયાળ છે. આ ગામમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. ગામમાં શાળા નથી. ગામ બરાબર નથી. ગ્રામવિકાસ માટે સરકારી ગ્રાન્ટ આવે છે પણ આ ગ્રાન્ટ ક્યાં વપરાય છે તે ખબર પડતી નથી. કચેરી એ પૂછવામાં આવતાં જવાબ મળે છે કે ગામના વિકાસલક્ષી કામો માટે નિયમિત રીતે પૈસા ફળવાય છે પણ, વાસ્તવમાં આ બધા જ કામો ફક્ત 'ઓન પેપર' પર જ થાય છે.

તો અહીં સવાલ એ થાય છે કે આમ કેમ ? ગામનાં વિકાસ માટે ફળવાયેલ ગ્રાન્ટ ક્યાં ગઈ ? વર્ષમાં કેટલી ગ્રાન્ટ કયા કામ માટે મળી હતી ? આ અંગેની વિગતો જાણવાનો એક દેશના જાગૃત નાગરિક તરીકે આપણને અધિકાર છે. સરકારી કચેરી પાસેથી આ અંગેની વિગતો તમે કઈ રીતે પ્રાપ્ત કરશો ? વિકાસલક્ષી કામો માટે ફળવાયેલ પૈસા ક્યાં ગયા ?

## 3.12 પ્રવૃત્તિ (Activity) કરો.

**પ્રવૃત્તિ-1** ભારતીય લોકશાહીનાં ત્રણ આધાર સ્તંભ (1) ન્યાયતંત્ર (2) વહીવટીતંત્ર અને (3) વિધાનતંત્ર વિશેની જાણકારી મેળવો.

**પ્રવૃત્તિ-2** વિધાનસભામાં ગ્રામવિકાસને લગતાં પ્રશ્નો પૂછાય છે તે પૈકી 'તારાંકિત પ્રશ્નો' એટલે શું ? તે જાણી તારાંકિત પ્રશ્નો કઈ રીતે પૂછાય છે તે અંગેની રાજકીય નિષ્ણાંતો સાથે ચર્ચા કરો.

**પ્રવૃત્તિ-3** વિધાનસભામાં તારાંકિત પ્રશ્નોની માફક 'અતારાંકિત' પ્રશ્નો પણ પૂછાતાં હોય છે. આ અતારાંકિત પ્રશ્નો કોને કહેવાય ? તે કોણ પૂછી શકે ? ક્યારે પૂછી શકે ? વગેરે અંગેની નિષ્ણાતો પાસેથી જાણકારી પ્રાપ્ત કરો.

**પ્રવૃત્તિ-4** લોકપેરવી (Advocasy) એટલે શું ? તે અંગેની જાણકારી પ્રાપ્ત કરી તમારા વિસ્તારના કોઈ એક પ્રશ્ન અંગેની લોકપેરવી (Advocasy) કરો.

## 3.13 સંદર્ભગ્રંથ


(1) રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-1-2 : લેખક-હસમુખ પંડ્યા, અનડા પ્રકાશન, અમદાવાદ.

(2) પારિભાષિક કોશ સમાજશાસ્ત્ર : ડૉ. વિદ્યુતભાઈ જોષી, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(3) વિધાનતંત્ર અને લોકપેરવી : મહેશ પંડ્યા, સામાજિક ન્યાય કેન્દ્ર, ભારતીય પેરાલીગલ તાલિમ સંસ્થા, અમદાવાદ.

BAOU
Education for All

# ડો.બાબાસાહેબ આંબેડકર
# ઓપન યુનિવર્સિટી

જ્યોર્તિમય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
વેબસાઈટ : www.baou.edu.in